રથ-યાત્રા કીધી ઘણું ચંગલિ રે, સિંધુઆર્યે રે અતિ ઓચ્છવ કેતલું રે;
જન જોઈને કહઈ મુનિ મન અભ્યુદય રે, ઉપમાનું રે કહતાં ન લહું પાર રે. ૧૫

મિત્રજી રે ઇન્દ્ર રચિત તિહાં પુરુષ, સિંધુઆર્યે રે પ્રતિમા રૂપપુરંદર,
ભક્તજને દાન ઘણું તિહાં દીજિયે, જગભીનો રે બહુ મિષ્ટિપાકે લીજિયે. ૧૬

ચિહું દિશિનો રે સંઘ બહુ પધરાવિઓ, અભ્યાંગ્યો રે પ્રતિમિ તિહાં લાવિયો;
શ્રી શાંતિજી રે કલ્યાણકભૂમિ ભાવિયો, મુનિસુવ્રત રે ચૈત્યનાં સુખ લાવિયો. ૧૭

કલ્યાણક રે આવ્યો ઇન્દ્ર-વિમાન રે, પ્રતિમાનો રે આપિયો વાચક વાનરે,
ધન કરણીરે ભાગ્યવશી આવ્યું રે, જેહનાં નામિ રે પ્રતિમા શાંતિ જિનેંદ્ર રે. ૧૮

ભાગ્યશાળી રે આગળ હુઈ વિખ્યાત રે, જેહની ધરણી રે નગરમાંહે સુખ્યાત રે,
જેહનાં નામિ રે શ્રી મુનિસુવ્રત જિનવરુ, ઘણું દેહરાં રે હોઈ જિનવર પોતાઈ સુખકરુ. ૧૯

ભાવકની સુમલોભની મે, જિનવર-ભક્તિ ભાવ મે; જિનપ્રભુ બોલઈ રંગ લઈ મે, ભાવિક મધુર ધ્વનિ ગાવઈ મે.

ઢાલ

તિહાં મોટો કીધો પ્રાસાદ, દેવ સ્યઉં મંડઇ વાદ, દીઠઇ મનિ આહ્લાદ,
માંડ્યા થંભ અનોપમ દીસઇ, કોરણિ દેખિ ભવિક-મન હીંસઇ, પૂતલિઇ ચિત વિકસઇ;
શિખરબદ્ધ પ્રાસાદ નિપાયુ, કવિજનિ ઓપમા મેરૂ કહાયો, અતિ ઉંડો છઇ પાયો,
આણંદ સુત જીવરાજ મેઘરાજ, શ્રીજિનધર્મ વધારી લાજ. ૧૦

સુવિહિત સાધુ તિહાંકિણિ આવઇ, મણિ મુગતાફલ વેગિ વધાવઇ, આણંદ મંગલ ગાવઇ,
તિહાં અતિ મોટા મંડપ કીધા, સંઘ સહુનઇ ઉતારા દીધા, મુહૂર્ત્ત ભલી પરિ લીધાં;
પોઢા કેલવાંઇ પકવાન, ભોજન કરાવઇ દેઇ બહુમાન, આપઇ શ્રીફલપાન,
વાજઇ ઢોલ નીંસાણ નફેરી, શંખનાદિં સબ નાસઇ વયરી, ગાજઇ ભુંગલ ભેરી. ૧૧

કેલિ થંભ આરોપ્યા મોટા, [1]દૂરિ નાઠા દુર્જન ખોટા, વાલી કડિ લંગોટા,
હય ગય રથ સિણગાર્યા વારુ, રથ સાબઇલા ન લહું પારુ, જૂઇ લોક હજારુ;
ભણુસાલી આણંદ ઘરિ ઘરણી, તેહતણી છઇ અનુપમ કરણી, સાચી કુલઉદ્ધરણી,
ચાંપાં નામિં અનુપમ નારિ, તસ નામિં મુનિસુવ્રત સાર, પ્રતિમા ભરાવી ઉદાર. ૧૨

---

૧ પાઠાન્તર—સુંદર લવલેશ નઇં છોટા, જસ ફલ જાણે ગોટા.

એમ શુકિત પાલિ મિલ્યો એમ હેમચંદ, તેમુઈ સહુ આપુરા ગચ્છીના જાણિ અંત,
પિતા વરિ ધરણી પ્રેમબાઈ સવિચાર, બીજી તસ રીતી ધરઇ નિજ ઘરનો ભાર;
ઘર-ભાર ધરંતી બહુ ગુણવંતી પ્રેમબાઈ નારિ પ્રસિદ્ધ, પુત્રરત્ન જેહનેં હોઇ જનમ્યા જાણિ બહુગુણસંપદ લીધ,
શાહપ નઈ જનમાયા એવીજઈ હોઇ ભાતા ગુણવંત, વીરા એમ તણુ ઇ ધરિ પંતી સર્વે પરિ હેમચંદ. ૭

ગુણ સમકિતધારી ભાવક ગુણભંડાર, [1]પરભાવિ ન સમજઇ કુમતીનો પરચાર,
[2]પરધરિ પુર વાસર [3]ભાવના ભાવઇ લોક, દાન પુણ્ય કરઇ વિધિ દૂરિ નિવારઇ શોક;
ભણુષ્યથી વાટવ-વરિ ધરણી અહિવરે પતી સમાણી, વધુમતા જનમ્યાઇ તણુ ઇ ઘરિ દાડિમદે ગુણખાણી,
શુભ દિનિ શુભ લગ્ન ગુણવંતા અહિવરે દો સુત જાય, ભાગ્યથી આનંદ નઈ આમછ સહિત વધૂઇ આય. ૮

સુજ્યપ્રુ-પરંપર આયુ સત્તો જાય, વેહલાઇ ધરિ મત્રી દીપઇ હોઇ અભિરામ,
આગ્રહ નઇ આમછ સાધવ ભાવક એક, વિજયસેન સૂરિંદની આણા માનઇ એક,
પ્રધરીધ પ્રસાદ કરવા મુહૂર્તે ભલઈ મેલવાય, આગ્રહ આમછ ભાવ ધરીનઈ જિનપ્રસાદ મંડાવઇ,
સંવત સોલ ઓગણ્યા વરસે માગસિર વદિ બુધવાર, બીજ દિને પ્રસાદ મડાવઇ વરસો જય જયકાર. ૯

---

૧ પાઠાન્તરા—કોઈ આખુ ન મંડઈ સહુઈ વશ પ્રમુખંત ૨ નિયમાયત ન જાઈ પરમેશ્વર સાર. ૩ ભાવનો વિહાં વાર. ૪ જાણિ ધરઇ વિશ્વાસ

રત્નચંદ્રગણિકૃત

પડધરીપ્રાસાદબિંબ પ્રવેશાધિકાર સ્તવન

ॐ નમઃ

શ્રી આનંદિ આદિજિન, પ્રમુખ નમઉં ચઉવીસ; ગણધર ગિરુઆ ચઉદસહઇં, બાવન નામઉં સીસ. ૧
સમરિય સરસતિ ભગવતી, માતા દીઉ મુઝ માન; બિંબપઈસારા-તવન એ, સુણયો સહુ સાવધાન. ૨
આદિ શાંતિ જિણવર તણા, કવણ ગામિ પ્રાસાદ; દોઈ ગામ ઉતપતિ કહું, સુણો મુંકી પરમાદ. ૩
કુંણ ગામથી આવિઆ, રાજા કવણ પ્રધાન; જેણઈ પ્રાસાદ કરાવિઆ, તસ લેસ્યઉં અભિધાન. ૪
શ્રીતપગછનો રાજિઉ, વિજયસેન ગણધાર, વાસ ધરઈ શિરિ તેહનો, શ્રાવક અતિહિં ઉદાર. ૫

ઢાલ

ભદ્રેસર નયરી ભરતખંડિ અભિરામ, તિહાં રાજ કરઇ રાજા રાઉલ જામ,
તેહનઇ ઘરિ મંત્રી પેથો પુણ્યપ્રકાશ, રાજભાર-ધુરંધર ઉજ્જલ કીરતિ જાસ,
ઉજ્જલ કીરતિ જાસ કહીજાઇ એક દિનિ સુપન મઝારિ, દેવ એક આવીનઇં બોલઇ થાપો દેશ હલાર;
સંવત પનર છત્રૂઆ વરષે શ્રાવણ શુદિ રવિવાર, આઠમિ તિથિ ચડતાઇ દિનિ વાસ્યઉં નવઉં નગર ઉદાર. ૬

આદિદેવ-પદ-પંકજ-સેવા, કરતા અહનિશિ જેહનાઇ દેવા, સમકિત-દૃષ્ટિ દેવા
સાવધાન સંઘ-વિઘન હરેવા, ધર્મીતણું વળી સાન્નિ કરેવા, બોધબીજ પણિ દેવા
શ્રીગુરુ શ્રીનયવિજય સુશીસ, જિનશાસન સુર ગચ્છાધીશ, જિનવરેન્દ્ર સુનીસ
સેવતાંજી પૂરજો જગીસ, શ્રી ક્ષમાવિજય ગુરુ-શીસ, એમ જપઇ નિશદિસ. ૪

—ઇતિ શ્રી સિદ્ધાચલ ભાસ્ય સ્તુતિ-ઉપરના સ્તવન રચનારના હસ્તાક્ષરના ઉપર પ્રમાણે ઢાળો પત્ર ૭૨-૭૮



ઇમ સકલ તીરથરાજ રાજા શ્રી શત્રુંજઇ ગંઇ ગુણ્યો, વર શિખર શોભી ઋષભ મોભી લાભ-લોભઇ મઇ થુણ્યો.
સિરિ હીરવિજય સૂરંદ સહગુરૂ સીસ સોભાકારિકો, શ્રીકલ્યાણવિજય ઉવઝાય સેવક, ધન મનવંછીય દાયકો. ૩૭

—ઇતિ શ્રી શત્રુંજયસ્તવન સપૂર્ણમ્। મુનિ વીરવિજયલિપિતં। માટ ખદિરે. એક ગુટકામાં પત્ર ૨૪થી ૨૭ સુરતના વકીલ રા. દલાભાઈનો સંગ્રહ.

૨ શત્રુંજયમંડણ સ્તુતિ

શેત્રુંજઇ સાહિબ આદિ જિનંદ, યસ મુખ સોહઇ પૂનિમ ચંદ, દરિસણ પરમાણંદ
નાભિરાય-કુલિ કમલ-દિણંદ, મરૂદેવી માતાનો નંદ, વંદઈ હીર સૂરંદ
સીરોહી નયરી સિણગાર, મોહન મૂરત જાસ ઉદાર, સુખ-સંપતિ-દાતાર
મહિમંડલ મહિમા-ભંડાર, પ્રણમું ભાવ ધરી તે સાર, સેવકજન જયકાર. ૧
શ્રી શેત્રુંજે નઇ ગિરનાર, આબુ પ્રમુખ જે તીરથ ઉદાર, રાજગૃહિ વૈભાર
શ્રી હીરવિજયસૂરિ ગણધાર, થાપ્યા જે વલિ બિંબ અપાર, સીરોહી પ્રમુખ મઝારિ
અષ્ટાપદ નંદીસર બેઇ, જે નમતાં શિવપદ-સુખ દેઇ, તીરથ વિશેષ કહેઇ
ઇમ વંદું વલી અવર જિ કેઇ, તિહુ(ય)ણ માંહિં જિનવર-ચેઇ, તે સવે ભાવ ધરેઇ. ૨
અરથ સયલ જે જિનવર જાણિ, ભવિક જીવ હિત મનમાં આણિ, ભાસઇ કેવલનાંણિ
ગણધર ગુંથઇ તેહ વિનાણિ, દ્વાદશાંગિ તેહ કહાણી, અરથ-રયણની ખાણિ
જે સેવ્યઇ લહીઇ શિવ-રાંણિ, શ્રી ગુરૂ હીર સૂરિંદ વખાણી, ભાવ ભણઇ ભવિ પ્રાણી
પાપ પંક ધોવાનું પાણી, અત મિઠિ જિમ સાકર વાણિ, તે વંદું જિન-વાણી. ૩

श्री अध्या. धनपि. रत्न० वृत्ति. ॥ ५४ ॥

પુંડરીક ગિરિ અનુપમ જિહાં, ધ્યાન ધરતાં એક ચિત રે, માતા આગલ મરુદેવા ભાખિ, સુત એવા જિન ચિત રે. ૨૨ શ્રી૦
સરો સોય દેવ સનૂરો, જિહાં શત્રુંજય નામ રે, ભાવંતાં ભેટતાં ભાવધરી, સિદ્ધ વંછિત કામ રે ૨૩ શ્રી૦
તે છઠ્ઠ જિનનમરીનો સંઘ, જિહાં શિવપદ્મ વરનાર રે, સિધ પ્રધાન સર્વ પામ્યા વલિયા, સુઝ મોક્ષ માર નિવાર રે. ૨૪ શ્રી૦

ઢાળ

સિદ્ધાચલ સિંહાસનાદિ, ભાખો હો કરી દેવ ! આજ ભગત અતુલ ધરાયુ, સારશે સુરનર સેવ, તુ જગદંબ જયો. ૨૫
દેશ દેશના સંઘવી, સોખવા આવ, મેર કરાવે ભાવઈ કરી, તું છઈ ખાસ સરૂપ. ૨૬ તું૦
છત્ર-ત્રયે શિર સોહતાં, ચામર ઢોળતા શ્વેત, એક એક પંઈ દીપતાં, ભારશે સભા અસંત. ૨૭ તું૦
ચાચર તુઝ પોલઈ રહ્યા, પામઈ ભાવ પસાય, ઇમ વર ગવર આપતા, મલી કનક કબાટ. ૨૮ તું૦
પાપ ઘોર પખાલઈ નહી, ભરઈ પુન્ય-ભંડાર, ભાવે વાજઈ નગનતાં, નિત તુઝ દરબાર. ૨૯ તું૦
જિમ અક્ષર કરઈ ઝળકતું, પર્વતે ચીલ સતાય, આકાર ઉત્તર રથ સારથી, સાધન-રામજીનો નાદ. ૩૦ તું૦
કરમ વયરી જે વડા, તે દૂર પલાય, જગદ્ગુરુ પામી કરી, અરિહંત અધાર. ૩૧ તું૦
આઈ ભૂઈ નહિ તેહથી, વધી વેલિ સુવાદ, કુંકુમ [illegible]. ૩૨ તું૦
ધૂપ મંડન મઘમઘાટ, [illegible]. ૩૩ તું૦
મોટો મુગટ [illegible]. ૩૪ તું૦
સુરપ-નુરે સોહામણો, પરવત અવતાર, ભવિકા ! શ્રીશત્રુંજય સેવજો,
ઉલ્લાસ ઓર અતિ નીરમલિ, રસકુંપિ પરિઘ સાર, ભવિકા ! શ્રીશત્રુંજય સેવજો. ૩૫
સેત્રુજ નામ તલાવડી, અમૃતકુંડ સમાન, ભ૦, સિદ્ધવડ અતિ વિસ્તર્યો, જગદગુરુ સમાન. ભ૦ ૩૬

ग्रन्थकारादि-परिचय टी० धन विजयनां गू० पद्यो ॥ ५४ ॥

તહવી સહકાર તરુ મંજરી સ્વાદથી, કોકિલો જિમ લવઇ તહ્ન ગુણ લાદથી
તુઝ તણા ગુણ ભણૂં બુદ્ધિ લવલેશથી, સ્વામિ નામઇ હોઇ સિદ્ધ સુવસેરાથી.? ૭

રાગ આસાઉરી

શ્રી શત્રુંજય દેવ ! દયાપર !, તારિ તારિ મુઝ તાર રે, હું તુઝ ચરણ સરણ કરુણાકર! જનમ-મરણ-ભય વાર રે. ૮ શ્રી શત્રુંજય. આંકણી
તુઝ દીઠઈ મુઝ મન બહુ હિંઇસઇ, જિમ નયનાનંદ (ચંદ) ચકોર રે, દિનકર-કરણ કમલ જિમ વિકસઇ, જિમ શામ ઘનાઘન મોર રે. ૯ શ્રી૦
ભવસમુદ્રમાં ભમતાં ભમતાં, પામ્યુ ગઈ એક બેટ રે, શ્રી સિદ્ધાચલ-મસ્તક-મંડણ, ઋષભદેવ જિન ભેટ રે. ૧૦ શ્રી૦
તુઝ દરસણ વાધિણ ગુણવંતી, પોતી અમરવિમાન રે, ચરણ સરણ રાયણ પણ પામી, જિન-મહિમા મેર સમાન રે. ૧૧ શ્રી૦
નાગ મોરના વયર-નિવારણ, તાર્યા લોક અનેક રે, તુઝ સંગઇ રંગઇ સ્યું પામ્યા, ભાવઇ ભવિક અનેક રે. ૧૨ શ્રી૦
હું તુઝ જાચક તું મુઝ દાતા, આપિ આપિ પદ આપ રે, ગુણ અવગુણ ન વિચારઇ ગિરુઆ, જિમ છોરૂ પદઇ બાપ રે. ૧૩ શ્રી૦
તું મુઝ સુરતરુ તું સુરધેનૂ, તું સુરવેલિ સમાન રે, કામકુંભ ચિંતામણિ તું મુઝ, તું મુઝ સુભર નિધાન રે. ૧૪ શ્રી૦
તુઝ દીઠઇ મુઝ ભવ-ભય ભાગો, જિમ જલધરથી તાપ રે, દાન સીયલ તપ ભાવઇ નાસઇ, જિમ ભવ ભવનો (નાં) પાપ રે. ૧૫ શ્રી૦
તું મુઝ ભ્રાતા તું મુઝ ત્રાતા, તું હિતદાયક દેવ રે, તે અવતાર સાર કરિ માનૂં, મઇ પામી તુઝ સેવ રે. ૧૬ શ્રી૦
તે નર ધન્યા તે નર ધન્યા, જે તુઝ નિતનિત જોવઇ રે, મન વચન કાયા કરિ સચિત, જે નિજ પાતક ધોવઇ રે. ૧૭ શ્રી૦
તુઝ ધ્યાનઇ સવિ પાતિક નાસઇ, ગુણ-ગાનઇ ગુણ વાધઇ રે, તુઝ દર્શન દરશન મુઝ દીપઇ, તુઝ પૂજ્યઇ સુખ સાધઇ રે. ૧૮ શ્રી૦
જિન ! તુઝ રાયણ પાંન સિર ધરતાં, રોગ શોગ દુખ જાય રે, તુઝ જિન આણ જાણ સિર ધરતાં, અષ્ટ મહાસિદ્ધિ વાધે રે. ૧૯ શ્રી૦
ગંગા સમ મહિમા મહિમાઇ, શેત્રુંજી જગ જોય રે, નવણ કરિ ગિરિવર-શૃંગઇ, પાવન વન સમ હોવઇ રે. ૨૦ શ્રી૦
ચક્ર કરિ ચક્રેસરી પૂરઇ, કલ્પવેલિ જિમ કામ રે, કવડ જક્ષ સેવઇ આદિસર, જિમ હણુઉ શ્રીરામ રે. ૨૧ શ્રી૦

પરિશિષ્ટ

ધનવિજય કૃત બે નાની કૃતિઓ.

૧ શત્રુંજય સ્તવન

[illegible] ગણિ શ્રી ૫ શ્રી જિનવિજયગણિ ગુરુભ્યો નમઃ ॥

સરસતિ મતિ મંદિરિ આઇ વાસી, નિજ લિપિ જ્ઞાન ભાવ્યુ ઉપાસી, પુન્ય-યોગ લહ્યુ અવસર પામી, શુણસ્યું શ્રી શેત્રુંજ્યં સ્વામિ. ૧
અનંત ગુણમઇ કિમ કહીઇ ?, ગુણ દેખિ મૂંગા કિમ રહીઇ ? ભિન્ન ભિન્ન મનમાહિ ગહિઇ, તો તુઝ પદ-પંકજ-સુખ લહિઇ ૨

ઢાલ

મેરૂગિરિ ભારવુ કરિ નર જાય કુણ ભરસ્યે ?, અષ્ટિ પૂરવ પુર્વે પર જાય કુણ પહસ્યે ?
જલધિ જલ સરસમતિ [illegible] કુણ તરસ્યે ?, વિમલગિરિ મહિમાનુ જાય કુણ કરસ્યે ? ૩ વિમલ૦ આંકણી.
ગગનના ગુણ (કહો) આગુલિ કુણ ગણ્યુ ?, પૂરવ દિશિ વિના [illegible] કહો કુણ જણ્યુ ?
કામધેનુ વિના [illegible] કુણ ભરસ્યે ?–વિમલગિરિ૦ ૪

સુર-તિરિપુ કરિ ચીતરૈ કુણ ભાખ્યુ ?, રૂપિ ગુણ અધિક વિના કહો કુણ ભાખ્યુ ? [illegible] કહો કુણ ભરસ્યે ?–વિમલગિરિ૦ ૫
ગપ પુષ્પે જાય ભમર કુણ ચખ્યાખ્યું ?, સિદ્ધ-ગિરિ-ગજપદ સીઢ વિણ કુણ લહ્યુ ? [illegible] પુણ્ય લઇ કુણ પામે ?–વિમલગિરિ૦ ૬

તા૦ ક૦ ઉપરના ગ્રંથકારાદિ-પરિચયમાં પત્ર ૨૫૮ માં '(૯) પંચદર્શનસ્વરૂપ—એ નામનો ગ્રંથ શ્રીમુનિસુંદર સૂરિકૃત છે અને ૧૩ પત્રની સં. ૧૫૨૦માં લખેલી પ્રત સરકારી સંગ્રહમાં—ભાં. ઇ. પૂનામાં વિદ્યમાન છે' એમ જણાવ્યું હતું. તે પ્રત અમોને નિર્ણયસાગર પ્રેસે કૃપા કરી પૂનાથી મંગાવી આપી હતી તે જોતાં તે પ્રતિનાં પ્રથમનાં બાર પત્રમાં 'ત્રૈવેદ્યગોષ્ઠી શ્રી મુનિસુંદરસૂરિભિઃ શૈશવે કૃતા' એવા અંતસહિત ઉક્ત ત્રૈવેદ્યગોષ્ઠી નામનો ગ્રંથ પૂરો થાય છે. પછી સંસ્કૃત ગદ્યમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક અને જૈમિનીય મતનાં ટૂંકામાં લક્ષણાદિ આપી 'ઇતિ પંચદર્શનસ્વરૂપં સમાપ્તં ॥ સં. ૧૫૨૦ વર્ષે ફાગણ શુદિ ૫ ભૌમવાસરે લિખિતં તપા શ્રી સોમસુંદરસૂરિ શિષ્ય પં. રત્નહંસગણિવાચનાર્થમિતિ ભદ્રં ॥ છ ॥' એ અંત સહિત પત્ર ૧૩/૧માં આ પ્રતિ પૂર્ણ થાય છે. પાછળથી કોઈ બીજા હસ્તાક્ષરમાં 'પં. હંસવિમલગણિ વાચનાર્થં' એમ ઉમેરાયું છે. આ અંતપરથી તે પ્રતિને નોંધનારથી તે આખી પ્રત 'પંચદર્શનસ્વરૂપ' એ નામના ગ્રંથની છે એમ જણાવવામાં ભૂલ થયેલી પ્રતીત થાય છે. એટલે મુનિસુંદરસૂરિકૃત 'પંચદર્શનસ્વરૂપ' નામનો સ્વતંત્ર ગ્રંથ નથી એમ વાચકોએ સુધારી-વાંચી લેવું. સરકારી સંગ્રહની કેટલીક પ્રતિઓપર પુસ્તક ને તેના કર્તાનાં ખરા નામ હોતાં નથી તેથી ગોટાળો થાય છે. જૈન પુસ્તક-પ્રતિઓનું સંશોધન જૈન વિદ્વાન પાસે કરાવવું ઘટે ને તે પ્રમાણે સંશોધિત સૂચિપત્ર પ્રકટ કરવું જોઈએ. ઉક્ત સરકારી સંગ્રહમાં નં. ૧૨૮૫ સને ૧૮૮૮-૯૧ની એક પ્રત છે તેમાં અન્ય સ્તોત્રો સહિત એક સ્તોત્ર છે કે જેના કર્તા મુનિસુંદરસૂરિ હોય એમ અનુમનાય છે એમ રા. હી. કાપડીઆ દર્શાવે છે ને જેની પ્રારંભિક અને અંતિમ ગાથાઓ તે નીચે પ્રમાણે ટાંકે છે: (જૈન ૮-૧-૩૩ પૃ. ૩૭.)

"जय सुरअसुरनरिंदविंदवंदिअपयपंकय, जय 'देलउला'-पुरपयंस सेवयकयसंपय ।
इय पुणु गुरुयगुणंतपंति मुद्द अगमाणंदण, मुझ करिसु पहुनिच्चिसुय मरुदेवानंदण ॥ १ ॥"

"इत्थं मेघनायकवृषभकलितैः सन्नायकवैः जिनं, कृत्वा श्रीमुनिसुन्दरस्तुवनतिं देवकुलेनवलय ।
लक्ष्मीसागरनामधेयफणान्नोधे ! युगादिप्रभो ! दुःखोऽहं शुभसुन्दराङ्घ्रियुगलीसेवासुखं प्रार्थये ॥ २५ ॥"

પરંતુ આમાં છેલ્લે 'શુભસુન્દર' શબ્દ આપેલ છે તે જ આ સ્તવના કર્તાનું નામ છે અને તેના ગુરુ, મુનિસુંદર સૂરિના દીક્ષિત અને પછી સૂરિ તથા પટ્ટધર થનાર લક્ષ્મીસાગર સૂરિ છે. આ સ્તવ 'દેલઉલા'ના ઋષભદેવનું છે ને મુનિસુન્દર સૂરિએ દેલઉલા (દેલોલ)ના ઋષભદેવનું સ્તવન (જિનસ્તોત્રરત્નકોશમાં ૨૩મું ને છેલ્લું) રચ્યું છે તેથી તેમનાથી સ્તુત થયેલા તે ઋષભદેવને જણાવેલા છે. —મો૦ દ૦ દેશાઈ.

ઉંમર થયા છે, સાથ નથી. છતાં પુરુષાર્થ કરવાથી કાલલબ્ધિયોગે પ્રભુકૃપાથી અંતિમ સાધ્ય સિદ્ધ થશે, એમ (અભિનંદન સ્ત૦ ૪) કહી આનંદઘનજી આશાવાદી હોઈ આપણને આશ્વાસન કરે છે.

શ્રેયાંસ પ્રભુ સ્તવનમાં અધ્યાત્મની વ્યાખ્યા આપી છે કે 'નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તે અધ્યાતમ લહિયે રે, જે કિરિયા કરી ચઉ ગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે'; પછી નિક્ષેપથી ચાર પ્રકાર પૈકી નામ-અધ્યાત્મ, સ્થાપના-અધ્યાત્મ, અને દ્રવ્ય-અધ્યાત્મને છાંડવા યોગ્ય જણાવી ભાવ-અધ્યાત્મ એટલે નિજ સ્વરૂપ સહિત ક્રિયામાં વર્તતો ભાવ—એવો નિજગુણ સાધવા અને તેમાં જ રઢ લગાવવા—તદ્ધારી રહેવા કહે છે. નિર્વિકલ્પતા—અભેદતા સ્વીકારી 'અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે'—અધ્યાત્મને નિશ્ચયનયે સ્વીકારનાર તે વિચારવંત છે, બાકી લબાડ-કલ્પકી—બકનવાદી છે. વાસુપૂજ્ય સ્તવનમાં પોતે કહે છે કે 'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે, વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે' આમ આનંદઘનનાં ગૂઢ અને અલખ મનનથી સમજીને ઘટમાં ઉતારવા યોગ્ય સ્તવનો તથા પદો અધ્યાત્મમાં રસ લેનારને આલોચવા યોગ્ય છે.

ત્યારપછી ઓગણીસમી સદીમાં થયેલ દેવચંદ્ર અને જ્ઞાનસાર, તે પછી અને ને વીસમીના આરંભે થયેલ કપૂરચંદ-ચિદાનંદ અને જ્ઞાનાનંદ-જ્ઞાનનંદીનાં સ્તવનો-પદો પણ અભ્યાસવાં ઘટે.

આ સર્વ અધ્યાત્મ પરનાં ગ્રંથ કે પદોનાં વાચન વિચારવાથી અધ્યાત્મ આવી જતું નથી. વાંચેલું વિચારેલું પચાવાય—આચારમાં મુકાય, સર્વ પ્રત્યે સમભાવ કેળવાય, ઉચ્ચ ભાવનાઓ પ્રતિદિન ચિંતવાય, ગુરુગમથી પ્રવચન વાણીનો યથાર્થ સમજી વિષયો અને કષાયો પર સંયમ મેળવી ચિત્તશુદ્ધિ કરાય તોજ આત્મસ્વરૂપાનુયાયી જ્ઞાન થાય, દિવ્ય નેત્ર ખુલે અને અંતિમ સાધ્યવાળા સંપૂર્ણ નિરાલંબ થવાય. આ અધ્યાત્મભાવના દિગદિગંતમાં પ્રસરો કે જેથી વાચના અસંખ્ય-આનંદઘનસ્વરૂપ જનજનથી બનતા જગતનો વિકાસ થાય, સમગ્ર દૈવી શક્તિનો આવિર્ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે એ શુભેચ્છા અભિલાષ સહિત

મુંબઈ તા. ૨૨-૯-૧૯૩૧
ભાદ્રપદ અમાવાસ્યા વિ. સં. ૧૯૮૭

અધ્યાત્મરસ-પિપાસુ,
મોહનલાલ દલીચંદ દેસાઈ

સુપ્રયત્ન છે. અને તેમાં પોતાનો અનુભવ પણ ઉમેરાયો છે. તેઓ જેના સમાગમથી પરમ આનંદ પામ્યા હતા એવા આનંદઘનજી આધ્યાત્મિક ઉચ્ચ શ્રેણીને પામેલા સંતપુરુષ હતા. તે સંતપુરુષે પ્રભુસેવા–પરમાત્મસ્વરૂપને ભજવાની પ્રથમ ભૂમિકા–પહેલું પગથિયું (૧) અભય એટલે ચચલ પરિણામરૂપી ભયનો ત્યાગ એટલે મનની અન્યમાં પ્રવર્ત્તના તજી એકાગ્રતા–સ્વરૂપચિંતન (૨) અદ્વેષ એટલે અરોચક ભાવ રૂપી દ્વેષનો ત્યાગ કરી સ્વરૂપચિંતવનાની રૂચિ (૩) અખેદ એટલે થાકી જવાની–અટકી જવાની પ્રવૃત્તિરૂપ ખેદનો ત્યાગ કરી સ્વરૂપચિંતનમાં અવિરત પ્રવૃત્તિ–એ ત્રણ છે. ભય દ્વેષ અને ખેદ એ ત્રણ દોષ હોય તો અબોધ અર્થાત્ સ્વરૂપનું અજાણપણું રહે છે. આ દોષો ક્યારે ટળે, કે જ્યારે ચરમાવર્ત્ત–છેલ્લા પુદ્ગલાવર્ત્તન જેટલો સંસાર (કારણ કે ચરમાવર્ત્તીને સમ્યક્ત્વ સ્પર્શે છે), ચરમ કરણ–છેલ્લું કરણ તે અપૂર્વકરણ, અને ભવપરિણતિનો પરિપાક–ગત્યાગતિના અભાવની સ્થિતિ થાય ત્યારે; અને ત્યારે અભય, અદ્વેષ અને અખેદવાળો આત્મા થાય તો આત્મ-સ્વરૂપાનુયાયી જ્ઞાનરૂપી આંખ ઉઘડે, પ્રવચનવાણી એટલે શાસ્ત્રવચન પર શ્રદ્ધા થાય, પાપના ઘાતક એવા સાધુ–સદ્ગુરૂનો પરિચય–આસેવન એટલે સત્સંગ થાય અને આત્મસ્વરૂપને અકલ્યાણકારી જે અશુદ્ધ શ્રદ્ધા તેના અભાવવાળુ–સ્વરૂપાનુયાયી ચિત્ત થાય. એવા ચિત્તથી આધ્યા-ત્મિક શાસ્ત્રોનું શ્રવણ અને તેનું મનન, એટલે યુક્તિસહિત વિચારણા કરવાં ઘટે કે જેથી સમસ્ત નયથી–સમસ્ત પ્રકારે પરિશીલન થાય એટલે આત્મસ્વરૂપનું પરમાત્મસ્વરૂપ સાથે સરખાપણું જણાય—આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય. આ પરથી સમજાશે કે આત્મસ્વરૂપ–પ્રાપ્તિ માટેની પ્રભુસેવા સુગમ નથી–તે માટે અભય, અદ્વેષ, અને અખેદની ભૂમિકા તૈયાર કરવી ઘટે, પછી ચરમાવર્ત્ત, ચરમ કરણ, અને ભવપરિ-પાકની આત્માવસ્થા આવતાં શાસ્ત્રશ્રદ્ધા, સત્સંગ, અને ચિત્તશુદ્ધિથી અધ્યાત્મશાસ્ત્રનું શ્રવણ અને મનન કરવું કે જેથી આત્મસ્વરૂપ સમસ્ત-પણે પ્રાપ્ત થાય. આમ અધ્યાત્મશાસ્ત્રના શ્રવણ મનન માટે યોગ્યતા પામવા શું શું આવશ્યક છે તે આનંદઘનજીએ સ્પષ્ટ સમજાવ્યું છે (જુઓ આનંદઘનજીનું સંભવજિન સ્તવન). વર્ત્તમાનકાળે રાગદ્વેષથી પરાધીનતા, દિવ્ય નયન–વિચારની ખામી, આગમ તત્ત્વની વિચારણાનો અભાવ, વસ્તુસ્વરૂપના જ્ઞાતા ને વ્યાખ્યાતાની વિરલતા છે (અનન્તનાથ સ્તવ) જુદાં જુદાં દર્શનો પોતપોતાનું સ્થાપતાં જોવામાં આવે છે, શાસ્ત્રનો નયવાદ દુર્ગમ હોવાથી તે માટે આવશ્યક એવો ગુરૂગમ નથી, મનુષ્ય પોતાના મદમા ચકચૂર છે, સ્વરૂપપ્રાપ્તિની આડા વિઘ્નકારક

ग्रन्थकारादि-परिचय

રૂપસ્થ અને રૂપાતીત એવા ચાર ભેદ પાડી એ ચારે ધ્યાનનું વર્ણન કર્યું છે કે જે શુભચંદ્રાચાર્યના 'જ્ઞાનાર્ણવ'માંના વર્ણનને મળતું છે. વળી હઠયોગ, લયયોગ, મંત્રયોગ તથા રાજયોગ—એવા યોગના ચાર પ્રકાર બતાવી લયયોગ તથા રાજયોગ પર તેમણે ભાર મૂક્યો છે તથા તેમણે સ્વાનુભવથી મનના વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન—એવા ચાર પ્રકારનું વર્ણન કરી પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. આની સાથે યોગસૂત્રના ભાષ્યકારે વર્ણવેલી ચિત્તની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ—એ પાંચ ભૂમિકાઓ સરખાવવા જેવી છે.

हेमाचार्यादि-वक्तव्य

દિગમ્બરાચાર્ય પૂજ્યપાદના સમાધિશતકમાં આત્માની મુખ્ય ત્રણ અવસ્થા (૧) બહિરાત્મ-મિથ્યાદૃષ્ટિ (૨) અંતરાત્મ (૩) પરમાત્મ વર્ણવી છે. પહેલીમાં આત્માનું વાસ્તવિક વિશુદ્ધ રૂપ અત્યંત ઢંકાયેલું હોઈ આત્મા મિથ્યાધ્યાસને વશ થઈ પૌદ્‌ગલિક વિલાસોને જ સર્વસ્વ માની લે છે, અને તેની પ્રાપ્તિ માટે બધી શક્તિ ખર્ચી નાંખે છે. બીજી અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણ રીતે પ્રકટ તો નથી થતું, પરંતુ તેના પરનું આવરણ ગાઢ ન રહેતાં શિથિલ ઉત્તરોત્તર થતું જાય છે ને પૌદ્‌ગલિક વિલાસમાંથી હટીને શુદ્ધ સ્વરૂપ તરફ ઢળી જાય છે. આના પરિણામે ત્રીજી અવસ્થા પ્રાપ્ત થાય છે. તે ત્રીજીમાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ થઈ જાય છે, અર્થાત્ તેની ઉપરના ઘન આવરણો બિલકુલ નાશ પામી જાય છે.

આ પછી ક્રમશઃ આપણો આ ગ્રંથ આવે છે, પણ તેમાં તો અગાઉ કહ્યું તેમ ચિત્તશુદ્ધિ અને સામ્યભાવનું—અધ્યાત્મ પ્રાપ્ત કરવાની પ્રથમ ભૂમિકાનું વિવરણ છે.

શ્રી યશોવિજય ઉપાધ્યાય ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે કોઈ વિષય બાકી નથી રાખ્યો કે જેનાપર પોતે સાલંકાર અને પ્રમાણ પુરઃસર ગ્રંથ લખ્યો ન હોય. અધ્યાત્મપર તેમની અધ્યાત્મસાર, જ્ઞાનસારના નામે અષ્ટકો, દ્વાત્રિંશિકામાંની કેટલીક દ્વાત્રિંશિકાઓ વગેરે કૃતિઓમાં અને પોતાનાં પદોમાં પોતાનું ચિંતનીય વક્તવ્ય રજૂ કર્યું છે. દિ. પૂજ્યપાદસૂરિના સમાધિશતક-સમાધિતંત્રનું પદ્યાનુવાદ કર્યું છે. અધ્યાત્મસાર એ નવું પ્રમાણભૂત ગ્રંથરત્ન અને ઘણી માહિતી આપનારો સરલ સુબોધ અને પથદર્શક બની ગયો અત્યુત્તમ ગ્રંથ છે. તેના યોગાધિકાર તથા ધ્યાનાધિકારમાં મુખ્યતઃ શ્રીભગવદ્‌ગીતા તથા પાતંજલ યોગસૂત્રનો ઉપયોગ કરી જૈન પ્રક્રિયા સાથે તેનો સમન્વય કરવાનો

॥ ५१ ॥

અભ્યાસની અનુકૂળતા વધે છે અને શુદ્ધ ચિત્તની વૃત્તિ થાય છે. (૩) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ અવલબીને રહેલું હોય છે, અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મબોધવાળું બની જાય છે ત્યારે તે 'ધ્યાન' કહેવાય છે. ધ્યાનથી દરેક કામમાં ચિત્ત આત્માધીન થાય છે, ભાવ નિશ્ચલ થાય છે અને કર્માદિ બંધનોનો વિચ્છેદ થાય છે. (૪) અજ્ઞાનને લીધે અનિષ્ટ રૂપે કલ્પાયેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ 'સમતા' કહેવાય છે. સમતાથી ઋદ્ધિની પ્રવર્તના થતી નથી. સૂક્ષ્મ કર્મોનો નાશ થાય છે અને અપેક્ષા બંધહેતુ હોઈ તેના તન્તુનો વિચ્છેદ થાય છે. (૫) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિર્મૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય. તે ઉક્ત ભાવના, ધ્યાન અને સમતા એ ત્રણ યોગના અભ્યાસથી આવે છે. આત્મા સાથે કર્મસંયોગ ન થાય એવી યોગ્યતાને પરમાર્થથી આ વૃત્તિસક્ષય યોગશાસ્ત્રમાં વર્ણવેલ છે. (શ્લોક ૪૦૪). તેનુ ફલ કેવલજ્ઞાન, શૈલેશી–સર્વસંવરરૂપ અવસ્થાનો સ્વીકાર અને સદા અબાધિત આનંદકારી મોક્ષની પ્રવૃત્તિ થાય છે. (યોગબિન્દુ શ્લો. ૩૫૭ થી ૩૬૬) 'યોગદર્શન'કાર શ્રી પતંજલિ આમાંથી પ્રથમની ચાર ભૂમિકાને 'સંપ્રજ્ઞાત સમાધિ' કહે છે અને છેવટની ભૂમિકાને 'અસંપ્રજ્ઞાત સમાધિ' કહે છે (જુઓ યશોવિજયકૃત યોગભેદદ્વાત્રિંશિકા)

વિશેષમાં એ જ 'હરિભદ્રસૂરિએ પોતાની 'યોગવિંશિકા'માં અધ્યાત્મની પરિપક્વ દશાનું વર્ણન કર્યું છે. યોગના અધિકારી ત્યાગી જ માન્યા છે. ત્યાગીથી ગૃહસ્થ તેમ જ સાધુની આવશ્યક ક્રિયાને યોગરૂપ બતાવી તે દ્વારા આધ્યાત્મિક વિકાસની ક્રમિક વૃદ્ધિ વર્ણવી છે. તેમણે વળી સ્થાન, શબ્દ, અર્થ, સાલબન અને નિરાલબન—એમ યોગની પાંચ ભૂમિકા બતાવી પહેલી બે ભૂમિકાને કર્મયોગ અને પાછલી ત્રણને જ્ઞાનયોગ તરીકે વર્ણવી છે. વળી દરેક ભૂમિકામાં ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિદ્વારા આધ્યાત્મિક વિકાસની તરતમતા દેખાડી છેઃ અને છેવટ એ પ્રકારે આધ્યાત્મિક માર્ગના–અધ્યાત્મસોપાનનાં પગથિયાં વર્ણવ્યાં છે જેથી પ્રત્યેક યોગાભ્યાસી પોતાની મેળે વિચારી શકે કે તે કયા પગથિયાપર છે. (શ્રીમોહનલાલ ઝવેરીનું 'અધ્યાત્મ' પર વ્યાખ્યાન. પ્ર૦ પર્યુષણ વ્યાખ્યાનમાળા વર્ષ ત્રીજું)

શ્રી હેમચંદ્રાચાર્યે પોતાના 'યોગશાસ્ત્ર'માં શ્રીપાતંજલના કહેલા અષ્ટાંગયોગના યમ-નિયમ વગેરે આઠ અંગોમાં જૈન આચારનું વર્ણન કરી છેવટના સમાધિ પર્યંતના અંગોનું વિવરણ કર્યું, તે પૈકી ધ્યાનમાં–ધર્મધ્યાન, શુક્લધ્યાન એ પ્રાચીન ભેદ ઉપરાંત પિંડસ્થ, પદસ્થ,

'યોગાપત્તિ' (યોગાર્જન) આંતર હોય છે, તેથી તેવી પ્રવૃત્તિ ધર્મની કોટિમાં ગણવા યોગ્ય નથી. ધર્મવ્યાપાર ધર્મની પ્રવૃત્તિ આત્મિક મન-માં જ શરૂ થાય છે અને તેથી તે બધી પ્રવૃત્તિ 'યોગ' કહેવાય છે. મોક્ષ સાથે યોજન તે યોગ. તે યોગનો પાંચ પ્રકારથી કહીએ તો અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય એ પાંચ પ્રકારથી યોગ છે અને તેની ઉત્તરોત્તર શ્રેષ્ઠતા છે. (શ્લોક ૩૧) અધ્યાત્મ સર્વે લોકોથી પ્રાપ્ત થતું નથી. તે જે ચરમ પુદ્ગલાવર્તમાં શુક્લપાક્ષિક, ભિન્નગ્રંથી અને ચરિત્રી હોય, તેને પ્રાપ્ત થાય છે. (શ્લોક ૭૨). ચરમ-પુદ્ગલાવર્તમાં એટલે જેના ઔદારિક વર્ગણારૂપ પુદ્ગલના અનંત આવર્તન છે તેવા સંસારભ્રમણમાં છેલ્લું પુદ્ગલાવર્ત જેવું બાકી હોય—સર્વ પુદ્ગલના ગ્રહણનો ત્યાગ કરવામાં પ્રવૃત્તિ હોય તેવી સ્થિતિમાં—(કે જેને સાધ્ય પરિણામમાં નિવૃત્ત્યભિમુખ પ્રવૃત્તિ કહે છે. શ્લોક ૧૦૧), શુક્લપાક્ષિક એટલે અર્ધ પુદ્ગલાવર્તથી ઓછું જેનું સંસારભ્રમણ બાકી હોય તેને, જે ભિન્નગ્રંથી હોય એટલે કે જેણે 'અપૂર્વકરણરૂપી વજ્ર પ્રકારથી ઘન રાગદ્વેષ-મોહ-પરિણામ વિદારિત કરી છે તેને, અને જે ચરિત્રી હોય છે એટલે જે દેશથી કે સર્વથા સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત છે તેને અધ્યાત્મ પ્રાપ્ત થાય છે, બીજાને પ્રાપ્ત થતું નથી, કારણ કે ઘણા ભવથી ભવ એટલે સંસારના સદ્ભાવને લઈને, અતિશય મલિ-નતા કે જેને લીધે ભવ્યત્વનો પરિપાક થતો નથી તેથી તથા અતત્ત્વના અભિનિવેશથી—વિપરીત વસ્તુસ્વભાવ વિષે અત્યંત આગ્રહ ધર-વાથી તે અધ્યાત્મ પ્રાપ્ત થતું નથી (શ્લોક ૭૩). યોગના અધ્યાત્માદિ ઉક્ત પાંચ પ્રકારની વ્યાખ્યા એ છે કે—(૧) જ્યારે યોગ કે ધર્મ ન્યાય સાથે શાસ્ત્રીય અને પરમાર્થ ભાવનારૂપ તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી પ્રમોદ કરુણા માધ્યસ્થ્ય ભાવનાઓ (કે જેનું વિવરણ આ અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથમાં કરેલ છે તે) સિદ્ધિ સિદ્ધ થઈ જાય છે ત્યારે તે સ્થિતિ 'અધ્યાત્મ' કહેવાય છે. આ અધ્યાત્મથી જ્ઞાનાવરણાદિ ક્લિષ્ટ કર્મરૂપી પાપનો ક્ષય, સત્ત્વ—વીર્યનો ઉત્કર્ષ, શીલ એટલે ચિત્તસમાધિ, શુદ્ધ તેજ જેવું શાશ્વતપણું જ્ઞાન એટલે વસ્તુનો અવબોધ, તથા અનુભવથી—સ્વસંવેદનથી સિદ્ધ થયેલ એવું, અતિ દારુણ મોહરૂપી વિષવિકારને નાશ કરનારું અમૃત પ્રાપ્ત થાય છે. મતલબ કે સ્વયોગ્યતાનું સમ્યક્ પર્યાલોચન, ચૈત્યવંદનાદિ ધર્મક્રિયામાં પ્રવર્તન, અને આત્મસંપ્રેક્ષણ થાય છે. (૨) જ્યારે મન શમાદિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મનો સવિશેષ પુષ્ટ થાય છે ત્યારે તે 'ભાવના' કહેવાય છે. ભાવનાથી કામક્રોધાદિજનિત અશુભ અભ્યાસ ટળે છે, જ્ઞાનાદિવિષય શુભ

ક્રમ અને વિકાસક્રમ બન્નેનો સમાવેશ કરેલ છે. (જુઓ તેમનો ગ્રંથ નામે યોગદૃષ્ટિ-સમુચ્ચય). અવિકાસકાળને તેઓ 'ઓઘદૃષ્ટિ'ના નામથી અને વિકાસક્રમને 'સદ્દૃષ્ટિ' નામથી ઓળખાવે છે. સદ્દૃષ્ટિના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે. પહેલી મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો, પણ તેમાં કાંઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે; જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે. (સાથે વાંચો યશોવિજયજીની ૨૧ થી ૨૪ એ ચાર દ્વાત્રિંશિકા અને તેમની આઠ દૃષ્ટિની સજ્ઝાય) બીજા પ્રકારના વર્ણનમાં તે આચાર્યે (જુઓ તેમનો ગ્રંથ યોગબિન્દુ) માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપે વર્ણન કર્યું છે. તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી. યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એવા પાંચ ભાગો કરેલા છે. આ બન્ને પ્રકારનાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનકના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે." (જુઓ પુરાતત્ત્વ ૧, પૃ. ૨૦૪ 'ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ' એ પં૦ સુખલાલના લેખમાં 'જૈનદર્શન')

આપણા ધુરંધર શાસ્ત્રકાર ઉક્ત શ્રીમદ્ હરિભદ્રસૂરિ યોગબિન્દુમાં કહે છે કે—'વાદો પ્રતિવાદોથી કે તેવા ગ્રંથોથી તત્ત્વની સિદ્ધિ-પ્રાપ્તિ અર્થાત્ આત્મપ્રતીતિ થતી નથી, તે સિદ્ધિ માટે હેતુ એટલે ઉપાદાન કારણ 'યોગ'જ છે અને તેનો ઉપાય 'અધ્યાત્મ' છે. (શ્લો. ૬૪ થી ૭૦)

યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય એવો ધર્મવ્યાપાર. અનાદિકાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ સ્વરૂપથી પરાઙ્મુખ હોઈ લક્ષ્યભ્રષ્ટ હોય છે, ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગની કોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ બદલાઈ સ્વરૂપની સન્મુખ થાય છે, ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયનું તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર ધર્મવ્યાપાર કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ 'યોગ' નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસ્કારકાળના બે ભાગ થઈ જાય છે:—એક અધાર્મિક અને બીજો ધાર્મિક. અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય, તો પણ તે ધર્મખાતર નથી હોતી, કેવળ

ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કામ આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્ય દર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્ર ગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્ય દર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ 'દર્શન મોહનીય', અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ 'ચારિત્ર મોહનીય' કહેવાય છે. આ બેમાં દર્શન-મોહનીય પ્રબળ છે, કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શન મોહનીયનું બળ ઘટ્યું, એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઇ છેવટે તદ્દન ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્માવરણોમાં પ્રધાનતમ અને બલવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણોનું બળ [illegible] વધતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમ ભાવને આધારે કરવામાં આવી છે) તે ચૌદ ગુણસ્થાનો આ પ્રમાણે—(૧) મિથ્યાદૃષ્ટિ (જુઓ સમવાયાંગ ૧૪મો સમવાય) (૨) સાસ્વાદન (૩) સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ (૫) દેશવિરતિ (વિરતાવિરત) (૬) પ્રમત્તસંયત (૭) અપ્રમત્ત સંયત (૮) અપૂર્વકરણ (નિવૃત્તિ બાદર) (૯) અનિવૃત્તિ બાદર (૧૦) સૂક્ષ્મસંપરાય (૧૧) ઉપશાંત મોહ (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગ કેવલી (૧૪) અયોગ કેવલી, (આ માટે જુઓ હિંદીમાં પં. સુખલાલની પ્રસ્તાવના સહિત કર્મગ્રંથ બીજો) પ્રથમ ગુણસ્થાન એ આધ્યાત્મિક અવિકાસકાળ છે, બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફુરણ હોય છે—તોમાં પ્રધાનતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કળાએ પહોંચે છે અને ત્યાર બાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. એ વિચારસરણીનું ટૂંકું કારણ એટલું જ કહી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે, અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો ક્રમ ત્યારબાદ મોક્ષકાળ છે.

*આ પ્રાચીન જૈન વિચારને હરિભદ્ર સૂરિએ બીજીરીતે પણ વર્ણવ્યો છે. તેઓના વર્ણનમાં બે પ્રકાર છે: પહેલા પ્રકારમાં અવિકાસ-

કરે છે અને તેનું પરિણામ આવતું નથી. આપણા જીવનમાં વસ્તુતત્ત્વ ન સમજી શકાય, યાત્રા આદિ અંગે જે જીવનવિકાસ થવો જોઇએ તે ન થાય, ઉપવાસ આદિ તપશ્ચર્યાથી મળતી નિવૃત્તિનો સદુપયોગ કરવામાં ન આવે અને તે દ્વારા જીવનમાં કાંઈ વિશિષ્ટતા ન સધાય, તો તે બધી ધર્મક્રિયા રાતદિવસ કરવા છતાં તે રુક્ષ અને ઉદ્દેશશૂન્ય બની જાય છે અને ખરો ધર્મ સધાતો નથી. આપણા ઉત્સવો અને ધાર્મિક ચર્ચામાં સમવૃત્તિ હતી ત્યાં સુધી શાંતિ અને આનંદ પણ હતાં, તેથી આત્માનો વિકાસ પણ સધાતો. જ્યારે તેવી સમવૃત્તિ નથી હોતી ત્યારે સંઘર્ષણ થાય છે અને ક્લેશ આદિ ઉત્પન્ન થાય છે. ધર્મચર્ચા કે ધર્મશ્રવણ સામ્યપણે કરવામાં આવે તો અનેકાંતવાદ—અમૃત ગમે તેટલું વિષ હોય તો પણ તેને પચાવી દે છે, તેવીરીતે સામ્યવૃત્તિ પોતાની સામેનાં વિરોધી તત્ત્વોને સમભાવપણે પચાવી દે છે. તેવો ઉપયોગ કરવામાં આવે તો ધર્માભિમુખ થઈ શકાય; તેમ ન કરવામાં આવે તો પ્રથમ ભૂમિકામાં પણ ન આવી શકે." (જૈન તા. ૧-૧૦-૧૯૩૩)

આધ્યાત્મિક વિકાસ કેમ કરવો તે સમજાવવાનો હેતુ અધ્યાત્મશાસ્ત્રનો હોય છે. આપણાં શાસ્ત્રોમાં તે વિકાસનો ક્રમ જૂદી જૂદી ભૂમિકાથી અને જૂદા પ્રકારે બતાવેલ છે તે જોઇએઃ—

"જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો જે આગમના નામથી ઓળખાય છે તેમાં સુદ્ધાં આધ્યાત્મિક વિકાસના ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિતરીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં આવ્યા છે કે જે 'ગુણસ્થાન'ને નામે ઓળખાય છે. ('ગુણ' એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ. 'સ્થાન' એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમ ભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત્ત હોય છે. જેમ જેમ આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ વધતું જાય છે. તેમ તેમ તે સહજ ગુણો વિકાસ પામી પોતાના શુદ્ધસ્વરૂપે પ્રગટ થતા જાય છે. આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે; પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલા છે, જે ગુણસ્થાન કહેવાય છે.

અધ્યાત્મવિષે આવું કથન કેમ નથી એમ કોઈ પૂછશે. ઉત્તરમાં કહેવાનું કે ઉક્ત અધ્યાત્મની ભૂમિકા માટે જે શુદ્ધિ અને સમતા જોઈએ તે પર ખાસ ભાર મૂકનારો આ અમેદર્શક અધ, છે.

સમતાપર અભયદેવસૂરિના શિષ્ય વિજયસિંહે રચેલું સામ્યશતક (કે જે ભાષાંતર સહિત જૈનધર્મવિદ્યાપ્રસારક વર્ગ તરફથી સં. ૧૯૬૩ માં બહાર પડેલું છે) અને તે પરથી યશોવિજય ઉપાધ્યાયે સમતાશતક પદ્યમાં રચ્યું છે તે મનન કરવા યોગ્ય છે.

સમતા-શમ-સમભાવના-સામ્યનું માહાત્મ્ય ઘણું છે. આપણા જીવનના દરેક વ્યાપારમાં તેની આવશ્યકતા છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ ખરું કહ્યું છે કે "જીવનમાં સમભાવ કેળવવો એ અનેકાંતવાદનું ફળ છે. જીવનમાં સમભાવ ન આવે તો ધર્મનું ખાસ ફળ મળતું નથી અને તેથી જીવન શુષ્ક બને છે. વસ્તુની એક બાજુ પકડવી અને બીજી છોડી દેવી એ ધર્મને તરછોડવા બરાબર છે. જે સમભાવ-વૃત્તિ કેળવી શકે નહિ તેની બુદ્ધિ સ્થિર થઈ શકે નહિ, જેની બુદ્ધિ સ્થિર થઈ શકે નહિ તે વસ્તુનું સત્ય સમજી શકે નહિ. વસ્તુનું સત્ય ન સમજી શકે તે વીતરાગ બની શકે નહિ અને જે વીતરાગ ન બની શકે તે પૂર્ણજ્ઞાની પણ ન બની શકે. જીવનમાં જેની બુદ્ધિ સ્થિર થઈ હોય, તત્ત્વનો જેણે વિચાર કર્યો હોય, તેનો હૃદય જેણે આલોક્યું હોય તે જ દરેક વસ્તુની સત્યતાને સમજી શકે છે, અર્થાત્ જીવનમાં સમવૃત્તિ, સ્થિરતા, સમજ આદિ હોય તો જ સત્ય સમજી શકાય છે; નહિ તો તત્ત્વ સરી જાય છે. જેના જીવનમાં તે ન હોય તે ધર્મ-ભૂમિનો અનધિકારી છે. શાસ્ત્રોના અભ્યાસને અંતે જે ભાવો જોવાના છે તે જ જો ખાલી રહે તો ધર્મશાસ્ત્રના અધ્યયનનો અર્થ કશો જ નથી. જેમ જેમ જીવનમાં અનેકાંતવાદના ભાગ અપભ્રંશીપણું કેળવાય, તત્ત્વોનો શાંતિથી વિચાર થાય, તેનું મનન અને ચિંતન થાય, તેમ તેમ મનુષ્ય નિર્વેદ-આત્મપ્રગતિ પામી શકે છે. સમભાવથી સ્થિર ચિત્તવૃત્તિ કેળવાય છે. સમભાવના ન હોય તો આપણા દરેક કાર્યોમાં સ્વાર્થવૃત્તિ જ રહે છે. ધર્મના નિમિત્તે થતી ક્રિયાઓ સમવૃત્તિના અભાવે શુષ્ક બને છે, સમવૃત્તિથી તેની શુષ્કતા આપણે દૂર કરી શકીએ છીએ. બાહ્ય આદિથી મનુષ્યની દુર્વાસનાઓ ન જાય, આંતરશુદ્ધિ ન મેળવાય તો તેનો ઉપયોગ શું! ... ચિંતન કરનાર મહાપુરુષોના જીવનમાંથી કાંઈ સમજી ન લેવાય અને તેનો અમલ ન કરાય તો તેવી શુષ્ક ક્રિયાઓ માત્ર ગતાનુગતિક થશે

યોગ સદા નિર્મલ રહે છે, મન દુર્વિકલ્પ તજી સામ્ય-સમતામાં લીન થાય છે અને વચન પણ નિરવદ્ય વ્યાપારમાં પ્રવર્ત્તમાન થાય છે. ત્રિયોગનું નિર્મલત્વ કરનાર મૈત્ર્યાદિ ભજે છે, માટે હે આત્મન્! મૈત્રી, પ્રમોદ, કરૂણ ને માધ્યસ્થ્ય ભાવનાને આત્મામાં એવીરીતે ઉતાર કે જેથી રાગદ્વેષ-રહિત એવી સમતા આવે, તેથી આત્મલયવડે અવિરત સદ્ભાવનામાં ચિત્તને રમણ કરાવ, મૈત્ર્યાદિથી મમત્વ ત્યાગ થાય છે, તો ક્યાંય પણ મમત્વ ન કર, તેમજ રતિ-અરતિ-કષાય ન કર, આથી ઇચ્છા રહિત એવા તને અહીં પણ અનુત્તર અમર્ત્યે સુખ મળશે. આ યતિશિક્ષા અવધારી જે વ્રતસ્થ ચરણકરણયોગનો એકચિત્તે આશ્રય લેશે તે એથી ક્લેશરાશિ ભવસાગર તરીને અનંત શિવસુખ પામશે.

હવે છેલ્લો સોળમો અધિકાર સામ્યસર્વસ્વ નામનો અધિકાર કહે છેઃ-તેમાં પહેલા અધિકારમાં જે સામ્ય-સમતાની પ્રધાનતા બતાવી તે સમતા આ છેલ્લા અધિકારમાં ઉપસંહારરૂપે ઉલ્લેખી તેની વિશેષ મુખ્યતા ગ્રંથકાર દર્શાવે છે. તેમાં સર્વે શુભ પ્રવૃત્તિ અભ્યાસથી આવે છે તેનું નિરૂપણ છે. હે પરમરહસ્યને જાણનાર! જે ભાવથી આત્મસ્વરૂપે વર્ત્તાય તે ભાવને-સ્વરૂપત્વને સામ્ય પ્રત્યે લઈ જા, કારણકે સામ્ય-સમત્વથી શિવસંપદ્ ભવના ભયને ભેદવા ઇચ્છનારને હસ્તગત થાય છે. હે આત્મન્! તુંજ દુઃખ, નરક, સુખ, કલ્યાણ-મોક્ષ, કર્મો, મન છે, માટે અવિદ્યા (પાઠાંતર અવજ્ઞા-અનાદર) તજી સાવધાન મનવાળો થા-ધર્મકૃત્યમાં ઢીલ ન કરતાં પટુ-હુશિયાર રહે. સર્વત્ર નિઃસંગતાનું પ્રાધાન્ય છે, માટે આત્મન્! સામ્યન ચિંતનવડે સર્વે અર્થોમાં નિઃસંગતા પ્રાપ્ત કર, શોકનું મૂળ મમતા છે, સુખોનું મૂળ સમતા છે, સ્ત્રી કે ધૂળમાં, સ્વમાં કે પરમાં, સંપદ્ કે વિપદ્માં મમતા મૂકી સમતા રાખ કે જેથી શાશ્વત સુખનો સંયોગ થાય. તે ગુરૂ, તે શાસ્ત્ર, તે તત્ત્વનો આદર કર કે જેનાથી સમતા મળે, સમતાનો અમૃતરસ સર્વે શાસ્ત્રોના મંથનથી ઉદ્ધર્યો છે માટે તે રસ પીઓ અને મોક્ષ સુખ મેળવો. શાંત ભાવનાના આત્મારૂપ આ મુનિસુંદરસૂરિરચિત અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથનું શ્રદ્ધાવાંછના-મુક્તિની ઇચ્છાથી અધ્યયન કરવું કારણકે તે સ્વપરહિત કરનાર કલ્પતરૂની રેખા રૂપ છે. જે મતિમાન્ આ ગ્રંથનું અધ્યયન કરીને ચિત્તમાં તેનું વારંવાર રમણ કરે છે તે શીઘ્ર ભવથી વિરામ પામે છે-સંસારવિરક્ત થાય છે. તેવા મતિમાનમાં ભવના વૈરીપર-ક્રોધાદિકષાયપર જયલક્ષ્મી મેળવી શિવલક્ષ્મી રમે છે.

આત્માનો જે શાસ્ત્રમાં વિષય છે તે અધ્યાત્મશાસ્ત્ર. આ ગ્રંથને અધ્યાત્મના કલ્પદ્રુમનું નામ આપ્યું પણ તેમાં શુદ્ધ સ્વરૂપાનુયાયી

કષાયોનો સંવર કરવો આવશ્યક છે. તે ન કર્યો તેથી કરટ અને ઉત્કરટ જેવા આતાપનાવાળા પણ નરકમાં ગયા. આની કથા કર્પૂરપ્રકર-વૃત્તિ આદિમાંથી જાણી લેવી. મનનો સંવર મુખ્ય છે, તે આચરતાં નિશ્ચળતા ખરેખરી આવે છે ને તે મુનિને મોક્ષમાર્ગમાં મેળવે.

પંદરમા અધિકારમાં શુભવૃત્તિશિક્ષા-ઉપદેશ છે. એ મુખ્યરીતે યતિઓ માટે છે, શ્રાવકોને પણ પોતાની સ્થિતિ વિચારી ઉપદેશ લેવાનો છે. હંમેશ કરવાની ક્રિયા-આવશ્યક ક્રિયા-પ્રતિક્રમણ સામાયિકાદિ ક્રિયા શાસ્ત્રોએ કરવાની કહી છે માટે તે શુદ્ધ અને પાપને હણનારી હોઈ કરવી. વૈદ્યનું ઔષધ ન લઈએ યા તેનું ઔષધ અશુદ્ધ-અપથ્ય હોય તો રોગનો નાશ ન થાય. વિવિધ પ્રકારનાં તપ વિના આચરવાં, તે પહેલાં કરવાં-તીક્ષ્ણ-આકરાં લાગે છે પણ ઉત્તરમાં-પરિણામે સુંદર-સુખકારી છે, તે જેમ રસાયનો દુઃખ રોગને હણે છે તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોના રસને હણે છે. તપ કરનાર શીલવાન્ થાય છે માટે (૧૮ હજાર) શીલાંગોને ધારી, યોગસિદ્ધિ કરનાર હંમેશાં બનો, ઉપસર્ગોને શરીરમમત્વથી રહિત થઈ સહો, સમ્યક્ પ્રકારે ગુપ્તિ અને સમિતિને આચરો. આવો પણ પોતાને ને આવશ્યક ક્રિયા કરેલી હોય ત્યારે ઉપસર્ગને સહી ગુપ્તિ ને સમિતિનું આરાધન કરી શકે છે. શીલવાન્ સ્વાધ્યાય આદિથી મનને વશ કરી શકે છે માટે સ્વાધ્યાયરૂપ યોગમાં યા સ્વાધ્યાય મનો-વચન-કાયાના યોગમાં પ્રયત્ન કર,-મનોવચનકાયાનો સંવર કર તથા આગમ-સિદ્ધાંતને મધ્યસ્થવૃત્તિથી સ્વશક્તિ પૂર્વક યથાર્થપણે અનુસર. ગારવ એટલે ઋદ્ધિ, રસ, ને શાતા ગારવ-અહંકાર મૂકીને-પ્રમાદને ત્યજવાથી યોગની અપેક્ષા મૂકી શનિ સુદર્શન મેર જિનમ માટે વિચાર રહિત દેહની વિશુદ્ધિ વગેરે ઇન્દ્રિયસમૂહને વશ કરી કર. આ યતિને હેતુથીને કહેલું છે. સ્વાધ્યાય કરનાર સદુપદેશ બને છે માટે હે મુનિ! ધર્મના અર્થે જ ધર્મસ્થાનથી ઉપદેશ સ્વ અને પર મનિમાં સાંભળવાળો શ્રાવ તાપના ભેદ રહિત સર્વેને આપ, જગત્ પ્રતિ હિતની ઇચ્છાવાળો હોઈ ગામ કે તેના કોઈ પ્રદેશમાં નવકલ્પથી અપ્રમત્તપણે વિહાર કર. (આષાઢથી આસો સુધીના ચાતુર્માસ તે એક કલ્પ અને બાકીના પ્રતિકના આઠમાસ તે એક એક કલ્પ મળી નવકલ્પ). સદુપદેશ કરનાર વિહારક થાય છે, તો તું તપ જપ આદિ કરેલાં કે નથી કરેલાં, કરવાની શક્તિ છે કે અશક્તિ, આયુ સ્થિર છે કે નહિ તે હંમેશાં હૃદયથી વિચારી સાધ્ય પ્રતિ પ્રયત્ન કર અને તું મોક્ષમાં હોઈ તત્ત્વવેત્તાઓને વશ ટે. સદ્વિચારી નિર્મળ મનુષ્યો ધારણ કરે છે પણ પ્રીતિ સાથ પ્રકારે-કરવા કરાવવા અનુમોદવા-જો મધુ પ્રકારે ન કરવાથી મધુ

આત્મશુદ્ધિ થાય છે ને તે શુદ્ધિ સર્વરીતે-મુખ્યરીતે સામાન્યરીતે યતિ માટે છે અને ગૌણરીતે શ્રાવકોમાટે છે. યોગમાં પહેલો મનોયોગ છે મન એ સર્વેમાં મુખ્ય કારણ છે-મનનો સંવર કરવાથી તે બધા હેતુ-મિથ્યાત્વાદિ ચારેનો સંવર થાય છે ને તે જ આખરે મોક્ષ અપાવે છે. તેનો સંવર ન થાય તો તંદુલમત્સ્ય પેઠે નિકૃષ્ટ ગતિ થાય છે તે માટે રત્નચંદ્ર ટીકાકાર ગ્રંથકારના બીજા ગ્રંથ નામે ઉપદેશ રત્નાકરના બીજા તટના ત્રીજા અંશની નવમી ગાથા જોઈ જવા કહે છે. અસંવર કરવાથી પ્રસન્નચંદ્ર રાજર્ષિ નરકનું નિમિત્તભૂત થયો પણ પછી તુરત સંવરમાં લીન થતાં તેણે મુક્તિ સિદ્ધ કરી, તેની કથા ઋષિમંડલ-વૃત્તિમાંથી ટીકાકારે આપી છે, મનની અપ્રવૃત્તિથી સરવાનું નથી, મનને ધર્મધ્યાન અને શુક્લ-ધ્યાનમાં પ્રવર્ત્તમાન કરનારા અમારા વદનને યોગ્ય છે, કારણ કે તેઓ આર્ત્ત અને રૌદ્ર ધ્યાનથી-મનના કુવિકલ્પોથી દૂર રહે છે અને સુધ્યાનમાં લેપાયેલા રહે છે; તે જ પ્રમાણે વચનની અપ્રવૃત્તિ-મૌન રાખવાથી સરવાનું નથી, જેની વચનમાં સમિતિ છે-નિરવદ્ય જેનું વચન છે તે, તેમ જ મૌન રાખવામાં વચનની ગુપ્તિ-સાચવે છે તેની સ્તુતિ અમે કરીએ છીએ કારણ કે સાવદ્ય બોલનાર વસુરાજ (કે જેની કથા યોગ-શાસ્ત્રની વૃત્તિ અનુસાર રત્નચંદ્ર ટીકાકાર આપે છે) આદિ ઘોર નરકમાં ગયા. દુષ્ટ વચનથી આ ભવમાં વેર બંધાય, ને પરભવમાં ખરાબ ગતિ મળે,-અગ્નિના દાઝેલા ઉગે-વૃદ્ધિ પામે, પણ દુષ્ટ વચનથી બળેલામાં પ્રેમાંકુર ફુટતો નથી. મહાવીરપ્રભુએ દીક્ષાકાળથી કેવલજ્ઞાન થતાં સુધી મૌન-વચનગુપ્તિ આચરી. કાયાનો સંવર જ્ઞાતાધર્મકથાંગમાં આપેલ દૃષ્ટાંત પ્રમાણે કાચબાની પેઠે રાખ. કાયાની અપ્રવૃત્તિ-હલનચલનનો અભાવ રાખવાથી નહિ સરે; એમ તો ઝાડ, થાંભલા, દ્વીન્દ્રિય જીવ આદિ તેમ રાખે છે તેથી તેનું કલ્યાણ નથી. જેની શિવહેતુ માટે જ શરીર-ક્રિયા છે તેવા યતિઓની અમે સ્તુતિ કરીએ છીએ. હવે પાંચે ઇન્દ્રિયનો સંવર કહે છે. સાંભળવામાં, સુંઘવામાં, જોવામાં, ચાખવામાં, સ્પર્શ કરવામાં માત્ર સંયમ રાખવાથી ન સરે, પણ ઇષ્ટ અનિષ્ટ સાંભળતાં, સુંઘતાં, જોતાં, ચાખતાં, સ્પર્શતાં, રાગ દ્વેષ જેને ન થાય ત્યારે તે ખરો યતિ. ઇષ્ટ રસને, ઇષ્ટ સ્પર્શને તજે તો તપનું ફલ મળે, મૂત્રાશય-પુરૂષચિહ્ન ને સ્ત્રીચિહ્નના સ્થૂલ સંયમથી બ્રહ્મચર્ય સધાતું નથી, તેમાં મનપૂર્વક સંયમ હોય તો જ બ્રહ્મચર્યનું ફળ મળે. વિષયેંદ્રિયના સયોગનો અભાવ માત્ર રાખવાથી સંયતિ ન થવાય પણ રાગ દ્વેષવાળા મનોયોગના અભાવથી સંયતિ થવાય ને તેને અમારા વંદન છે.

(અનિત્યાદિ બાર વા બત્રીસ) ભાવનાને ભજતા આત્માઓએ કહેલા આ પ્રકાશ કહેલા સંયમ-ગુણોના ઉદ્યાનમાં હમેશાં રમે છે, તેઓ ભવસાગરને તરી ગયેલા છે અને તેમને આચાર્ય નમસ્કાર છે। એવી મંગલ શરૂઆત કરીને પછી યતિઓને બોધ આપે છે કે—"સાધુવેશ માત્ર રાખ્યે મોક્ષ નહિ મળે. સાધુવેશમાં નિદ્રાદિ પ્રમાદ કરીને સ્વાધ્યાય ન કરે, સમિતિ ને ગુપ્તિ ન ધારે, દેહપ્રેમથી બાહ્ય ને અંતરંગ તપ કરે નહિ, અલ્પપ્રમાણ પણ લોભાદિ ધ્યાન કરે, પરીષહ ને ઉપસર્ગ સહે નહિ, (અઢાર હજાર) શીલાંગનો ધારક થા નહિ, તો ભવસાગર કદિ પણ તરી શકીશ નહિ. શુદ્ધ ચારિત્રવગર વેષધારણ કરી લોકપૂજા વાંછી લોકોપાસેથી વસ્ત્ર, પાન, ઔષધિ, ઉપકરણ, પુસ્તક આદિ મેળવવાં એ તો ઉચિત થઈ આત્મવંચના કરવા ઉપરાંત લોકોને છેતરવાનું છે—એમ જણાવું છું. આજીવિકાની કે શ્રી પુત્રાદિને નિર્વાહ કરવાની ચિંતા નથી, રાજનીતિ નથી, પવિત્ર શાસ્ત્ર પાસે છે ને તે વાંચિત પણ હોય, છતાં વસ્ત્રાદિનો પરિગ્રહ ભૂખ રાખે, ને પ્રમાદવશ થઈ ચારિત્ર ન સેવે એમાં મોહનું સામ્રાજ્ય યા અધિક દુરવગતિમાં જવાનું છે એ બે કારણ પૈકી એક હોય એમ લાગે છે; તું તારશે—તારી શકશે એમ ધારી ભોળા લોકો તારો આશ્રય લે તેને તું શો લાભ કરી શકીશ? ઉલટો તેને છેતરી પાપબંધ કરે છે, તેનો કરજદાર થાય છે, અને તે દેવામાંથી કદિ મુક્ત થઇ શકીશ નહિ. આમ છતાં લોકોત્તરરૂપથી સ્તુતિ, વંદન આદિની ઇચ્છા રાખે એ કેટલું ભયરૂપ? લોકોપાસેથી વસ્ત્રાદિની ભક્તિ સમજાવે કે ને તે રીતે પરિગ્રહ સેવે તે સર્વ મોહરૂપ છે—ભવવૃદ્ધિ કરાવે છે. સંયમની લોભથી—આત્મસન્મુખતાથી મોક્ષ મેળવીશ. જો તપશ્ચર્યા, ધ્યાન, પરીષહ આદિ સત્ત્વથી ન સાધી શકાય તો અનિત્યાદિ ભાવના, સમિતિ ને ગુપ્તિ મનથી સાધી શકાય છે તો તેને પ્રમાદ તજી ધારણ કર. મનને કુવિકલ્પથી દૂર રાખી અંકુશમાં રાખી તેની શુદ્ધિ કર, મત્સરને તજી દે. અનાદિ સંસારથી મુક્ત ન થા તેમજ તેથી વિપરીતથી નાયુક્ત ન થા. ગૃહસ્થોપર મમત્વબુદ્ધિ ન રાખ, સાવદ્ય કાર્ય નહિ કરવાની લીધેલ પ્રતિજ્ઞાનું ચુસ્ત પાલન કર, મન વચન ને કાયાથી શુદ્ધસાધ્ય રહે તેથી સાધુનો વેશ શોભશે, નહિતો તું વેશવિડંબક છે."

અધિકાર ચૌદમો મિથ્યાત્વાદિનિરોધ સંબંધી છે. કર્મબંધના જે હેતુ–મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને પ્રમાદ છે—તેનો સંવર કરવાથી

તે સાંપડે તો તેને માનવા, અન્યને તજવા-તેમાં દૃષ્ટિમોહ ન જોઇએ. આટલું કહી ગ્રંથકાર પોતાના સમયની સાધુસ્થિતિથી દુઃખિત થઈ બોલી ઉઠે છે કેઃ-"શ્રી વીર (પ્રભુ)! પૂર્વે તેં (સુધર્મા આદિ)ને મુક્તિપથના પ્રવર્તક તરીકે સ્થાપ્યા હતા. તેઓ (સુધર્માઆદિની પટ્ટ-પરંપરાએ આવેલા સુવિહિતઆચાર્યોથી જુદા પડી સ્વાભિમાનની પુષ્ટિ અર્થે પોતાના નામે મતપ્રવર્તક થઈ) આ કલિયુગમાં તારા વગર-તારી ગેરહાજરીમાં તારા શાસનમાં ઘણી સંખ્યામાં લુંટારા થયા, તેઓ યતિનું નામ ધારણ કરીને સ્વલ્પ બુદ્ધિવાળા જનોની પુણ્યલક્ષ્મી ચોરી લે છે. અહીં અમારે શો પોકાર કરવો? કારણ કે જ્યાં અરાજકતા-રાજાનો અભાવ હોય ત્યાં કોટવાળ શું ચોરો નથી થતા? (થાય છે.)"

આવી સ્થિતિમાં દૃષ્ટિરાગ-દૃષ્ટિમોહ રાખતાં અયોગ્ય એવા કુગુરુ કુધર્મ અને કુદેવનું સેવન થતાં અહિત સધાય છે-તે કદિ સન્માર્ગ-મોક્ષની દિશા બતાવી શકતા નથી. આ માટે કુલ, જાતિ, મા બાપ, મહાજન, વિદ્યા, સગાં, કુલગુરુ કે ધનથી દોરાઈ ન જવું ઘટે. તત્ત્વ આપી બોધિદાન કરી શુદ્ધ ધર્મમાં યોજે તે સાચાં માબાપ, સગાં કે ગુરુ. આ અને અન્ય ભવમાં સંપત્તિ આપનારાં દાક્ષિણ્ય-અનુકૂલ થવાનુ માનસ, શરમ, ગુરુદેવપૂજા, પિતા (માતા, મોટાભાઈ, કાકા) આદિની ભક્તિ, સુકૃત-પુણ્ય પ્રત્યે અભિલાષા, પરોપકાર, વ્યવહાર શુદ્ધિ છે, ને વિપત્તિ આપનારાં વીતરાગની અભક્તિ, સાધુઓની અવજ્ઞા, શ્રાદ્ધ કે યતિનાં દિનકૃત્યોમાં ઔચિત્યનો અભાવ, અધર્મીઓનો સંગ, પિતા આદિ વૃદ્ધો પ્રત્યે ઉપેક્ષા અને બીજાઓને (ખોટાં તોલાં, ખોટાં માપ, ખોટા દસ્તાવેજ આદિથી) છેતરવું એ છે. માટે ભક્તિથી જિન-પૂજા, સુગુરુપાસે ધર્મશ્રવણ, (૧૮ પાપસ્થાન, ૧૫ કર્માદાનથી) વિરતિ-વિરામ, અર્થવાળાં કે નિરર્થક હેતુએ પાપ કરવાથી અલગપણું થાય તો જ સુખ છે, નહિ તો દુઃખ છે. ગુરુના યોગે તેમનો પ્રમાદરહિત લાભ લેવો. દેવગુરુધર્મ પ્રત્યે અંતરંગ પ્રીતિ વગરનું જીવન પેટભરાઓનું છે. દ્રવ્યનો વ્યય દેવકાર્યે ને સંઘકાર્યેમાં ન થાય તો તે દ્રવ્ય મેળવવામાં થતાં પાપથી બચવામાં સંસારીને આધાર રહેતો નથી.

પોતાના સમયના યતિઓ-સાધુઓની સામાન્યરીતે વિષમ-વિપરીત સ્થિતિ જોઇને ગ્રંથકાર તેમને બોધ દેવા બીજા અધિકારો કરતાં વધુ વિસ્તારવાળો ૫૭ શ્લોકનો તેરમો અધિકાર આલેખે છે તેમાં તે પ્રથમ મહાપવિત્ર અને સાચા મુનિઓ કે જેઓ ઇન્દ્રિયવિષયમાં અનાસક્ત, કષાયોથી અવ્યાપ્ત, રાગદ્વેષથી મુક્ત, કલુષભાવને-પાપને પ્રશાંત રાખનાર, સમતાથી સુખોનું ઐક્ય પ્રાપ્ત કરનાર છે અને

નામમાં છે, અને મનોજય હોય તો પછી એ સર્વ નિષ્ફળ છે. મન સાધ્યું તેણે સર્વ સાધ્યું–મુક્તિ પણ સાધી. મનોનિગ્રહ–મનની સમાધિના ઉપાય—(૧) સ્વાધ્યાય (શાસ્ત્રાભ્યાસ)ના યોગ એટલે આંબિલ આદિ તપથી યોગવહન–વારંવાર સ્વાધ્યાય કરવો, (૨) પ્રતિક્રમણ પ્રત્યાખ્યાનાદિ આદિની ક્રિયાઓમાં પ્રવૃત્તિ (૩) અનિત્યતાદિ બાર ભાવના, અને (૪) મન નામે મનવચનકાયાના યોગોની શુભ અશુભ પ્રવૃત્તિનાં ફળોનો ઉપયોગ–ચિંતન છે, તેમાં ભાવનાનું મુખ્યત્વ છે કારણ કે તેથી દુર્ધ્યાન થતું નથી. (શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના ચતુર્થ પ્રકાશમાં જણાવે છે કે સામ્ય–સમભાવ–સમતા નિર્મમત્વવડે કરી થાય છે અને તે નિર્મમત્વ માટે અનિત્યતા આદિ બાર ભાવનાનો આશ્રય કરવો.)

મનને દમવું તે મનોનિગ્રહ અને સંસારપરથી મન ઉઠી જવું તે વૈરાગ્ય. સંસારની વસ્તુઓ ક્ષણિક છે, તેને અને આત્માને તાદાત્મ્ય સંબંધ નથી, છતાં તેવો સંબંધ આસક્તિથી કરી બેસો–માનવો એ યોગ્ય નથી. આ દેહ પણ ક્ષણિક છે પરંતુ દરેક દેહધારીને અવશ્ય છે ને છે, એટલે આસક્તિથી વિશેષ કર્મબંધ કરીને અનંત પુદ્ગલપરાવર્તનવાળા જન્મમરણના ફેરામાં પડી જવું તેથી અંતિમ ધ્યેય તે મોક્ષ સાધી ન જ શકાય. જનમનરંજન કરવા કરતાં આત્મરંજન કરવું, મદ–અહંકાર છોડી મળેલી સામગ્રી અને સાધનોનો સદુપયોગ કરી અપ્રમત્તપણે ધર્મોદ્યમથી દુઃખનો અંત લાવવો, યોગ્ય છે. આમ વૈરાગ્યનો ઉપદેશ આપી વૈરાગ્ય વિષય ગ્રંથકાર દશમા અધિકારમાં કહે છે.

અગ્યારમા અધિકારમાં વૈરાગ્યથી સંસાર પ્રત્યે વિરાગભાવ લાવી ધર્મમાં ઉદ્યમ રાખવો ઘટે, માટે તે ધર્મ—ધર્મશુદ્ધિ ગ્રંથકાર સમજાવે છે તેમાં પ્રમાદને તથા કપટને સ્થાન નથી. ધર્મ એટલે શુભ–પુણ્યકાર્ય–દાનાદિ કરીને, ચિત્તિકલા–આકુલતા, ગુણીપ્રત્યે મત્સર, કદાગ્રહ, ક્રોધ, અનુતાપ–દાનાદિ કર્યા પછી તે બદલ સંતાપ, દંભ–કપટ, અવિધિ–અનાચાર, ગૌરવ–ગૌરવનો ભાવ, પ્રમાદ–અનુપયોગ, માન, કુગુરુ, કુસંગ, આત્મશ્લાઘાની ઇચ્છા–આ સર્વે, મલીન કરે છે, માટે શુદ્ધ ધર્મમાં આ મલીનતાઓ ન જોઇએ. આત્મશ્લાઘા બદલે પરગુણપ્રમોદ, સ્વદોષ નિન્દા, પ્રકટ નહિ પણ ગુપ્તદાનાદિ, ભાવ અને ઉપયોગ સહિત આવશ્યકાદિ ધર્મક્રિયાઓ થાય તો તે ધર્મશુદ્ધિ છે.

હવે બારમા અધિકારમાં ધર્મ એટલે દર્શન પર આવી તેમાં કહેલ ઉપાદેય એવા શુદ્ધ દેવ, ગુરુ ને ધર્મતત્ત્વનું સ્વરૂપ ગ્રંથકાર જણાવે છે તેમાં મુખ્ય તત્ત્વ સદ્ગુરુ છે કે જે આત્મહિત દર્શાવે. કુગુરુ તો પોતે ડૂબે ને બીજાને ડૂબાડે, માટે સતની પરીક્ષા કરી સદ્ગુરુ શોધી

એ રીતે શુદ્ધિ કરવી, ચેતન અને અચેતન પદાર્થો પરનું મમત્વ છોડવું,–આસક્તિ તજવી કે જેથી સામ્ય–સમતા પ્રકટે. જન્મ મરણુ એ સસારમાં થયાં જ કરે છે, તેમાંથી કોઈ પણુ પ્રાણી સિદ્ધ થયા પહેલાં છટકી શકે તેમ નથી; માટે કોઈ વસ્તુ પર આસક્તિ ન રાખતાં—ક્રોધાદિ કષાય ન સેવતાં, સર્વપર સમાન ભાવ રખાય તો જ અધ્યાત્મ–ભૂમિકા પર અવાય. પછી કોઇના સંયોગ કે વિયોગથી હર્ષ શોક ન થાય, કોઈપર રાગદ્વેષ ન થાય, અને મન શાંતરસમાં રમણુ કરે.

ચેતનપદાર્થોમાં માતા પિતા, સગાં સ્ત્રી, નોકર ચાકર, ગુરુ, મિત્ર, ઢોર વગેરેનો, અને અચેતન પદાર્થોમાં ધન, જમીન, મકાન, પુસ્તક–શાસ્ત્ર, પાત્ર, વસ્ત્ર આદિનો સમાવેશ થાય છે. આ સર્વ સાથેનો સંબંધ આત્માસહિત મન અને ઇંદ્રિયોવાળા આપણા દેહને રહે છે, આ પદાર્થો પૈકી ખાસ કરી સ્ત્રી, અપત્ય–સંતાન, ધન અને દેહ એ મુખ્ય ચારને અવલંબી તે દરેકપરની મમતાનો ત્યાગ કરવાના ઉપદેશ રૂપે ચાર–બીજાથી પાંચમા અધિકારો ગ્રંથકારે રચ્યા છે. છઠ્ઠામાં વિષયસેવનનો અને પ્રમાદનો ત્યાગ કરવા માટે, સાતમા અધિકારમાં કષાયનો ત્યાગ કરવા માટે બોધ આપ્યો છે.

આ બધું સમજાવનાર કોણુ? શાસ્ત્ર અને ગુરુ. શાસ્ત્રાભ્યાસનો અધિકાર આઠમો છે. શાસ્ત્ર એ પવિત્ર વસ્તુ છે, તેના રહસ્યને પામવા ખૂબ ઉંડો અભ્યાસ કરવા સાથે તેની ઉત્તમ છાપ મનપટ પર પડે–તેમાંથી ભાવનાના અંકુરો ફુટે અને ચરિત્રમાં–અનુષ્ઠાનમાં તેનો ઉપદેશ મૂકાય તો જ શાસ્ત્રની ઉપયોગિતા છે. પત્થર જેવા કે પ્રમાદી મન પર તેની અસર નથી, વાગ્વિલાસરૂપે શાસ્ત્રને ઉચ્ચારી જવામાં; પોતાની પૂજા માટે કે લોકરંજનાર્થે, વાદીઓને જીતવામાં કે ખ્યાતિ મેળવવામાં શાસ્ત્રવેત્તાનો પાઠ ભજવાય તેથી આત્મહિત નથી. તેવાને તો 'અમે અધ્યાત્મશાસ્ત્રજ્ઞો, પરલોકહિતકાર્યમાં જડ એવા ઉદરંભરી–પેટભરા કહીએ છીએ' એમ ગ્રંથકાર કહે છે. શાસ્ત્રમાં બતાવેલાં ચાર ગતિનાં દુઃખો બતાવી તે વાંચ્યાં છતાં વિષયોનું સેવન ને કષાય કેમ રહેવાં ઘટે?–મનોનિગ્રહ માટે શાસ્ત્રાભ્યાસ છે, માટે મનોનિગ્રહ કરવો ઘટે–તે અર્થે નવમો અધિકાર કહ્યો છે. કુવિકલ્પ તજી સદ્‌વિકલ્પ કરવાથી અસદ્‌ગતિ થતી નથી. સારીમાઠી ગતિ મનના સારામાઠા વિકલ્પ પર છે. યમ, નિયમ, દાનાદિ ધર્મો, જાપ પવનાદિકની સાધના—એ સર્વ મનોજય માટે છે, અને જો મનોજય ન થાય તો એ સર્વ

અધ્યાત્મની અધિકતા લાવવા માટે આ ગ્રંથની ઉત્પત્તિ છે—તેનો આદ્ય શાન્તરસભાવના છે. શૃંગારાદિ નવરસમાં પ્રધાનભૂત રસ શાંત રસ છે. શ્રીમુનિસુંદરસૂરિના શબ્દોમાં 'વૈરાગ્ય, સદાચારશીલતા, તત્ત્વજ્ઞાન, શીલવ્રતપરિશીલન, પરમેશ્વરના અનુગ્રહાદિ નિમિત્ત, શમ વિષય અધ્યાત્મશાસ્ત્રચિંતનાદિ અનુષ્ઠાન, મુક્તિ-સ્મૃતિ-નિર્વેદ-ધૃતિ આદિ વ્યભિચારી ભુંમાપ્રસાદરૂપ શમ સ્થાયીભાવ સર્વતઃથી પ્રાપ્ત તે શાન્ત રસ.

કર્તા મુનિસુંદરસૂરિનાં સ્તોત્રો જોઈશું તો તેમાં તેમનું હૃદય આરસી જેવું સ્વચ્છ અને પુષ્પ જેવું કોમલ દેખાય છે. તેમ એક સ્તોત્રમાંથી કાવ્ય ઉપર આપી છે. તેમનું આધ્યાત્મિક હૃદય પોતાના સમયની વિષમ સ્થિતિ જોતાં મેઠથી બોલે અને તે સ્વાભાવિક છે.

વિષમતા દૂર કરી સમતા મેળવવી એ આ આખા ગ્રંથનું કેન્દ્રબિંદુ છે; તેથી પહેલા અને છેલ્લા સમતા વિષે જ ભાર દઈ કથન કર્યું છે. અધ્યાત્મ શું અને તેને આરંભ ક્યાંથી થઈ શકે તથા વિષમતા તે ન ઝરૂખતાં સમતા આવે અધ્યાત્મ-પ્રગતિ થાય એમ સ્વીકારી ગ્રંથકાર પ્રથમ, સમતા માટે ભાવનારૂપ ઔષધી બતાવે છે. સમતા એટલે કોઈપણ મિત્ર કે શત્રુ, પોતાનો કે પારકો, ન ગણતાં મનને ક્ષમારહિત અને વિષયોને વિષયમાં અનાસક્ત રાખવી તે. તે સ્થિતિ માટે મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ ભાવના—જેનું સ્વરૂપ હરિભદ્રસૂરિએ ષોડશ ષોડશકમાં* બતાવ્યું છે, અને હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના ચતુર્થ પ્રકાશમાં કહ્યું છે તેમાંથી શ્લોકો આપવાથી તે ભાવના-ઓનું સ્વરૂપ સમજાવ્યું છે. ક્રોધ, લોભ, માન ને માયા-કપટ એ ચાર કષાય—સંસારવૃદ્ધિ કરનાર કહ્યા છે તેથી રહિત મનને કરવું-મનની

* મહાન્ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ ષોડશ ષોડશકમાં કહે છે કે 'ધર્મતત્ત્વનાં-ધર્મસિદ્ધિનાં પાંચ લિંગ: ૧ ઔદાર્ય ૨ દાક્ષિણ્ય ૩ પાપજુગુપ્સા ૪ નિર્મલબોધ અને ૫ પ્રાયઃ લોકપ્રિયત્વ. ધર્મતત્ત્વનામાં પ્રાપ્તિકારી નામે વિધ્યજુગુપ્સા, ગુરુવિનય, ધર્મશ્રવણમાં આસક્તિ અને ધર્મશાસ્ત્રની ક્રોધની આર ન હોય, પણ તેમાં ધર્મરૂપથી અનુકૂલતા પ્રમાણે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા—એ ચાર ગુણો હોય છે. આપ ધર્મસિદ્ધિરૂપના ચારોમાં ઉદારતા આદિ ચિહ્નો ચાર ગુણોથી લયે ઉપજયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ઉચિત દાન અને વિશુદ્ધ શીલવૃત્તિ અને જ્ઞાનયોગના ક્રમપૂર્વી સિદ્ધિ પ્રાપ્ત થવાથી સદ્ધેતુભાવે સિદ્ધ થાય છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં તે ચાર ભાવના સંબંધી કહે છે તે નીચે જોઈ લેવું

એક પછી ક્રમાનુસાર લખાયા છે—જોડાયા છે અને તે ગ્રંથ તૈયાર થયા પછી ઉપદેશરત્નાકર રચાયો છે કારણ કે બીજા સ્ત્રીમમત્વ–મોચનાધિકારનો બીજો चर्मास्थिमज्जान्त्रवसास्रमांसा શ્લોક ઉ. ર. પત્ર ૨૦૨માં, ચોથા ધનમમત્વમોચનાધિકારનો બીજો यानिद्विषामप्युपकारकाणि શ્લોક અને પાંચમો क्षेत्रवास्तुधनधान्यगवाश्वैः શ્લોક ઉ. ર. પત્ર ૨૦૪માં અને તેનો ચોથો कुत्स्यकवारा धनसाधनो न શ્લોક ઉ.ર. પત્ર ૧૩૩ માં, પાંચમા દેહમમત્વમોચનાધિકારના શ્લોક ૪,૫ને ૯ ઉ. ર. પત્ર ૨૦૩માં, અષ્ટમ શાસ્ત્રગુણાધિકારનો ૧૪મો प्रसमीलमिमवेष्ट શ્લોક ઉ. ર. પત્ર ૧૪૯માં, અગીઆરમા ધર્મશુદ્ધ્યુપદેશાધિકારનો બીજો शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधो શ્લોક ઉ. ર. પત્ર ૧૬૧માં ગ્રંથકારે 'अस्माभिरप्युक्तं, तथा चाध्यात्मकल्पद्रुमेऽप्यगीष्महि, अवोचाम च तथाऽध्यात्मकल्पद्रुमेऽपि' એટલે 'અમે પણ કહ્યું હતું કે, તથા અધ્યાત્મકલ્પદ્રુમમાં અમે ગાયું હતું,—બોલ્યા હતા' એમ જણાવીને અવતાર્યાં છે એટલું જ નહિં પણ ઉ. ર. ના પત્ર ૨૦૪માં બે શ્લોકનાં અવતરણ આપી એ પણ જણાવી દીધું છે કે 'इत्यादिविस्तरोऽध्यात्मकल्पद्रुमाज्ज्ञेयः।—ઇત્યાદિ વિસ્તાર અધ્યાત્મકલ્પદ્રુમમાથી જાણવો.' આ પરથી સ્પષ્ટ જણાય છે કે અધ્યાત્મકલ્પદ્રુમ સંપૂર્ણ તૈયાર કર્યા પછી જ ઉપદેશરત્નાકરમાં તેનો આધાર આપી વધુ વિસ્તાર માટે તે ગ્રંથમાં જોઈ લેવા ગ્રંથકાર જણાવી શક્યા છે.

ગ્રંથકાર તાર્કિક–તર્કવિદ્યામાં નિષ્ણાત હોવા છતાં તેના સર્વે અધિકારોમાં મૂકેલા શ્લોકો એક પછી એક ઉત્તરોત્તર શૃંખલાબદ્ધ શ્રેણીમાં મૂકાયા નથી લાગતા, અને કેટલેક સ્થાને પુનરુક્તિ આવ્યાં કરે છે, એ વાત સત્ય છે. આનું કારણ એ લાગે છે કે મનના સ્વતઃ ઉદ્‌ગારો નીકળે ત્યાં તર્ક કે પુનરુક્તિ તરફ લક્ષ રહેતું નથી. મૂળ અધિકારનો વિષય પ્રધાનપણે લક્ષમાં રહે છે, એટલે બધા અધિકારના વિષયો એક બીજા સાથે ઘણા સંલગ્ન હોવાની વાત ગૌણપણે લક્ષમાં હોય છે, ને પછી કવિ પોતે હૃદયોર્મિઓનો આવિર્ભાવ કરે છે.

પહેલો ને છેલ્લો—બન્ને અધિકાર સમતા પર જ છે—એ સૂચવે છે કે અધ્યાત્મનું મૂળ સમતા–સામ્યભાવ છે તેથી શાંતિ છે; તે સમતાને પ્રાપ્ત કરવા સ્ત્રી, સંતાન, ધન, દેહ ઉપરનું મમત્વ ત્યાગી, વિષય પ્રમાદને પરિહરી, કષાયનો નિગ્રહ કરી, શાસ્ત્રાભ્યાસથી મનોનિગ્રહ સાધી વૈરાગ્ય, ધર્મશુદ્ધિ, દેવાદિતત્વશુદ્ધિથી મિથ્યાત્વને છોડી સંવર આદરી શુભવૃત્તિ રાખીએ, તો જ સમતાની શુદ્ધભૂમિકા થાય છે,—તો જ સમતા પ્રાપ્ત થાય છે. સમતા આવ્યે અધ્યાત્મના ક્રમે ચડીને પરમપદની સિદ્ધિ મેળવી શકાય છે.

પાધરીમાં હતી. 'પ્રભુ સત શાંતિ કરો સુખવાસ, સંઘને પ્રાપતિ પુરવર પાસ, દોલિસ મુનિઆ દિ ઉમ ભક્તિ, પહેલી પાયું ... સ્તુતિ' સ્તવનરૂપની આ મૂળવતી પદ્યકૃતિ આના પરિશિષ્ટમાં આપવામાં આવી છે.

ગ્રન્થ અધ્યાત્મકલ્પદ્રુમ.

આ ગ્રંથ સોળ અધિકારનો સંકલિત ગ્રંથ છે, પૃથક્ પૃથક્ વિષયપર જુદે જુદે સમયે રચેલા શ્લોકોને એકઠા સાથે ગોઠવી કરેલો ગ્રંથ નથી. એ સોળ અધિકારો ગ્રંથકારે ગ્રંથનો આરંભ કરતાં પ્રથમાધિકારે શ્લોક ૧૨૪માં સ્પષ્ટ સૂચિત કર્યા છે—

“હે મોક્ષાર્થી-મુમુક્ષુ! તું સમતાવિષે તલ્લીન ચિત્તવાળો થા, સ્ત્રી, સંતાન, ધન, દેહ ઉપરથી મમતા મૂકી દે, વિષયો અને કષાયોને તાબે ન થા, શાસ્ત્રના ગુણોથી ચિત્તને વશ કર—આશ્રવથી દોરાયથી ચિત્તને રોક, વૈરાગ્યવડે શુદ્ધ ધર્મ આચર, દેવ આદિ અર્થાત્ દેવગુરુ ધર્મનો અનુસાર, નિશ્ચિંતપણો, સંવરવાન, શુભ વૃત્તિવાળો થા—એ પ્રમાણે સમતાના રહસ્યને ભજ.”

આ પરથી સમતા, સ્ત્રીમમતાત્યાગ, અપત્યમમતાત્યાગ, ધનમમતાત્યાગ, દેહમમતાત્યાગ, વિષય ને પ્રમાદનો ત્યાગ, કષાયનિગ્રહ, શાસ્ત્ર ગુણો અને ચિત્તદમન, વૈરાગ્ય, ધર્મશુદ્ધિ, દેવગુરુધર્મશુદ્ધિ, યતિશિક્ષા, મિથ્યાત્વાદિનો સંવર, શુભવૃત્તિ ને સામ્યસર્વસ્વ એમ સોળ અધિકાર પાડ્યા છે અને તે દરેકનું શ્લોકબદ્ધ વર્ણન-વિવેચન કરી બોધ આપ્યો છે.

શ્રી મોતીચંદભાઈ કહે છે કે “મને એમ લાગે છે કે સૂરિ મહારાજે ઉપદેશરત્નાકર વગેરે ગ્રંથો બનાવ્યા પછી જીવનના ઉત્તરના વખતમાં પોતાના આત્માર્થે સારુ આ ગ્રંથરત્ન બહાર પાડ્યું છે, અને આ ગ્રન્થના શ્લોકો એક સાથે નહિ પણ જ્યારે જ્યારે મનમાં સ્ફુરણા થઈ હશે ત્યારે લખ્યા હશે એમ જણાય છે. મારી માન્યતા પ્રમાણે આ ગ્રંથ સં. ૧૪૭૦થી ૧૫૦૦ સુધીમાં કકડે કકડે લખાયો હશે એમ લાગે છે” (બીજી આવૃત્તિ પ્રસ્તાવના પૃ ૧૧૫-૧૨)—આમાં જે અનુમાન કર્યું છે તે જ બરાબર નથી તેથી કવિત નિર્ણય અમુક જણાવી કરે છે.—ઉપદેશરત્નાકર પછી આ ગ્રંથની રચના થઈ નથી—ઉલટું તેની પહેલાં થઈ છે, વળી ઉપદેશરત્નાકર એક સરખી રીતેથી જણાવી એક વિષયને એક છેડા સુધી નિયમસર લખ્યો છે, તેમ આ અધ્યાત્મકલ્પદ્રુમમાં નથી એમ નથી. આ ગ્રંથના સોળ અધિકાર

રાજપટ્ટ-પરંપરાએ જામ સતો આવ્યો ને તેના મંત્રીઓ ઉક્ત આણંદ ને અબજી[1] હતા કે જે વિજયસેનસૂરિની આજ્ઞામાં રહેનારા સાચા શ્રાવક હતા. તેમણે પડધરીમાં જૈન પ્રાસાદ કરાવવા મુહુર્ત્ત જોવરાવી સં. ૧૬૬૧ માગશિર વદિ બીજ બુધવારે ખાત-મુહૂર્ત્ત કર્યું—પાયો નાંખ્યો. (૯) ઉંડા પાયા વાળો, અને થંભો, કોરણી, પૂતલીઓ, અને શિખર વાળો મોટો પ્રાસાદ થયો તેમાં આણંદ મંત્રીના પુત્ર જીવરાજે[1] અને મેઘરાજે ઘણી મહેનત લીધી. (૧૦)

સુવિહિત સાધુઓ આવ્યા, મોટા મંડપો કીધા, આવેલા સંઘોને ઉતારા દીધા. ભોજનાદિ સમારંભ થયા વગેરે વગેરે. ભણશાલી આણંદની પત્ની ચાંપાના નામે મુનિસુવ્રત જિનની મોટી પ્રતિમા ભરાવી. સં. ૧૬૬૪ (વેદ રસ ઋતુ ચંદ્રમા) માઘ શુદિ ૧૦ શનિવારે બ્રહ્મ યોગે રોહિણી મીન લગ્ને પ્રથમ પહોરે બિંબનો પ્રવેશ કર્યો. (૧૪) રથ યાત્રા નીકળી. ભણશાલી આણંદના નામથી કરાવેલી શાંતિ જિનની પ્રતિમા, ભણશાલી અબજીની ગૃહિણી નવરંગદેના નામથી કરાવેલી મુનિસુવ્રત જિનની પ્રતિમા, રાજવાહનમાં લઈ ફેરવીને બંનેને દેહરામાં પધરાવી. ઉક્ત જીવરાજ અને મેઘરાજ તેમ જ શવરાજ—એ કુલદીપક પુત્રોએ નવાનગરમાં આદીશ્વરનો પ્રાસાદ ઘણું દ્રવ્ય ખરચી કરાવ્યો. (૩૦) તપગચ્છાચાર્ય વિજયસેનસૂરિના સમયમાં અકબર સુલતાનનો રંજક વાચક શાંતિચંદ્રના શિષ્ય રતનચંદ-રત્નચંદ્ર (કે જેઓ તે પ્રાસાદમાં બિંબ પ્રવેશ કર્યો તે વખતે હાજર હોવા જોઈએ) સુકવિ કહે છે કે ઋષભ અને શાંતિ જિનેંદ્રને ભવિકો! વંદન કરો, (૩૧) આ પછી ગદ્યમાં જણાવેલું છે કે 'નવાનગરમાં ઇંદ્ર લીલો વિજય ભૂષણ પ્રાસાદ ૪૨ ગજ ઉંચો અને ૨૧ ગજ પહોળો ને ૪૫ ગજ લાંબો છે.' (આમાં જામની વંશપરંપરાથી મંત્રીપદ વંશપરંપરાનું કરનાર જૈન શ્રાવકોનું ટુંક વર્ણન આવે છે. આ રીતે બીજાં દેશી રાજ્યોના ઇતિહાસ ફેરવશું તો ત્યાં પણ મંત્રી તરીકે જૈન શ્રાવકોએ અગ્રભાગ લીધેલો જણાશે.) ઉક્ત વિજયસેનસૂરિના મેરૂવિજય નામના શિષ્યે એક 'શાંતિજિન-પાર્શ્વજિનો સ્તવન' ૧૫ કડીનું રચ્યું છે તેમાંથી જણાય છે કે શાંતિનાથ સાથે પાર્શ્વજિનની પણ પ્રતિમા

---

૧ હીરવિજયસૂરિના નવાનગરમાંના બે શ્રાવકોનાં નામ કવિ ઋષભદાસ પોતાના સં. ૧૬૮૫ના હીરવિજયસૂરિના રાસમાં આપે છે કે "અબજી ભણસાલી જીવરાજ, નવાનગરમાં તેહની લાજ"—પૃ. ૨૮૩. તે સૂરિ સં. ૧૬૫૧માં સ્વર્ગસ્થ થતાં તેની પાટે આવેલા વિજયસેનસૂરિના તે બંને આજ્ઞાવર્તી શિષ્યો થયા.

ઋદ્ધિવંત. તપ ગચ્છના શ્રી વિજયસેનસૂરિની આજ્ઞાથી ઉપર પ્રમાણે તે ઉદાર આવ્યો હતા. (કડી ૧ થી ૫) કચ્છની ભદ્રેશ્વર નગરીમાં જામ રાવલ રાજાનો મંત્રી પેથો હતો. એક દિન સ્વપ્નમાં દેવ આવી દ્વારકા દેશ સ્થાપવાનું કહેતા તે રાજાએ સં. ૧૫૯૬ના શ્રાવણ સુદિ આઠમ ને રવિવારે સારે દિને નવાનગર વસાવ્યું (૬) [1]જામ રાવલની પાટે જામ વિભો આવ્યો. મંત્રી પેથાને બે સ્ત્રી નામે પ્રેમબાઈ અને હીરાં હતી. પ્રેમબાઈથી બે પુત્રરત્ન નામે ચાંદ્ર અને જગમાલ થયા ને તે બંને વિશ્વ આનંદકારી હતા. અને ધર્મધુરંધર થયા હતા— તેમણે પડધરી નગર વસાવી તેમાં શ્રાવક લોકોને વસાવ્યા. તેમનું ગોત્ર ભણશાળી હતું. ચાંદ્રને અહિવાદે અને જગમાલને હાંસીબાઈ નામની પત્ની હતી. અહિવાદેએ ભણશાલી આણંદ અને અમરજી એ બે પુત્રોને જન્મ આપ્યો. (૮)

---

૧ જામ રાવલ—કચ્છમાંથી ચાર હજારની ફોજ લઈ ઇ. સ. ૧૫૩૫-૩૬ તથા ૧૫૩૯માં સોરઠ ઉપર સ્વારી કરી દેદ તથા વાઢેલો પાસેથી ખોડીઆ તથા આમરણ પરગણાં, જેઠવાઓ પાસેથી નામની બંદર, ને વાઘેલો પાસેથી ખંભાળીઆ પરગણું છતી લઈ ઇ. સ. ૧૫૪૦માં નવાનગર વસાવ્યું. તેણે એક જમીનનું નામ તેના વંશમાં ચેરે થયો તે મજકુર હીરા તાલો જામી દ્વારકા—હાલાર થયું. (કાઠિયાવાડ સર્વ સંગ્રહ પૃ. ૪૫૩, કચ્છ દેશનો ઇતિહાસ પૃ. ૩૭) પછી તેનો પુત્ર જામ વિભોજી ગાદીપર ઇ. સ. ૧૫૬૨માં બેઠો ને ૧૫૬૯માં મરણ પામ્યો. તેનો પુત્ર શત્રુશલ્ય—સતરસાલ—સતો જામ—સતાજી પોતાના પિતાની પાટે બેઠો. સન ૧૫૭૩માં અકબરે ગુજરાત સર કર્યું તેના સુલતાન મુઝફ્ફરે આવી સતાજીની સહાય માગી. અકબરના ખાન આઝમ મિરઝાએ ચઢાઈ કરી—ઈ. ૧૫૯૧-૨માં ગોંડળ પાસે ભૂચર મોરીમાં યુદ્ધ થયું. (આ યુદ્ધ માટે જુઓ 'સાહિત્ય' ૧૯૩૩ ફેબ્રુ. અંક ૨ પૃ. ૬૪) સતાજીને નમવું પડ્યું. સોરઠ અકબરના તાબામાં આવ્યું જહાંગીર વખતે બાદશાહે મુલ્ક લઈ જામ સતોજી સને ૧૬૦૮માં (સં. ૧૬૬૫માં) મરણ પામ્યો. ઉક્ત આઝમ મિરઝા—આઝમખાન સાથે જામ સતાની લડાઈ સંબંધી જુઓ ભદ્રબાહુ કૃત હીરવિજયસૂરિ રાસ. પૃ. ૧૭૪ આ શત્રુશલ્યના રાજકવિ શ્રીકંઠ મુનશીએ નામ, સંગીત ધર્મનો ગ્રંથ નામે રસકૌમુદી (વાં. પ્ર. ન. ૩૦૩ સને ૧૮૮૮-૮૯) રચ્યો છે તેમાં તે રાજાએ સુલતાને કરવી યુદ્ધ કરી હતી એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. (જુઓ જૈનયુગ વૉ. ૧૨ પૃ. ૨૦૨)

સાગર પક્ષના મુક્તિસાગરની સં. ૧૬૮૧ ની ઉપયોગી ઐતિહાસિક હકીકત જણાવી છે. (પ્રશસ્તિસંગ્રહમાં સંગ્રહકારે લહિઆની પ્રશસ્તિ પર જ ભાર મૂકી તેજ આપી છે, જ્યારે મૂળ ગ્રંથ કેનો રચેલો, તેની પ્રત કેટલાં પત્રોની–એ આવશ્યક વિગતો સંબંધી એક અક્ષર નથી જણાવ્યો, એ તે સંગ્રહની મોટી ત્રૂટી છે.) મારા જૈ. સા. સં. ઇતિહાસના પારા ૮૮૦માં આ કુમતાહિવિષજાંગુલિને સ્વતંત્ર ગ્રંથ તરીકે સં. ૧૬૭૯માં રચેલ જણાવેલ છે તે સંવત બરાબર નથી. સં. ૧૬૭૮માં સુરતમાં સંગ્રામસૂર કથા રચેલી તેનો ઉલ્લેખ ઉપર થઈ ગયો છે પદ્મપ્રભસૂરિ કૃત ભુવનદીપક ઉપર રત્નચંદ્ર કૃત બાલાવબોધ (પી. ૨ નં. ૩૧૦ પૃ. ૧૨૮)ની પ્રત બતાવી છે તેના કર્ત્તા રત્નચંદ્ર માંડવ્યપુર ગચ્છના દેવ (દેવાનંદ) આચાર્યના શિષ્ય અને ૧૦૮ પ્રકરણના કર્ત્તા મહાકવિ પંડિત રત્નચંદ્ર છે કે જેણે નંદિતાઢ્ય છંદસૂત્ર પર ટીકા (પી. ૩ પૃ. ૨૨૪) રચી–એટલે આ રત્નચંદ્રથી ભિન્ન છે. આ'રત્નચંદ્રની રઘુવંશ અને નૈષધીય પરની ટીકાઓની તારીખો–સને ૧૬૧૨ અને ૧૬૨૭ વચ્ચે' એ નામનો પી. કે. ગોડેએ લખેલો અંગ્રેજી ટૂંકો લેખ જુઓ ઍનલ્સ ભાં. ઓ. રી. ઇ. વૉ. ૧૩ પૃ. ૯૪.

આપણા આ રત્નચંદ્રે સંસ્કૃતમાં પદ્ય ને ગદ્ય લખ્યું ને ગૂજરાતીમાં ગદ્ય લખ્યું, તો પછી તેણે ગૂજરાતીમાં પદ્ય પણ લખ્યું હોવું જોઈએ, પણ તેની પદ્યકૃતિ ગૂજરાતીમાં એકે જોવામાં આવી નહોતી, અને તેથી 'જૈન ગૂર્જર કવિઓ'ના મારા પુસ્તકમાં ગૂ૦ કવિ તરીકે નોંધાયેલ નથી. હમણાં સુભાગ્યે તેમનું રચેલું એક ઐતિહાસિક ગૂ૦ કાવ્ય નામે 'પડધરી પ્રાસાદ બિંબ–પઇસારાધિકાર સ્તવન' ૩૧ કડીનું શ્રી જિનવિજયજીએ પૂરા પાડેલ ચૈત્ય પરિપાટી–સંગ્રહમાંથી મળી આવ્યું. હું પડધરીમાં સં. ૧૯૯૬ના કાર્ત્તિક માસમાં એક સ્વજનના લગ્નમાં ગયો હતો ત્યારે તેના ગઢમાં એક ભવ્ય મનોહર મંદિરનો અખંડ અવશેષ બારણાં–બંધ જોવામાં આવતાં તેની કોરણી માંડણી ચિહ્નોપરથી તે એક જૈન મંદિર હોવું જોઈએ એમ મને ચોક્કસ લાગ્યું, પણ તેનાં દ્વાર ઉઘડાવી જોતાં મૂર્ત્તિ કે શિલાલેખ નહોતો એટલે નિરાશ થયો—હવે આ મંદિર સંબંધી ઉક્ત સ્તવન માહિતી આપે છે એ જાણી વધુ આનંદ થાય છે.

તેનો સાર એ છે કેઃ—'આદિ જિન પ્રમુખ ૨૪ જિન, અને તેમના ૧૪૫૨ ગણધર, તથા સરસ્વતી દેવીને પ્રણમી કયાં બે ગામોમાં આદિ જિન અને શાંતિ જિનના પ્રાસાદ થયા અને તે બે ગામોની ઉત્પત્તિ, કયા ગામથી આવીને કયા રાજાના પ્રધાનોએ તે પ્રાસાદ કરાવ્યા તેનાં નામ

તરીકે ઓળખાવેલ છે, તેથી તે બાલાવબોધ પણ પ્રદ્યુમ્નચરિત પહેલાં રચાયો જણાય છે. આ ચરિત સં. ૧૯૭૪માં શ્રી બી. જૈન મહાજનની મદદથી પં. મહેન્દ્રવિજયથી સંશોધિત થઈને બહાર પડી ગયું છે, અને તેની 'સં. ૧૬૮૦ વર્ષે માર્ગશિર્ષ વદિ ૧૪ બુધે લિખિતં સ્તમ્ભતીર્થે' હસ્તપ્રતનો ઉલ્લેખ વેબરના કેટલોગના નં. ૧૬૮૮માં કરેલો છે તથા બીજી હસ્તપ્રત પત્ર ૨૨૫ની નં. ૬૩૪ શ્રીજિન-પુણ્યાનંદમંદિરમાં છે.

તેમાં પ્રધાનપણે શ્રી કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનું વર્ણન છે. સ્થળે સ્થળે સૌરાષ્ટ્ર આદિ દેશોનું, દ્વારિકા નગરીનું, ગિરિનાર પર્વત આદિ વગેરેનું વર્ણન આવે છે. રુક્મિણી-સત્યભામા વગેરે કૃષ્ણપત્નીઓના કલહનું આલેખન, ક્યાંક પ્રવાસ-યાત્રાદિનું, ક્યાંક યુદ્ધાદિનું, ક્યાંક વસન્ત-મદન-રતિ-વિચિત્ર જલક્રીડાનું વર્ણન છે, ક્યાંક જ્યાં આવવામાં શકુનો, અપશકુનો ને તેનાં ફલ બતાવ્યાં છે. આમ કવિએ આ ગ્રંથમાં વિવિધ, વિચિત્ર અને ચમત્કારિક એવું સર્વ રચીને રચેલું શ્રી પ્રદ્યુમ્નનું સાત્વિક ચિત્ર ચિત્રકારના પાર્થિવ ચિત્ર જેવું ચિતરેલું છે. (બીજું પ્રદ્યુમ્નચરિત મહાકાવ્ય ૧૮ સર્ગનું તપાગચ્છના હેમસોમ સૂરિના શિષ્યે સં. ૧૬૮૧ આશ્વિન ૫દ ૫ સુરતબંદરે-ગુરુવારે સર્વાંગે રચેલું મળે છે પીટ. ૬ નં. ૬ પૃ. ૨૬૩) (૧૧) સમ્યક્ત્વ-સપ્તતિ-સપ્તતિકા એ પ્રા. મૂળ પ્રાકૃતમાં છે ને તે પર વૃત્તિ સંઘતિલક સૂરિએ સં. ૧૪૨૨ માં રચી છે તેના પર પોતે કરેલા ગુજરાતી બાલાવબોધનું નામ સમ્યક્ત્વપ્રકાશ આપ્યું છે. તેની સં. ૧૭૦૬ ની સુરત બંદરમાં જ લખેલી ૧૭૨ પત્રની પ્રત પાટણપુરના સંઘના ભંડારમાં છે. તેની બીજી પ્રતો માટે જુઓ મારો 'જૈન ગૂર્જરકવિઓ' ભાગ ૨ પૃ. ૧૬૬૫ (૧૨) સમવસરણસ્તવ પર પણ બાલાવબોધ રચ્યો. (આ ક્યાં ઉપલબ્ધ છે તે જણાયું નથી) (૧૩) હિતોપદેશ—આ વેરેનો ઉલ્લેખ ક્વચિત્ તેની આમ અપેક્ષી અધ્યાત્મકલ્પલતા નામની ટીકાને અંતે કર્યો છે આ પોતે રચેલ આ હિતોપદેશનું બીજું નામ કુમતાહિવિષજાંગુલિ કે જેમાં ધર્મસાગરગણિના મંતવ્યો-મતનું બરાબર ખંડન સંસ્કૃતમાં કરેલું છે; તેની હસ્તપ્રત લીંબડી ભંડારમાં નં. ૨૨૦૬ની ૫૨૮ શ્લોક સંખ્યાની ૨૫ પત્રની છે કે જેની રચનાની સાલ તેના સૂચીપત્રમાં તેમજ જૈન ગ્રન્થાવલીના પૃ. ૨૫૮ માં સં. ૧૬૭૭ આપેલી છે, કદાચ તે સંવત લખ્યા-સંવત હોય. પ્રશસ્તિસંગ્રહમાં નં. ૨૬૦ પૃ. ૨૯૦માં ઉલ્લેખિત હિતોપદેશ આ ગ્રંથ જ હોય એમ લાગે છે, કારણ કે તેની અંતે

એ પત્ર પછી અપૂર્ણ છે અને જેમાં જણાવ્યું છે કે श्री शान्तिचन्द्र वाचक सुगुरोश्चरणारविन्दमभिनम्य । शिष्यकृते रघुकाव्ये कुर्वेहं विवरणं किंचित् ॥. પ્રથમનાં બે જૈન, અને છેલ્લાં બે જૈનેતર, મહાકવિઓનાં રચેલાં કાવ્યો છે. આ પૈકી ઉપરનાં પાંચ સ્તવનો પરની વૃત્તિ તથા ઉપરના ચાર ગ્રંથો પૈકી કૃપારસકોશપર વૃત્તિ અને રઘુવંશ કાવ્ય પરની સંપૂર્ણ વૃત્તિ ઉપલબ્ધ હોય એમ જાણવામાં નથી. પ્રસ્તુત અધ્યાત્મકલ્પદ્રુમ પરની વૃત્તિની બે પ્રતો (૧) ગ્રં. ૨૪૫૪ પત્ર ૬૨ પંક્તિ ૧૫ લ. સં. ૧૬૮૩ ની તથા બીજી પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટ્યુટમાં છે (કિલ્હૉર્ને રીપોર્ટ સને ૧૮૮૦ થી ૧૮૮૧ નં. ૩૬૧ લ. સ. ૧૬૮૩; સને ૧૮૮૭-૯૧ નં. ૧૦૭૩) તથા પત્ર ૬૨ ની નં. ૫૩૮ વીજાપુર જ્ઞાન ભંડારમાં છે. નૈષધમહાકાવ્યની વિવૃત્તિ અથવા શ્રીહર્ષકાવ્ય વિવૃત્તિ—सं. १७१३ माग० शु. ५ वासा ग्रामे पं. कनकविजय शिष्य पद्मविजयेन लि० पं. कान्हजीगणि शिष्य कनकविजय शिष्य हर्षविजय शिष्य प्रीतिविजयपठनार्थं । એ લખ્યાસવત વાળી ૨૮૫ પત્રની પ્રત દોશીવાડા વીજાપુરમાંના વિમલગચ્છ ભંડારના દાબડા બીજામાં મેં જોઈ છે અને તે કાવ્યના સર્ગ ૧૧, ૨૦ થી ૨૨ ની ટીકાની સં. ૧૬૬૮ માં લખાયેલી પ્રત ભાં. ઇ. માં સને ૧૮૮૪-૮૪ના નં. ૩૬૯ ની છે. આ ટીકામાં પણ અધ્યાત્મકલ્પદ્રુમની ટીકામાં દરેક અધિકાર અંતે આપે છે તેમ પોતાના ગુરુનું નામ તે પ્રતના પત્ર ૨૩૧ માં બતાવ્યું છે કે:— श्री शान्तिचन्द्रवरवाचकदुग्धसिंधु,-लब्धप्रतिष्ठविबुधोत्तमरत्नचन्द्रः । श्री नैषधीय चरिते कुरुतेस्म टीकां, विंशः समाप्तिमितवानिह सर्ग एषः ॥ આની સહોદરા અથવા લઘુભગિની તરીકે રઘુવંશ ટીકાને પોતે તે ટીકામાં જણાવેલ છે:—

श्री शान्तिचन्द्रवरवाचकदुग्धसिन्धु,-लब्धप्रतिष्ठविबुधोत्तम रत्नचन्द्रः । काव्ये सहस्रकिरणोद्भववंशवृत्ते, शिष्यप्रबोधविधये कुरुते स्म टीकां ॥ १ ॥

तस्यां सदन्वयनिरूपणबंधुरायां संक्षिप्तशब्दगतवाच्यविचारणायां । श्री नैषधीय विवृतेश्च सहोदरायां मार्गोगमत् प्रथमतो प्रथितः सदर्थः ॥ २ ॥

ઉપરની સર્વ વૃત્તિઓ રચાઈ ગયા પછી (૧૦) પ્રદ્યુમ્ન ચરિત રચ્યું જણાય છે કારણ કે તે નવ વૃત્તિઓને બ્હેનો જણાવી તેમના નાનાભાઈ તરીકે તે ચરિતને કર્ત્તાએ ઓળખાવ્યું છે. અધ્યાત્મકલ્પદ્રુમ પરની વૃત્તિનો અને આ ચરિતનો પૂર્ણ કર્યાનો સવત, તિથિ, સ્થાન વગેરે એક જ એટલે સં. ૧૬૭૪ આશ્વિન શુકલ દશમી-વિજયાદશમી સુરત બદરે આપેલ છે, તે બંને એક કાલે સમાર્થિત કર્યા લાગે છે. તે ચરિતને તેના પ્રથમ સર્ગ અંતે તેમના બીજા ગ્રંથ નામે સમ્યકત્વસપ્તતિકા પ્રકરણ પરના (ગૂ૦) બાલાવબોધના ભ્રાતા

श्री अध्या
मनवि.
टी० वृत्ति

|| ४० ||

શ્રીપતિ ઋષિની બીજી શિષ્યપરંપરા એ છે કે શ્રીપતિના સુખાનંદ ઋષિ, તેના મહો૦ વિવેકહર્ષ, તેના જયાનંદ ઋષિ, તેના મલનંદ(?) ઋષિ, તેના રૂપાનંદ ઋષિ, તેના હેમાનંદ ઋષિ, કે જેના વાચનાર્થે લખાયેલી કલ્પસૂત્રના બાલાવબોધની પ્રત ભેઘાના ભંડારમાં છે.

૪ શિષ્યો—રત્નચન્દ્રના શિષ્ય માણિક્યચંદ્રે પણ કલ્યાણમંદિર સ્તોત્ર પર સં. વૃત્તિ રચેલ છે (પ્ર. ૪૮.)

ભેઘા સંઘ ભંડારમાં એક નંબરના દાબડામાં મુનિવિમલ શિષ્ય ભાવવિજયે સં. ૧૬૮૯માં શ્રીરોહિણી-સિરોહીમાં રચેલી ઉત્તરાધ્યયન સૂત્રપર વૃત્તિની ૫૨૮ પત્રની પ્રતિ છે તેના અંતે લેખક-પ્રશસ્તિ છે કે—'સં. ૧૭૨૦ પોષ સુ. ૧૪ શનૌ લિ૦ મહોપાધ્યાય શ્રી શાંતિચંદ્ર ગણિ મહોપાધ્યાય શ્રી રત્નચંદ્ર ગણિ શિષ્ય પંડિત શ્રી મતિચંદ્ર ગણિ શિષ્ય વિનીતચંદ્રેણ લિખિતં શ્રી સોજપુરે(?)' આ પરથી સ્પષ્ટ છે કે રત્નચંદ્રને મતિચંદ્ર નામના શિષ્ય હતા ને તે મતિચંદ્રના શિષ્યનું નામ વિનીતચંદ્ર હતું

૫ ગ્રંથો—તેમણે નવ વૃત્તિઓ સંસ્કૃતમાં બનાવી છે તેમાં પાંચ સ્તવનો પર પાંચ અને ચાર ગ્રંથો પર ચાર. તે પાંચ સ્તવનોનાં નામ (૧) ભક્તામરસ્તવ કે જે માનતુંગ સૂરિએ શ્રી ઋષભદેવ પર રચેલું (૨) કલ્યાણમંદિર સ્તવ કે જે સિદ્ધસેન દિવાકરે શ્રી પાર્શ્વનાથ પર રચેલું (૩) દેવા પ્રભો! સ્તવ-તપા ગચ્છના શ્રી દેવસુન્દર સૂરિ શિષ્ય જયાનન્દ સૂરિએ રચેલું સાધારણજિનસ્તવ, કે જેની પ્રથમ પંક્તિ 'દેવાઃ પ્રભો યં વિધિવાત્મશુદ્ધ્યૈ(?)' છે તેના પ્રથમના બે શબ્દો પરથી દેવા પ્રભો સ્તવ નામ પડ્યું છે. આ સ્તોત્ર પ્ર. ર્ક. મા. ના જૈનસ્તોત્ર સંગ્રહ ભાગ ૧ પૃ ૫૭ માં પ્રકટ થયું છે) (૪) શ્રીમદ્ધર્મસ્તવ શ્લોક આઠનું(?) કે જે તપા ગચ્છના સોમપ્રભ સૂરિ કૃત છે ને જેની પ્રથમ પંક્તિ 'શ્રીમદ્ધર્મ ભવવન ... !' છે. (પ્રકટ પૃ ૫૩ જૈનસ્તોત્રસંદોહ ભાગ ૧) અને (૫) પાર્શ્વ-વીરસ્તવ કે જે તપા ગચ્છનાયક સોમસુંદર સૂરિ કૃત ૬૩ શ્લોકનું છે (પ્ર. જૈનસ્તોત્ર સંગ્રહ ભાગ ૧ પૃ ૧૧ ય. ગ્રં. ગ્ર.). હવે તે ચાર ગ્રંથોનાં નામ—(૧) કૃપારસ કોશ (કેપર જગદ્ગુરુ ... અકબર બાદશાહના સ્તુતિગાન રૂપે ગ્રંથકારના ગુરુ શાંતિચંદ્ર ઉપાધ્યાયે રચેલું ૧૨૮ શ્લોકનું કાવ્ય—શ્રી જિનવિજય સંપાદિત મુદ્રિત) (૨) અધ્યાત્મકલ્પદ્રુમ (પ્રસ્તુત ગ્રંથ) (૩) નૈષધ મહાકાવ્ય (મહાકવિ શ્રીહર્ષે વિરચિત) અને (૪) રઘુવંશ મહાકાવ્ય (મહાકવિ કાલિદાસ કૃત) કે જેની અપૂર્ણ પ્રત ભાં. ઇ. માં સન ૧૮૮૭-૯૧ નં. ૪૪૨ની ૩૨ પત્રની પ્રથમના ત્રણ સર્ગ અને ચોથા સર્ગના

ग्रन्थका-
रादि-
परिचय

टीकाकार
रत्नचन्द्रना
शिष्यो ने
ग्रन्थो

|| ४० ||

(પ્ર. સં. પૃ. ૧૪૭ નં. ૫૭૮), લાલચંદ, (જુઓ પત્ર ૩૬/૨ ટિપ્પણી નં. ૨) કે જેણે સં. ૧૬૪૮ આસો સુદિ ૫ બુધવારે મુનિ ધર્મચંદ્ર પઠનાર્થે લખેલી 'સમસ્મરણ'ની પત્રની પ્રતિ પાટણ ફોફલીયાવાડાના ભંડારમાં છે; તેજચંદ (જુઓ અગાઉ પૃ. ૩૯/૧) તથા હેમચંદ્ર કે જે છેલ્લા બનેએ રાયપસેણી સૂત્રની પત્ર ૪૬ ની પ્રત તથા કલ્પસૂત્રની ૯૩ પત્રની પ્રત ચિત્કોશમાં મૂકી કે જે હાલ અનુક્રમે બીજાપુરના ભંડારની પોથી ૨૩ અને ભાં. ઈ. માં છે.[1]

લાભચંદ્ર (જુઓ પૃ. ૩૬/૨ ટિપ્પણી નં. ૨ કે જેના શિષ્ય ગજચંદ્રે પં. હીરકલશના સં. ૧૬૨૬ માં રચેલ જોઈસસાર—જ્યોતિષસાર પ્રાકૃત ગ્રંથની પ્રત સ. ૧૬૯૫ આસો શુદિ ૪ મગલે અણેયાનામાં લખી કે જેની ૫૦ પ્રતની પ્રત કલકત્તા ગુલાબકુમારી લાયબ્રેરીમાં છે.

સકલચંદ્ર ઉ૦ ની બીજી શિષ્યપરંપરા સકલચંદ્ર–લક્ષ્મીચંદ્ર–પુણ્યચંદ્ર–વૃદ્ધિચંદ્ર–માનચંદ્ર શિષ્ય તેજચંદ્રે પુણ્યસાર રાસ સં. ૧૭૭૦ માં રચ્યો (જૈ. ગૂ. ક. ૧, ૫૯૮ ને ૩, ૧૦૯૧)

ઉપર્યુક્ત લક્ષ્મીરુચિના વિવેકકુશલ અને વિમલકુશલ કે જે પૈકી વિમલકુશલના વિનયકુશલ (જૈ. ગૂ. ક. ૩ પૃ. ૭૪૮), જ્યારે વિવેકકુશલના કીર્તિકુશલ અને ઉદયરુચિ. કીર્તિકુશલના જ્ઞાનકુશલ (જૈ. ગૂ. ક. ૨, ૧૭૪); ઉદયરુચિના પુણ્યરુચિ ને હર્ષરુચિ તે પૈકી પુણ્યરુચિના આણંદરુચિ (જૈ. ગૂ. ક. ૨, ૩૫૪) અને હર્ષરુચિના વિદ્યારુચિ (જૈ. ગૂ. ક. ૨, ૧૫૯). આ વિદ્યારુચિના લબ્ધિરુચિ (જૈ. ગૂ. ક. ૨, ૧૫૦ ને ૩, ૧૧૯૯)—એ પ્રમાણે લક્ષ્મીરુચિની શિષ્યપરંપરા છે.

હવે શ્રીપતિ ઋષિની શિષ્યપરંપરા જોઈએ–શ્રીપતિના જગા ઋષિ છ વિગયના તજનાર ને લોંકાગચ્છથી વ્યાપ્ત સૌરાષ્ટ્ર દેશને પ્રતિબોધનાર થયા; જગા ઋષિના સીહવિમલ કે જેમણે હીરવિજય સૂરિના થયેલા પ્રસિદ્ધ શ્રાવક થાનસિંહને તે પહેલાં બોધ આપી અજૈનમાંથી જૈન કર્યો હતો, ને સીહવિમલના દેવવિમલ ગણિ કે જેમણે સસ્કૃતમાં હીરસૌભાગ્ય કાવ્ય સટીક રચ્યું કે જે પરથી પ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે ગૂ. માં સં. ૧૬૮૫ માં હીરવિજય સૂરિ રાસ રચ્યો. આ સંસ્કૃત મહાકાવ્યને ઉપર જણાવેલ અધ્યાત્મકલ્પદ્રુમની ટીકા રચનરા ધનવિજય ગણિએ શોધ્યું હતું (જૈ. સા. સં. ઇતિહાસ પારા ૮૮૨). ઋષિ ગણપતના વરાવેલાની ખબર નથી.

---

૧ श्री शांतिचंद्रवाचकवरांतिपत्तेजचंद्र विबुधेन । गणिहेमचद्रसजुषा चित्कोषेऽसौ प्रतिर्मुमुचे ॥ —શ્રી કાપડીઆ સંપાદિત કેટલૉગ ૨, પૃ. ૮૯.

આ વૃત્તિની મધ્યકાલીન પ્રશસ્તિ પછી તેના સં. ૧૬૬૦ના સંશોધન પ્રયત્નાદિથી જે વાક્ય છે તે પરથી જણાય છે કે સં. ૧૬૬૦ પહેલાં શાંતિચંદ્ર ઉપાધ્યાયનો સ્વર્ગવાસ થયો હતો.

આ વૃત્તિ, કૃપારસકોશ (પત્ર ૭ નં. ૧૩૪ જૈનાનંદ સુરત) ઉપરાંત ઉ૦ શાંતિચંદ્રે ધર્મિમતપરિહાર સ્વોપજ્ઞવૃત્તિસહિત શ્રી હીરવિજય સૂરિના રાજ્યમાં (પ્ર. કાં. વડોદરા નં. ૪૨૮ તથા ૧૬ પત્રની પ્રત સ્વોપજ્ઞાભ્યાસ ૫૩૫ લ. સં. ૧૬૫૫ નં. ૨૦૭) અને ઋષભજિનસ્તવનરાસ (પત્ર ૬ ની પ્રત લ. સં. ૧૬૮૧ ને ૮૮૭ હંસ. વડોદરા, ને બીજી દા. ૩૬ નં. ૧૬ લીંબડીભંડાર વૉ. પાટણ) રચેલ છે. મને લાગે છે કે આ છેલ્લી જણાવેલી કૃતિ ઉ૦ શાંતિચંદ્રની અધ્યક્ષતામાં લખાયેલી લાગે છે, આવી રીતે તેના શિષ્ય-અપરનામ ટીકાકાર રત્નચંદ્ર ગણિએ પોતાની કૃતિઓ પૈકી એક આજ પણ બનાવી છે તો તે જ તે હોવી જોઈએ.

૩ ગુરુ પરંપરા—તપા ગચ્છના હેમવિમલ સૂરિ પાસે ઋષિ હાના, ઋષિ શ્રીપતિ, ઋષિ ગણપતિ વગેરેએ પોતાનો લોંકા ગચ્છ તજી દીક્ષા લીધી,[1] ત્યારે હાનાનું નામ સહજકુશલ રાખ્યું અને તેને ગુણવિધાન સૂરિના શિષ્ય કુશલમાણિક્ય પાસે શિષ્ય તરીકે રાખ્યા. તે સહજકુશલે સિદ્ધાંત-હુંડી રચી જેમાં જિનપ્રતિમાની પૂજા કરવા માટે આગમાદિનાં અનેક પ્રમાણો આપ્યાં છે. તેના એક શિષ્ય સકલચંદ્ર ઉપાધ્યાય થયા કે જેમણે પ્રસિદ્ધ સત્તરભેદી પૂજા ગુજરાતી પદ્યમાં રાગ રાગણીમાં રચી (જૈ. ગૂ. ક. ૨ પૃ ૨૧૦) અને બીજા એક શિષ્ય હર્ષઋષિ પણ હતા. સકલચંદ્ર ઉ૦ ના બે શિષ્ય સૂરચંદ્ર ઉ૦ ને શાંતિચંદ્ર ઉ૦, તેમાં સૂરચંદ્રના ભાનુચંદ્ર ઉ૦ (તે માટે જુઓ સિંધી જૈન ગ્રંથમાળામાં નં. ૧૫ નો મેં સંપાદિત કરેલ અમારી પ્રસ્તાવનાવાળો સંસ્કૃત ગદ્ય ભાનુચંદ્ર ચરિત) ને ભાનુચંદ્રના શિષ્ય તે ચરિત રચનાર સિદ્ધિચંદ્ર તથા બીજા શિષ્યો (કે જે સર્વ સંબંધી જુઓ ઉક્ત ચરિતની મારી પ્રસ્તાવના); શાંતિચંદ્રના શિષ્યો—આ રત્નચંદ્ર, અમરચંદ્ર (જૈ. ગૂ. ક. ૧, ૫૦૬), કે જેણે સં. ૧૬૬૬ ચૈત્ર સુદ સાતમે રાધનપુરમાં ક્રિયાકલાપ નામના ગ્રંથની પ્રતિ લખી છે કે જે છાણીના મુ૦ વિ૦ શાસ્ત્રસંગ્રહમાં છે

---

१ हेमविमलसूरि—× × ऋ० हाना ऋ० श्रीपति ऋ० गणपति प्रमुखा लुंपकमतमपास्य श्री हेमविमलसूरिपार्श्वे प्राप्तव्रत संविग्न चारित्रमार्गे प्रवृत्ताः।—धर्मसागरकृत तपगच्छ पट्टावलि.

અકબરના રાજ્યમાં કરી' એમ કહી 'આ ઉપાંગ ગંભીર હોવાથી મારી મંદમતિથી સંપ્રદાયના વ્યપાય-લોપથી ને પૂર્વ વૃત્તિની નિવૃત્તિથી આગમાદિથી વિરુદ્ધ જે કંઈ મારાથી લખાયું હોય તે વિદ્વાનોએ આલોચી મારાપર અનુગ્રહ રાખી સંશોધિત કરવું. સર્વ સાધુઓ પ્રસન્ન થાઓ, ખલપુરુષો મારાપર રુઠો નહિ. તે સર્વેને અનુક્રમે પ્રીતિથી અને ભીતિથી નમસ્કાર કરૂં છું.' એમ સવિશેષ જણાવ્યું છે,

શાંતિચંદ્રની આ વૃત્તિ રચાયા પછી તેનું સંશોધન, શ્રી વિજયસેનસૂરિ ગચ્છનાયક બન્યા ને વિજયદેવસૂરિ તેના પટ્ટયુવરાજ થયા ત્યારે, વિજયસેનસૂરિની આજ્ઞા પાળવામાં દક્ષ એવા ચાર નિપુણો આ વૃત્તિની શુદ્ધિ કરવા બેઠા થયા. (૧) વિમલહર્ષ ઉપાધ્યાય (૨) સોમવિજય ઉ૦ (૩) વાનર ઋષિના એક મુખ્યશિષ્ય આનંદવિજય ગણિ ને (૪) કલ્યાણવિજય મહોપાધ્યાયના એક મુખ્યશિષ્ય લાભવિજય ગણિ-એ ચારેએ દોષો નિવારી શિષ્યજનતાને દીધી એવી સલ્લક્ષ્મી જેવી આ વૃત્તિને સં. ૧૬૬૦માં પુષ્પેન્દુભૂવાસરે-પુષ્ય નક્ષત્રમાં બુધવારે-રાધ (વૈશાખ) માસે શુદ્ધ છઠ દિવસે રાજધન્યપુર (રાધનપુર)માં વિજયસેનસૂરિ પાસે રહી સમગ્ર શુદ્ધ કરી.

શાંતિચંદ્ર વાચકના અનેક શિષ્યો હતા તેમાં મણિસમાન તેજચંદ્ર બુધ-પંડિત ગુરુભક્ત હોઈ આ વૃત્તિને અનેકવાર લખી આપવામાં શુદ્ધિગણના આદિ વિધિમાં સહાય આપતા હતા. દૈવવશાત્ આ વૃત્તિના સૂત્રધાર (શ્રી શાંતિચંદ્રજી) ઇંદ્રના અતિથિ એટલે સ્વર્ગસ્થ થતાં તેના મંત્રિ તરીકેની પોતાની ઇચ્છા-વિશેષ જ (તેની પ્રવર્તનામાં) છે એ વ્યક્ત થયેલ લેવા માટે કૃપાળુ વિજયસેનસૂરિએ શાંતિચંદ્ર ઉપાધ્યાયના શિષ્યોમાં બધા શિષ્યસમુદાયમાં મુખ્ય અને ગુરુકાર્ય કરવામાં અગ્રણી એવા પંડિત રત્નચંદ્રને પોતાને હાથે આ વૃત્તિને પ્રવર્ત્તાવવા માટે આપી, અને તે વખતે વિજયદેવસૂરિએ પણ તેને બહુએ સંમત કરી છે એવું પ્રમાણપત્ર આપ્યું. તે બન્ને સૂરિઓએ એમ જણાવ્યું કે 'તમે ભલા રત્નવણિક-ઝવેરી છો તો પ્રમેયરત્નોના ઇચ્છાવાળા તમો આ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની પ્રમેયરત્નમંજૂષા (પ્રમેયરત્નોની પેટી) નામની વૃત્તિને સંભાળો'. ઉક્ત રત્નચંદ્ર ગણિએ આ વૃત્તિના ઘણા આદર્શો લખ્યા-તેનો શિષ્ય ધનચંદ્ર લિપિકલાવિધિમાં જાગ્રત બુદ્ધિવાળો અને સૂત્રાર્થવિવેચનમાં ચતુર હોઈ તેણે આનો પ્રથમાદર્શ કર્યો.' આમ ૫૧ શ્લોકોવાળી પ્રશસ્તિમાંથી અત્ર ઉપયોગી ભાગ લીધો છે. (આ વૃત્તિની હસ્તપ્રત ૩૮૭ પત્રની ભાં. ઇ. પૂના હસ્તકના સરકારી ગ્રંથસંગ્રહમાં નં. ૧૨૪૮ સને ૧૮૮૬-૯૨ની છે કે જેની પ્રશસ્તિ તેના સૂચિગ્રંથ ભાગ ૧ ના પૃ. ૨૨૩ પર છપાઈ છે.)

ધર્મસાગર નામના વાચકે તેમ જ વાનર ઋષિએ (વિજયવિમલે) તે રચવામાં સહાય આપી. તેમ જ તેનું સંશોધન પાટણમાં તપગચ્છના વિજયસેનસૂરિ, કલ્યાણવિજયગણિ, કલ્યાણકુશલ અને લબ્ધિસાગર (ધર્મસાગરના શિષ્ય) એ ચારે કર્યું અને પ્રશસ્તિ હેમવિજયે રચી. આ પરથી કલ્પના થાય છે કે સૂરિના નામે ધર્મસાગર વાચકે વૃત્તિ રચી પણ તે ધર્મસાગરજી ખંડન-મંડનવાળા હોવાથી રચેલ તેમાં બીજાનું ખંડન ક્લેશજનક હોય તેથી યા તો સ્વપના ખોલીને કાઢવું તેનું સંશોધન ઉપરના વિદ્વાનો પાસે કરાવ્યું હોય. રચના-મિતિ સં. ૧૬૩૯ દીવાળી દિન આપી છે જ્યારે હીરવિજયસૂરિ અકબર બાદશાહ પાસે ફત્તેપુર સીકી હતા ને આ પ્રશસ્તિમાં પણ જણાવ્યું છે કે અકબરે તેમને બોલાવ્યા અને તેમના ઉપદેશથી અમારિરૂપ કૃપાળો થયો ને તેણે 'અપ્પા ય દેહિન હોંતિ વરહ વચાંસિ, હવે ન ડામરતા ધર્મસિદ્ધિસ્તમ્ભાય ॥' —'પ્રાણીઓ વધ-મારવા યોગ્ય નથી' એવા વચન બોલતા એવા અકબરે સભામાં આમંત્રણ એવા (હીરસૂરિ ને અમર ચરોતર આપ્યું-અર્પણ કર્યું) ત્યારે સંશોધન પાટણમાં થયું છે. (રચના ફત્તેપુર સીકીમાં થઈ હોય ને સંશોધન પછી પાટણમાં પણ હોય અને પછી પ્રશસ્તિ રચાઈ હોય એ પણ સંભવિત છે.)

આ વૃત્તિની રચના પછી ધર્મસાગરજીની સામે તેમ જ તેના શિષ્યો સામે તેમના ખંડનાત્મક પુસ્તકોથી ખૂબ કોલાહલ થયો અને તેમણે પ્રકટ પણ કર્યું કે ઉક્ત વૃત્તિના રચનાર ધર્મસાગરજી હતા. ધર્મસાગરના રાસ (પ્રક્ર. તરફથી આત્માનંદ-પ્રકાશ પુ. ૨૯ પૃ ૫૬, ૬૨, ૧૨૭, ૧૯૫, ૨૨૪માં પ્રકટ)માં પણ જણાવ્યું છે કે તેમણે—

'જમ્બૂદ્વીપ પન્નત્તિ સૂત્ર, તેહની વૃત્તિ કરી પવિત્ર, કિરણાવલી કલ્પસૂત્રમાં અનુપ, પ્રવચનપરીક્ષા ક્રિયાપદ આપરૂપ. ૧૦૦

તત્ત્વતરંગિણી ગ્રંથ પ્રમુખ, જે વાંચતાં પામીજે સુખ; એહવા ગ્રંથ કર્યા અનેક, ક્રિયાપદ આપ્યુ વાટ વિવેક.' ૧૦૧

આથી હીરવિજયસૂરિએ તે વૃત્તિ પોતાની રચેલી તરીકે સ્વીકારી નહિ હોય, અને તેને સ્થાને નવી વૃત્તિ કરવાની શાંતિચંદ્ર ઉપાધ્યાયને નિર્દેશ કર્યો હોય એ તદ્દન સંગત છે. ઉક્ત વૃત્તિ પહેલાં પ્રાચીન વૃત્તિ શ્રી મલયગિરિ આચાર્યની વિરચિત હતી. પણ તે 'કાલદોષાત્ વ્યવચ્છિન્ના'—'કાલ પ્રભાવથી વ્યવચ્છિન્ન—અપ્રાપ્ય વિચ્છિન્ન થઈ છે' તેથી શાંતિચંદ્ર ઉપાધ્યાયે હીરસૂરિના નિર્દેશથી પ્રારંભ કર્યો એમ પોતે આદિમાં જ જણાવ્યું છે. આ વૃત્તિની અંતની પ્રશસ્તિમાં પણ ગુરુજનનિદેશમાત્રેણ—'ગુરુજને કરેલા અનુગ્રહથી જ ષટ્પ્રસ્થિતિએ સં. ૧૬૫૧માં

સયમીઓ-જૈન સાધુઓનું પૂજા-વંદન નિવાર્યું હતું તે પ્રવર્ત્તાવ્યું હતું, મહા યવન-ઇસ્લામધર્મી સુરત બંદરના અધિપતિ-સૂબા કે ફોજદારથી વધાર્થ માટે જેમનાં અંગોને બાંધવામાં આવ્યાં હતાં,[1] (તેને છોડવવા રૂપી) ધર્મકૃત્યમાં બલવત્તર હતા.

રત્નચંદ્રે પોતાના દીક્ષાના અને વિદ્યાના ગુરુ શાંતિચંદ્ર ઉ૦ ની ઓળખ આપતાં તેને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વૃત્તિના રચનાર તરીકે કહી તે વૃત્તિપરજ ખાસ ભાર મૂક્યો છે તેથી તે કૃતિ સંબધી કંઈક જોઈશું. સુભાગ્યે તેને બે ભાગોમાં શ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડે ગ્રંથાંક પર અને પ૪માં બહાર પાડી છે. આ વૃત્તિની પહેલાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ પર સં. ૧૬૩૯માં શ્રી હીરવિજયસૂરિના નામે રચાયેલી વૃત્તિ હતી, છતાં આ બીજી વૃત્તિ सम्प्रति विजयमानगच्छनायक परमगुरु श्रीहीरविजयसूरीश्वरनिर्देशेन (જુઓ તેનું બીજું પત્ર) રચાઈ, એટલે પ્રશ્ન ઉદ્ભવે છે કે શ્રી હીરવિજયસૂરિએ શામાટે આ બીજી વૃત્તિ રચવાનો નિર્દેશ કર્યો હશે?-આના ઉત્તરમાં મને જે સૂઝે છે તે નમ્રભાવે જણાવું છું. સં. ૧૬૩૯ની પ્રથમની વૃત્તિ હજીસુધી પ્રકટ થઈ નથી. (આની એક પ્રત રૉયલ એશિયાટિક સોસાયટી મુંબઈમાં ડા૦ ભાઉ દાજી સંગ્રહ નં. ૩૦૯માં ૪૫૫ પત્રસંખ્યાની છે તેની પ્રશસ્તિ પ્રો૦ વેલણકરે તે સંસ્થાના હસ્તગ્રંથસંગ્રહના કરેલા અને મુદ્રિત થયેલા સૂચીપત્રના નં. ૧૪૫૯માં આપવામાં આવી છે; બીજી પ્રત ૪૫ર પત્રની મુંબઈ સરકારના હસ્તગ્રંથ સંગ્રહ કે જે હાલ પૂનાના ભાં૦ રી૦ ઇન્સ્ટિટયુટના હસ્તક છે તેમાં ન. ૩૮ર સને ૧૮૭૯-૮૦ની છે કે જેની પ્રશસ્તિ તે સંગ્રહના પ્રો૦ કાપડીઆએ કરેલા ને મુદ્રિત થયેલા સૂચીપત્ર ભાગ ૧માં પૃ. ૨૨૦માં પણ છપાયેલી છે.) તેમાં એમ જણાવ્યું છે કે તે હીરવિજયસૂરિએ સં. ૧૬૩૯ દિવાળીને દિને રચી અને તેમાં કલ્પ-કિરણાવલી પ્રમુખ બહુ શાસ્ત્રના રચનાર સિદ્ધાંતતર્કકાવ્યાદિ વાઙ્મયરૂપી સમુદ્રમાં મેરુરુપ, અને પરવાદીના ગર્વરૂપી પર્વતને છેદનાર એવા

---

૧ સુરતમાં થયેલી સાગર-વિજયની ચર્ચાને અંગે લખાયેલો પત્ર (વિજયતિલકસૂરિ-રાસ, પ્રસ્તાવના પૃ. ૩૮માં) પ્રકટ થયો છે તેમાં જે જણાવેલું છે તે ચાલુ ભાષામાં મૂકીએ: 'અને જેણે અધર્મ કીધો હતો તેને શીખ લાગે (તે માટે) નવાબે ઉદયસિંઘ કીકાને ખાસડે મરાવી બંદીખાને ઘાલી' સવા મણની એક દંડી પહેરાવી ઘણા માનભ્રષ્ટ તેહને કીધા, સઘળે ગામે ઘણું ફજેત થયા.' આમા બતાવેલા ઉદયસિંઘ કીકાને બેડી નાખેલ હતી તેના સંબધી આ શાંતિચંદ્ર માટેનો ઉલ્લેખ લાગે છે.

અને સં. ૧૬૪૫ના કાર્તિક શુદિ ૧૧ દિને મેઘદૂત મહાકાવ્યની પ્રત પોતે અતે લખી હતી તેની અંતે પોતે પોતાના ગુરુ શાંતિચંદ્રનો ઐતિહાસિક પરિચય પણ સાથે સાથે જે આપેલ છે તે અત્ર નોંધવા યોગ્ય છે —

'संवत् १६४५ वर्षे कार्तिक सुदि ११ दिने लिखितं पातसाहि श्रीअकबर महाराजाधिराजप्रतिबोधक, श्रीहेमचन्द्रसूरिवत् [illegible] [illegible], पातसाहि अकबरो(ब्बु)पदत्त श्रीहीरविजयसूरि[illegible], [illegible] महोपाध्याय श्री ५ श्रीशान्तिचन्द्रगणि—चरणकमलोपासकशिष्येण पं० रत्नचन्द्रगणिना ।' (જુઓ પ્રશસ્તિસંગ્રહ પૃ ૧૪૯, ૧૫૫ ને ૧૫૮)— એટલે કે 'અકબર બાદશાહના જે પ્રતિબોધક હતા, તે બાદશાહ પાસેથી સાત ફરમાન મેળવી તે દ્વારા (૭ આખી) અમારિનો પડો હેમચંદ્રસૂરિ પેઠે અનેક દેશમાં જેણે વગડાવ્યો હતો, પુન: તે પેટીના ફરમાનથી સકલ દેશને [illegible] નામના કરથી મુક્ત જેણે કરાવ્યો હતો, અને જેને અકબરની [illegible] શ્રી હીરવિજયસૂરિએ ઉપાધ્યાય પદ આપ્યું હતું, ને જે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ પરની વૃત્તિના રચનાર હતા તે મહોપાધ્યાય શાંતિચંદ્રના ચરણકમલની ઉપાસના કરવામાં રસ લેતા એવા પંડિત રત્નચંદ્ર ગણિએ આ મેઘદૂતમહાકાવ્યની પ્રતિ લખી.

વળી ઋષિદિનચર્યાની પ્રત પોતે સં. ૧૬૫૨માં દેવીઆસણ ગામમાં લખી છે તેમાં પણ પોતાના ઉક્ત ગુરુનો પરિચય નીચે પ્રમાણે આપ્યો છે કે:—संवत् १६५२ वर्षे मार्गशीर्ष वदि ७ तिथौ देवीआसणग्रामे [illegible] श्रीमदकब्बर राजाधिराज प्रतिबोधक [illegible] [illegible], [illegible], [illegible], [illegible], [illegible], महोपाध्याय श्री ५ शांतिचन्द्रगणि शिष्य पंडित रत्नचन्द्रगणि[illegible] ॥

(પ્ર. સં. પૃ. ૧૬૫ નં. ૫૮૭)

આ પરથી ગુરુ શાંતિચંદ્રસંબંધી વિશેષમાં જણાય છે કે તેમણે મોગલોએ લીધેલાં સૂરત, સિદ્ધપુરના મઠોમાં જૈનમંદિરો અને ઉપાશ્રયો ફરવા સમારવા આદિ—લૌકિક કાર્ય કરી સમય તે માટે ફરમાન મેળવી શાસનોન્નતિ કરી હતી, કિંતુ ખરતર-ધર્માચાર્યોએ સુવિહિત

આ ઉપાધ્યાયે સુરતમાં ઠીક કાળ ગાળ્યો જણાય છે. સુરતના નિજામપુરામાં ઉપાધ્યાય નેમિસાગરે, જે 'હીરવિહાર' બંધાવવાનું મંડાણ કરાવ્યું અને તે તૈયાર થયે સં. ૧૬૭૩ પોષ વદિ ૫ ગુરુવારે પં. લાભસાગરે પ્રતિષ્ઠા કરીને 'હીરવિહાર' નામ સ્થાપ્યું તેમાં, આચાર્ય હીરવિજય અને વિજયસેન બંનેની પાદુકાની સ્થાપનાની પ્રતિષ્ઠા આ રત્નચંદ્ર ઉપાધ્યાયે સં. ૧૬૭૫ વૈશાખ શુદિ ૮ રવિવારે કરી.[1] વળી સૂર્યપુરમંડન નવફણા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ તેમણે સં. ૧૬૭૮ કાર્તિક વદ ૫ ગુરુવારે સુરતમાં કરી તે નીચેના મને અન્ય તરફથી ત્રુટક મળેલા ને પછી ઠીકઠાક કરેલા લેખપરથી જણાય છે.—

'संवत् १६७८ वर्षे कार्तिक वद ५ गुरुवारे पुनर्वसु नक्षत्रे श्रीसुरत्रबंदरे पातसाहि सलीमशाहि विजयमानराज्ये......श्रातीय लघुशाखायां मठुआ भार्या फोदमदे सुत फुलशा भार्या......जिनशासनप्रभावक साधु थीनाथा भार्या गंगा सुत सा० सुरजी सा० माणिकजी पौत्र साहीदास प्रमुख कुटुंबे...... नवफणा-पार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं सुविहिततपा......भट्टारक श्री ५ आणंदविमलसूरि-पट्टालंकार भट्टारक श्री ५ विजयदानसूरि-पट्टप्रभाकर पातसाहि-श्रीअकब्बरनरराय-प्रदत्त-षण्मासिकजीवाऽभय(दान) सकलदेश जीजीयाकरनिवारण (स्फुरन्मान) संलब्धमान श्रीशत्रुंजयादिकरणायसंसद......सद्यभावक श्री ५ हीरविजयसूरीश्वर-पट्टप्रभाकरसमान पातसाहिश्रीअकब्बरदत्तबहुमान साहिश्रीअकब्बरलब्धजयभट्टारक श्री ५ विजयसेनसूरीश्वर-पट्टोदयगिरि...... समान सूरि......पातसाहि श्रीसलीमशाहि दत्त......उपाध्याय श्री ५ रत्नचंद्रगणिभिः ॥'

---

૧ પારખી લાલા સુત ભલો, ગોવિંદ પરિખ સુજાણ, વિત્ત વાવે હર્ષે કરી, જિનવરની વહે આણ.
સાહ સોમજીનો સુત ભલો, શુભ નામે વસ્તુપાલ, હીર જેસિંગની પાદુકા, થાપના કુઈ સુવિશાલ.
સંવત સોલ પંચોતરે (૧૬૭૫), વૈશાખ માસ સુવિચાર, અષ્ટમી દિન ઉજ્જલ ભલો, શુભ વેલા રવિવાર.
વાચક માંહિ શિરોમણિ, રત્નચંદ ઉવઝાય, કરિઅ પ્રતિષ્ઠા અતિભલી સંઘ મનિ આણંદ થાય.
—હીરવિહાર સ્તવન. કડી ૨૩ થી ૨૬ 'સૂર્યપુર રાસમાળા' પૃ. ૯૫

श्री अध्या. धनवि. रत्न० वृत्ति.

॥ ३५ ॥

આદરતી પોતે જ લખતા. તેમના હસ્તથી સં. ૧૬૭૪માં પૂર્ણ કરેલા પ્રદ્યુમ્નચરિત અને પ્રસ્તુત ટીકાની લખેલી પ્રતો મળે છે એટલું જ નહિ, પણ અત્યારસુધીની આ પ્રસ્તુત ટીકાની પોતાની લખેલી પ્રત પણ મળી છે કે એની લેખનપુષ્પિકા આ પ્રમાણે છે—"संवत् षोडशाशीत्या वर्षे (१६८२) कार्त्तिकमास [illegible] त्रयोदशी दिने श्रीसाम्भवपुरवरे उपाध्याय श्रीरत्नचन्द्रगणिभिः लिखिता चिरं नन्दतु"

વિજયદેવસૂરિએ વિજયસિંહને ઉપાધ્યાયપદ પાટણમાં આપી ત્યાંથી અમદાવાદ થઈને ખંભાત સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ કરવા ખંભાત ગયાં પહેલું ચાતુર્માસ કર્યું સં. ૧૬૭૨. ત્યાં પુરુષોત્તમ ભણશાળીથી જિનદાસે ઉત્સવ કર્યો ને તેમાં તેરસો રૂપીઆ ખર્ચ્યા. ત્યાં તે સૂરિ સાથેના આચાર્ય ગુરુ વિજયસેનસૂરિની પાદુકા વાંદી પોતાની ત્યાં સુધી વિકૃતિ-નિયમ ન લેવાની બાધાથી મુક્ત થયા. આ વખતે રત્નચંદ્રને ઉપાધ્યાયપદ અને અન્ય સાધુઓને પંડિતપદ આપ્યું.[1] આ ચાતુર્માસ દરમ્યાન માંડવગઢથી જહાંગીર બાદશાહનું ત્યાં આવવા ફરમાન આવતાં ચાતુર્માસમાં વિહાર ન કરાય છતાં તે દરમ્યાન વિહાર કરી પોતે સં. ૧૬૭૩ના આશ્વિન શુદ ૧૩ ને દિને (તારીખ ૨-૧૦-૧૬૧૭) માંડવગઢ પહોંચ્યા. આ વખતે તેમની સાથે રત્નચંદ્ર ઉપાધ્યાય પણ હોવા જ જોઈએ, અને તે વાતને આ રીતે ટેકો મળે છે કે—

આ ગ્રંથની ટીકાના મંગલાચરણમાં કર્તાએ માંડવગઢના સુપાર્શ્વનાથની સ્તુતિ કરી છે અને વિજયદેવસૂરિનો આદેશ પ્રાપ્ત કરી આની રચના કરી છે એમ જણાવ્યું છે તે પરથી અનુમાન થાય છે કે વિજયદેવસૂરિને માંડવગઢમાં જહાંગીર બાદશાહે 'જહાંગીરી મહાતપા' એ બિરુદ સં. ૧૬૭૩ના અંતે આપ્યું ત્યારે તેમની સાથે આ ટીકાકાર હોય, તે વખતે જ આ વૃત્તિનો આરંભ કરી ત્યાંથી વિહાર કરી ગુજરાતમાં તે સૂરિ સાથે આવી ચોમાસું કરી આ રીતે આ ગ્રંથ પૂર્ણ કરેલા તેને સં. ૧૬૭૪ વિજયાદશમીએ સમર્પિત કર્યો હોય.

---

१ पुरः प्रवेशोत्सवमपि सूरीन्द्रे श्री जिनदासकः । [illegible] ॥ ५६ ॥
तदा संघेन संयुक्ता [illegible] । विजयसेनसूरीन्द्र[illegible] ॥ ५७ ॥
उपाध्यायपदं श्रीमद् रत्नचन्द्राय सोऽददात् । पंडितत्वमन्येभ्यः साधुभ्यश्च ततोऽप्यदात् ॥ ५८ ॥
विकृतिनियमं पूर्वमपूर्णमिव सोऽमुचत् । [illegible] ॥ ५९ ॥ —विजयदेवसूरिमाहात्म्ये सर्ग ११

ग्रन्थकारादि-परिचय

टीकाकार रत्नचन्द्र उपाध्याय

કે "જેણે શ્રી દિલ્લી દેશમાં ફતેપુરમાં રહેલા પાતસાહ શ્રી અકબ્બરે શ્રી ગુરુદર્શનાર્થે બોલાવેલા ભટ્ટારક શ્રી ૫ શ્રી હીરવિજય સૂરીશ્વરની સાથે વિહાર કર્યો હતો, સ્વયં બનાવેલા 'કૃપારસકોશ' ગ્રંથને સંભળાવી પાતસાહ શ્રી અકબ્બરને રંજિત કર્યાં હતો, તેની પાસે શ્રી હીરવિજય સૂરિના નામે જીજીયા કરના નિવારણનું ફરમાન તથા છ માસ સુધીના જીવોને અભયદાન આપનારૂં મોટું ફરમાન કરાવેલાં હતાં, શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રની પ્રમેયરત્નમંજૂષા નામની બૃહદ્‌વૃત્તિ રચી હતી, અને જેને પાતસાહ શ્રી અકબ્બરે 'ઉપાધ્યાય' પદ અપાવ્યું હતું, તે મહોપાધ્યાય ૫ શ્રી શાંતિચંદ્ર કે જે મહોપાધ્યાય શ્રી ૫ શ્રી શ્રી શ્રી સકલચંદ્ર ગણિના શિષ્ય હતા તેના શિષ્ય મુખ્ય ઉપાધ્યાય શ્રી રત્નચંદ્ર ગણિએ રચેલા, શ્રી ભક્તામરસ્તવ-શ્રી કલ્યાણમંદિરસ્તવ-શ્રી દેવાઃપ્રભોસ્તવ-શ્રીમદ્ ધર્મસ્તવ-ઋષભવીરસ્તવ-કૃપારસકોશ-અધ્યાત્મકલ્પદ્રુમ-શ્રી નૈષધમહાકાવ્ય-શ્રી રઘુવંશમહાકાવ્ય-એ સર્વપર વૃત્તિઓરૂપી નવ બહેનોના અનુજ ભ્રાતા શ્રી પ્રદ્યુમ્નચરિત્ર મહાકાવ્યમાં......વર્ણન કરનારો સત્તરમો સર્ગ સંપૂર્ણ થયો."

આ પ્રદ્યુમ્નચરિતને તેના પ્રથમ સર્ગને અને નવમા સર્ગને અંતે ઉપરની નવ વૃત્તિઓ ઉપરાંત સમ્યક્ત્વસપ્તતિકાપ્રકરણ બાલાવબોધના પણ ભ્રાતા તરીકે જણાવેલ છે પણ તે ભાઈ નાનો કે મોટો એ કહેલ નથી; એ મોટો જ ગણાય.

પ્રસ્તુત ટીકાની અંતે ઉક્ત બાલાવબોધ, સમવસરણસ્તવપર બાલાવબોધ, હિતોપદેશ અને પ્રદ્યુમ્નચરિત એમ ચાર ભાઈઓ ગણાવેલ છે. હવે ઉક્ત બાલાવબોધની પ્રતને અંતે એમ જણાવેલું છે કે—

'रस-मुनि-रस-शशि वर्षे पोषे शुद्धे त्रयोदशी दिवसे । सूरतबंदिरमुख्ये परमार्हत संघश्रमणीदे ॥' (જૈન ગૂર્જર કવિઓ ૩, પૃ. ૧૬૦૫)

એટલે 'સં. ૧૬૭૬ પોષ શુક્લ ૧૩ દિને સુરત બંદરમાં પરમાર્હત શ્રમણ સંઘ હતો ત્યારે'. હવે આ ઉક્ત બાલાવબોધનો રચના પૂર્ણ થયાનો સંવત્ ગણીએ તો સં. ૧૬૭૪માં પૂર્ણ થયેલા પ્રદ્યુમ્નચરિત અને પ્રસ્તુત ટીકાના અગ્રજન્મા ભાઈ તરીકે કેમ ગણાય?-તેનું સમાધાન બે રીતે થઈ શકે-એક તો બન્ને પૂર્ણ થયા તે દરમ્યાન ઉક્ત બાલાવબોધાદિ સાથે સાથે તૈયાર થતા હોય; બીજું ઉક્ત બાલાવબોધનો ઉક્ત સંવત્ તેના આદર્શ-લેખનનો ગણવામાં આવે તો પછી વાંધો રહેતો નથી. રત્નચંદ્ર ગણિ ગ્રંથકાર હતા એટલુંજ નહિ પણ પોતાના ગ્રંથોના

यः सौभाग्यगुणेन स्मारयतितमां च श्रीजम्बूगुणयोगात् । जम्बूस्वामिनमुच्चैः जयतात् श्रीविजयदेवगुरुः ॥ ७ ॥
श्रीमानन्दविमलगुरुशिष्याः श्रीसहजकुशलविबुधवराः । सिद्धान्तहेमनिकषाः बभूवुरुद्दामगुणनिवहाः ॥ ८ ॥
तेषां सुशिष्यमुख्या वाचकवरसकलचन्द्रनामानः । येषां गिरं सुधामिव निपीय भव्याः प्रमोदन्ते ॥ ९ ॥
श्रीशान्तिचन्द्रा वरवाचकेन्द्राः बभूवुरन्यमतिवीरचन्द्राः । शिष्येषु मुख्या बहुषु मनीषास्तेषां गुरूणां गुणभाजनानाम् ॥ १० ॥
श्रीमज्जम्बूद्वीपप्रज्ञप्तेः वरवृत्तिरम्यसविचारः । श्रीमत्साहिअकब्बरभूपतिपर्षत्सु लब्धबहुमानाः ॥ ११ ॥
श्रीमज्जैनप्रवचनप्रभावनाकरणविधिविदुराः । आसन् विद्यादानैः शिष्याणां भूयसां च पूज्यतमाः ॥ १२ ॥ (त्रिभिर्विशेषकम्)
तेषां गुरूणां गुणसागराणां प्रसादलेशं समवाप्य चक्रे । अभ्यर्थितः शिष्यगणैर्विनीतैः कृतोद्यमं वाचकरत्नचन्द्रः ॥ १३ ॥
कृत्वा कृपां मयि बुधैः परिशोधनीयं संशोध्य चैतदनुप परिवाचनीयम् ।
अन्योपकारविषये च सुलेखनीयं शिष्यादिपाठनपरैः परिशीलनीयम् ॥ १४ ॥
युगमुनिरसशशिमिति (१६७४) वर्षे मासीपे विजयदशमिका दिवसे । वारे सितौ च विहिते वाचकवर रत्नचन्द्र इति चरितम् ॥ १५ ॥
त्रिसहस्राः पंचशती पुनरेकोनसप्ततिः श्लोकानाम् । इह सर्वाग्र वर्णाः षोडश चाधिकाः ग्रन्थाग्रम् ॥—३५६९ श्लोकाः ॥ १६ अथवाः
संवत् १६७४ वर्षे आश्विनमासे विजयदशमीदिवसे सुरतबन्दरे महोपाध्याय श्रीरत्नचन्द्रगणिभिः विरचितं प्रद्युम्नचरित्रं संपूर्णम् ॥

આમાં પોતાના ગુરુ શાંતિચંદ્ર અકબર બાદશાહના દરબારમાં બહુમાન મેળવનાર, શ્રી જૈનપ્રવચનની પ્રભાવના કરવાની વિધિમાં દક્ષ અને ઘણા શિષ્યોને વિદ્યા આપવાથી પૂજ્યતમ થયેલા હતા એમ જણાવ્યું છે. તદુપરાંત છેલ્લા ૨૦મા સર્ગ અંતે ગદ્યમાં એમ જણાવ્યું છે

બહેનો સાથે રમતી શ્રી અધ્યાત્મકલ્પદ્રુમપરની અધ્યાત્મકલ્પલતા નામની વૃત્તિ વિદ્વાનોના હાથથી ગૃહિત થઈને બહુસંતાનપરંપરાવાળી ચિરકાલસુધી જય પામો.”

આ પ્રશસ્તિની પહેલાં ગદ્યમાં ઇતિશ્રી લખી છે તેમાંથી વિશેષ એ જણાય છે કે પોતાના ગુરુ શાંતિચંદ્ર તે દીક્ષાગુરુ ઉપરાંત વિદ્યાગુરુ છે, તે ગુરુની રચેલી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિપરની વૃત્તિનું નામ પ્રમેયરત્નમંજૂષાવૃત્તિ છે અને તેમના પ્રસાદથી અને ગચ્છનાયક વિજયદેવસૂરિ કે જેઓ વૃદ્ધિ પામતા સાગરના કુમતનું નિવારણ કરવામાં જગતને ઉપકાર કરનારા છે તેમના પ્રસાદથી પોતે આ વૃત્તિ રચી છે. વળી દરેક અધિકારની પોતાની ટીકા અર્થે પોતે સદ્‌ગુરુ શાંતિચંદ્ર વાચકરૂપી ક્ષીરસાગરમાંથી પ્રતિષ્ઠા મેળવી છે એમ જાહેર કર્યું છે.

આ ટીકાને પૂર્ણ કર્યાના દિવસે જ પૂર્ણ કરેલા સંસ્કૃત પદ્યબદ્ધ પ્રદ્યુમ્નચરિતમાં પણ પોતાની પ્રશસ્તિના શ્લોકો અને આ ટીકાની પ્રશસ્તિના શ્લોકો લગભગ સરખા છે. યત્રતત્ર ક્વચિત્ ફેરફાર છે. છતાં આ ટીકા પોતે પ્રથમ કરી અને પ્રદ્યુમ્નચરિત પછી થયું એ દર્શાવતું સ્પષ્ટ સૂચન પ્રદ્યુમ્નચરિતને આ અને બીજા ગ્રંથોપરની ટીકાઓના અનુજ ભ્રાતા—ન્હાનો-પછી જન્મેલ જણાવીને કર્યું છે. આ ચરિત તે પોતાનો સ્વતંત્ર ગ્રંથ છે. તેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:—

श्रीवीरशिष्यो गणभृत् सुधर्मा श्रीद्वादशांगीसमलब्धमर्मा । श्रीमत् तपागच्छमहाद्रुमूलमासीद् भवाम्भोनिधियानपात्रम् ॥ १ ॥

आसीद् गुरुस्तस्य परंपरायां साधुक्रियामार्गविकाशभास्वान् । आनन्दपूर्वो विमलाभसूरिर्बुद्ध्या समानीकृतदेवसूरिः ॥ २ ॥

तत्पट्टगगनरत्न–सूरि श्रीविजयदानसूरिवरः । आसीद् भाग्यनिधानं गुणगणनिलयः क्रियापात्रम् ॥ ३ ॥

श्रीहीरविजयसूरिस्तत्पट्टविभूषणं प्रशमसदनम् । आसीन् नरपतिराशिप्रणतशिरोरत्नमौलिकृतचर्चः ॥ ४ ॥

तस्याऽपि शिष्यरत्नं स्वस्ति श्रीविजयसेनसूरिवरः । आसीद् लब्धिमहाब्धिः शमरसपात्रं जगद्विदितः ॥ ५ ॥

तत्पट्टवंशमुख्यामगिरिव तेजस्वितादिगुणयुक्तः । श्रीविजयदेवसूरिः शास्तितमां तपगणं सुगुणः ॥ ६ ॥

સ્યાદ્વાદરૂપી નાવથી જૈનાગમ રૂપી સમુદ્રને તરી ગયા (૬), તેમની પટ્ટીય પાટે ગુરુભક્ત થઈને જેવું સૂરિ પદ સુલભ કર્યું છે એવા વિજયદેવ સૂરિ તપ ગચ્છમાં ઉજ્જ્વલતાના સાગર સમાન હાલ વિદ્યમાન છે—જયવંત વર્તે છે, પછી ગગનમાં ચન્દ્ર શું કામ છે? (૭)

‘(વળી) શ્રી આનંદવિમલ સૂરિના શિષ્ય શ્રી ધર્મકુશલ નામના ઉપાધ્યાય ગુણરૂપ (ક્ષેમ) મતને અંગના મેરુની પેઠે તદ્દન નિર્મલ થયેલા થયા (૮), તેમના મુખ્ય શિષ્ય ચારુચંદ્ર નામના વાચકવર થયા કે જેમણે ઉત્તમ વિદ્વાનોને પીવા યોગ્ય એવું વચન રૂપી અમૃત ચન્દ્રની પેઠે વરસાવ્યું (૯), તેમના અનુશિષ્યોમાં મુખ્ય શિષ્ય શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાય ઉત્તમ ગુણોથી યુક્ત અને શ્રી જિનશાસનના પ્રભાવક થયા કે જેઓ શ્રી જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિની વૃત્તિ રચવામાં ચતુર હતા અને જેમની બુદ્ધિને બૃહસ્પતિ પણ તેમનો યશ વિશ્વમાં પ્રસિદ્ધ થયેલો હોઈ ઇચ્છે છે. (૧૦–૧૧)

‘આ ગુરુના સાગર ગુરુ (શાંતિચંદ્ર)ના જેવા પ્રસાદને પામીને વાચક રત્નચંદ્રે પરોપકારાર્થે આ અધ્યાત્મકલ્પદ્રુમવૃત્તિને તપગચ્છરૂપી આકાશમાં સૂર્ય જેવી કાંતિ ધરાવનાર હાલમાં વિદ્યમાન ગચ્છાધિરાજ વિજયદેવ સૂરિની આજ્ઞા લઈને રચી (૧૨–૧૩). સં. ૧૬૭૪ના વર્ષે શુક્લ વિજયદશમી (આશ્વિન શુક્લ ૧૦) દિને અધ્યાત્મકલ્પદ્રુમની લલિતવૃત્તિ મેં કરી. (૧૪), અધ્યાત્મશાસ્ત્રની એકાગ્ર ચિત્તથી સિદ્ધિ કરતાં જે પુણ્ય પ્રાપ્ત થયું તેવડે સંઘોમાં ઉત્તમ કલ્યાણપરંપરા દિને દિને અધિક પ્રવર્તો (૧૫), આ વૃત્તિને મત્સર તજી કુશલ લોકોએ શોધવી, ધર્મોપદેશ કરતાં વારંવાર વાંચવી, લખવી અને પ્રવર્તાવવી. (૧૬), આશરેથી અનુમાન બે હજાર અક્ષરો અને ઓગણીસ શ્લોકોથી અધિક પ્રમાણવાળી છે. (૧૭), પછી ગદ્યમાં જણાવે છે કે—આ રીતે અધ્યાત્મકલ્પલતા નામની અધ્યાત્મકલ્પદ્રુમની વૃત્તિ પૂરી થઈ. સંવત ૧૬૭૪ આશ્વિન શુક્લ દશમીએ શ્રી સૂરત બંદરે ઉપાધ્યાય શ્રી રત્નચંદ્ર ગણિથી અધ્યાત્મકલ્પલતાની રચના થઈ. શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર (૧), શ્રી સમ્યક્ત્વસપ્તતિપર સમ્યક્ત્વરત્નપ્રકાશ નામનો બાલાવબોધ (૨), શ્રી કલ્પસૂત્રપર બાલાવબોધ (૩), શ્રી હિતોપદેશ (૪)—એ ચાર (પ્રબંધો) ઉપરાંત સાથે શ્રી ભક્તામરસ્તવ (૧), શ્રી કલ્યાણમંદિરસ્તવ (૨), શ્રી દેવપ્રભોસ્તવ (૩), શ્રી ધર્મસ્તવ (૪), શ્રી મહાવીરસ્તવ (૫), શ્રી કૃપારસકોશ (૬), શ્રી નૈષધમહાકાવ્ય (૭), શ્રી રઘુવંશમહાકાવ્ય (૮)—એ આઠ પરની આઠ વૃત્તિઓરૂપી આઠ

સંગ્રહના શ્રીધર ભાંડારકરના કેટેલોગમાં અને જૈ. ગૂ. ક. ૧ પૃ. ૩૯૬માં જણાવેલ છે; પણ તેની હસ્તપ્રત નિર્ણયસાગર પ્રેસે કૃપા કરી ભાંડારકર ઇન્સ્ટિટ્યુટમાંથી મંગાવી આપવાથી તે જોતાં તે કૃતિ વિમલહર્ષ ઉપાધ્યાયના શિષ્ય પં. આણંદવિજયના શિષ્ય ધનવિજય-ધન્યવિજયે વિજયસેનસૂરિ રાજ્યે (સં. ૧૬૭૪ પૂર્વે) ડીસામાં રચી છે એમ સ્પષ્ટ જણાય છે; એટલે તે ધન્યવિજય આ ધનવિજયથી જૂદા છે, અને તે કૃતિ આ ધનવિજયની રચેલી નથી. આ ધનવિજયના ગુરૂબંધુઓ ઘણા હતા તે પૈકી લાભવિજયના શિષ્ય નયવિજયના શિષ્ય પ્રસિદ્ધ ન્યાયવિશારદ અને ન્યાયાચાર્ય યશોવિજય ઉપાધ્યાય થયા એ નોંધવા યોગ્ય છે.

શિષ્યમંડળ—તેમના શિષ્ય ગુણવિજય ને પ્રશિષ્ય રામવિજય ઉપર જણાવાઈ ગયા છે. તેમના બાંધવ વિમલવિજય હતા ને તે બંનેના શિષ્ય કીર્ત્તિવિજયના શિષ્ય જયવિજયે સં. ૧૭૩૪માં દશાડામાં જયવિજયકુંવર-પ્રબંધ ગૂજરાતીમાં રચ્યો. (જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પૃ. ૨૯૭) તે જયવિજયના શિષ્ય સુમતિવિજયના શિષ્ય રામવિજય સં. ૧૭૮૫માં રાજનગરમાં રચેલા શાંતિજિન રાસ તેમજ બીજી અનેક ગૂજરાતી પદ્યકૃતિઓના કર્ત્તા થયા. (જુઓ જૈ. ગૂ. ક. ૨ પૃ. ૫૪૬)

ટીકાકાર રત્નચંદ્રગણિ.

૧ પરિચય—આ રત્નચંદ્ર ગણિએ પોતાની ટીકાની અંતે પોતાનો પરિચય છેલ્લા ૧૭ શ્લોકમાં એ રીતે આપ્યો છે કેઃ "શ્રી મહાવીર પ્રભુની પાટ રૂપી કમલને સૂર્યરૂપ શ્રીમત્ સુધર્મા ગણધર થયા કે જે પ્રભુની વાણી હજુપણ પંડિતોના મુખમાં વાસ કરીને પ્રસરી રહી છે (૧), તેની પટ્ટ-પરંપરામાં જગચ્ચંદ્ર એ નામના પ્રસિદ્ધ સૂરિ થયા, કે જેમાંથી સાધુનો વિસ્તૃત ખ્યાતિવાલો ગણ તપા ગચ્છ એ નામથી પ્રસિદ્ધિને પામ્યો (૨), તેની પણ પરંપરામાં આનંદવિમલ સૂરિ થયા કે જે સાધુક્રિયામાર્ગનો વિકાસ કરવામાં જગતના જનોને આનંદકારક એવા સૂર્ય જેવા જણાયા. (૩), તેની પણ પાટે પ્રબલ પ્રતાપી વિજયદાન સૂરિ થયા કે જેમના ગુણોના રાશિ (ઢગલા)ને કવિઓ જલના રાશિ (સમુદ્ર) સાથે સરખાવે છે (૪), તેની પાટે પ્રાપ્તશ્રી એવા શ્રી હીરવિજય સૂરિ થયા કે જેમણે નરેંદ્રના દેવેન્દ્રે (અકબરે) કરેલી અદ્વિતીય પ્રતિષ્ઠાને નિરંતર પ્રાપ્ત કરી (૫), તેની પાટે યશસ્વી વિજયસેન સૂરિ થયા કે જેઓ ઉત્તમ ભાગ્યવાળા હોઈ

टीकाकार घनविजय-कृत गूज० कृतिओ

તેઓ સંસ્કૃત ભાષાના જ્ઞાતા અને બહુશ્રુત હતા એટલું જ નહિ પણ દેશભાષા-ગુજરાતીમાં પદ્યમાં ૭ કડીની વિજયસેન સૂરિપર સઝાય (ઐ. સઝાયમાળા પૃ ૧૨) ૩૭ કડીનું શત્રુંજયસ્તવન અને ૪ કડીની શત્રુંજયમંડનસ્તુતિ (કે જે અને અત્ર પ્રસ્તાવનાના પરિશિષ્ટમાં આપેલ છે). ગદ્યમાં પોતે રચેલ ગ્રંથ બાલાવબોધ પણ ઉપલબ્ધ થાય છે—(૧) ૭ કર્મગ્રંથ પર બાલાવબોધ સં. ૧૭૦૦માં ખંભાતમાં વિજયદેવ સૂરિના રાજ્યમાં રચ્યો.[1] અને તે કર્મગ્રંથ-સ્તબકની પ્રત પોતે સં. ૧૭૦૨ જ્યેષ્ઠ વદ ૧૦ શુક્રે દિને પરોપકારહેતુએ લખેલી છે અમદાવાદના વિજયનેમિ સૂરિ સંગ્રહ જ્ઞાનભંડારમાં છે. (પ્ર. સંગ્રહ પૃ ૨૨૨ નં. ૭૨૯) (૨) લોકનાલસૂત્ર પર ભાષાવૃત્તિ અર્થાત્ બાલાવબોધ સં. ૧૭૦૧માં કે ૧૭૦૫ પહેલાં રચેલ છે. પીટર્સન રીપોર્ટ ૩, પૃ ૨૯૬માં નોંધેલ તે કૃતિનો રચના સંવત્ ગુરુ (?) આપે છે,[2] પણ તેમાં વિજયસિંહ સૂરિ સહિત વિજયદેવ સૂરિના રાજ્યમાં 'શશિ વારિધિ શશિ સંખ્ય' વર્ષમાં ભાદ્રપદ માસમાં ગુર્જરત્રા-અમદાવાદમાં રચના કરી એમ જણાવેલું છે ને ઉક્ત વિજયસિંહ સૂરિ સં. ૧૭૦૯માં સ્વર્ગસ્થ થયા, તેથી તે પહેલાં રચેલ એ નિર્વિવાદ છે. અને લાગે છે કે સંવત્ ઉતારતાં ગુરુ લોપ એમ જણાયું છે, પણ તે ગુરુ નથી. તે સં. ૧૭૦૧ બરાબર સૂચવે છે, (૩) કર્પૂરપ્રકરણપર સ્તબક (રબો—બાલાવબોધ). તેની ૩૬ પત્રની પ્રત લીંબડી ભંડારમાં છે. ધનવિજયની કૃતિ તરીકે હરિવેણુ મોહનસૂરીશ નં. ૩૧૪ પાને ૧૮૮૨-૮૩ના સરકારી

१ संयमशशिमित वर्षे मासे शितश्चिय पक्षे । श्री स्तम्भतीर्थे लिपी नगरे कोयलक पार्श्वयुत ॥ १ ॥
श्रीविजयदेवसूरीश्वरराज्ये मागसुन्दरभविये । कर्मग्रन्थानाम् बोधगिरा लिखु लिखितोऽर्थः ॥ २ ॥
[illegible] धनविजयेन बोधगतिर्गुणसदे ॥ ३ ॥
[illegible] ॥ ४ ॥

—જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ ૧૧૧૨

२ लोकनालसूत्रस्य [illegible] । धनविजयेन [illegible] ॥ १ ॥
श्रीविजयदेवसूरीश्वरराज्ये विजयसिंहसूरियुत । शशिवारिधिशशि संख्ये वर्षे वर भाद्रपदमासि ॥ पी. ३, २९६

તેમણે તપગચ્છાધિપતિ વિજયદેવસૂરિના રાજ્યમાં રાજનગરના ઊષ્માપુરમાં-ઉસમાન પરામાં સં. ૧૬૯૯ પૌષ માસમાં પુષ્ય નક્ષત્રે ૧૦૮ શ્લોકમાં આભાણક-શતક સંસ્કૃતમાં રચેલ છે. આભાણક એટલે કહેવત, ઉખાણું. એવી સો એક કહેવતોનો ઉપયોગ ધર્મોપદેશ-લેશ તરીકે તે શતકમાં છે. ગૂર્જર કવિઓમાં સં. ૧૫૯૫માં શ્રીધરે રાવણ મંદોદરી સંવાદમાં, સં. ૧૬૦૦ લગભગ માંડણે પ્રબોધબત્રીશીમાં અને ૧૮મા શતકમાં શામળભટ્ટે અંગદવિષ્ટિમાં ગૂજરાતી કહેવતોનો ઉપયોગ કર્યો છેઃ દા. ત.

सूर्यं प्रति रजः क्षिप्तं स्वचक्षुपि पतिष्यति । गुरुं प्रति कृतावज्ञा सा तथा तस्य भाविनी ॥ —આભાણકશતક શ્લોક ૪૨

—જેમ સૂર્ય પ્રત્યે ફેંકાયેલી ધૂળ પોતાની આંખમાં પડે છે, તેમ ગુરુ પ્રત્યે કરેલી અવજ્ઞા તેજ પ્રમાણે તેવા ભાવવાળી-પોતાની અવજ્ઞારૂપ બને છે.

રાવણ—રજ સૂરિજ સાહમીં મ૦ નાંખિ, અબલા! ધૂલિ ભરાશિઈ આંખિ. —રાવણ-મંદોદરી-સંવાદ ૭૪૭ પૃ. ૧૦૫

मर्दयित्वोदरं तेन शूलमुत्पादितं स्वतः । विधाय संगतिं मूढैः सम्यक्त्वं मलीनीकृतं ॥ —આ. શ. શ્લોક ૪૮

—મૂઢ-મિથ્યાદષ્ટિ મૂર્ખ સાથે સંગત કરીને સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન મલીન કરવું તે સ્વતઃ પેટ ચોળીને શૂળ ઉત્પન્ન કરવા જેવું છે.

મંદોદરી-વીજુ વીઢાંણુનિ વનરાય, ઉર ફાડીનિ અલગા થાય; અહિલપતિ જે ગિલશિ શૂલ, પેટ મિસલી ઉપાયૂં શૂલ. રા. મં. સં. ૬૭૮ પૃ. ૮૬

વિધિ પખિ હોમ કર્યા નરિ ઘણા, જાણ્યૂ પીર હશિ આપણા; સબલ અરઈ સાધના કરી, તે ચેઘ થયા સામ્હા ફરી.

વિણુ કિરિયા વિણુ હુઈ મૂલ, પેટ ચોલી ઊપાયૂં સૂલ. —પ્રબોધબત્રીશી ૧ ભક્તિ બીશી ૮ પૃ. ૨

આ નાનો ગ્રંથ આગમોદયસમિતિ નં. ૪૯માં મુદ્રાંકિત થઈ બહાર પડ્યો છે અને તેના શ્લોક ૧૦૫નું ગૂજરાતી ભાષાંતર હમણાંજ 'જૈનધર્મપ્રકાશ'ના સં. ૧૯૯૭ના વૈશાખ માસના અંકના પૃ. ૬૫ થી ૭૨માં પ્રકટ થયું છે.

श्री अध्या. धनवि. रत्न० वृत्ति. ॥ २१ ॥

ग्रन्थसारादि-परिचय

टीकाकार धनविजय संशोधक ने ग्रन्थकार

શ્રી દેવવિમલ ગણિએ વિજયદેવ સૂરિના સમયમાં હીરસૌભાગ્ય મહાકાવ્ય સ્વોપજ્ઞ ટીકા સહિત (સં. ૧૬૭૨ ને ૧૬૮૫ વચમાં) સ્થાને પૂર્ણ કર્યું તે પણ આ ધનવિજય ગણિએ શોધ્યું.[1]

૩ ધર્મસાર—અધ્યાત્મકલ્પદ્રુમ પરની ટીકા તેમણે રચી. (પત્ર ૭૮ વ. સી. ૧૯૧૫ નં. ૪૪૫ દેવચંદ લા. પુ. સુરત) રચનાસંવતનો કે ગચ્છ-નાયકનો ઉલ્લેખ અંતે કરેલો નથી; અનુમાનથી એમ કહી શકાય કે તેમણે ઉપર્યુક્ત ગ્રંથ પછી [illegible] ટીકા રચેલ છે એટલે સં. ૧૬૭૭ માં વાચકપદ મેળવનાર અને આ ટીકાકાર અને એક હોય તો તે પછી આ ટીકા રચી અનુમાન ત્યારે સ્વર્ગસ્થ ગણિએ તે પર ટીકા સં. ૧૬૭૭ માં રચી છે તો તે ટીકા પછી તેની અપેક્ષાએ વિસ્તૃત એવી ધનવિજયની ટીકા રચાઈ હોય—એમ અનુમાન થાય છે. અને એક બીજાથી સ્વતંત્ર ટીકા લાગે છે

---

(१) श्रीमत्कल्याणविजयपण्डितमौलीनामीनिदेशात् । शिष्यो श्री धनविजयैर्गणिकल्पद्रुमसच्चैतन्यौ ॥ ३ ॥
कल्पप्रदीपिकायाः प्रतिरेषा शोधिता चिरं जयतु । सत्कर्मसुप्रभावविबुधैरेव संशोध्या ॥ ४ ॥
—ग्रंथाग्रं ३३०० । संवत् १६८० वर्षे [illegible] कल्पप्रदीपिका [illegible] ।—

(२) संवति [illegible] धनविजयाभिधगणिरमितिमुपतेने । [illegible] १६८० ॥ ७ ॥
એમ જણાવી પછી ઉપરના બે શ્લોક છે.

(३) संवति विक्रमदेव [illegible] १६८१ ॥
એમ જણાવી પછી ધનવિજયગણિ [illegible] બે શ્લોક ઉપરના મુજબ છે. સં. ૧૭૧૪ વર્ષે શુ. ૧૫ [illegible] —એમ જેવા [illegible] ટીકાકારના પ્રતિમાં લખેલી પ્રતિમાં છે. ટીકાની શરૂઆતમાં [illegible] તેમાં પણ આ પ્રમાણે છે ને નિર્દેશમાં કહ્યું છે કે 'એનો પ્રથમાદર્શ દેવવિજય ગણિએ લખ્યો.'

१ कल्याणविजयपण्डित [illegible] । [illegible] धनविजयाभिधपण्डित [illegible] ॥ ११ ॥

—हीरसौभाग्यमहाकाव्ये प्रशस्तिः

॥ २१ ॥

ને સિદ્ધપુર આવ્યા, ત્યારે પાટણમાં વિરાજેલા વિજયદેવસૂરિએ અખજી મહેતા વગેરે શ્રાવકોને ધનવિજય સાથે સિદ્ધપુર મોકલ્યા, ને તેમને પાટણ આવી વાચકપદ લેવા કહ્યું. આ લાલચમાં સિદ્ધિચંદ્ર પડ્યા નહિ ને પરબારા અમદાવાદ ગયા. ત્યાં ઉપાધ્યાયો અને મુનિઓએ મળી રામવિજય પંડિતને સૂરિપદ આપી વિજયતિલક સૂરિ નામ આપ્યું. સં. ૧૬૭૩ પોશ શુદિ ૧૨. ને તે સમયમાં ધનવિજય પંડિતને વાચકપદ આપ્યું. ઉક્ત સૂરિ સ્વર્ગસ્થ (સં. ૧૬૭૫ મા) થતાં તેની ગાદીએ આવેલ વિજયાનંદસૂરિએ મેવાડમાં વિહાર કર્યો ત્યારે તેમની સાથે આઠ ઉપાધ્યાયો પૈકી ધનવિજય વાચક પણ હતા. (જુઓ વિજયતિલકસૂરિ-રાસ). આ ધનવિજય અને આપણા ટીકાકાર ધનવિજય બંને પ્રાયઃ એક હોય; અને તેમ હોય તો એમ લાગે છે કે મૂળ હીરવિજય સૂરિના દીક્ષિત શિષ્ય, પછી કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય તરીકે, પછી તે ઉપાધ્યાયના સ્વર્ગવાસ પછી વિજયદેવ સૂરિની આજ્ઞામાં, પછી વિજયતિલક સૂરિની આજ્ઞામાં, રહી વાચકપદ મેળવ્યું, ને વિજયતિલક સૂરિના સ્વર્ગવાસ પછી તેમના પટ્ટધર વિજયાનંદ સૂરિની સાથે રહ્યા, ને પાછા વિજયદેવસૂરિની આજ્ઞામાં રહ્યા લાગે છે, કે જેમનો નામોલ્લેખ પોતાના રચેલા છ કર્મગ્રંથપરના તેમજ લોકનાલસૂત્રપરના બાલાવબોધમાં કર્યો છે.

૨ સંશોધક—શ્રી વિજયસેન સૂરિના પાદસેવી-શિષ્ય પ્રાજ્ઞ સંઘવિજયગણિએ કલ્પસૂત્ર પર કલ્પ-પ્રદીપિકા નામની ટીકા સં. ૧૬૭૪ (વેદાદ્રિ-રસ-શીતાંશુ મિતાબ્દે વિક્રમાર્કતઃ) માં રચી, તેને આ ધનવિજય ગણિએ શોધી. આની બે પ્રતિઓ ભાંડારકર ઓ. ઇન્સ્ટિટયુટમાં છે તેમાંની એક સં. ૧૬૮૦ આશ્વિન શુકલ પ્રથમા સોમવારે લખેલી છે, અને બીજી પ્રતિમાં શ્લોકમાં જણાવ્યું છે કે 'સંપ્રતિ તેના (વિજયસેન સૂરિના) પટ્ટધર વિજયાનંદ સૂરિના રાજ્યમાં વિજયપ્રમોદ કરનારી સં. ૧૬૮૦ માં શોધી.') ત્રીજી પ્રતિ ખેડા ભંડારમાં મળે છે તેમાં એમ છે કે 'સંપ્રતિ વિજયદેવ (સૂરિ) ના રાજ્યમાં સં. ૧૬૮૧ માં શોધી.' અને ચોથી લીંબડી ભડારમાં છે. વિજયદેવ સૂરિ અને વિજયાનંદ સૂરિ-એ બે સૂરિઓ તત્કાલે વિદ્યમાન હોઈ સાગરમતના ઝઘડાને પરિણામે હોંસાતોસીમાં આમ ફેરફાર જોવામાં આવે છે.[1]

---

૧ ભાંડારકર ઈ. ની બે પ્રતિમાં શ્રી કાપડીઆ કૅટેલૉગ ૧, પૃ. ૧૧૫ ને ૧૧૭. એમ છે કેઃ—

श्री भक्ता. धनवि. स्त० वृत्ति.

॥ ३० ॥

ઉપાશ્રયો હતાં તે છોડાવ્યા, અને તેમને આવકો પાછી અનુક્રમે જિનબિંબ અને સાધુઓ સહિત કરાવ્યાં (જુઓ પદ્મસાગર કૃત 'જગદ્ગુરુ કાવ્ય, શ્લોક ૧૯૯).[1]

સં. ૧૬૫૦ (૪૦) ચૈત્ર પૂર્ણિમા દિને શ્રીહીરવિજય સૂરિના ભક્તિથી આનંદિત થઈ બાદશાહ અકબરે શત્રુંજયની યાત્રાએ જનાર સઘળા મનુષ્યો પાસેથી મસ્તકકર (માથાવેરો-મુંડકો) લેવાનો નિષેધ કર્યો છે તે જ દિવસે તે સૂરિના શિષ્ય શ્રી વિમલહર્ષ ગણિએ 'મુનિ-શતદ્વય પરિકર સહિત' શ્રી શત્રુંજયની યાત્રા કરી હતી અને તે વખતે મુનિઓમાં પં. દેવહર્ષ ગણિ, આ પં. ધનવિજય ગણિ, પં. જયવિજય ગણિ જસવિજય-હંસવિજય ગણિ મુનિ (વે)લાદિ હતા (શ્રી જિનવિજય સંપાદિત પ્રાચીન-જૈન-લેખ-સંગ્રહ ૨ લેખાંક ૧૪)

શ્રી જયાનંદ સૂરિએ રચેલ સાધારણજિનસ્તોત્રની અવચૂરિ સહિતની પ્રત જૈનાનંદ પુસ્તકાલય સુરતમાં છે તેમાં અંતે 'संवत् १६६५ वर्षे श्री राजनगरे पंडितपुरंदर पं० श्री कमलविजयगणिशिष्येण श्रीविजयगणिना पंडित श्री धनविजयगणि-वाचना लिखितं' એમ જણાવ્યું છે (પ્ર. સં. પૃ ૧૦૭ નં. ૯૯૮) તો તે ધનવિજય તે આપણા ધનવિજય લાગે છે અને કમલવિજય તે ધનવિજયના સંસારી સહોદર જણાય છે.

વિજયદેવસૂરિ સાગર મતમાં ભળતાં ઉપસ્થિત થયેલ ઝઘડામાં ધનવિજયજીએ જે ભાગ લીધો છે તે કંઈક શાન્ત અને ક્ષેમ લાવે તેવો એમ જણાય છે. વિજયતિલકસૂરિ-રાસપરથી જણાય છે કે વિજયસેનસૂરિએ ખંભાતમાં સં. ૧૬૭૧ (હિંદી ૧૬૭૨) જેઠ વદિ ૧૧ દિને સ્વર્ગવાસ કર્યા પછી વિધાનગરથી વિજયદેવસૂરિ પાટણ ગયા ને ત્યાંથી ધનવિજયને, અમદાવાદથી નેમિસાગર ને લબ્ધિસાગરને બોલાવવા મોકલ્યા હતા. ધનવિજયે અમદાવાદ આવી નેમિસાગરને ખંભાત મોકલ્યા ને પોતે લબ્ધિસાગર સાથે પાટણ આવ્યા. સં. ૧૬૭૨ માં મકરબખાન ગુજરાતનો સૂબો થયો તે વખતે તે ખાન લાહોરથી અમદાવાદ આવતાં સિદ્ધિચંદ્ર કવિ પણ સાથે અમદાવાદ આવવા નીકળ્યા

---

1 [illegible] विजयधनविजयाभिधानौ गुरुभक्तिशालिनौ ।
[illegible]
આમાં જણાવેલ ધનવિજય અને જણાવેલ મહા ધનવિજય એક જ છે એમ લાગે છે

ग्रन्थकारादि-परिचय

टीकाकार धनविजय

॥ ३० ॥

આ પરથી સ્પષ્ટ છે કે ધનવિજય પણ મૂળે હીરવિજય સૂરિના દીક્ષિત શિષ્ય હતા અને તે સૂરિના વિશ્વાસપાત્ર હોઈ પ્રધાનપદ ભોગવતા હતા, ને તેમની પાસેથી પંન્યાસ-પંડિતપદ મેળવનાર હતા.

આ ધનવિજય પ્રાજ્ઞે અકબર બાદશાહનાં ફરમાન મેળવીને મેડતામાં સ્વગુરૂ હીરવિજય સૂરિનો અને પોતાનો મહિમા બતાવ્યો—ત્યાં જૈન મંદિરો પર મ્લેચ્છો કર લેતા તેમાંથી તેને મુક્ત કરાવ્યાં અને ત્યાં જૈનોને વાજાં વગાડવાનો નિષેધ હતો તે વગાડવાનું કરાવ્યું. [તેમના મુખ્ય શિષ્ય ગુણવિજયના શિષ્ય રામવિજયના પુણ્યાર્થે વિશેષાવશ્યકવૃત્તિની ૨૮૩૫૫ ગ્રંથાગ્રની ૪૯૩ પત્રની (ગો. ના. સંગ્રહની) પ્રતને જ્ઞાનકોશમાં મૂકી હતી તે તેની પ્રશસ્તિ પરથી જણાય છે.[1]]

તેવી રીતે અકબર બાદશાહ પાસેથી હસ્તલેખિત ફરમાન લાવીને ધનવિજયે સૂરત આદિ નગરમાં મોગલાશ્રિત જિનમંદિર અને

હીર સોમ ત્રીજો ધનવિજે, ભાણુવિજય ચોથો તો ભજે; છાનો સોય રહ્યો નરખીહ, ત્રણ્ય પુરૂષ ચાલ્યા જિમસીહ. (હીર. રાસ પૃ. ૧૭૪)
ઉત્તર નરતો આપતો, કરતો હીર સબાબ; જગડુસાહ મુંકાવિઓ, બૂઝવ્યો ઘણું નબાબ. (હીર. રાસ પૃ. ૧૭૫)

—આ ઉતારા ભરૂચની સં. ૧૮૨૫ ની હીર. રાસની હસ્તપ્રત સાથે સરખાવી લીધા છે.

१ श्री हीरविजयसूरीश्वरचरणांभोजभृंगराजनिभ. । यो धनविजयः प्राज्ञोऽभूद् भुवि विख्यातवरकीर्त्ति. ॥ १ ॥
साहिअकब्बरपार्श्वादानीय सत् स्फुरन्मानान् । यो मेडताख्यनगरं प्रभावयामास पुण्याढ्य ॥ २ ॥
श्री हीरगुरुमहिम्नः स्वप्रभया यस्तु मित्रसमदीप्तिः । तत्र च जैनविहारान् म्लेच्छकरान्मोचयामास ॥ ३ ॥
जैनाग्रे प्रतिषिद्धान्यपि दस्युभिरेव मेडतानगरे । यः पंचशब्द-भूषित-वादित्राणि प्रवादयामास ॥ ४ ॥
तच्छिष्यु गुणविजयाह्वस्सुधीस्सुधीमंडलीषु यो मुख्य· । चित्कोशेऽमुंचदिमां तच्छिष्यु रामः प्रतिं पुण्यां ॥ ५ ॥

श्री अध्या. धनवि. रास० वृत्ति.

॥ २९ ॥

હતા તે પૈકી તે એક હતા.[1] અકબર શાહ પાસે શાહી તળાવમાં મચ્છવધ બંધ કરાવવામાં તે સૂરિને આ ધનવિજયનો સાથ હતો.[2] હીર સૂરિ ખંભાતમાં ચોમાસું હતા ત્યારે ત્યાંના હબીબુલ્લા નામના ઓજાએ તે સૂરિને ગામ બહાર કઢાવ્યા હતા, એટલે ધનવિજય અકબર શાહ પાસે જઈ શાંતિચંદ્ર ઉપાધ્યાય દ્વારા તે ઓજાને સખત નસીહત કર્યું ફરમાન મેળવી ખંભાત આવ્યા ત્યાં તેને પંડિતપદ આપવામાં આવ્યું. સં. ૧૬૪૭[3] સં. ૧૬૪૮ માં હીર સૂરિ અમદાવાદ આવ્યા ત્યારે ત્યાંના સૂબા આજમખાને તેમને ઘણું માન આપ્યું, તે વખતે ધનવિજય આજમખાનને મળ્યા હતા ને શત્રુંજય ને ગિરનારની માગણી કરી હતી;[4] તેણે સોરઠ જઈ આવ્યા પછી હું કરીશ એમ કહ્યું પછી સત્તા જામ સાથે લડાઈ કરી નવાનગર લૂંટી ને છોડી, જૂનાગઢ છોડી આજમખાન અમદાવાદ આવી તુરત જ હીર સૂરિને પણ સાથે આવી મળવા જણાવ્યું. એટલે હીર સૂરિ, સોમવિજય ને ધનવિજય તે ખાનના મહેલમાં જઈ મળ્યા-ધર્મ-વાર્તાલાપ પછી ત્યાં ખાનમાં રહેતાં પોતાના ઘણાક જન્તુઓને કેદ કર્યા હતા તેને છોડવાની માગણી કરી; અને તેણે તે સ્વીકારી તે સઘળાને છોડી મૂક્યા.[5]

ग्रन्थकार-रवि-परिचय

टीकाकार धनविजय

---

૧ લાભવિજય મહિમા ને મુનિસિંહ, ધનવિજય મોટો અતિ સિંહ; પુણ્યવિજય ને જયવિજય જોઈ અનેક સાધ વડી બુદ્ધિ જોઈ. (હીર. રાસ પૃ. ૧૦૮)

૨ તેણે રાખ્યું મુનિ ધનવિજય, વીચ ઇલિયાર ત્યાંહિ ડાબર તલાવ જાળી કરી, ત્યાંહ મચ્છ જીવ્યા ત્યાંહિ. (હીર. રાસ પૃ ૧૨૮)

૩ ધનવિજય ધીરજનો ધીરી, અકબર પાસે જાય, શાંતિચંદ્ર મુનિને તે મળીઓ, વાત સઘળી કહાય.
અરજ કરી અકબર શાહને, મુંછડો સબળો જોયે; દયાળુ પાદશાહી ભારી, વાત ભલી સાંભળે × × ×
કરી ફરમાન આપ્યું મુનિવરને, ધનવિજય લેઈ આવે, ખાતર ઘણું ઉદ્યમ નર સહુએ, સહુ ઓજાને દાવે. (હીર. રાસ પૃ ૧૬૭)

૪ ધનવિજય પંડિત પદવી લેહ, ફરમાન લાવ્યો તે મહિમા એહ; સંવત સોળ અડતાળીસો જાણ, આજમખાન આવે ગોરવ ખાન.
ધનવિજય મળિયો તબ જઈ, કહે હીર હૂવા ગુજરાત સહી. × × × ધનવિજય બોલ્યો તેણીવાર, માંગ્યો શેત્રુજ ને ગિરનાર. × × ×
(હીર. રાસ પૃ ૧૭૦ અને ૧૭૩)

૫ કહું અવસર નર આજમખાન, આવ્યો તેણે પુણ્યનિધાન, સુલતાને હીરનું ચાહી ચડી, તીન બંદિક આગ્યો ભલી.

॥ २९ ॥

જૈન ઐતિહાસિક રાસમાળામાં પ્રકટ થયેલ તેમના જ શિષ્ય જયવિજયે તેમની જ હયાતીમાં સં. ૧૬૫૫ આસો શુ. ૫ ને દિને રચેલો કલ્યાણ-વિજયગણિ-રાસ, અને શિષ્ય પરિવાર માટે જુઓ જૈનસ્તોત્રસંદોહ ભાગ બીજો-પ્રસ્તાવના પૃ. ૧૨૨ થી ૧૩૨) તેઓ સં. ૧૬૫૭ સુધી હયાત હતા એમ શ્રી વિજયતિલક સૂરિ રાસની પ્રસ્તાવના પરથી જણાય છે. તેમનો સ્વર્ગવાસ ક્યારે થયો તે જાણી શકાયું નથી. વિદ્વાન્ શિષ્યસમુદાય બહોળો હતો અને તેમાં આપણા આ ટીકાકાર ધનવિજય પણ એક સમર્થ વિદ્વાન્ શિષ્ય હતા. આ ધનવિજયના તે ગુરુની પાદુકા શત્રુંજયની તલેટીમાં ત્રણ થુભમાંની એક થુભમાં છે. (હીર. રાસ પૃ. ૨૦૦)

ઋષભદાસના સં. ૧૬૮૫ માં રચેલા ને આનંદકાવ્ય મહોદધિ, મૌ. ૫ માં છપાયેલા હીરવિજય સૂરિ રાસના આધારે જાણી શકીએ છીએ કે-ઉપર્યુક્ત હીરવિજય સૂરિએ સ. ૧૬૩૧ માં અમદાવાદમાં એક સાથે અઢાર જણને દીક્ષા આપી હતી તેમાં ધનવિજય નામના સાધુ પણ હતા કે જેમની સાથે તેમના બે ભાઈ (કમલ અને વિમલ) તથા તેમના માતા પિતાએ પણ દીક્ષા લીધી હતી;[1] ઉક્ત સૂરિ અકબર બાદશાહના નિમંત્રણથી ફતેપુર સીકી સં. ૧૬૩૯ જેઠ વદિ ૧૩ ને દિને તેના દરબારમાં પ્રથમ ગયા ત્યારે તેમની સાથેના ૧૩ સાધુઓ પૈકી તે સૂરિના પ્રધાન (દીવાન) સમાન આ ટીકાકાર શ્રી ધનવિજય હતા, એટલે જે અનેક પંડિતો વિહાર કરતા સાથે આવ્યા

वर्षे चैत्र सुदि द्वितीया तिथौ श्रीमज्जंबूसरमहानगरे । सुविहितसाधुशिरोमणि श्रीविजयसेनसूरीश्वर-शिष्य भट्टारक श्रीविजयतिलकसूरिविजयराज्ये ॥—આમાં જણાવેલા સૂરવિજય ને આ ટીકાના શોધક સૂરવિજય એક લાગે છે, જો કે ટીકામાં સૂરવિજયને સુમતિવિજયના શિષ્ય કહેલ છે ને આમાં પ્રશિષ્ય કહેલ છે. આ લેખક સૂરવિજય માટે મેદનીપુર (મેડતા) માં સપ્તપદાર્થીની પ્રત સં. ૧૬૬૨ માં લખાઈ (પ્રશસ્તિ સંગ્રહ પૃ. ૧૬૭). સુમતિવિજય મૂળ લોકા-ગચ્છના જિણદાસ ઋષિ કે જેણે તે ગચ્છ તજી હીરવિજય સૂરિની આજ્ઞા સ્વીકારવાથી તપાગચ્છમાં દીક્ષા લેતાં તેને ૩૮ ઉપાધ્યાયોએ સુમતિવિજય એ નામ આપ્યુ. સ. ૧૬૨૨ લગભગ (હીર. રાસ પૃ. ૪૧ ને ૪૨)

૧ ધનવિજય પંચ જણસ્યું તિહાં સંજમ લીએરે, કમળ વિમળ બે ભ્રાત; માત તાત ને સંયમ પોતે ,આદરે રે, જગ જોવાને જાત. × × × ×
ઇત્યાદિક મનુજ અઢાર. (હીર. રાસ પૃ. ૫૭)

શિષ્ય સૂરવિજયે પંડિત પદ્મ સાથે મળીને આ આખ્યાનકમણિકોશની પદવ્યાખ્યા-ટીકા શોધી છે અને તેને તેમના જેવા નિર્દોષ જનોએ દોષ વગરની ખરેખર કરવી ઘટે."

ગુરુ-મહોપાધ્યાય કલ્યાણવિજય તેજસ્વી અને પ્રભાવશાળી થયા. તેઓ હીરવિજય સૂરિના દીક્ષિત શિષ્ય હતા-વીસા પોરવાડ (હીર. રાસ પૃ. ૨૨૧) લાલપુરના હરખશાહને ત્યાં ભાર્યા પુરબાઈથી જન્મ સં. ૧૬૦૧ આસો વદિ ૫ શનિ, નામ કાકરશી, દીક્ષા સં. ૧૬૧૬ વૈશાખ વદિ ૨, ઉપાધ્યાયપદ સં. ૧૬૨૪ ફાગણ વદિ ૭ પાટણમાં હીરવિજય સૂરિએ આપ્યું. સં. ૧૬૩૪ માં શ્રીમાલી સંઘપતિ ઇંદ્રરાજે (જયપુરના) વૈરાટ નગરમાં બંધાવેલા ઇંદ્રવિહાર નામના જિનાલયમાં પ્રતિષ્ઠા કરી—જુઓ શ્રી જિનવિજયનો જૈન પ્રાચીન લેખ સંગ્રહ ૨ નં. ૩૭૮. વળી સત્યપ્રિયતાના બળે ઘણ વિવાદીના મધ્યસ્થપણામાં બ્રાહ્મણો સાથે વાદ કર્યો, જૈન ધર્મોમાં પ્રરૂપિત દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, ને રાજાને પ્રસન્ન કર્યો. તેઓ વ્યાકરણશાસ્ત્રમાં પારંગત થયા હતા. (હીર. રાસ પૃ. ૩૦૦ થી ૩૦૨) (વિશેષ માટે જુઓ મારી સંપાદિત કરેલી

સૂરિને નામનું મહું આપવું રિપ્રોતિ દીક્ષા આપી નામ રામવિજય રાખ્યું પછી પંન્યાસપદ દીધું (હીર. રાસ પૃ. ૪૧, ૪૨, ૫૩, ૫૪) આ રામવિજય તીર્થે ઉલ્લેખેલ રામવિજય હોવા જોઈએ—

શ્રી હીરવિજયસૂરિના શિષ્યો મહો० વિમલહર્ષગણિ મહો० કલ્યાણવિજયગણિ મહો० સોમવિજયગણિ તથા લબ્ધિસાગરગણિ પ્રમુખ ગીતાર્થોએ મળીને જે મહો० ધર્મસાગર કૃત પ્રરૂપણા શોધી હતી તેનો પ્રસ્તાવ હીરવિજય સૂરિના શિષ્ય પં० રામવિજય ગણિની આજ્ઞાથી પં० જયવિજય ગણિએ લખ્યો હતો. વળી 'શ્રી તપાગચ્છીય પંડિત શ્રી રામવિજયગણિ-ચરણસેવી પંડિત શ્રી વિજયગણિએ' રઘુવંશી કુમારસંભવ મહાકાવ્ય પરની સંબોધિકાસરા નામની વ્યાખ્યા-ટીકા રચી છે, તો તે વિજય ગણિના ગુરુ રામવિજય ગણિ સંભવતઃ હીરવિજય સૂરિના શિષ્ય આ રામવિજય ગણિ હશે. (પ્ર. સં. પૃ ૩૦૬ નં. ૧૧૯૮).

૧ ગુજરાતી આખ્યાનની એક પ્રત (પ્ર. સંગ્રહ પૃ ૧૮૪)ની અંતે લેખકપ્રશસ્તિ એમ છે કે—લિ० च तपागच्छाधिराज भट्टारकपुरंदर भ० श्री हीरविजयसूरीश्वरशिष्यमहोपाध्यायश्री सुमतिविजय गणि शिष्य पंडितप्रकाण्डधुरंधर पंडित सिंहविजय गणि शिष्य पंडित श्री सूरविजय गणिभिर्लिपिकृत सं० १६७५

(૭) સંઘકલશ ગણિએ સં. ૧૫૦૫ માગશર માસે તલવાડમાં સમ્યક્ત્વરાસ (આણભાષામાં) રચ્યો (જૈ. ગૂ. ક. ૧, ૪૪) તેમાં તે પોતાને સોમસુંદર સૂરિ, મુનિસુંદર સૂરિ, જયચંદ્ર સૂરિ, વિશાલરાજ સૂરિ એ ચાર તપગચ્છ–ગુરુ તથા રત્નશેખર સૂરિ અને ઉદયનંદિ સૂરિને વંદી તે સર્વેનું શિષ્યત્વ સ્વીકારે છે.

(૮) અજ્ઞાત–તેમણે કલ્યાણમંદિર સ્તોત્રપર ગૂ૦ બાલાવબોધ રચ્યો (જૈ. ગૂ. ક. ૩, ૧૫૭૩)

(૯) શિવસમુદ્ર ગણિ કે જેના શિષ્ય પં૦ હેમમંગલ ગણિએ સં. ૧૫૧૭માં લખેલ પંચતંત્રની પ્રતિ પાટણના સંઘ ભંડારમાં છે.

(૧૦) શુભસુંદર ગણિ કે જેના શિષ્ય ચંદ્રધર્મ ગણિએ મંડલી નગરે પ્રાકૃત વ્યાકરણ–અષ્ટાધ્યાયની લખેલી પ્રત પાટણના ફોફલીયાવાડના ભંડારના દાબડા ૭૭માં છે.

(૧૧) વિશાલરાજ કે જેના શિષ્ય સુધાભૂષણના શિષ્ય જિનસૂરે ગૌતમપૃચ્છા પર ગૂ. માં બાલાવબોધ રચ્યો. (જૈ. ગૂ. ક. ૩, ૧૫૭૬)

ટીકાકાર ધનવિજયગણિ.

૧ પરિચય—આ ટીકાકાર પોતાનો પરિચય સંક્ષેપમાં આ ગ્રંથના દરેક અધિકારની પોતાની ટીકાની અંતે "શ્રી તપાગચ્છનાયક–ભટ્ટારક શ્રી મુનિસુંદર સૂરિએ રચેલા, તેમની પટ્ટ પરંપરામાં પ્રભાવક એવા પાતશાહ શ્રી અકબ્બરના પ્રતિબોધક–ભટ્ટારક શ્રી હીરવિજય સૂરિ શ્રી વિજયસેન સૂરિએ જેનો અર્થ વિચાર્યો છે એવા, (અને) સોળ શાખાવાળા. અધ્યાત્મકલ્પદ્રુમની અધિરોહિણી નામની ટીકા, સકલ શાસ્ત્રરૂપી કમલના પ્રદ્યોતન (સૂર્ય) એવા મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિના શિષ્ય ઉપાધ્યાય શ્રી ધનવિજય ગણિએ બનાવેલી છે."

ઉપરંત બે શ્લોકમાં પોતે જણાવે છે કે: "શ્રી હીરવિજય સૂરીશ્વરના શિષ્ય વિબુધવર રામવિજયે[1] અને શ્રી સુમતિવિજય વાચકના

---

૧ ખંભાતના શ્રીમાળી રત્નપાલ દોશીનો બાધા રાખવાથી થયેલ પુત્ર રામજી, તે ત્રણ વર્ષનો થયો ત્યાં માંદો પડ્યો. હીરસૂરિને વાંદવા બોલાવ્યા. તે સાજો થાય તો દીક્ષામાં દેવાની માતપિતાએ હા પાડી. આઠ વર્ષનો થયો તે વખતે તેને દીક્ષા દેવામાં બારે કોલાહલ થયો. સૂબા સિતાબખાન પાસે ફર્યાદ ગઈ.

શ્રી અધ્યા. કલ્પદ્રુ. સ૦ વૃત્તિ.

॥ ૨૭ ॥

શિષ્ય સોમચારિત્ર ગણિએ સંસ્કૃત પદ્યમાં રચેલ ગુરુગુણરત્નાકર કાવ્યમાં આપેલું છે કે જેનો સારભાગ મેં જૈન સાહિત્યના ઇતિહાસના પારા ૭૨૧ માં આપ્યો છે

(૨) હેમહંસ ગણિએ પોતાની સં. ૧૫૧૬ ની ન્યાયમંજૂષાવૃત્તિ (મુદ્રિત ય. ગ્રં. પી. ૪ પૃ ૧૭) ની પ્રશસ્તિમાં મુનિસુંદર સૂરિને પોતાના દીક્ષાગુરુ (જુઓ પત્ર ૧૪/૨ ટિ. ૫) સ્પષ્ટ જણાવ્યા છે. તેમના ગ્રંથો વગેરે માટે જુઓ મારો જૈન સાહિત્યનો ઇતિહાસ, પારા ૬૮૦, ૭૦૮, ૭૫૧, ૭૫૬ તેમ જ જૈ. ગૂ. ક. ૩, ૧૫૦૭

(૩) શુભશીલ ગણિ કે જેમણે અનેક ગ્રંથો રચ્યા છે (જુઓ જૈ૦ સા૦ ઇતિહાસ પારા ૬૮૮, ૭૫૨ ને ૭૫૪) તે પોતાને મુનિસુંદર સૂરિના શિષ્ય તરીકે પોતાની સં. ૧૫૦૯ ની ભરતેશ્વર બાહુબલી વૃત્તિ (પ્ર. દે. લા. પુ ૬૬) માં ઓળખાવે છે.[1] તેમણે સંસ્કૃતમાં પ્રબંધ કથા નામનો ગ્રંથ સં. ૧૫૦૪ (પયોધિ-ખેન્દુ-ભદ્ર પ્રમાણ સમયે) રચ્યો તેમાં પોતાના ગુરુભ્રાતાઓ—વિશાલરાજ સૂરિ, રત્નશેખર સૂરિ, ઉદયનંદિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર અને સોમદેવ ગણિ બતાવ્યા છે. તે રીતે એ બધા મુનિસુંદર સૂરિના શિષ્યો ગણાય. સં. ૧૫૨૨માં લક્ષ્મીસાગર સૂરિના ગચ્છનાયક-રાજ્યમાં તેમના પ્રસાદથી પુણ્યશ્રી-પ્રમોદ-સંબંધ નામના રચેલા ગ્રંથમાં ઉપર જણાવે છે કે 'પ્રથમ ઉલ્લાસ, ઇતિશ્રી સોમસુંદર સૂરિ-પટ્ટાલંકરણ શ્રી મુનિસુંદર સૂરિ શ્રી જયચંદ્ર સૂરિ-પટ્ટાલંકરણ-શ્રી રત્નશેખર સૂરિ-પટ્ટાલંકરણ શ્રી લક્ષ્મીસાગર સૂરિ શ્રી સોમદેવ સૂરિ શ્રી રત્નમંડન સૂરિ-શિષ્ય પં. શુભશીલ ગણિ-વિરચિત પુણ્યશ્રીશ્રમણિ ચતુષ્પદિકાયાં પ્રથમોલ્લાસઃ.' (વે૦ નં. ૨૦૨૦)

(૪) હર્ષસેન કે જેના શિષ્ય હર્ષભૂષણે સં. ૧૪૮૦ થી ૧૪૮૬ માં ગ્રંથો રચ્યા, તેમાં તે પોતાના ગુરુ તરીકે હર્ષસેન ઉપરાંત સોમસુંદર સૂરિ અને મુનિસુંદર સૂરિ તેમ જ ગુણિમદ્ર, જયચંદ્ર, ભુવનસુંદર અને જિનસુંદર સૂરિને પણ જણાવે છે (જૈ. સા. ઇ. પારા ૬૮૫)

(૫) જયસેન ગણિ—તેમણે ગુરુના જ્ઞાનનંદીકેવલિ-ચરિત્ર નામના ગ્રંથને ગુરુભક્તિથી પોતાની બુદ્ધિ પ્રમાણે શોધ્યો.

(૬) શુભવિમલે (?) સં. ૧૫૦૧ જેઠ શુદ ૪ ગુરુ દિને સુદર્શન શ્રેષ્ઠી રાસ પ્ર. માં રચ્યો (જૈ ગૂ. ક. ૧, ૪૨).

---

1 तपगच्छाधिप श्रीमन्मुनिसुन्दरसूरयः । तच्छिष्याः शुभशीलाख्याः सरसामिमां व्यधात् ॥

ग्रन्थकारादि-परिचय

ग्रन्थकारना शिष्यो

બાલપણુમાં પોતાનું નામ સાર્થક કર્યું. પ્રતિક્રમણસૂત્રવૃત્તિ, વીતરાગસ્તવ, શ્રાદ્ધવિધિ પ્રમુખ ગ્રંથ રચ્યા, અનેકને મુનિ-દીક્ષા, વાચકપદ, પંડિતપદનું પ્રદાન કર્યું અને જયચંદ્ર સૂરિના પટ્ટે તપગચ્છનાથ થયા.' તેમની કૃતિઓ માટે જુઓ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા ૬૪૯. તેમના પ્રતિષ્ઠા-લેખો સં. ૧૫૦૨ થી સં. ૧૫૧૭ ચૈત્ર શુ. ૧૩ સુધીના મળે છે. તેમાં જોતાં સં. ૧૫૦૭ થી ગચ્છેશ તરીકે તેમ જ 'તપાગચ્છેશ સોમસુંદર સૂરિ શ્રી મુનિસુંદર સૂરિ શ્રી જયચંદ્ર સૂરિ શિષ્ય શ્રી રત્નશેખર સૂરિભિઃ' એમ પણ તેમની ઓળખાણ આપેલી છે, અને છેલ્લા સ ૧૫૧૭ના લેખમાં મુનિસુંદર સૂરિના પટ્ટધર તરીકે જણાવ્યા છે; જ્યારે ધ. પ. માં સ્વર્ગવાસ-મિતિ સં. ૧૫૧૭ પોષ વદિ ૬ આપી છે, ત્યારે પ્રતિષ્ઠા-લેખ સ. ૧૫૧૭ ચૈત્ર શુ. ૧૩ નો મળે છે, તો તે વિચારવા જેવું છે. ચૈત્રાદિ હિંદી કે ગૂજરાતી વર્ષ ગણનાને લીધે આમ હોય. પોતાની સં. ૧૪૯૬ ની શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિની અને પોતાના સં. ૧૫૧૬ના આચારપ્રદીપ નામના ગ્રંથની અંતે સોમસુંદર-સૂરિના પાંચ શિષ્ય-સૂરિઓ—મુનિસુંદર સૂરિ, જયચંદ્ર સૂરિ, ભુવનસુંદર સૂરિ, જિનસુંદર સૂરિ, જિનકીર્તિ સૂરિ ગણાવી એ ગુરુઓના પ્રતાપથી તે કૃતિ રચી એમ કહેવા ઉપરાંત દર્શાવ્યુ છે કે ભુવનસુંદર સૂરિ કે જેની પાસે પોતાને ગુણરત્ન સૂરિએ વિદ્યા માટે મોકલ્યા હતા તે પોતાના વિદ્યાગુરૂ હતા, અને પોતાને સાધુરત્ન સૂરિએ બોધ આપી ઉત્તમ માર્ગે દોર્યા હતા.

૧૮ શિષ્યો—તેમના હસ્તદીક્ષિત શિષ્યોમાં પ્રસિદ્ધ શિષ્ય તરીકે (૧) લક્ષ્મીસાગર સૂરિ અને (૨) હેમહંસગણિ સ્પષ્ટ ઉલ્લેખાયા છે.

(૧) લક્ષ્મીસાગરને સં. ૧૪૭૦ માં છ વર્ષની વયે વડનગર પાસેના તેના ગામ ઉમાપુરમાં મુનિસુંદરજીએ મુનિદીક્ષા આપી હતી ને મુંડસ્થલમાં સ. ૧૫૦૧ માં વાચક પદવી આપી હતી. ઉક્ત વાચકપદવી પહેલાં સોમસુંદર સૂરિએ દેવગિરિવાસી મહાદેવ નામના શ્રીમત વણિકે મેવાડના દેલવાડામાં સં. ૧૪૯૬ માં પંન્યાસ (પંડિત) પદ આપ્યું હતું, અને ઉક્ત વાચકપદ પછી સં. ૧૫૦૮ માં જાપદ્ર (જાઉર) માં ઉદયનન્દિ સૂરિએ સૂરિપદ આપ્યું. રત્નશેખર સૂરિ સ્વર્ગસ્થ થતાં સં. ૧૫૧૭ માં ગચ્છનાયકપદ પ્રાપ્ત થયું. તેમના સ્વર્ગવાસનું ચોક્કસ વર્ષ ઉપલબ્ધ નથી થયુ. પ્રતિષ્ઠા-લેખો સં. ૧૫૫૦ સુધીના ઉપલબ્ધ છે. તેમના પટ્ટધર સુમતિસાધુ સૂરિ સં. ૧૫૫૧ માં સ્વર્ગસ્થ થયા એટલે તે પહેલાં તેઓ સ્વર્ગસ્થ થયા હશે જ. તેમનું ચરિત્ર તેમના સમયમાં સં. ૧૫૪૧ માં સોમદેવ સૂરિના શિષ્ય પં. ચારિત્રહંસ ગણિના

સરસ્વતી) એમ ઉચ્ચાર્યું તેથી તેમને તે બિરુદ પ્રાપ્ત થયું" એમ કહેલ છે.¹ ને સાથે જણાવ્યું છે કે તેઓ મુનિસુન્દરસૂરિની પાટે હતા. તેમણે સં. ૧૫૦૬ માં પ્રતિક્રમણવિધિ (મુદ્રિત પ્રો. ૪, ૨૦૭)—નામનું પુસ્તક રચ્યું તેમાં પોતાને 'ઇતિ શ્રીસોમસુન્દરગુરુશિષ્ય[illegible] શ્રીજયચન્દ્રસૂરિવિરચિતઃ શ્રીમત્તપાગચ્છે।' સોમસુંદર ગુરુના પટ્ટધર જણાવેલા છે. તેમની બીજી કૃતિ માટે જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૬૭૮. તેમના પ્રતિમા-લેખો સં. ૧૪૯૫ થી સં. ૧૫૦૬ સુધીના મળે છે તેમાં મુનિસુંદર સૂરિની હયાતીમાં—સં. ૧૫૦૩ સુધી તેમને 'તપા' જણાવેલ છે ને તે સૂરિની હયાતી બાદ તેમને 'ગચ્છનાયક' કહેલા છે, પણ પટ્ટધર તો સોમસુંદર સૂરિના જ જણાવેલ છે. તેમની પછી રત્નશેખરસૂરિ પટ્ટધર થયા, કે જેમને મુનિસુંદર સૂરિ પછીના ને તે સૂરિના પટ્ટધર તરીકે પટ્ટાવલીઓ ઓળખાવે છે [એ બે પદને એ ગચ્છનાયક હોય, તેમના તે આજ્ઞાંકિત હોઈ પૂર્વેના તથા વિદ્યમાનના પણ શિષ્ય તરીકે પોતાને ઓળખાવી શકે એ અનન્ય સંભવતું છે.]

(૨) રત્નશેખર સૂરિ—ધર્મસાગરીય પટ્ટાવલી પ્રમાણે જન્મ સં. ૧૪૫૭ ક્વચિત્ ૧૪૫૨, વ્રત સં. ૧૪૬૩, પંડિતપદ સં. ૧૪૮૩, વાચકપદ સં. ૧૪૯૩, સૂરિપદ સં. ૧૫૦૨, સ્વ૦ સં. ૧૫૧૭ પોષ વદિ ૬. સ્તંભતીર્થમાં બાંબી નામના ભટ્ટે 'બાલસરસ્વતી'² એવું બિરુદ આપ્યું. સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૦ શ્લોક ૧૩, ૧૪, ૧૭ થી ૨૦ માં કહેલ છે કે 'તેમણે બાલ્યપણામાં દક્ષિણના દિગ્ગજ વાદીઓને જીત્યા હતા. દેવગિરિ (દૌલતાબાદ)ના મહાદેવ નામે વ્યાપારી વણિકે તેમને વાચકપદ અપાવ્યું હતું. તેઓ ગચ્છનાયકની પદવી મેળવ્યા સુધી (સમસ્ત દશ વર્ષ સુધી) ભોગવીને સૂરિપદ-પંડિતપદ-મુનિપદ આપવાના, જિનમંદિર-પ્રતિષ્ઠાના, વ્રતારોપણ, યોગવિધિ આદિનાં અનેક શુભ કાર્યો કર્યાં છે.' ગુરુગુણરત્નાકરમાં સર્ગ ૬, શ્લોક ૪૬ થી ૧૦૦ માં એમ દર્શાવ્યું છે કે '(દક્ષિણના) બિદરપુરમાં મોટા પ્રમાણ સહુની મદ ઉતારી

---

१ [illegible] निर्जित्य [illegible] । [illegible] कृष्णसरस्वतीति ॥ ६१ ॥ [illegible] । श्रीमुनिसुन्दरसूरि[illegible] ॥ ६२ ॥ (गुरु)

૨ આ બિરુદની વાતને ટેકો એક આમ દેવવિમલગણિએ હીરસૌભાગ્ય કાવ્ય સર્ગ ૪ શ્લોક ૧૨૮ માં આપ્યો છે.

__૧૭ પટ્ટધરો.__ (૧) જયચંદ્ર સૂરિ—શ્રી મુનિસુન્દર સૂરિ ૪ વર્ષ લગભગ ગચ્છનાયક તરીકે રહ્યા ને સં. ૧૫૦૩ ના આરંભમાં સ્વર્ગસ્થ થયા પછી તેમની પાટ પર વિદ્યમાન જયચંદ્ર સૂરિ (સોમસુન્દર સૂરિના બીજા શિષ્ય-સૂરિ) વિરાજ્યા હતા સં. ૧૫૦૩; ને તેઓ ગચ્છનાયક સં. ૧૫૦૬ સુધી રહ્યા ને પછી સં. ૧૫૦૭ માં રત્નશેખર સૂરિ વિરાજ્યા એટલે સં. ૧૫૦૬ ને અંતે જયચંદ્ર સૂરિનો સ્વર્ગવાસ થયો હશે. સં. ૧૫૨૪ ના સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૦ શ્લોક ૪ ને ૫ માં જણાવ્યું છે કે "મુનિસુંદર સૂરિમાંથી-પછી જયચંદ્ર સૂરિ વિજયી થયા, કે જેમણે પોતાની વિસ્તરેલી અપાર વિદ્વત્તાથી 'કૃષ્ણ વાગ્દેવતા'-'કૃષ્ણ સરસ્વતી' એવું બિરૂદ ધારણ કર્યું. વળી જેમણે સોમસુંદર ગુરૂવર્યે આપેલા ગચ્છના ભારને પૃથ્વીના ભારને વરાહે વહ્યો હતો તેમ વહન કર્યો હતો અને મહાન્ અર્થવાળા કાવ્યપ્રકાશ સંમતિતર્ક વગેરે શાસ્ત્રો ઘણા શિષ્યોને ભણાવ્યાં હતાં."[1] (આ પરથી લાગે છે કે સોમસુંદર સૂરિ પછી જયચંદ્ર સૂરિ અને મુનિસુંદર સૂરિ બંને પટ્ટધર થયા હશે.) મુનિસુંદર સૂરિ સ્વર્ગસ્થ થયા પછી તે જયચંદ્ર સૂરિ અનન્ય પટ્ટધર થયા એ નિઃશંક છે. તેમનું 'કૃષ્ણસરસ્વતી' એ બિરુદ 'जगत्स्तुता कृष्णसरस्वतीति सद्यशःश्रियः श्रीजयचन्द्रसूरयः'। એ સ. ૧૪૭૯ ની કલ્પસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર અને નંદિસૂત્રની લખાયેલી પ્રતોની પ્રશસ્તિના શ્લોક પરથી જણાય છે (પં. લાલચંદ્ર સંપાદિત પાટણ સૂચિ પૃ. ૨૦૦, ૨૨૪, પ્રશસ્તિ સંગ્રહ પૃ. ૭૪, જિનવિજય સંપાદિત જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ પૃ. ૪૮) ધારણ કર્યાનું હેમહંસગણિ પોતાની સં. ૧૫૧૫ ની ન્યાયમંજૂષાની કૃતિની પ્રશસ્તિમાં ટેકો આપે છે;[2] જ્યારે સ. ૧૫૪૧ ના ગુરુગુણરત્નાકર કાવ્યમાં (૧, ૯૨), "તેમણે દક્ષિણના વાદિ-ભટ્ટોનો મદ તર્ક કવિતાની અક્ષત યુક્તિ પંક્તિથી ઉતાર્યો તેથી રાજાની સભા સમક્ષ તે વાદીઓએ આ તો 'કૃષ્ણસરસ્વતી' (સરસ્વતી દેવી શ્વેતવર્ણી છે, જ્યારે સૂરિ પોતે શ્યામવર્ણી હોઈ તે કાળા

---

१ तस्माद् बभूव विजयी जयचन्द्रसूरिर्भूरिप्रतापसविता स-वितानकीर्त्तिः । विद्वत्तया प्रथितयाऽमितयाऽत्र कृष्णवाग्देवतेति विरुदं गुरुर्यो दधार ॥
य. सोमसुन्दरगुरूत्तमदत्तभारं वराह इव मुख्य उवाह पृथ्व्याः । अध्यापयद् वितुषमंतिपदा महार्थ-काव्यप्रकाशवरसम्मतिमुख्यशास्त्रम् ॥

२ यस्य श्यामसरस्वतीति विरुदं विख्यातमुर्वीतले गुर्वी श्रीजयचन्द्रसूरिगुरुरप्याध्यात् प्रशस्तिं समे ॥

मो० अध्या० धन० पि० रत्न० हा०

॥ २५ ॥

ग्रन्थकारादि-परिचय

ग्रन्थकारनी कृतिओ

આ સંસ્કૃત ગ્રંથ પં. અમૃતલાલ અમરચંદ, પાલીતાણા દ્વારા સંશોધિત થઈ ભી. એમ. આનંદ કંપની દ્વારા સં. ૧૯૭૭માં પ્રકાશિત થઈ ગયેલ છે.

(આ પદ્મવિજય સંબંધી જુઓ મારી 'જૈન ઐતિહાસિક રાસમાળા'માં પદ્મવિજય નિર્વાણ રાસ, તથા તેમની ભાષાકૃતિઓ માટે જુઓ મારો ગ્રંથ નામે 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૩ પૃ ૭૩)

(૪) પુષ્પદર્શનસ્વરૂપ—આ નામનો ગ્રંથ મુનિસુંદરસૂરિકૃત છે અને તેની ૧૩ પત્રની સં. ૧૫૧૦ લખેલી પ્રત સરકારી સંગ્રહમાં—ભાંડારકર ઇન્સ્ટિટ્યુટ પૂનામાં વિદ્યમાન છે એમ કાથવટે-રિપોર્ટ નં. ૧૨૮૯માં જણાવેલું છે.

[શ્રીધર ભાંડારકરના 'ડેક્કન કૉલેજના ગ્રંથોના સન ૧૮૮૮ના કૅટૅલૉગ-સૂચીપુસ્તકમાં સને ૧૮૭૫-૭ના સંગ્રહના નં. ૧૭૪માં શાંતિનાથ ચરિત્ર (સંસ્કૃત)ના કર્તા મુનિસુંદર જણાવેલ છે તે તપા નથી વાસ્તે—મુનિસુંદર બદલે મુનિદેવ જોઈએ.

(૧) આવશ્યક-પાક્ષિક સપ્તતિ-સિત્તરી, (૨) અંગુલ સપ્તતિ-સિત્તરી, (૩) વનસ્પતિ સપ્તતિ-સિત્તરી, (૪) તપાગચ્છ પટ્ટાવલી (૫) શાંતરસરાસ (ગૂજરાતીમાં) એમ પાંચ ગ્રંથો શ્રી મોતીચંદભાઈએ વિશેષ જણાવ્યા છે તે મુદ્રિત નથી. આ પૈકી પ્રથમનાં બન્ને ગુરુ(?)રચના મુનિચંદ્ર સૂરિકૃત છે ને તેની પ્રત લીંબડી ભંડારમાં છે (જે લા. દ. પાસ ૪૪૪ ને એના પાસ ૧૦૭માં આ પૈકી પ્રથમનાં બે મુનિસુંદરસૂરિકૃત બે બતાવ્યા છે ત્યાં મુનિચંદ્રસૂરિકૃત સમજવાના છે.) તપાગચ્છ પટ્ટાવલી ગુર્વાવલી ઉપરાંત જૂદી પણ બનાવી છે, જે મળી શકે છે, એમ રા. મોતીચંદભાઈ કહે છે, પણ તે મારા જોવામાં આવી નથી. મારા ધારવા મુજબ બન્ને એક જ ગ્રંથનાં જૂદાં જૂદાં નામ છે ય તો ખરી રીતે આ ગુર્વાવલીને આધારે પાછળની તપાગચ્છ-પટ્ટાવલી રચાયેલી જણાય છે. તેમ જ શાંતરાસ ગ્રંથ મોરબી ભંડારમાં છે એમ સ્વ. મનસુખભાઈ કિ. મહેતાએ કહેલું હતું, પણ ત્યાંથી કે બીજે કોઈ સ્થળેથી મને તે જોવા મળી નથી. મને લાગે છે કે અધ્યાત્મકલ્પદ્રુમના અંત (અ. ૧૬, શ્લોક ૭)માં તેને 'शान्तरसभावनात्मा मुनिसुन्दरसूरिभिः कृतो ग्रन्थः ।' જણાવેલ હોવાથી અધ્યાત્મકલ્પદ્રુમનું બીજું નામ શાંતરસભાવના લેખી તેને જ શાંતરસ રાસ ગૂજરાતીમાં ભૂલથી ગણી લેવાયો લાગે છે.]

॥ २५ ॥

"અનુક્રમિ ગુરૂ ગચ્છપતિ જેહ, શ્રીમુનિસુંદર કહીઇ તેહ, એકાવનનઇ થાનકિ કહિયા, ખિમા-દયા-વિદ્યાવત લહિયા.
તિણુઇ ગુરૂઇ ગ્રંથ જે કીધા ઘણા, કહતાં પાર ન આવઇ તેહ તણા, શ્રી જયાનંદનું ચરિત જ સાર, કીધુ શાસનનઇ હિતકાર.
આઠ સહસ તે કીધુ વલી, તે વાંચઇ સહુઇ મનિ રૂલી."

અને ઓગણીશમા શતકમાં—સં. ૧૮૫૮ પોષ શુદિ ૧૧ દિને લીંબડીમાં ચોમાસુ રહી શ્રીસત્યવિજય ગણીના સંતાનીય પદ્મવિજયે ગૂજરાતી પદ્યમાં વિશેષ વિસ્તારવાળો રાસ રચ્યો કે જેની છેવટની પ્રશસ્તિના કલશમાં મૂલ ગ્રંથકાર સંબંધી એમ જણાવ્યું છે કેઃ—

"તસ પટ્ટે શ્રીદેવસુંદર સૂરિ ગુણવંતા ગુણરાગી છે, સોમસુંદરસૂરિ પાટ પંચાશમે, કિરિયાવંત વૈરાગી છે. ૪
મુનિસુંદર સૂરિ એકાવનમે, પાટે ગુણમય દરિયા છે, સહસાવધાની બાલપણાથી, તાર્યા જિહાં વિચરીયા છે. ૫
અધ્યાતમકલ્પદ્રુમ નામે, સંતિકરં જેણે કીધું છે, એકસો આઠ હાથનો કાગલ, લખિને ગુરૂને દીધો છે. ૬
એકસો આઠ વર્તુલિકાના રવ, ભિન્ન ભિન્ન ઓળખીયા છે, ઉપદેશરત્નાકર જેણે કીધો, 'વાદિ-ગોકુલ-સાંઢ' લખીયા છે. ૭
ઈત્યાદિક બહુ ગ્રંથના કર્તા, શ્રી જયાનંદચરિત્ર છે, જેણે કીધુ નાનારસસંયુત્ત, બહુ વૈરાગ્ય-પવિત્ર છે. ૮
તેહ ચરિત્રથી રાસ રચ્યો મેં, ઓછો અધિક દિખાયો છે, તે મુજ મિચ્છા દુક્કડ હોજો, પાપ રતિ ન રખાયો છે. ૯."

(જૈ. ગૂ. ક. ૩, પૃ. ૯૦)

આ રાસ સં. ૧૯૪૫માં નડીઆદના જ્ઞાનખાતા તરફથી અમદાવાદના આર્યોદય પ્રેસમાં છપાઈ પ્રસિદ્ધ થયો છે. તથા તે જ પદ્મવિજયે તે મૂલ સંસ્કૃત પદ્યનું સંસ્કૃતમાં ગદ્ય પોતાના ઉક્ત રાસના રચના-વર્ષ-સં. ૧૮૫૮ ની વસંતપંચમી રવિવારે પૂર્ણ કર્યું.

गजो वाणस्तथा नागचंद्राविति च वत्सरे । वसंतपंचमी घस्रे विक्रमाद् रविवासरे ।
मया श्रीजयानंदचरित्रं गद्यबंधतः । गुरोः प्रसादमासाद्य कृतं तुच्छाल्पबुद्धिना ॥

—સં. ૧૮૮૩ માર્ગશીર્ષ શુ. ૧૩ ભૃગુપુત્રવાસરે લિ. પત્ર ૨૫૫ ખેડા સંઘ ભં. નં. ૧.

श्री अध्या. धनवि. रत्न० वृत्ति.

આત્માનંદ સભા તરફથી સં. ૧૯૭૬ માં પ્રસિદ્ધ થયેલ છે. મિત્ર-ચતુષ્કકથાની ૩૦ પત્રની પ્રતિ જૈનપ્રતવિભાગ નં. ૨૭૪ સન ૧૮૮૩-૮૪ ના સંગ્રહમાંની ભાંડારકર ઇન્સ્ટિટ્યુટમાં છે.—કેટલોગ પૃ ૩૫૯.

(૭) સંતિકરસ્તવ—આ 'संतिकरं संतिजिणं, जयसव्वं जयसिरीइ दायारं' થી આરંભી તેમાં 'જયશ્રી' અંકિત કરી ૧૪ ગાથામાં પૂરું કરેલું ટુંક પણ મહિમાવંતું સ્તવન છે. તે સંબંધી આગળ કહેવાયું છે. વિશેષમાં કહેવાનું કે ગાથા ૧૨માં પોતાનું 'મુનિસુંદર સૂરિ' નામ સૂચિત કર્યું છે—

'एवं सुदिट्ठिसुरगणसहिओ संघस्स संतिजिणचंदो । मज्झ वि करेउ रक्खं, मुणिसुंदरसूरिथुअमहिमा ॥'

—આ મુનિસુન્દર સૂરિએ જેનો મહિમા ગાયો છે એવા સમ્યગ્દૃષ્ટિવાળા દેવગણયુક્ત શ્રીશાંતિનાથ જિનેશ્વર સંઘની તથા મારી પણ રક્ષા કરો.—આથી પ્રતીત થાય છે કે સૂરિપદ લીધા પછી આ સ્તવ બનાવ્યું છે. છેલ્લી ૧૪ મી ગાથા એ છે કે—

"तवगच्छगयणदिणयर,—जुगवरसिरिसोमसुंदरगुरूणं । सुपसायलद्धगणहर,—विज्जासिद्धी भणइ सीसो ॥"

—તપાગચ્છરૂપ આકાશમાં સૂર્યસમાન યુગપ્રધાન શ્રીસોમસુન્દર ગુરુના સુપ્રસાદથી ગણધર વિદ્યા—સૂરિમંત્રની સિદ્ધિ કરનાર (મુનિસુંદર સૂરિ) શિષ્ય (એમ) કહે છે.—આમાં પોતે સૂરિમંત્ર ગુરુ શ્રી સોમસુંદર પાસેથી મેળવ્યો હતો એનો સ્પષ્ટ ઉલ્લેખ છે. કોઈ આ ગાથાને ક્ષેપક માને છે, પણ મને તેમ લાગતી નથી. આ સ્તવ પ્રસિદ્ધ છે. ઘણે સ્થળે મુદ્રિત થયું છે.

(૮) જયાનન્દચરિત્ર—સંસ્કૃત પદ્યમાં પ્રમાણ ૭૫૦૦માં આ જયાનન્દ કેવલીનું ચરિત્ર છે, કે જે કર્તાના શિષ્ય ચંદ્રરત્ન ગણિએ શોધ્યું. (પ્ર૦ કાંતિવિજય ભંડાર, વડોદરા) તે પં. હીરાલાલ હંસરાજ તરફથી અને સમગ્ર માણેકલાલ ઝવેરચંદ, અમદાવાદ તરફથી છપાઈ પ્રકટ થયેલ છે. આમાં મુખ્યત્વે કરી શ્રાવક વ્રત પાળવાના ફળનું માહાત્મ્ય છે. આ સંસ્કૃત ચરિત્ર લોકપ્રિય થયું હતું, કારણ કે તે પરથી સત્તરમા શતકમા સં. ૧૬૮૧ પોષ શુદિ તેરસ ગુરુ દિને શ્રી વિજયાનંદ સૂરિના શિષ્ય કવિ વાનાએ ગુજરાતી રાસ રચ્યો (પ્રકટ-આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩) તેમાં તપાગચ્છના ૫૨ મા પટ્ટધર આપણા કર્તાનો ઉલ્લેખ (જુઓ જૈ. ગૂ. ક. ૧ પૃ. ૫૦૮.) છે કે—

ग्रन्थकर्त्रादि-परिचय

ग्रन्थकारनी कृतिओ.

ભાં. રીપોર્ટ ૧૮૮૩-૮૪) તેમાં બીજી અને ત્રીજી કથાને અંતે 'તપાબૃહદ્‌ગચ્છાધિરાજ શ્રી દેવસુન્દર સૂરિ શ્રી જ્ઞાનસાગર સૂરિ શ્રી સોમસુન્દર સૂરિ શિષ્યૈઃ શ્રી મુનિસુન્દર સૂરિભિઃ' એમ જણાવેલું છે પણ છેલ્લીઓથી કથામાં એમ દર્શાવ્યું છે કે '....શ્રી દેવસુન્દર સૂરિ—શ્રી જ્ઞાનસાગર સૂરિ શિષ્યૈઃ શ્રી સોમસુન્દર સૂરિ પટ્ટપ્રતિષ્ઠિતૈઃ શ્રી મુનિસુન્દર સૂરિભિઃ કૃતા'. આ પરથી સ્પષ્ટ જણાય છે કે મુનિસુન્દર સૂરિને સોમસુંદર સૂરિએ ગચ્છનાયક થયા પછી પોતાની પાટે પ્રતિષ્ઠાપિત કર્યા તે કારણે તેમને સોમસુન્દર સૂરિના શિષ્ય ગણવામાં આવે છે પણ તેઓના દીક્ષાગુરુ કે જ્ઞાનગુરુ સોમસુંદર સૂરિ નહોતા. આ વાત પૂર્વે સ્પષ્ટ કરી છે.

રચના-સ્થાન અને સંવત્-માસનો નિર્દેશ પહેલી કથાને અંતે 'સં. ૧૪૮૪ વર્ષે આશ્વિનમાસે દેવકુલપાટકે', અને ત્રીજી કથાને અંતે 'સં. ૧૪૮૪ વર્ષે માર્ગશીર્ષમાસે મેદપાટે દેવકુલપાટકે કૃતા' એમ બતાવ્યું છે તે પરથી નિશ્ચિત થાય છે કે સં. ૧૪૮૪ (હિંદી) વર્ષનું ચોમાસું મેવાડના દેલવાડામાં કર્ત્તાએ કર્યું હતું, ને પછી માગશર માસ સુધી ત્યાં પોતે હતા.

દરેક કથા પદ્યમાં મુખ્યપણે શ્લોકબદ્ધ છે. પ્રથમ કથામાં ૨૧૭, બીજીમાં ૪૨૬, ત્રીજીમાં ૧૩૭ અને ચોથીમાં ૫૦૫ શ્લોક છે. દરેક 'જયશ્રી'થી અંકિત છે અને દરેકમાં છેવટના પ્રશસ્તિશ્લોકમાં રચ્યાસંવત્ ૧૪૮૪ આપ્યો છે અને છેવટની કથાને અંતે જણાવ્યું છે, 'આ ચારે કથાઓ શબ્દાનુશાસનમાં દક્ષ એવા લક્ષ્મીભદ્ર મુનિએ ગુરુભક્તિથી શોધી છે'[1].

આ ચારે કથાનું ગ્રંથાગ્ર ૧૪૫૦ છે અને તે પત્રાકારે ૪૧ પત્રમાં શ્રી જૈનઆત્માનન્દગ્રંથરત્નમાલા ન. ૭૫ તરીકે ભાવનગરની જૈન

---

૧ આ લક્ષ્મીભદ્ર મુનિ-પછી થયેલ ઉપાધ્યાયે, રત્નશેખર ગણિ-પછી થયેલ સૂરિ કૃત સં. ૧૪૯૬ માં રચાયેલી શ્રાદ્ધપ્રતિક્રમણ વૃત્તિ-વંદારુ-અર્થદીપિકા વૃત્તિને શોધી હતીઃ—

"चातुर्विद्योदधिभिर्दधिभिर्दधिशुद्धपरमपरमार्गं । साऽशोध्यत प्रयत्नाल्ल लक्ष्मीभद्राख्य विबुधेन्द्रैः ॥"

તેમણે મુનિસુંદરસૂરિવિજ્ઞપ્તિ સં. ૧૪૯૮ મા દેશભાષામાં રચીને લખી કે જે અગાઉ ઉલ્લેખેલ છે; તેમનો ઉલ્લેખ સોમસૌભાગ્ય કાવ્યમાં સર્ગ ૧૦ શ્લો. ૫૯ માં विदुरहृतपद्मप्रबोधांशुमान् लक्ष्मीभद्रबुध.-વિદ્વાનોના હૃદયકમલને પ્રબોધવામાં સૂર્યરૂપ લક્ષ્મીભદ્ર પંડિત-એ રીતે કરેલ છે.

એક સ્થલે જણાવ્યું છે કે 'ગુરુમુખથી શ્રુતાનુસાર ઉત્તમ વાણી સાંભળી સમ્યગ્રીતે સારરૂપ ક્રિયાને સર્વ આચરે છે તે વીરજિન સેવક. પુષ્પથી આહ્લાદિ પીઠે,' એની તરત જ નિમ્નોક્ત કહેલ છે કે 'આધુનિક પત્તનીય મં. હેમાદિસંઘ' એટલે હમણાં પાટણના મં. હેમા વગેરેની પીઠે'—અર્થાત્ તે વખતે પાટણમાં મં. હેમા એક ઉત્તમ શ્રુતવાન્ ને અતિસંપન્ન શ્રાવક હતો.

ગ્રંથકારે રચનાસંવત્ આપેલ નથી પણ પોતાને સૂરિ તરીકે ઇતિ [illegible] મુનિસુન્દરસૂરિણા, [illegible] મહિ એ આદિના આઠમા શ્લોકમાં અને ઉપરના [illegible] બારમા શ્લોકમાં જણાવે છે. તેથી પોતે (સં. ૧૪૭૮ માં) સૂરિપદ પ્રાપ્ત કર્યા પછી ને ઉપર જણાવ્યા પ્રમાણે અધ્યાત્મકલ્પદ્રુમની રચના પછી આ ગ્રંથ રચેલ છે એમ સ્પષ્ટ થાય છે. આ ગ્રંથની આદિ જયશ્રીઆશ્રિતો શબ્દથી શરૂ કરી છે, તેમાં અને સ્થલે સ્થલે 'જયશ્રી' એ અંક દર્શાવેલ છે. વ્યાખ્યાસહિત ગ્રંથ-પ્રમાણ ૭૮૭૫ શ્લોક છે. આની હસ્તલિખિત પ્રતિઓ (૧) સંવત ૧૬૭૨ વર્ષે સાગાનગરે મહોપાધ્યાય શ્રી ૬ લબ્ધિસાગરગણિ-[illegible] પત્ર ૧૯૯ દા. ૧ સંઘ-ભંડાર [illegible] (૨) પ્રમાણ ૬૭૫૦ પત્ર ૨૬૫ જૈન આત્માનંદ સભા, ભાવનગર. (૩) પ્ર. ૭૨૨૫ પત્ર ૨૧૯ નં. ૨૯૮ જૈનાનંદ પુ. સુરતમાં છે. દે. લા. પુ. ફંડ તરફથી નં. ૨૨માં આ છપાયેલ છે તે પહેલાં મૂલ સાથે ગુજરાતી ભાષાંતર સહિત જૈન વિદ્યાપ્રસારક વર્ગ, પાલીતાણા તરફથી અધૂરો એટલે બીજા અંશના છઠ્ઠા તરંગ સુધીનો છપાઈ પ્રકટ થયેલ છે.

(૬) કથાચતુષ્ટય—શ્રાવકધર્મ પ્રભાવ પર ચંદ્રવીરશુભાની, દાનાદિ પુણ્યફલ પર ધર્મધનની, [illegible] આરાધના-વિરાધના પર સિદ્ધદત્ત કપિલની અને ચાર નિયમ પાળવા પર સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્કની કથા—એમ ચાર કથા સં. ૧૪૮૪ માં રચી. ([illegible]

ધમ્મપરિક્ખા ઉપરથી) સં. ૧૦૭૦ માં રચેલો ગ્રંથ છે કે જે પરથી પ્રાકૃત નામ કરીને તેજ નામનો ગ્રંથ પદ્મસાગરે રચ્યો (સંકલિત કર્યો) છે જેનો પ્રતિપાદ્ય વિષય એક છે જેમાં મનોવેગ અને પવનવેગની પ્રધાન કથા અને તેની અંતર્ગત અન્ય અનેક ઉપાખ્યાનોનું સંવાદરૂપે વર્ણન લેવામાં આવે છે. અમિતગતિના ગ્રંથની પદ્યસંખ્યા ૧૯૪૫ છે તેમાંથી ૧૨૫૦ પદ્ય એમને એમ પદ્મસાગરે [illegible] ૧૬૩૪ માં ઉતારી લીધાં છે—૨૨૪ પદ્ય આદી તદી ફેરફાર કરી મૂકેલ છે (જુઓ મારો જૈન સાહિત્યનો ઇતિહાસ પારા ૮૬૦, ટિ૦ ૧૨૩ પૃ ૫૮૬)

આ ગ્રંથમાં 'अम्यधिप्महि च.'—અમે કહેલ છે કે—એમ કહીને પોતાનો શ્લોક ટાંક્યો છે કે.—'अप्युल्लासलब्धिनिधिः प्रबोधयेत्, बहूपदेशैरपि कोऽनघस्थित । मेत्तुं यदिद्रूमलं न पुष्करावर्तोऽपि धाराशतलक्षकोटिभिः ॥' (તરંગ ૪ માંનો). આ શ્લોક અધ્યાત્મકલ્પદ્રુમમાં નથી તો તેમના કોઈ બીજા ગ્રંથમાં તે હોવો જોઈએ.

આ ગ્રંથમાં આગમાદિ, હરિભદ્ર સૂરિકૃત પંચાશક વગેરે ઉપરાંત પત્ર ૧૫૫ માં अत्राधिकारे शैवमुख-वज्रसूची-द्विजवदनचपेटा-सन्देह-समुच्चय-धर्मपरीक्षाद्यो विलोक्या. । એમ કહી શૈવમુખ-વજ્રસૂચી, દ્વિજવદનચપેટા, સન્દેહસમુચ્ચય, ધર્મપરીક્ષા એ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે.[1]

---

૧ શૈવમુખ-વજ્રસૂચી એ ગ્રંથની ભાળ મળતી નહોતી, તે અમને પંડિત શ્રીલાલચંદ્રે કરાવી છે. પંડિતશ્રી જણાવે છે કે "જૈન ગ્રંથાવલી (પૃ. ૧૬૧)માં દ્વિજવદનસૂચી જણાવેલ છે તે વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરમાં (નં ૧૩૯૫૯)માં વજ્રશૂ(સૂ)ચી નામના ગ્રંથની હ. લિ. ૧૬ પત્રની ફોટોકૉપી, પરદેશની લાયબ્રેરીમા રહેલી પોથી પરથી કરાવી રાખી છે તેનુ મંગલાચરણ બૌદ્ધ-મંજુઘોષનું છે તેના કર્તાનું નામ ત્યાં અશ્વઘોષ જણાવ્યું છે વિષય-બ્રાહ્મણ્યજાતિમદ-કદાગ્રહ દૂર કરાવવાનો જણાય છે. તેના પ્રારંભમાં "ॐ नमो मंजुनाथाय । जगद्गुरुं मंजुघोषं नत्वा वाक्काय-चेतसा । अश्वघोषो वज्र-शू(सू)चीं सूत्रयामि यथामतम् ॥ १ ॥" તેના અંતમાં ઉલ્લેખ છે કે-'अस्माभिरुक्तं यदिदं द्विजानां, मोदं निहन्तु हतबोद्धिमना । गृह्णन्तु संतो यदि युक्तमेतत्, मुचलपथा(ऽ)युक्तमिदं यदि स्यात् ॥ कृतिरियं सिद्धाचार्याऽश्वघोषपादानामिति ॥' હરિભદ્રસૂરિની કૃતિ તરીકે ગણાતી બ્રાહ્મણ્યજાતિ-નિરાકરણ નામની એક બીજી કૃતિ મળે છે (પાટણસૂચી પૃ. ૪). તે તેને અનુસરે છે. હેમચંદ્રાચાર્યની કૃતિ તરીકે ઓળખાવાતો વેદાંકુશ (હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી-પાટણથી પ્ર.)નો અંતિમ વિષય ઉપર્યુક્ત ગ્રંથને અનુસરે છે." આ ગ્રંથના નામનો અર્થ એ છે કે શૈવોના મુખને વજ્રની સોય—એટલે શૈવ-બ્રાહ્મણોનું મુખ બંધ કરનારો ગ્રંથ. દ્વિજવદન-ચપેટા અથવા તો ઉક્ત વેદાંકુશ કોઈ હરિભદ્રસૂરિનો રચેલો માને છે. તેમા બ્રાહ્મણોનાં શાસ્ત્રોપર ટીકા છે. સંદેહસમુચ્ચય તે ૪૧૦ શ્લોકનો જૈન-ધર્મના પક્ષનું મંડન કરતો અને હિંદુશાસ્ત્રોમાંની અમાન્ય વાતોને બતાવતો ગ્રંથ છે ને તે ગૂર્જરેશ સિદ્ધરાજની સભામાં દિગંબરોને જીતનાર વાદિ દેવસૂરિના વંશમાં સાક્ષાત્ સરસ્વતી એવા જયમંગલસૂરિના શિષ્ય અમરચંદ્ર સૂરિના પટ્ટધર ધર્મઘોષ સૂરિના શિષ્ય અને ધર્મતિલકસૂરિના ગુરુબંધુ જ્ઞાનકલશે રચ્યો છે. (જુઓ વેલણકર કૅટૅલૉગ નં. ૧૮૮૬ ને ૮૭); ધર્મપરીક્ષા એ દિગંબરાચાર્ય અમિતગતિએ (હરિષેણના અપભ્રંશ કાવ્ય નામે

ગચ્છનાયક દેવસુંદર, ગુરુ જ્ઞાનસાગર, ગચ્છનાયક સોમસુંદર,—ની સ્તુતિ કરી પોતે મુનિસુંદર સૂરિ પરોપકારાર્થે આ ગ્રંથ રચે છે. ધર્મથી મોક્ષપ્રાપ્તિ છે—અનેક ધર્મોમાં જિનપ્રરૂપિત ધર્મની વિશિષ્ટતા છે તેથી તેનું અને બીજા ધર્મોનું સ્વરૂપ કહેવા માટે આ ગ્રંથ હું આરંભું વિધવિધ દૃષ્ટાંતોથી વિવિધ પ્રકારના તરંગ આદિવાળા ઉપદેશોવડે અલ્પબુદ્ધિ મુમુક્ષુપર અનુગ્રહ કરવા અર્થે કરું છું. તેટલા માટે એક દિવસ વાંચી શકાય એવા-ઉપદેશો રાખ્યા છે, એવું જણાવ્યું છે.

પછી પ્રથમ તટ શરૂ થાય છે તેમાં બે—આદ્ય અને મધ્ય—અધિકાર છે તે દરેક અધિકારના ચાર ચાર અંશ છે. પ્રથમ અધિકારના ચાર અંશ—(૧) ધર્મગ્રહણની યોગ્યતા—૧૩ તરંગમાં (૨) ધર્મગ્રહણ કરનાર ગુરુનું સ્વરૂપ ૧૬ તરંગમાં (૩) ધર્મની જ વિવિધ યોગ્યતાનું નિરૂપણ ૮ તરંગમાં (૪) ધર્મગ્રહણ આદિમાં વિધિ અને તેનું ફલ ૯ તરંગમાં બતાવેલ છે. મધ્ય અધિકારના ચાર અંશ.—(૧) ક્ષેત્રકાલાદિની દુર્લભતા લેઈ ધર્મકરણની આવશ્યકતા ૧૦ તરંગમાં (૨) જિનવચનામૃત, ભાવના, પાપભીરુતા મુક્તિસંવેગ સમ્યક્ત્વ, વ્રત ને આવશ્યક ક્રિયા સહિત સુખની પાત્રતા ૧૧ તરંગમાં. (૩) સુખ, તેનો હેતુ, ભવ, વિનાશી અને અવિનાશી પદાર્થ ૭ તરંગમાં (૪) પ્રકીર્ણ ઉપદેશ ૧૨ તરંગમા બતાવેલ છે.

આમાં પ્રાકૃત ગાથાઓ છે અને તે પૈકી વિષમ ગાથાઓ પર સંસ્કૃત પદ્યમાં વિવરણ છે અને બધાં મળી સો દૃષ્ટાંતો આપ્યાં છે. વિષયને દૃષ્ટાંતોથી વધારે સુબોધ અને સુગમ બનાવ્યો છે. આમાં પોતાના અધ્યાત્મકલ્પદ્રુમ નામના ગ્રંથના શ્લોકો ટાંક્યા છે—જુઓ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ગ્રંથાંક ૨૨ માં છપાયેલ આ ગ્રંથમા પૃ ૧૩૩, ૧૪૬, ૧૭૬, ૧૬૨, ૨૦૨, ૨૦૩ અને ૨૫૮. એટલું જ નહિ પણ વિશેષ તે અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથમાંથી આવી લેવું એમ પણ ગ્રંથકારે ઉપદેશરત્નાકરમાં જણાવ્યું છે. એટલે આથી સ્પષ્ટ છે કે આ ગ્રંથની પહેલાં અધ્યાત્મકલ્પદ્રુમ રચાયો છે. ટીકાકાર ધનવિજય ઉપાધ્યાયે પ્રસ્તુત ગ્રંથની ટીકાના આરંભમાં उपदेशरत्नाकरादिग्रन्थप्रणयनानन्तरं એટલે ઉપદેશ રત્નાકર ગ્રંથના રચ્યા પછી આ અધ્યાત્મકલ્પદ્રુમ રચ્યો એમ જણાવ્યું છે (પત્ર ૨ અને ૪) તે બરાબર નથી, ટીકાકાર રત્નચંદ્રે પોતાની ટીકાના આરંભમાં [illegible] એમ જણાવ્યું છે તે બરાબર છે.

ત૦ જીવવિજયે[1] સં. ૧૭૯૦માં રચ્યો છે. પ્રચલિત ગૂ. ભાષામાં ધનવિજય ગણિની ટીકાના આધારે ગૂ૦ વિવરણસહિત ઉક્ત શ્રી મોતીચંદ ગિ. કાપડીઆએ અનુવાદ કરેલો કે જેની બે આવૃત્તિ ભાવનગરની જૈનધર્મપ્રસારક સભાએ પ્રકટ કરેલ છે. આ પ્રસ્તુત ગ્રંથનો વિશેષ પરિચય હવે પછી છેવટે કરાવવામાં આવશે.

(૫) ઉપદેશરત્નાકર—વિષમગાથા-વિવરણસહિત—ઉપદેશથી ધર્મનું પ્રતિપાદન કરનારા સમુદ્રરૂપ આ ગ્રંથને 'ઉપદેશ-રત્નાકર' એ નામ આપ્યું છે. આમાં ધર્મ અને તેના અધિકારી કોણ છે અને કોણ નથી તે વિસ્તારથી કહેલું છે. રત્નાકર એટલે સમુદ્ર, અને સમુદ્રમાં અનેક તરંગો—મોજાંઓ ઉછળે, તેમ આ ગ્રંથના વિવિધ ભાગને તરંગો કલ્પેલા છે, અને તેમાંથી અધિકારી અમૂલ્ય રત્નો મેળવી શકે છે.

શ્રીમાન્ સાગરાનંદ સૂરિ આ ગ્રથની પ્રસ્તાવનામાં જણાવે છે કે "આપણો નિકટતમ લવણ સમુદ્રનો આદ્ય ભાગ અસમ છે ને ૯૫૦૦૦ પ્રમાણ છે, વચલો ભાગ દશ હજાર પ્રમાણ છે ને છેલ્લો પહેલા ભાગના પ્રમાણ જેટલો છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે, આથી આ ગ્રથમાં પણ જગતી તીર્થાવતાર રૂપ પ્રસ્તાવના તટ, આદ્યાધિકાર અને મધ્યાધિકાર એમ ત્રણ ભાગ ગ્રંથકારે કર્યા છે પણ અમારૂ એમ અનુમાન છે કે પહેલા અને બીજા અધિકાર દરેકમાં ચાર અંશ હોવાથી, છેલ્લો અધિકાર ચાર અંશવાળો હોવો જોઈએ, પણ અનેક ભંડારોમા શોધ કરતાં આનો અપર તટવાળો ભાગ મળ્યો નથી તેથી નિરુપાય છીએ; પણ તે જરૂર હોવો જોઈએ, કારણ કે છેવટે ગ્રંથકારે 'अपरतटं तत्सुगमत्वान्न विव्रियते' એટલે 'અપર તટ સુગમ હોવાથી તેનું વિવરણ કરવામાં આવતું નથી' એ શબ્દો પોતાના શ્રીમુખે કહ્યા છે તેથી તે અપર તટ રૂપી ત્રીજો અધિકાર મૂલ ગાથામાં હોવો જોઈએ, તેના પર પોતાની ટીકા નહિ જ હોય; પણ તે મૂલ સૂત્ર ઉપલબ્ધ થયું નથી તેથી હવે પછી કોઈ તેને પ્રાપ્ત કરવામાં ભાગ્યશાલી થાય તો તેને બીજી આવૃત્તિમાં જરૂર છપાવીશું."

આ ગ્રંથમાં પ્રસ્તાવનારૂપે 'જગતી તીર્થાવતાર'માં ૨૯ સંસ્કૃત શ્લોક છે તેમાં શ્રી ઋષભ, શાંતિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન, ભારતી,

---

૧ જીવવિજય-ત૦ વિજયસિંહ સૂરિ-ગજવિજય-ગુણવિજય ને હિતવિજય-જ્ઞાનવિજય શિષ્ય, જુઓ જૈન ગૂર્જર કવિઓ ૩, પૃ. ૧૬૪૩.

श्री सम्या. घनपि. रत्न० वृत्ति.

॥ २१ ॥

તે ટીકા તેમ જ રત્નચંદ્ર ગણિની ટીકા અને પદ્ધતિ તો પ્રથમવાર મુદ્રિત થઈ જનતા-સમક્ષ રજૂ થાય છે [આની હસ્તપ્રત હ. સ. ૧૧૯૮ની ૨૭ પત્રની, હ. સ. ૧૧૫૨ની ૧૧ પત્રની અને ટીપ્પન પત્ર ૭ની એમ ત્રણ પ્રતો લીંબડી ભંડારમાં છે] આના પર આ રીતે મેં સંસ્કૃત ટીકા ત્રણ ઉપરાંત ગુજરાતીમાં યથાનુવાદ (મોતીચંદભાઈ કહે છે તે ધર્મવિજય નહિ પણ) ધર્મવિજયે (જૈ. ગૂ. ક. ૩, ૫૩૪) કર્યો છે કે જે મોતીચંદભાઈના શ્રી. યશોવિજયજીના ને વિનયજીના પુસ્તક સાથે છપાયો છે, અને ગુજરાતી બાલાવબોધ તપાગચ્છની રત્નશાખાના દુર્ગરત્ન[1] મુનિએ સં.૧૭૪૮ પહેલાં કર્યો છે, (હસ્તપ્રત ૫૯ પત્રની નં. ૧૧૯૮ ગ્રીસ્બેન ૪ પરિશિષ્ટ પૃ ૪૩-ભાં. ઇ. પૂનાના દસ્તક છે) કે જે પ્રકાશનાર આમ બોલવામાં સરસ પડશે છે. (મોતીચંદભાઈ કહે છે કે 'રત્નચંદ્રગણિ ને વિદ્યાસાગર ગણિએ બાલાવબોધ કર્યો છે ને પ્રકરણરત્નાકરના બીજા ભાગમાં છપાયો છે'—એ બરાબર નથી. પ્ર. ર. બીજા ભાગના પૃ ૪૫માં ઉલ્લેખ છે કે રત્નચંદ્ર ગણિ ને ઉ. વિદ્યાસાગરજી એ બે ટીકા લખીને કરેલો એ બાલાવબોધ છે આ વિદ્યાસાગરની ટીકા જોવામાં આવી નથી, રત્નચંદ્રની ટીકા આ ગ્રંથમાં છપાઈ છે તે.) ને બીજો બાલાવબોધ

---

૧ દુર્ગરત્ન-તપાગચ્છની રત્નશાખામાં (રાજવિજય-રત્નવિજય-હીરરત્ન-જયરત્ન-ભાવરત્ન-દાનરત્ન સૂરિના પટ્ટે) જ્ઞાનરત્ન સૂરિના શિષ્ય. તેમણે સં. ૧૭૮૨માં ધનેશ્વર સૂરિના શત્રુંજય માહાત્મ્ય પરથી સરલ સંસ્કૃત ગદ્યમાં શત્રુંજયમાહાત્મ્યોલ્લેખ નામનો ગ્રંથ ૧૫ સર્ગમાં રચ્યો. પુ શ્રી. સાહ ૯૨૬થી સં ૧૯૯૨માં પ્રકાશિત. [વે. નં.૧૭૭૬ કે જેમાં ઉક્ત તપાગચ્છની સૂરિ-પરંપરા નામપૂર્વક તપાગચ્છની તરફથી સૂચિત કરી છે તે મૂળ છે; સાથે કરેલ ? મુનિ મોતીચંદ સિવાય જૈનસ્તોત્રરત્નદોહ ભા. ૨ ની પ્રસ્તાવનાના પૃ ૧૭માં દુર્ગરત્નના ગુરુ જ્ઞાનરત્ન જણાવી પ્રભુનું નામ વિજયરાજ સૂરિ-આ જૈન ગૂર્જર કવિઓ ભા. ૨ પૃ. ૫૧૧ થી સાચા લેવાઈને—આપી તે વિજયરાજ સૂરિ અને વિજયમાન સૂરિના શિષ્ય ને પટ્ટધર વિજયરાજ સૂરિ બને એક જણાવીને તેમને રત્નવંશ આપે છે, પણ તે બરાબર નથી. જે જૈ. ગૂ. ક. ૫૧૧ નો ગુપ્તથી મેં તેના બીજા ભાગ પૃ ૧૨૫૦માં કર્યો છે કે રાજવિજય સૂરિ પછી હીરરત્ન સૂરિ-લબ્ધિરત્ન-સિદ્ધિરત્ન-મેઘરત્ન-લક્ષ્મીરત્ન—(પં. લાલચંદ જણાવે છે કે પં. લબ્ધિરત્ન-સિદ્ધિરત્ન ગાદીના અનુક્રમમાં દુર્ગરત્ન થયા, લક્ષ્મીરત્ન અપ્રસિદ્ધ નામાંકિત) જ્ઞાનરત્ન ગણિના શિષ્ય મુનિ દુર્ગરત્ન, અને આ તેનો પરિચય ટૂંકમાં કરાવ્યો છે.] દુર્ગરત્ન માટે જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ ૯૬૭, ૯૭૪, ૯૭૫ તે રાજવિજય સૂરિથી થયેલ તપાગચ્છની રત્નશાખાની પટ્ટાવલી માટે જુઓ મારી હવે પછી પ્રકટ થનાર ૬ જૈન ગૂર્જર કવિઓ ૩ પૃ ૨૨૮૭)

ग्रन्थप्रणयनादि-परिचय

ग्रन्थकारादि कवियों.

॥ २१ ॥

सन्तीश ! शिष्या न च शुद्धशिष्या आडम्बराः सन्ति न सुक्रियास्तु ।
वागूडिण्डिमोऽखि प्रशमस्तु नान्तः, सत्पुस्तकाः सन्ति न चार्थबोधः ॥ ८ ॥
उच्चैर्गुणस्थानकमारुरुक्षु,–र्यावच्छुभध्यानकृते यतेऽहम् ।
तावन्मनोऽरिः कुविकल्पपाशै,–र्निबध्य मां हि क्षिपतेऽध एव ॥ २० ॥
न खेलनं श्वाऽर्हति पूतिकर्णो, यथा न कुष्ठी ललनादिभोगम् ।
न चातिसारी घृतपानमेवं, नार्हामि मुक्तिं कुमनोहतो ही ! ॥ २१ ॥
कृपां कृपालो ! मयि धेहि तत्पदे, प्रदेहि मे शक्तिमिमां ययाऽनिशम् ।
वशीभवेन्मानसकं भवाम्बुधौ, क्षिपेन्न यन्मां कुविकल्पजालतः ॥ २२ ॥"

આવું આધ્યાત્મિક, વૈરાગ્યવાસિત, નમ્ર અને સ્વદોષદર્શી માનસ જેમનાં રચેલાં સ્તોત્રોમાં વારંવાર દૃષ્ટિગત થાય છે તો તેમાંથી અધ્યાત્મ-કલ્પદ્રુમ જેવો ગ્રંથ આવિર્ભાવ પામે એ સ્વાભાવિક છે.

(૪) અધ્યાત્મકલ્પદ્રુમ—શાંતરસભાવનાત્મક પ્રસ્તુત ગ્રંથ સૂરિપદ પ્રાપ્ત કર્યા પછી રચાયો લાગે છે; તેને ટીકાકાર રત્નચંદ્રગણિ તે ઉપરની પોતાની ટીકામાં पूर्वं श्रीमुनिसुन्दरसूरिणा गुर्वावल्यपरपर्यायत्रिदशतरंगिणीनामा गुरुपट्टक्रमो वर्णितस्तेनाद्येति वदनन्तरं (પૃ. ૧) એટલે ગુર્વાવલી પછી સૂરિએ રચ્યો એમ કહે છે તે બરાબર છે, જ્યારે ટીકાકાર ધનવિજયગણિ આ ગ્રંથને ઉપદેશરત્નાકર પછી સૂરિએ રચ્યો એમ કહે છે તે બરાબર નથી એમ અગાઉ બતાવ્યું છે. તે પ્રથમ નિર્ણયસાગર પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયો, પછી શ્રી ધનવિજય-ગણિની ટીકાસહિત શેઠ મનસુખભાઈ ભગુભાઈ તથા શેઠ જમનાભાઈ ભગુભાઈ તરફથી સં. ૧૯૭૧માં છપાઈને પ્રકાશમાં આવ્યો; અને આ

૨૫ શ્લોકનું, ૧૭ જિનપતિનું મહાર્થ ૩૨ શ્લોકનું स्वर्धीदायक ના આરંભનું, ૧૮ ચોવીસ જિનકલ્યાણકનું जगच्छ्रिये दाक्षदशर्महेतवे થી શરૂ થતું ૨૪ શ્લોકનું, ૧૯ સીમંધરસ્વામિનું वर्यश्रिया मोहरिपोरवाप्त થી આરંભાતું ૨૫ શ્લોકનું, ૨૦ સ્વસાંસારિક દુઃખને પ્રકટ કરી દુઃખ પ્રતિકારની વિજ્ઞપ્તિ કરતું आनन्दं यः पर माप થી પ્રારંભ કરેલું ૩૬ શ્લોકનું, ૨૧ શ્રી ગૌતમનું जयश्रियां सेवधिमेयमान ની આદિવાળું ૨૫ શ્લોકનું, ૨૨ પ્રહ્લાદનપુર (પાલણપુર)મંડન પ્રહ્લાદનવિહાર શ્રીપાર્શ્વનું श्रमश्रिया प्राप्तमुदासमक्षां થી શરૂ થતું ૨૬ શ્લોકનું અને ૨૩ દેલઉલા (દેલોલ)-વિભૂષણ શ્રી ઋષભનું वर्यश्रिया ईर्ष्यरिपुस्फुराणां થી આરંભાતું ૨૬ શ્લોકનું એમ—इति युगप्रधानावतार-बृहत्तपागच्छाधिराज श्रीदेवसुन्दरसूरि-श्रीज्ञानसागरसूरि-श्रीसोमसुन्दरसूरिशिष्य. श्रीमुनिसुन्दरसूरिभिर्विरचिते स्वपरकृञ्जे श्रीजिनस्तोत्ररत्नकोशे प्रथमप्रस्तावे એમ દરેક સ્તોત્રને અંતે જણાવી પછી તે સ્તોત્રનું નામ આપી આ પૂરું કરે છે. ग्रंथसंख्या १०६३.

આ પરથી સ્પષ્ટ જણાય છે કે શત્રુંજય, ગિરિનાર, સોપારા, વડનગર, આબૂ, જીરાવલા, ખંભાત, સિદ્ધપુર, ઈડર, તારંગા, નાગદા, ફલોધી, પાલણપુર, દેલવાડા—એ કાઠિયાવાડ, ગુજરાત, મેવાડમારવાડનાં ને (અપરાન્ત-કોંકણના) સોપારા તીર્થની યાત્રા આ સ્તોત્રકારે કરી હતી. તેમાંના કેટલાંક સ્તોત્રમાં ઐતિહાસિક બીનાઓ પણ મળી આવે છે. દા૦ ત૦ ૫ મા વડનગરના સ્તોત્રમાં કથેલ છે કે ત્યાંના વીરપ્રભુના મંદિરથી પવિત્ર થયેલ સંસદ્‌માં ધ્રુવસેન રાજાએ વીરાત્ ૯૯૩માં કલ્પસૂત્રની પ્રથમ વાચના મહાન્ ઉત્સવપૂર્વક કરી તે વખતે નગરનું નામ આનંદપુર હતું. ૬ ઠા આબૂના સ્તોત્રમાં—વિમલશાહ અર્બુદનો અધિપતિ હતો અને તેણે અંબિકાદેવીનો વર પ્રાપ્ત કરી ભાવી સંતતિને અવગણી ઋષભવિહાર કરાવ્યો; લલ્લ અને વીજડે તે ચૈત્યનો ઉદ્ધાર કર્યો. ૯ મા પરથી સિદ્ધપુરમાં રાજવિહાર (કે જે સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ) કર્તાના સમયમાં વિદ્યમાન હતો ને તેમાં મહાવીર પ્રભુની ચતૂરૂપ-ચોમુખ મૂર્ત્તિ હતી. ૧૦ મામાંથી જણાય છે કે ઈડરમાં કુમારપાલ ભૂપાલે ઋષભચૈત્ય બંધાવ્યું હતું અને ત્યાંના ગોવિંદ નામના સંઘપતિ (કે જેનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે)એ ઉક્ત મંદિરનો ઉદ્ધાર કર્યો હતો. ૧૧ મામાં કથેલ છે કે ચૌલુક્ય મહીપતિ કુમારપાલનું બંધાવેલું અજિતજિન-મંદિર તારંગા પર્વત પર છે તેમાં હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી મ્લેચ્છોએ તે જિનબિંબ તોડેલ હોવાથી તેનો ઉદ્ધાર નવા બિંબથી ઉક્ત ગોવિંદ સંઘપતિએ કર્યો ને તેની સોમસુંદરપ્રભુએ પ્રતિષ્ઠા

પૂનાના હસ્તક છે તેમાં છે કે જેનો જૈનગ્રંથ તરીકે નં. ૩૭૮ સને ૧૮૮૦-૮૧ છે.-કીલ્હૉર્ન રી. ૧૮૮૦-૮૧ પૃ. ૭૭. (૨) પત્ર ૧૯ લ. સં. ૧૯૫૫ વૈ. શુ. ૧૪ ગુરૂ. નં. ૨૪૩ જૈનાનંદ પુ. સુરત.

આ ગ્રંથ મુંબઈના લાલબાગ જૈનસંઘ તરફથી (હાલ સ્વ૦) શેઠ દેવકરણ મૂલજીએ પત્રાકારે નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરેલ છે.

(૨) ગુર્વાવલી—તેમાં ૪૯૬ શ્લોકમાં શ્રીવર્ધમાનપ્રભુથી માંડી તપાગચ્છના શ્રી દેવસુન્દર સૂરિ અને તેમના પટ્ટધર સોમસુન્દર સૂરિ અને તેમના શિષ્યો સુધીનો તેના રચનાકાલ સં. ૧૪૬૬ પર્યંતનો ક્રમ-ઘેપિપૂર્વક ટુંક વૃત્તાંત છે. કર્તાના સૂરિ થવા પહેલાં સં. ૧૪૬૬માં પૂર્ણ કરેલી આ ગ્રંથની રચના છે અને તે પોતાના ગુરુ (દીક્ષાગુરુ) ને ગચ્છનાયક શ્રી દેવસુન્દર સૂરિ પર મોકલેલી પર્યુષણાપર્વવિજ્ઞપ્તિ જેને ત્રિદશતરંગિણી નામ આપેલ તેના ત્રણ સોતના છેલ્લા-તૃતીય સ્રોતરૂપે આ ગુર્વાવલી છે એમ અગાઉ કહેવાઈ ગયુ છે. તેમાંથી કર્તાના સમયની ઘણી વિશ્વસનીય હકીકત મળે છે. આ યશોવિજય જૈન ગ્રંથમાલા (૪) તરીકે કાશીમાં યશોવિજય જૈન પાઠશાલા તરફથી સન ૧૯૦૫ (સં. ૧૯૬૧)માં મુદ્રિત થઈ પ્રસિદ્ધ થયેલ છે. તેની ૧૧ પત્રની હસ્તપ્રત કાથવટેના રીપોર્ટમાં નં. ૧૩૬૧ તરીકે નોંધેલી પૂના ભાં૦ ઇ૦ હસ્તકના સરકારી સમહમાં અને ૧૧ પત્રની પ્રત રો. એ. સો. મુંબઈ (નં. ૧૭૧૨ વેલણકર સૂચી)માં છે. તેની આદિ जयश्रियं राजु जिनेन्द्रचन्द्रमा. થી શરૂ થાય છે અને અતના શ્લોકનું છેલ્લું ચરણ પણ 'જયશ્રી'વાળું 'सर्वाभीष्टफलप्रद. स जयति श्रीसद्गुरुकल्पद्रुम.' છે. આમાં પોતાનો જન્મ, દીક્ષા, વાચકપદ ક્યાં ને ક્યારે થયાં તે સંબંધી કર્તાએ મૌન જ સેવ્યુ છે.

(૩) જિનસ્તોત્રરત્નકોશ—આ કોશમાં અનેક સ્તોત્ર-સ્તવનો હોવાં જોઈએ, કારણ કે તેના એક કરતાં વધારે ભાગ 'પ્રસ્તાવ' એ નામથી પાડવામાં આવ્યા જણાય છે, અને તે પૈકી ૨૩ સ્તોત્રોનો પ્રથમ પ્રસ્તાવ યશોવિજય જૈન ગ્રંથમાલા-કાશી તરફથી પ્રકટ થયેલ 'જૈન-સ્તોત્રસંગ્રહ ભાગ ૨'માં મુદ્રિત થયેલ છે.—

૧ ચતુર્વિંશતિ શ્રીજિનાશીર્વાદરૂપ-जयश्रियं ज्ञानवपस्थितपाणुपेः થી શરૂ થતું ૨૭ શ્લોકનું. ૨ શત્રુંજયમંડન શ્રીઆદિનાથસ્તવરૂપ जय-

श्री अभ्या धनवि. रत्न० कृति. ॥ १८ ॥

આ૦ સમેત છે, તેથી તે ચિહ્નપરથી એમના કર્તાનું તુરત સૂચન થાય છે. આપણા આ પ્રકાર મુનિસુંદર સૂરિએ 'જયશ્રી'-પ્રાકૃત 'જયસિરિ'એ આ-ચિહ્ન સમેત છે કે જે તેમની સંસ્કૃત અને પ્રાકૃત સર્વે કૃતિઓમાં આદિમાં તેમ જ અંતે, આ આદિમાં લેવામાં આવે છે.

ग्रन्थकारादि-परिचय

૬૬ ગ્રંથો—(૧) ત્રૈવિ(વૈ)દ્યગોષ્ઠી—આમાં વ્યાકરણ, છંદ-કાવ્ય અને પ્રમાણ-તર્ક એ ત્રણ વિદ્યાસંબંધી હકીકત આપી છે. પ્રથમ અધિકારમાં એ વિદ્યાનાં સાધનો—૧ વિશુદ્ધ બુદ્ધિનો આભોગ, ૨ સદ્ગુરુસંપ્રયોગ, ૩ સદ્જ્ઞાતિનયપ્રયોગ, ૪ પુસ્તકપ્રાપ્તિયોગ, ૫ પ્રમત્તતાનો વિયોગ, ૬ સતત ઉપયોગ (સમ્યગુપધાન), ૭ શુદ્ધ અભિયોગ, ૮ દેશાયોગ, ૯ ભાગ્ય આદિ કહ્યાં છે ને સર્વે એક સાથે દુર્લભ જાણ્યા, છતાં એ ધરાવનારા અનેક વિદ્વાનો થયા છે.-સિદ્ધસેન દિવાકર, મલ્લવાદિ, હરિભદ્ર, વાદિદેવ, હેમચંદ્ર વગેરે. વ્યાકરણોમાં જૈનેન્દ્રાદિ વ્યાકરણના નામ બતાવી તેનું અધ્યયન કરવાની રીત ને તેથી લાભ કહેલ છે. છંદોનુશાસન ને કાવ્યગ્રંથોમાં છંદના ને કાવ્યના પ્રકાર બતાવેલ છે. પ્રમાણગ્રંથોમાં પ્રમાણના ભેદ કહેલ છે, પછી દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ તત્ત્વનાં લક્ષણો-તે સર્વની પરીક્ષા વગેરેનું નિરૂપણ કર્યું છે. આ સંસ્કૃત પદ્યમાં છે, અને તેમાં ક્યાંક શ્લોકોનાં અવતરણ છે. તેની આદિ અને અંત બે બે શ્લોકોથી કરી છે—

ग्रन्थ-रचना.

जयश्री लीलाकेलिगृहमु समाजन्मसुभगा, जिनाः श्रीमान् वीरविभुवसविभुः सर्वकामदः ।
प्रसादा यस्यैवागमजलनिधेरस्य विविधाः, समासाद्य सेरे कविपथकान् सत्त्वममलम् ॥ १ ॥
श्रीज्ञानसागराह्वगुरुभ्यां ज्ञानधारिधिम् । उपजीव्योपदेशं च कुर्वे त्रैवि(वै)द्यगोष्ठिकाम् ॥ २ ॥
श्रीमत्तपागणनभोऽङ्गणभास्करश्रीदेवसुन्दरगणाधिपशिष्यकेण ।
श्रीज्ञानसागरगुरूत्तमपाठितेन बाल्येऽपि सर्वज्ञसुतामुनिसुंदरेण ॥ १ ॥
शरशरमनुमितवर्षे १४५५ ऽस्मान्येषां च बोधाय सुधियाम् । सिद्धपतिगोपल्ले विदधे त्रैवि(वै)द्यगोष्ठीयम् ॥ २ ॥

॥ १८ ॥

આની ૧૧ પત્રની સં. ૧૫૧૬માં લખાયેલી હસ્તપ્રત સરકારી પ્રતસંગ્રહ કે જે હાલ ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ,

(૯) सं० १५०० वर्षे उ० ज्ञा० व्य० पाताकेन......श्रीवर्धमानबिंबं का०, प्र० तपागच्छनायक श्रीमुनिसुंदरसूरिभिः । —અમદાવાદ શાંતિનાથ-મંદિરમાં બુ. ૧ નં. ૧૦૪૨

(૧૦) सं० १५०१ वर्षे मार्ग. शु १० ऊकेश......सा० हीराकेन श्रीशांतिबिंबं का० प्र० तपा श्रीसोमसुंदरसूरिशिष्य श्रीमुनिसुंदरसूरिभिः ॥ —જેસલમેર સુપાર્શ્વમંદિર ના. ૩.

(૧૧) सं० १५०१ वर्षे माघ वदि ५ गुरौ प्राग्वाट व्य०......खीमाकेन......श्रीसुमतिबिंबं कारि० प्र० तपा श्रीमुनिसुंदरसूरिभिः ॥ ઉદેપુરના ગોડીજી ભંડારની ધાતુમૂર્તિ વિ. ન. ૧૮૦, કે જે લેખ ના. ૨ નં. ૧૧૨૬ છે.

(૧૨) सं० १५०१ वर्षे पै. शु. ६ शनौ ऊकेशज्ञातीय तेलहरागोत्रे श्रे० हीराकेन......प्रतिष्ठितं श्रीमुनिसुंदरसूरिभिः तपागच्छेशैः । —ખેડા ભીડભંજન પાર્શ્વમંદિરમાં નં. ૪૫૦ બુ. ૨ (આ વખતે મુનિસુંદર સૂરિ તપાગચ્છના નાયક હતા—સોમસુંદર સૂરિના નામનો આ સં. ૧૫૦૧નો બીજો લેખ બુ. ૧ નં. ૮૮૧ છે તેમાં સંવતમાં ભૂલ લાગે છે. સોમસુંદર બદલે મુનિસુંદર જોઈએ. તે સોમસુંદર સૂરિ સં. ૧૪૯૯માં સ્વર્ગસ્થ થયા હતા.) આ જ તિથિનો લેખ नागरज्ञातीय श्रे० सामलेन श्रीसंभवबिंबं कारित प्रतिष्ठितं तपागच्छेश श्रीमुनिसुंदरसूरिभिः । —વિ. નં. ૧૮૬ છે.

(૧૩) सं० १५०१ वर्षे ज्ये. सुदि १० प्राग्वाट व्य० रामाकेन श्रीसुमतिनाथबिंबं कारितं प्र० तपा श्रीसोमसुंदरसूरिशिष्य श्रीमुनिसुंदरसूरिभिः ॥ રૈનપુરમંદિરમાં ના. ૧ નં. ૭૦૪.

(૧૪) सं० १५०१ वर्षे ज्ये. ष. ९ रवौ ओसवालज्ञा० व्यव० आकाकेन श्रीवासुपूज्यमुख्यपंचतीर्थीकारिता तपा० श्रीमुनिसुंदरसूरिभिः प्र० । —ઉદેપુર ગોડીજી ભંડારની ધાતુમૂર્તિ વિ. ન. ૧૯૦.

૧૫ જયકચંક—ઘણા ગ્રંથકારોએ અમુક અંક-ચિહ્ન રાખેલું છે. જેમ કે શ્રી હરિભદ્ર સૂરિએ 'વિરહાંક', કુવલયમાલાની પ્રાકૃત કથાના પ્રસિદ્ધ કર્તા ઉદ્યોતન સૂરિએ 'દાક્ષિણ્યાંક', રત્નમંડન ગણિએ 'ગડનાંક', યશોવિજય ઉપાધ્યાયે ગ્રંથની આદિમાં 'ઐં'કારાંક ને અંતે 'યશઃશ્રી'

વાચક મળ્યા ત્યારે વીસલે કરેલા ઉત્સવપૂર્વક વિશાલરાજને વાચક-ઉપાધ્યાયપદ (સૂરિપદ નહિ) આપ્યું. વિશાલરાજને સૂરિપદ સોમસુંદર સૂરિના સં. ૧૪૯૯માં અવસાન પછી મળ્યું લાગે છે, ને તે જ પ્રમાણે રત્નશેખર તથા લક્ષ્મીસાગરને સં. ૧૫૦૨ અને સં. ૧૫૦૮માં અનુક્રમે સૂરિપદ મળેલ છે. આથી આ લેખને યા આ લેખના શિષ્યવર્ગવાળા ભાગને ઉમેરવું કરવાનો સમય સં. ૧૫૦૮ પછી લાગે છે.

(२) सं० १४८८ चै सु ८ श्रीमालज्ञा० सा० ... देवकुलिका कारिता प्रतिष्ठिता तपागच्छनायक श्रीसोमसुंदरसूरि श्रीमुनि(सुंदर)सूरिभिः ॥ श्रीमद्देवकुलपाटक वास्तव्य देलवाડા-મેવાડના મંદિરના-ના. ૨ (દેલવાડામાં સં. ૧૪૮૯મા મુનિસુંદર સૂરિએ ચાર કલ્પ સંસ્કૃત પદ્યમાં રચ્યા.)

(३) सं० १४८९ वर्षे वै० सु० १ ऊकेशज्ञा० व्य०... ...सुतलेन श्रीसुमतिनाथबिंबं का० प्र० तपा श्रीदेवसुंदरसूरि पट्टपूर्व श्रीसोमसुंदरसूरि शिष्य श्रीमुनिसुंदरसूरिभिः । —ખંભાત કુમારવાડાના મનમોહન પાર્શ્વનાથ મંદિરમાં લુ. ૨.

(४) सं० १४९० वर्षे वै व ४ श्रीमाल ज्ञा० श्रे० गिरिराजेन श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीसोमसुंदरसूरि शिष्य श्रीमुनिसुंदर सूरिभिः ॥ —વાલોદના મંદિરમાં બુ ૧ નં. ૪૧૫

(५) सं० १४९९ वर्षे का सु १० प्राग्वाट व्य० खेतलेन श्रीमुनिसुव्रतबिंबं का० प्र० तपागच्छे श्रीमुनिसुंदरसूरिभिः ॥ —ખાતરના મંદિરમાં લુ. ૨

(६) सं० १४९९ वर्षे ओसवाल ज्ञा० श्रे० साईयाकेन श्रीमहावीरबिंब का० प्र० तपा श्रीमुनिसुंदरसूरिभिः ॥ —અમદાવાદના દેવસાનો પાડો પાર્શ્વ મંદિરમા લુ. ૧ નં ૧૦૭૫

(७) सं० १५०० वर्षे वैशाख सु ५ गुरौ ऊकेश ज्ञा० श्रे० शिवराजेन .... श्रीधर्मनाथबिंबं का० प्र० तपा श्रीमुनिसुंदरसूरिभिः । —પંચ તીર્થી પારખુ ક્વાસના પાડામાં શાંતિજિનમંદિર લુ. ૧ નં. ૩૧૪

(८) सं० १५०० वर्षे वै सु. ५ उपकेशज्ञातीय सा० आल्हेन .. ..श्रीचन्द्रप्रभबिंब कारितं प्रतिष्ठितं श्रीतपागच्छनायक श्रीश्रीमुनिसुंदरसूरिभिः ॥ —પંચતીર્થી-આમાના રીમોપર મંદિરમાં ના. ૨

२४ प्रतिष्ठालेखो—(१) सं. १४७८ वर्षे पोष सु० ५ राजाधिराज श्रीमोकलदेवविजयराज्ये प्राग्वाट सा०......सा० रतन भा० लापू पुत्रेण श्रीशत्रुंजयगिरिनारार्बुदजीरापल्लीचित्रकूटादि तीर्थयात्रा कृता श्रीसंघमुख्य सा० धणपालेन......कुटुंबपरिवृतेन श्रीशांतिनाथप्रासादः कारितः प्रतिष्ठितस्तपापक्षे श्रीदेवसुंदरसूरिपट्टपूर्वाचलदिनमणि(?)नायक तपागच्छनायक निरवद्यविद्याविधान युगप्रधानसमान श्री श्री श्रीसोमसुंदरसूरिभिः ॥ भट्टारकपुरंदरश्रीमुनिसुंदरसूरि श्रीजयचंद्रसूरि श्रीभुवनसुंदरसूरि श्रीजिनसुंदरसूरि श्रीजिनकीर्तिसूरि श्रीविशालराजसूरि श्रीरत्नशेखरसूरि श्रीउदयनंदिसूरि श्रीलक्ष्मीसागरसूरि महोपाध्याय श्रीसत्यशेखरगणि श्रीसूरसुंदरगणि श्रीसोमदेवगणि कर्णरसायनगुरुगिरांसोमोदय प० सोमोदयगणि प्रमुखप्रवर्तितदिनाधिकोदयमान शिष्यवर्गः ॥ चिरं विजयतां श्रीशांतिनाथचैत्यं कारयिता च ॥ —નાગદા (ઉદેપુર)ના ખડેરના મંગલચૈત્ય ઉપરનો લેખ. વિ. નં. ૧૧૮.

—આ લેખ પ્રમાણે 'રાણા મોકલના રાજ્યમાં સં. ૧૪૭૮ પોષ સુદિ ૫ દિને શત્રુંજય, ગિરનાર, આબૂ, જીરાવલી, ચિતોડ આદિ તીર્થોની યાત્રા કરનાર સંઘમુખ્ય એવા પોરવાડ વણિક ધનપાલે શ્રી શાંતિનાથ પ્રાસાદ કરાવ્યો તેમાં તપાગચ્છના દેવસુંદર સૂરિના પટ્ટધર અને ગચ્છનાયક સોમસુંદર સૂરિએ પ્રતિષ્ઠા કરી. ને સૂરિના શિષ્યવર્ગમાં ભટ્ટારકેંદ્ર મુનિસુંદર, જયચંદ્ર, ભુવનસુંદર, જિનસુંદર, જિનકીર્તિ, વિશાલરાજ, રત્નશેખર, ઉદયનંદિ, લક્ષ્મીસાગર—એ નવ સૂરિઓ-આચાર્યો તથા સત્યશેખર, સૂરસુંદર, સોમદેવ, સોમોદય એ ચાર ઉપાધ્યાયો આદિ છે. શ્રી શાંતિનાથ ચૈત્યને કરાવનાર (ઉક્ત ધનપાલ)નો ચિરકાલ વિજય થાઓ'—રાણા મોકલના રાજ્યમાં પ્રતિષ્ઠા કરનાર સોમસુંદર સૂરિ અને કરાવનાર સા. ધણપાલે, સં ૧૪૭૮માં પ્રતિષ્ઠા કરાવી હતી એ અહીં નોંધાયેલ છે તે હકીકત સત્ય છે, કારણ કે મેવાડનો મોકલરાણો સં. ૧૪૯૦ લગભગ અને સોમસુંદર સૂરિ સં. ૧૪૯૯માં સ્વર્ગસ્થ થયા હતા એટલે તે બન્ને સં. ૧૪૭૮માં વિદ્યમાન હતા. પણ શિષ્યવર્ગમાં જણાવેલ ભટ્ટારક અને સૂરિઓ તે વર્ષમાં તે તરીકે નહોતા. મુનિસુંદર સં. ૧૪૭૬માં સૂરિ થયા પણ ભટ્ટારક તો સોમસુંદર સૂરિના અવસાન પછી સં. ૧૪૯૯માં થયા; જયચંદ્ર વાચકને સોમસુંદર સૂરિએ તારંગાપર સં. ૧૪૭૯માં પ્રતિષ્ઠા કરતી વખતે સૂરિપદ આપ્યું-ત્યારપછી બીજી વખત દેવકુલપાટક ગયા ત્યારે સંઘપતિ નિંબના ઉત્સવપૂર્વક ભુવનસુંદર વાચકને સૂરિપદ આપ્યું-પછી ગુણરાજ સંઘપતિ સાથે શત્રુંજય ગિરનારની તીર્થયાત્રામાં મધુમતી-મહુવામાં જિનસુંદર વાચકને સૂરિપદ આપ્યું-ત્યારપછી ત્રીજી વખત મેવાડના દેવકુલપાટક-દેલ-

श्री सम्पा. धनवि. रत्न० सूरि. ॥ १६ ॥

ग्रन्थकारादि-परिचय

२ મહાવિદ્યાપીઠ, ૩ ઉપવિદ્યાપીઠ, ૪ મંત્રપીઠ અને ૫ મંત્રાધિરાજ પીઠ—એમ છે; તેનાં અધિષ્ઠાયિક તથા અધિષ્ઠાયિકો અનુક્રમે (૧) વાણી અર્થાત્ સરસ્વતી (૨) ત્રિભુવનસ્વામિની (૩) શ્રીદેવી (૪) ગણિપિટક યક્ષરાજ અને (૫) સર્વે ગ્રહો, દિગ્પાલો, ઇન્દ્રો, ૧૬ વિદ્યાદેવીઓ, ૨૪ શાસન યક્ષ ને ૨૪ શાસન યક્ષિણી આદિ છે. આ પૈકી પ્રથમની ત્રણ વિદ્યાપીઠો કહેવાય છે કારણ કે દેવીઓ તેની અધિષ્ઠાયિકા છે અને છેલ્લી બે મંત્રપીઠો કહેવાય છે કારણ કે ચોથી પીઠના પુરુષદેવ અધિષ્ઠાયક છે ને પાંચમી પીઠમાં મુખ્યત્વે પુરુષદેવો અધિષ્ઠાયક છે. વિદ્યા અને મંત્રનો આમ મંત્રશાસ્ત્રમાં ભેદ પાડવામાં આવે છે, અને બીજી રીતે (વિશિષ્ટ) સાધનાવાળી તે વિદ્યા અને (વિશિષ્ટ) સાધનરહિત તે મંત્ર, એમ ભેદ છે. બે સંસ્કૃત સૂરિમંત્રસ્તોત્રો, પ્રાકૃતમાં ગૌતમગણધરસ્તોત્ર, પાંચે પીઠના અધિષ્ઠાયકોનાં પાંચ સંસ્કૃત સ્તોત્ર, પાંચમી પીઠની અધિષ્ઠાયિકા તરીકે શ્રી ચક્રેશ્વરી દેવીનું જુદું સંસ્કૃત સ્તોત્ર તથા ગણિવિદ્યાધિષ્ઠાયકનું પ્રાકૃત સ્તોત્ર કે જેમાં સૂરિમંત્રના સર્વે અધિષ્ઠાયકની ભેગી સ્તુતિ કરી છે—આ નવે સ્તોત્ર મુનિસુંદરસૂરિનાં રચેલાં પ્રાપ્ય છે કે જેની નકલ શ્રી. મોહનલાલ ભ. ઝવેરી પાસે છે.

૬૫૨ વળી તેમ શ્રી મુનિસુંદર સૂરિએ શાંતિકર સ્તવનની રચના મારિનિવારણ માટે કરી હતી. એ વાત બરોબર લાગે છે કારણ કે ઉક્ત સ્તવનમાં રોગ ઉપદ્રવનિવારણ માટેના મંત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને સૂરિમંત્રની પાંચે પીઠોના અધિષ્ઠાયકો અને નામ નિધાનપૂર્વક સોળે વિદ્યાદેવીઓ, ચોવીસે શાસન-યક્ષો, ચોવીસે શાસનદેવીઓ તથા સર્વે સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ કરાવેલું છે. સૂરિમંત્રની પહેલી પીઠમાંના લબ્ધિપદો શ્રી શાંતિનાથ ભગવાનના નામ સાથે જોડી ઉક્ત શાંતિકર સ્તવનની બીજી તથા ત્રીજી ગાથામાં ઉપદ્રવનિવારણ તથા આરોગ્યપ્રાપ્તિ અર્થે મૂક્યાં છે. જેવા કે ॐ नमो विप्पोसहिपत्ताणं श्री शांता, ॐ नमो खेलोसहिपत्ताणं, तथा ॐ ह्रीं नमो सव्वोसहिपत्ताणं

સ્વર્ગવાસ.

<u>૬૫૩ સ્વર્ગવાસ</u>—તેમનો સ્વર્ગવાસ સં. ૧૫૦૩ કાર્તિક શુદ ૧ (ગૂજરાતી બેસતા વર્ષે) થયો ને તે કોરટામાં થયો એમ એ૦ સજ્ઝાયમાળાની પ્રસ્તાવનામાં જણાવ્યું છે. આ હકીકત માટે આધાર આપવામાં આવ્યો નથી, પણ વીરવંશાવલીમાં તેવો ઉલ્લેખ મળે છે તેથી તે આધારે ત્યાં તે જણાવેલ હશે. કોરટા-કોરંટક એક પ્રાચીન તીર્થ છે, તે પરથી કોરંટક ગચ્છ પણ નીકળ્યો હતો. તે હાલ નાનું ગામ છે ને મારવાડના જોધપુર રાજ્યના પરગણામાં એરનપુરા સ્ટેશનથી પશ્ચિમે ૧૨ માઈલ દૂર છે. (જુઓ જૈ. ગૂ. ક. ૩, ૨૨૧૦ ને ૨૨૮૬.)

॥ १६ ॥

શ્રદ્ધા જરાક શિથિલ બની છે, છતાં યોગ્ય પ્રસંગે તેમની એ શ્રદ્ધા થોડે વત્તે અંશે પણ પ્રકટ થયા વિના રહેતી નથી, એટલું જ નહિ પણ, ચમત્કાર-કથાઓમાં તેઓ સાહિત્યની દૃષ્ટિએ પણ રસપાન કરી શકે છે. આવા અદ્ભુત ચમત્કારો આજે તો ભાગ્યે જ જોઈ શકાય છે. જે ચમત્કારો છે તે કેવળ વિજ્ઞાન-સિદ્ધિના છે અને તેને તો સહેલાઈથી સમજાવી શકાય છે, ને તેમાં દૈવી તત્ત્વના અસ્તિત્વનું આપણને ભાન થતું નથી. આમ છતાંય ઘણાક શ્રદ્ધાળુઓ, ધર્મપ્રિય સજ્જનો અને વિદ્વાનોની માન્યતા પ્રમાણે આજે પણ ભારત ભૂમિ છેક જ ચમત્કારશૂન્ય બની નથી. દેશના વિવિધ ભાગોમાં, તીર્થસ્થળોમાં અમુક પ્રકારના ચમત્કારો થવાનો આજે દૃઢતાથી નિર્દેશ કરવામાં આવે છે.' વળી (ભૈરવ પદ્માવતી કલ્પની પ્રસ્તાવના રૂપે મંત્રવિદ્યા સંબંધી એક પુસ્તક જેવડો નિબંધ અંગ્રેજીમાં મારા મિત્ર રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી લખી રહ્યા છે ને તે છપાતો જાય છે, તે છપાયા પછી મંત્રશક્તિ પર ઘણો પ્રકાશ પડશે.)

ઉક્ત સૂરિમંત્ર જૈનપરંપરા પ્રમાણે શ્રી ગૌતમસ્વામી જે ભગવાન્ મહાવીરના પ્રથમ ગણધર થયા તેની કૃતિ તરીકે ગણાય છે, કારણ કે સૂરિમંત્ર એટલે આચાર્યસંબંધી મંત્ર-અને ગૌતમસ્વામી એ જ પ્રથમ આચાર્ય ગણાય. શ્રી મુનિસુંદર સૂરિએ રચેલા અપ્રકટ સૂરિમંત્ર-સ્તોત્રમાં તે મંત્રની સ્તુતિ તીર્થંકર, તીર્થ, ગૌતમસ્વામી, સુધર્મસ્વામી તરીકે સંબોધી કરી છેઃ—

[त्वं तीर्थकृत्त्व त्व परमतीर्थं त्वं गौतमस्त्वं गणभृत्सुधर्मा, त्वं विश्वनेता त्वमसि हितानां निधिः सुखानामिह मंत्रराजः ॥ २ ॥]

તેને માટે તે જ સ્તોત્રમાં આગળ કહ્યું છે કે શ્રી વર્ધમાન-મહાવીરસ્વામીના આદેશથી ગચ્છનેતા શ્રી ગૌતમસ્વામીએ તે મંત્રની સ્થાપના કરી છે.

[श्रीवर्द्धमानस्य निदेशतस्त्वं प्रतिष्ठितो गौतमगच्छनेत्रा, सिद्धीः समग्राः शिवसंपदश्च सर्वोग्रपुण्यौघफलानि दत्से ॥ ७ ॥]

વળી તેમના બીજા અપ્રકટ સૂરિમંત્રસ્તોત્રમાં તે મંત્રની સ્તુતિ કલિકાલમાં તીર્થ તથા આર્હત ધર્મની પ્રવૃત્તિના એકલા હેતુ તરીકે કરી છેઃ– तीर्थस्य धर्मस्य तथार्हतस्य हेतुस्त्वमेकोऽसि कलौ प्रवृत्तेः । ઇત્યાદિ. સૂરિમંત્રકલ્પોમાં તેની પરંપરા શ્રી ઋષભદેવ ભગવાનથી બતાવી છે અને તેમાં બાહુબલી આદિ સહસ્ર વિદ્યાનો ન્યાસ શ્રી પુંડરિક ગણધરે કર્યો હતો એવો ઉલ્લેખ છે. સૂરિમંત્રની પાંચ પીઠ છેઃ તેનાં નામ–૧ વિદ્યાપીઠ,

સૌભાગ્ય કાવ્યના સર્ગ ૧૪ શ્લોક ૨૭ માં 'વાદિ-ગોકુલ-સાંઢ' એ બિરુદ ખંભાતના ફરમાન મુજબ (જુઓ પત્ર ૩/૨ ની ટિપ્પણી નં. ૧) અને સર્ગ ૪, ૧૭માં 'કાલી સરસ્વતી' બિરુદ દક્ષિણના પંડિતોએ આપ્યું એમ ખાસી જણાવ્યું છે.[1] આ ફરમાનસંબંધી અગાઉ કહેવાયું છે. ['સં. ૧૪૮૫ના શ્રા. શુ. ૪ રવિવારે પત્તન (પાટણ)માં પૂર્ણિમા પક્ષના જ્ઞાનકલશ મુનિ દ્વારા લખાયેલ નવાયન મહાકાવ્યના પુસ્તકના અંતમાં ઉલ્લેખ છે કે—તે સમયે મહારાજાધિરાજ પીરોજ પાતશાહિથી નિયુક્ત ખાન ફરમાન સમસ્ત ગૂર્જર ધરિત્રીનું પરિપાલન કરતા હતા'—આમ મિત્ર પંડિત શ્રી લાલચંદ્ર કૃત 'શ્રી જિનપ્રભસૂરિ અને સુલતાન મહમદ' પૃ. ૧૧૫. આ ફરમાન (પટેલો) ભિન્ન સમજવો.] આ બિરુદોનો ઉલ્લેખ તત્કાલીન અગર તે સમયની આસપાસના ગ્રંથોમાં જણાતો નથી. આ અધ્યાત્મકલ્પદ્રુમના ટીકાકાર અને ધર્મસાગરના સમકાલીન ધનવિજય મુનિ 'સહસ્રાવધાન-ધારી, સાક્ષાત્સરસ્વતીધારી, શ્રી સોમસુંદર સૂરિના પટ્ટધારી, તપાગચ્છનાયક યુગપ્રધાન સમાન મુનિસુંદર સૂરિ' એટલું પોતાની ટીકાની આદિમાં જણાવે છે, તેમાં ઉક્ત બે બિરુદોનો ઉલ્લેખ નથી. જયચંદ્ર મુનિને સાજસકા ધામક દક્ષિણના વાદીઓએ 'કૃષ્ણ સરસ્વતી' કહ્યા (જુઓ-ગુરુગુણરત્નાકર કાવ્ય ૧, ૮૨); સોમસુંદર સૂરિના શિષ્ય ચારિત્રરત્ને 'કૃષ્ણ સરસ્વતી'નું બિરુદ ધારણ કર્યું હતું એમ તે સૂરિના શિષ્ય પં. પ્રતિષ્ઠાસોમ સોમસૌભાગ્ય કાવ્યના સર્ગ ૧૦ ના શ્લોક ૫૧માં જણાવે છે. આમ કાલી કે કૃષ્ણ સરસ્વતીનાં બિરુદો તત્સમયના ત્રણે મુનિસુંદર સૂરિથી અન્યને અપાયાનું-હોવાનું ઉલ્લેખે છે. મને લાગે છે કે જયચંદ્રસૂરિનું 'કૃષ્ણ સરસ્વતી' બિરુદ મુનિસુંદર સૂરિના નામે અસાવધાનતાથી ચઢી ગયું જણાય છે.

૧૨ પ્રખર માંત્રિક—મુનિસુંદરસૂરિએ સૂરિ-મંત્ર સોમસુંદરસૂરિ પાસેથી ગ્રહણ-શિક્ષા મેળવી વિધિપૂર્વક સાધી તે વડે ચમત્કાર-પોતે રચેલા સંતિકરસ્તવથી (મેવાડના) દેલવાડામાં મારિ ઉપદ્રવનું નિવારણ, અને શિરોહીમાં તીડોના ઉપદ્રવનું શમવું વગેરે-કરી બતાવ્યા એમાં આશ્ચર્ય પામવાનું નથી. એક લાર્ડના શબ્દોમાં 'આર્યાવર્તનો ધાર્મિક ઇતિહાસ અસંખ્ય ચમત્કારોથી ભરપૂર છે. દેવો, સંતો, મહર્ષિઓ અને ભક્તોની આ ભૂમિમાં ચમત્કારોમાં આજે પણ પ્રજાનો ઘણો મોટો ભાગ આમ શ્રદ્ધા ધરાવે છે. વિજ્ઞાનના આગમનથી શિક્ષિત વર્ગની આવી

१ भ्राजिष्णु भक्त्या दिशि येन काली सरस्वतीर्विरुदं सुपेशम् । रत्नाकरात्मीय सम दैवोऽद्यवितरत्ततो परममस्य विश्रम् ॥

मांत्रिक मुनिसुंदर सूरि.

ધર્મસાગરજી સ. ૧૬૪૬ની પટ્ટાવલીમાં જણાવે છે કે 'સંતિકર નામનું મહિમાવાળું સ્તવન કરીને જોગણીઓએ કરેલા મારિના ઉપદ્રવના નિવારક, ૨૪ વાર વિધિપૂર્વક સૂરિ-મંત્રનુ આરાધન કરનાર તેઓ હતા અને તેમાં પણ ૧૪ વાર (કરતાં) તેમના ઉપદેશથી ચંપકરાજ, દેપા, ધારા આદિ રાજાઓએ પોત પોતાના દેશમાં અમારિ પ્રવર્ત્તાવી હતી. શિરોહી દેશમાં સહસમલ્લ રાજાએ પણ અમારિ પ્રવર્ત્તાવી હતી તેથી તેમણે તીડોનો ઉપદ્રવ દૂર કર્યો હતો'.[1]

ઐતિહાસિક સજ્ઝાયમાળાની પ્રસ્તાવનામાં મુનિશ્રી વિદ્યાવિજય વિશેષમાં જણાવે છે કે 'વળી કૂવામાંથી ઋષભદેવની મૂર્ત્તિ કઢાવીને તે શીરોહીના લાખા રાજાને આપી હતી, રાજાએ તે મૂર્ત્તિ પોતાના મહેલની ડાબી તરફના મ્હોટા દેરાસરમાં સ્થાપિત કરી હતી.' આ માટે શો આધાર છે તે ત્યાં દર્શાવેલ નથી, તેમ અમને આ વાત બીજે કયાંય જણાઈ નથી; તેથી તે દંતકથા હોઇ શકે.

૧૧ બિરૂદો—તેમનું બિરૂદ 'સહસ્રનામાવધાની' હતું એ ચોક્કસ છે. સ. ૧૪૮૯માં લખાયેલી કલ્પભાષ્ય, નન્દિસૂત્રની પ્રતમાં તે વાત 'सहस्रनामावधानि विरुदा मर्हिमकधाम्' એમ કથેલ છે તે પરથી સિદ્ધ થાય છે. (પાટણ ભં. સૂચી પૃ. ૨૦૦; પ્રશસ્તિસંગ્રહ પ્રથમ પૃ. ૭૭).

સ. ૧૬૪૬માં પૂર્ણ કરેલી પટ્ટાવલીમાં ધર્મસાગર ઉપાધ્યાય જણાવે છે કેઃ—આ આચાર્યને ખંભાતના દફરખાને 'વાદિ-ગોકુલ-સંડ' નુ બિરૂદ આપ્યું હતું, અને દક્ષિણમાં 'કાલિ સરસ્વતી' નુ બિરૂદ મળ્યું હતું.[2] ધર્મસાગરજીને દેવવિમલ ગણિ ટેકો આપે છે-કારણ કે હીર-

---

૧ 'सन्तिकरमिति समहिमस्तवनकरणेन योगिनीकृतमार्युपद्रवनिवारकः । चतुर्विंशति वार २४ विधिना सूरिमंत्राराधकः । तेष्वपि चतुर्दश १४ वारं यदुपदेशात स्वस्वदेशेषु चम्पकराज देपा धारादि राजभिरमारिः प्रवर्तिता । सीरोही दिशि सहस्रमल्लराजेनाप्यमारि-परिवर्त्तने कृते सति येन तिड्डकोपद्रवो निवारितः । આમા શિરોહીમાં રાજાએ અમારિ પ્રવર્ત્તાવી એટલે આ સૂરિએ તીડનો ઉપદ્રવ ટાળ્યો, એ જણાવ્યું છે તે યોગ્ય નથી; આથી ઉલટું મુનિસુંદર-સૂરિ-વિજ્ઞપ્તિ, સોમસૌભાગ્ય કાવ્યાદિમાં જણાવ્યું છે એ યોગ્ય અને યુક્તિસર છે, કારણ કે જૈન આચાર્ય અમુકના બદલામાં અમુક કરે એમ બને નહિ; તે જે કરે તે પરોપકારાર્થે ફલની ઇચ્છા વગર કરે.

૨ स्तम्भतीर्थे दफरपानेन 'वादिगोकुल-सण्ड' इति भणित. दक्षिणस्यां कालिसरस्वतीति प्राप्तविरुदः ।

(૨) રત્નશેખર સૂરિ પણ સં. ૧૫૦૬ મા પોતાની 'શ્રાદ્ધવિધિ' નામના ગ્રંથની અંતે એમ જ જણાવે છે.[1]

(૩) લક્ષ્મીભદ્ર ગણિએ રચેલી ને સં. ૧૪૯૮માં પાલણપુરમાં લખાયેલી તે વખતની ગુજરાતી ભાષામાં 'શ્રી મુનિસુંદર સૂરિ વિજ્ઞપ્તિ' એ નામની ૨૪ કડીની ટૂંકી કૃતિમાં કડી ૭ થી ૯ સુધીમાં જે જણાવ્યું છે તે આપણા ચરિત્રનાયકશ્રીનો પરિચય આપતાં આદિમાં જ મૂકેલું છે. (જૈ. સત્યપ્રકાશ પુ ૫ ૫૮ થી ૬૦).

(૪) ચારિત્રરત્નગણિએ સં. ૧૪૯૯ માં પોતાના 'દાનપ્રદીપ' પુસ્તકની અંતે કહ્યું છે કે 'તેઓ મારિનું નિવારણ કરવાના પૂર્ણ અવદાતથી અદ્ભુત એવા પરમ મહિમાવાળા છે.[2]'

(૫) સોમધર્મ ગણિએ પણ સં. ૧૫૦૩માં રચેલ ઉપદેશ-સપ્તતિકા પ્રતિ એ પ્રમાણે દર્શાવ્યું છે કે 'જેમણે શાંતિકરસ્તોત્ર રચ્યું, ને રાજા વગેરેને પ્રતિબોધ્યા, પ્રવાદોમાં જય મેળવ્યો એવા શ્રી મુનિસુંદર સૂરિ શોભે છે.[3]'

(૬) સૂરિજીની હયાતી બાદ—સોમમંડન ગણિ યુગાદિદેશનાને અંતે 'તેઓ યુગોત્તમના ગુણવાળા, વિસ્તૃત ઉદયવાળા અને સહસ્ર નામોના અવધાની હતા' એમ કહે છે.[4]

(૭) હેમહંસગણિએ અમદાવાદમાં રચેલી સં. ૧૫૧૫ ની ન્યાયાર્થ-મંજૂષા નામની કૃતિની પ્રશસ્તિમાં જણાવેલ છે કે 'સુર-દેવથી કરેલી મારિ જેણે શાંતિસ્તવ રચીને નિવારી તે શ્રીમાન્ મુનિસુંદર નામના ગુરુ ખાસ દીક્ષા-ગુરુ હતા.[5]'

---

1 [illegible] । श्री मुनिसुन्दरसूरिवर[illegible] ॥
—રત્નશેખર સૂરિના સં. ૧૫૦૬ ના શ્રાદ્ધવિધિ ગ્રંથની પ્રશસ્તિ, શ્લોક ૮.

2 श्री मुनिसुंदरगुरवः [illegible] । मारिनिवारण[illegible] यति ये ॥ १० ॥

3 [illegible]शान्तिकरस्तोत्राः नृपादिप्रतिबोधकाः । जितवादा जयन्ति श्री मुनिसुन्दरसूरयः ॥ २ ॥

4 युगोत्तमगुणाधारास्तस्ये प्रथितोदयाः । [illegible] श्री मुनिसुन्दरसूरयः ॥ ३ ॥

5 मारिर्येन निवारिता सुरकृता संस्तुत्य शांतिस्तवं च श्रीमन्मुनिसुन्दराभिधगुरुर्दीक्षागुरुर्मेऽभवत् ॥ (पी. ४ नं. ७०० पृ. १८)

ग्रन्थकारादि-परिचय

मुनिसुंदरजं सूरि तरीके वर्णन.

निर्माय यैः शान्तिकरं स्तवं नवं निवारिता मारिरिहाऽतिदुस्तरा । ध्यानात्तथा तिड्डभरेतिरञ्जसा जाग्रद्गुणैर्जैनमतप्रभावकैः ॥ ६९ ॥
पीयूषयूषमधुरात्मगिरा दुरन्तमाऽऽनेमुपामिह विमोहविषं हरन्तः । भव्योत्सवं भुवि विहारविधिं सृजन्तः श्रीमानतुङ्गगुरुवन्महिमर्द्धिमन्तः ७०
सत्क्षुल्लाभमनिभश्रुतसंविदेकाऽऽलोकात् समीक्ष्य मुनिसुन्दरसूरिराजाः। स्वाश्रय्युमापुरमुमापुरनामधेयं ग्रामं क्रमादनुपमं तमुपागमंस्ते(युग्मं)

—'અધ્યાત્મકલ્પદ્રુમ; સુદર ગુર્વાવલી, આસોમાં મુખ્ય એવાનાં જુદાં જુદાં સ્તવો વગેરે બહુ ગ્રંથોને સરલ મતિથી અને વાચસ્પતિના અભિમાનને અસ્ત કરનારી દીપ્તિવડે જેમણે રચ્યા, શ્રી સૂરિમંત્રના બહુ સ્મરણથી છઠ અઠમ આદિના તપ-વિશેષથી જેમની પાસે આર્ય પદ્માવતી આદિ દેવીઓ પ્રત્યક્ષ થઈ આવતી હતી, જે જિનમત પ્રભાવકે પૃથ્વીમાં નવું શાન્તિકર સ્તવ રચીને અતિ દુસ્તર એવી મારિ તથા ધ્યાન ધરીને તીડોના ટોળાનો ઉપદ્રવ જાગ્રદ્ ગુણો વડે શીઘ્રતાથી નિવારેલ હતાં, તેઓ પિયૂષના રસ જેવી મધુર વાણીથી પોતાને નમનારા લોકોના વિમોહ રૂપી ઝેરને દૂર કરનારા, પોતાની વિહારવિધિ અને ભવ્યોત્સવ રચતા શ્રી માનતુંગ ગુરૂ પેઠે મહિમાની ઋદ્ધિવાળા મુનિસુંદર સૂરિ......વિહાર કરતા કરતા ઉમાપુર આવ્યા.'

આ કાવ્યની પહેલા ને સૂરિજીની હયાતીમાં (૧) સં. ૧૪૭૯ ની લખાયેલી દેવચંદ્ર સૂરિ કૃત શાંતિનાથ ચરિતની લેખક-પ્રશસ્તિમાં દેવસુંદર સૂરિના પદે આવેલા સોમસુંદર સૂરિની હયાતીમાં તેમના ચાર શિષ્યો:—૧ મુનિસુંદર, ૨ જયચંદ્ર, ૩ ભુવનસુંદર અને ૪ જિનસુંદર —એ ચાર શિષ્ય-સૂરિઓનાં વર્ણન આપતાં પ્રથમ આપણા ગ્રંથકારને વર્ણવે છે કે:—

(૧) શાંતિ-સ્તવથી જેમણે લોકોમાં ચાલતી મારિને હરી લીધી, સહસ્રનામાવધાની એવું બિરૂદવાળા, મહિમાના અનન્ય ધામ અને વિવિધ શાસ્ત્રના વિધાનમાં વિધાતા જેવા જેઓ હતા તે પહેલા શિષ્ય મુનિસુંદર સૂરિ જયવંત છે.[1]

---

૧ शांतिस्तवेन जनमारिहृतस्सहस्रनामावधानिविरुदा महिमैकधाम । तेष्वादिमा विविधशास्त्रविधानधातृतुल्या जयंति मुनिसुन्दरसूरिराजाः ॥
—જુઓ પાટણ સૂચી નં. ૩૨૭ પૃ. ૨૦૦; પ્રશસ્તિ સંગ્રહ નં. ૧૧૩ પૃ. ૭૪, શ્રી જિનવિજય સંપાદિત જૈન પુ. પ્રશસ્તિ સંગ્રહ નં. ૪૯ પૃ. ૫૦

મુનિસુંદરસૂરિ તરીકે વર્ણન.

અમરકૃત થયું હતું એવા તેના શબ્દોએ સુગંધ કરવાનો (શિકારનો) નિષેધ સ્વીકાર્યો, અને પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તાવી. તે પહેલાં દેવકુલપાટક (મેવાડના દેલવાડા)માં સંતિકર (શાંતિકર) નામના (પોતે પ્રાકૃત ભાષામાં રચેલા) સ્તવનથી શબ્દો જૈન મરકીઉપદ્રવમાં હવે છે એવા આ સૂરિરાજે મહામારિના ઉપદ્રવનો નાશ કર્યો. એવા શાસનની ઉન્નતિ કરનારા પ્રસિદ્ધ કાર્યોથી અમરસૂરિ કહેવાય અને કુમુદ જેવા ઉજ્જ્વલ ગુણોથી તે (સૂરિ)એ શ્રી માનદેવ§ અને પવિત્ર માનસવાળા માનતુંગ‡ આદિ પ્રભાવક સૂરઓનું સ્મરણ કરાવ્યું હતું."

સં. ૧૫૦૧માં લક્ષ્મીસાગર મુનિને મુંડસ્થલમાં વાચકપદ આપ્યું અને તેનો ઉત્સવ સંઘપતિ લીંબે કર્યો (ગુરુ-ગુણરત્નાકર. ૧, ૭૦).

૧૦ તે સમયનાં અન્ય વૃત્તાંતો—ગુરુ-ગુણરત્નાકર કાવ્ય સં. ૧૫૪૧ મા સોમચારિત્ર નામના મુનિએ સંસ્કૃતમાં લક્ષ્મીસાગર સૂરિના ચરિત્ર રૂપે રચ્યું તેમાં તે સૂરિને મૂલ દીક્ષા અને વાચકપદ આપનાર શ્રી મુનિસુંદર સૂરિના કેટલાક ગુણોનું કંઇક સમુચિત વર્ણન પ્રથમ સર્ગ શ્લોક ૬૭ થી ૭૪માં કરેલું છે—

श्यावात्मकल्पद्रुम–वरगुरुणांबली–विविधाऽऽसपविस्तवादीन् । प्रत्यान् बहून् मेधुरविदग्धसभा येऽपरबयावस्तविदर्पहीनाः ॥ ६७ ॥

श्रीसूरिमन्त्रस्मारणाऽविक्षेपात् षष्ठाष्टमादैस्तपोविक्षेपात् । मनसुवामादुर्गुरुर्यस्य समाविरेष्य। प्रमदेन येषाम् ॥ ६८ ॥

---

§ લઘુશાંતિ નામનું મહિમાવાળું સ્તોત્ર રચનાર પૂર્વાચાર્ય ‡ ભક્તિવિષ્ણુ નામવાળા ભક્તામર સ્તોત્ર તથા ભયહર સ્તોત્ર એ બે મહિમાવાળા સ્તોત્રના રચનાર પૂર્વાચાર્ય.

१ श्री सोमसुन्दर–गुरुपट्टसरोरुहे श्रीमान् रराज मुनिसुन्दरसूरिराजः । श्री सूरिमन्त्रस्मरणैकपराविर्भवत्तमः मुनसिंहसत्समरमः ॥ १ ॥

श्रीरोहिणीति विरते क्वाचे शशीति पद्माहसोऽ किल कमलालयगुरुः । स्तम्भतर मध्यनगरे निवेशं प्रणतांबकिविक्षितमाप यानि ॥ २ ॥

श्रमेण देवकुलपाटकपत्तने यो मारेरुपद्रवं प्रशमयत्तत । श्री शान्तिकरस्तवमहोऽनघोपमान–पूर्णमयी सिद्धि–प्रथमप्रविष्टः ॥ ३ ॥

श्री मानदेव–मुनिमानस–मानतुंग–मुख्यान् प्रभावकगुरून् स्मृतिमानयन्यः । श्री मानमुन्दरक–अखिलवरातिशयैः कमलाविष्टैः सुधारससि ॥ ४ ॥

॥ १२ ॥

તેમણે વડનગર પાસેના ઉમાપુરમાં ૭ વર્ષની વયે લક્ષ્મીસાગરને સં. ૧૪૭૦ માં દીક્ષા આપી (ગુરુગુણ રત્નાકર કાવ્ય ૧, ૮૩ ને ૮૪)

૯ સૂરિ થયા પછીનું વર્ણન—ગ્રંથકારના જ શિષ્ય ચંદ્રરત્ન ગણિ તેમના ગ્રંથ નામે જયાનન્દ કેવલિ ચરિતના સંશોધક હતા; તેમણે તે ગ્રંથની અંતે ચાર શ્લોકની નીચેની પ્રશસ્તિમાં[1] પોતાના ગુરુનો પરિચય ટુંકમાં કરાવ્યો છે:—

'ચંદ્રકુલમાં તપાગચ્છમાં પ્રસિદ્ધ થયેલા શ્રી **સોમસુન્દર** ગુરુની પાટે પ્રતિષ્ઠિત કરાયેલા શ્રી **મુનિસુન્દર** સૂરિરાજમાં ઇંદ્ર જેવા (છે) કે જેનાં ગીતો મારિના ઉપદ્રવનું નિવારણ કરવા અર્થે શાંતિસ્તવથી કરેલા સંઘના રક્ષણ આદિથી તેમના ગણ અને પ્રગણથી ભદ્રબાહુ ગુરુ પેઠે ગવાય છે, (કારણ કે પૂર્વે ભદ્રબાહુ સ્વામીએ ઉપસર્ગહર સ્તોત્ર પ્રાકૃતમાં રચી સંઘરક્ષણ કર્યું હતું) અને જે મરૂદેશ આદિ દેશોમાં અમારિનો પડો વગડાવી પ્રસિદ્ધ થયેલા હોઈ શ્રી હેમચંદ્ર સૂરિનું પોતાની શક્તિવડે સ્મરણ કરાવતા હતા (કારણ કે શ્રી હેમાચાર્યે કુમારપાલ રાજાને પરમાર્હત બનાવી તેની પાસે અમારિ પ્રવર્ત્તાવી હતી), તે ઉત્તમ ગુરુના ઉત્તમ શિષ્ય ચંદ્રરત્ન ગણિ અને પંડિતે ગુરુભક્તિથી પોતાની બુદ્ધિથી શોધી શોધીને આ ગ્રંથ શુદ્ધ કર્યો.' (૧-૪)

સોમસુંદર સૂરિના સં. ૧૪૯૯માં સ્વર્ગવાસ પછી તેના એક પટ્ટધર તરીકે મુનિસુંદર સૂરિનું વર્ણન સોમસૌભાગ્ય કાવ્યના દશમા સર્ગના પ્રથમના ચાર શ્લોકમાં આપેલું છે કે:—

'યુગપ્રધાન શ્રી **સોમસુંદર** સૂરિની પાટે શ્રીમાન્ મુનિસુંદર સૂરિરાજ વિરાજ્યા, કે જેમની ઉત્તમ શ્રી સૂરિમંત્રના સ્મરણથી જ પ્રાપ્ત થયેલી શક્તિ પૃથ્વીપર વિસ્મયકારી દાન આપવામાં દક્ષ હતી. શ્રીરોહિણી (શિરોહી) નામના નગરમાં તીડના ઉપદ્રવને ટાળવાથી જેનું હૃદય

---

૧ चन्द्रकुले तपागच्छे ख्याता· श्री**सोमसुन्दर**गुरूणा । पट्टप्रतिष्ठिताः श्री**मुनिसुन्दर**सूरिराजेन्द्रा· ॥ १ ॥
(मार्यासुपद्रव) मारीत्यवमनिषारण–शान्तिस्तवसघरक्षणप्रमुखैर्ये । गीयन्ते स्वगणैः प्रगणैः प्रति भद्रबाहुगुरोः ॥ २ ॥
मरुदेशादिषु देशेष्वमारिपटहप्रघोपणै· प्रथिता । श्रीहेमचन्द्रसूरीन् स्मारितवन्तः स्वशक्त्या ये ॥ ३ ॥
तेपा गुरूत्तमाना शिष्यवरैश्चन्द्ररत्नगणिविबुधैः । शोध शोधं स्वधिया व्यधायि शुद्धं गुरुभक्त्या ॥ ४ ॥

श्री अध्या. मनवि. रत्न० वृत्ति. ॥ १२ ॥

ग्रन्थकारादि-परिचय मुनिसुन्दरसूरि.

ભાવના રૂપે હતો ને તેમાં ૩ સ્રોત અને ૬૧ તરંગ હતાં, એમ તે પૈકી બીજા સ્રોતનો ગુર્વાવલી નામનો છેવટનો એક વિભાગ સૂરિ થયા પૂર્વે સં. ૧૪૬૬ માં રચેલો મળે છે તેના અંતભાગ પરથી જણાય છે.[1]

તેમણે અનેક સ્તુતિસ્તવનો રચ્યાં હતાં—'ગાથીબેવાળાં નવ, ત્રણ અર્થવાળી સ્તુતિઓ અને સ્તવનો, શ્રી સિદ્ધસેન આદિ મહાકવિઓની પ્રતિભાશાળી કૃતિઓનું અનુકરણ કરતાં હતાં.' આ પૈકી કેટલાંક છપાઈ ગયાં છે.

તેમનામાં સંસ્કૃત ભાષા યુક્તિપુરસ્સર શબ્દોવાળી બોલવાની શક્તિ હતી અને તેઓ સહસ્રાવધાની તથા વાદીશ્રેષ્ઠ હતા.—'સારી યુક્તિવાળી સંસ્કૃત (ભાષા) બોલવાની શક્તિ, એક સહસ્ર નામોને એક સાથે કહેવાની શક્તિ અને તાત્કાલિક નવ્ય કવિત્વની શક્તિ તેમનામાં હતી તેવી હાલ બીજા કોઈનામાં જોવામાં આવતી નથી. સર્વ વિદ્યા ને કળામાં તેમની બુદ્ધિ પ્રસરેલી હતી અને હાલ વિશેષ વિદ્વત્તાવાળા મેધાવી પુરુષો છે પરંતુ એમના જેવી વ્યાપક પ્રજ્ઞાની સાથે તુલના કરે એવા નથી.' સહસ્રાવધાનીનો અર્થ એક સાથે હજાર વિષય પર ધ્યાન આપનાર થાય પણ અત્રે જણાવ્યું છે તેમ એક સાથે હજાર નામોને યાદ રાખી કહેનાર એ તેનો અર્થ છે. (સં. ૧૬૫૨ માં સોમવિમલની પટ્ટાવલીસઝાય 'જે સહસાવધાની સહસ નામની યાદ, હેલ્યાંમાં નિજમતિ છતા પરમત વાદ' જણાવે છે.—ઐ. સજ્ઝાય માળા પૃ. ૪૯; ધર્મસાગરે ૧૦૮ વસ્તુઓના નાદને ઓળખવાની શક્તિવાળા બાલ્યાવસ્થામાં પણ સહસ્ર નામોને ધારનાર જણાવ્યા છે.[2] દેવવિમલે પણ તેવું જ હીર સૌભાગ્ય કાવ્ય ૪, ૧૨૧ માં અને તે પરની ટીકામાં જણાવ્યું છે)

---

१ रसरसमनुमिते वर्षे १४६६ मुनिसुन्दर पण्डितेन कृता पूर्णम्। [illegible] गुर्वावली [illegible] ॥ ४९१ ॥ ...—इति श्रीगुरुगुणरत्नाकर भीमसेनगच्छाधिराज [illegible] पूज्याराध्य परमाप्त परमगुरु श्री देवसुन्दर सूरिचरणाम्भोज[illegible] [illegible] श्री मुनिसुन्दरगणि [illegible] श्री गुरुप्रभाव[illegible] श्री महागच्छाधिराज श्रीगुरुगुणरत्नाकर [illegible] तृतीये श्रोतसि गुर्वावलीनामा [illegible] एकषष्टितरङ्गः ॥ ।

२ अष्टोत्तरशत १०८ वस्तुनिनादोपलक्षकः बाल्येऽपि धृतसहस्रनामधारकः ।

॥ १२ ॥

તરંગોવાળી તથા કલિકાળના પાપના ઢગને ધોઇ નાંખનારી હતી અને વિદ્વાનોના સમૂહોને હર્ષિત કરી આકર્ષતી હતી.' આ વિજ્ઞપ્તિ તે એક ગ્રંથ જેવડી એકસો આઠ હાથ પ્રમાણ લાંબી હતી.[1] ને તેનું નામ 'ત્રિદશ તરંગિણી' રાખ્યું હતું. તે સં. ૧૪૬૬ માં રચીને સ્વગુરૂ દેવસુંદર સૂરિને મોકલવામાં આવી હતી. તે આખી હમણાં સુધી ઉપલબ્ધ થઇ નથી; પણ પૂર્વે ધર્મસાગર ઉપાધ્યાયે તેને જોઇ લાગે છે તેથી તેનું વર્ણન પોતાની પટ્ટાવલીમાં કર્યું છે કેઃ—'તેમાં પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્તક, અર્દ્ધભ્રમ, સર્વતોભદ્ર, મુરજ, સિંહાસન, અશોક, ભેરી, સમવસરણ, સરોવર, અષ્ટમહા પ્રાતિહાર્ય વગેરે નવા ત્રણસો બંધ, તર્ક પ્રયોગાદિ અનેક ચિત્રાક્ષરો, દ્વયક્ષર, પંચવર્ગ પરિહાર આદિ અનેક સ્તવોવાળી ત્રિદશ-તરંગિણી વિજ્ઞપ્તિ નામનો એકસો આઠ હાથનો લાંબો લેખ શ્રી ગુરૂને મોકલ્યો હતો.'[2] વળી તે પર્યુષણાપર્વમાં

यन्निर्मिता श्रीगुरुभव्यकाव्यविज्ञप्तिगङ्गा गुणसत्तरंगा । प्रक्षालयन्ती कलिकश्मलौघं छटानकार्षीत्सुमनःसमूहान् ॥ ३५ ॥
येन प्रक्लृप्ताः स्तुतयः स्तवाश्च गाम्भीर्यभृद्भव्यसदर्थसार्थाः । श्रीसिद्धसेनादिमहाकवीना कृतीर्मतीद्धा(?) अनुचक्रिरे ताः ॥ ३६ ॥
सद्युक्तिभृत्संस्कृतजल्पशक्तिः सहस्रनाम्ना कथनैकशक्तिः । तात्पर्यलिपी नव्यकवित्वशक्तिर्न यं विनान्यत्र समीक्ष्यतेऽद्या ॥ ३७ ॥
विद्या न सास्ते निरवद्यतामृत्-कला न सा चास्ति वरा धरायां । यस्यां न यस्याद्रिगणार्चितस्य बुद्धिर्विशुद्धा प्रसरीसरीति ॥ ३८ ॥
मेधाविनः सन्ति परः सहस्रा अदूष्यवैदुष्यधरा धरायां । परं न कस्य प्रसरत्प्रकर्षे प्रज्ञस्य विज्ञस्य तुलाभृत. स्यु. ॥ ३९ ॥

—સોમ સૌભાગ્ય કાવ્ય સર્ગ ૬.

૧ સં. ૧૪૮૨ની જિનવર્દ્ધન ગણિકૃત પટ્ટાવલીમાં કહેલ છે કે 'ભવિક જન પુરંદર, સૂરિ શ્રી મુનિસુંદર, જેહે ચીહુડઉ કરી અઠોત્તર સઉ હાથ-પમાણુ, પરવાદી તણુઉ ઊતારિઉ માણુ.'

૨ येनानेकप्रासाद-पद्मचक्रषट्कारकक्रियागुप्तकार्द्धभ्रमसर्वतोभद्र-मुरज-सिंहासनाशोकभेरी-समवसरणसरोवराऽष्टमहाप्रातिहार्यादिनव्यत्रिशतीबन्धतर्कप्रयोगाद्यनेक-चित्राक्षरद्व्यक्षरपञ्चवर्गपरिहाराद्यनेकस्तवमय-त्रिदशतरङ्गिणी विज्ञप्तिनामधेयाष्टोत्तरशतहस्तमितो लेख. श्रीगुरूणा प्रेषितः ।

શ્રી અપ્પા. ધનવિ રત્ન० સૂચિ ॥ ૧૧ ॥

ગ્રન્થકારાદિ-પરિચય

મુનિસુન્દર ઉપાધ્યાય.

નામના સૂરિની સ્તુતિ કરે છું (૧૦-૧૧) જે જ્ઞાનરૂપી રત્ન હોઇ પ્રમાદીઓને ભયકારૂપ થાય છે એવા વિશ્વપૂજ્ય શ્રી સોમસુન્દર સૂરિ જયવંતા રહો (૧૨)

અને તે ગ્રંથો અને બીજા પોતાના ગ્રંથની અંતે પણ પોતાને ઉક્ત ત્રણે સૂરિઓના શિષ્ય તરીકે જાહેર જણાવે છે.

ગૂજરાતના સુલતાન અહમદ શાહના માન્ય ગુણરાજ સંઘના ભાઈ આમ્ર-આમાકે શ્રી ચંપતિ આદિ તરફ વૈરાગ્યવાન્ થઇ જેમ સુંદર સૂરિ પાસે દીક્ષા લીધી હતી તેને મુનિસુંદરજીએ સં. ૧૪૮૫ માં પાઠક પદ આપ્યું હતું (ચિત્રકૂટ પ્રશસ્તિ શ્લોક ૪૫ ને ૪૬) ક્યારે સોમ સૌભાગ્ય કાવ્ય સર્ગ ૮ શ્લોક ૧૯ થી ૨૨મા પરથી લાગે છે કે તે આમ્રે ગૂજરાતના કર્ણાવતીમાં સોમસુંદર સૂરિપાસે દીક્ષા લીધી હતી. ચિત્રકૂટ પ્રશસ્તિ સં. ૧૪૯૫માં એટલે સં. ૧૫૨૧ના સોમસૌભાગ્ય કાવ્યથી ૨૫ વર્ષ પહેલાં લખાયેલી હોઇ તેનું વચન સ્વીકાર્ય છે.

૮ મુનિસુંદર ઉપાધ્યાયનું વર્ણન—સોમસૌભાગ્ય કાવ્યમાં સૂરિપદ આપાતી વખતે આઠમા સર્ગના શ્લોક ૪૩ થી ૪૪ માં મુનિસુંદર વાચક-ઉપાધ્યાયના ગુણોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે.[1]—

તેઓ એવા પ્રખર વાદી હતા કે 'જ્યારે તેઓ બુદ્ધિથી તત્ત્વોના વિકલ્પ-તર્કના જાળવાનું જોઇ છે ત્યારે સરસ્વતી શ્રી ન્યાત વાદીઓની સકલ પ્રમાણો ભાગે તેમ તુરત નાશી જાય છે, તેઓ વાદભૂમિ પર પોતાના સામર્થ્યે સાધન હેતુ (પ્રમાણ) નો ઉપન્યાસ વિસ્તારે છે ત્યારે વાદીઓનો જેટલો ઉન્માદ હોય તે સઘળો શરીરના પરસેવા સાથે જતો રહે છે.' તેમનો ત્રૈવેદ્યગોષ્ઠી નામનો ૧૪ સર્ગની વયે-ઉપાધ્યાય થયા પહેલાં રચેલો ગ્રંથ જોતા તેમની વાદ-પ્રકૃતિ અને તર્ક-દક્ષતા દેખાઈ આવે છે.

તેમનો ગુરુ ઉપર પરમ પ્રેમ અને ભક્તિ ભાવ હતો. 'તેમણે રચેલી શ્રીગુરુની ભવ્ય કાવ્યમય વિજ્ઞપ્તિ રૂપી નવ્ય, શુભ રૂપી ખાસ

॥ ૧૧ ॥

---

1 [illegible] । [illegible] ॥ ૧૩ ॥
[illegible] । [illegible] ॥ ૧૪ ॥

मूर्त्तिं सुधारसमयीमिव वीक्षमाणा येषां सुधाप्लवसुखं ददता दृशां ज्ञाः ।
अक्ष्णामवाप्य मतिकृत्त्वमुदासते ते, श्रीसोमसुन्दरगणप्रभवो जयन्तु ॥ ११ ॥

—'મહિમા અને લબ્ધિ રૂપ સર્વે વિશ્વોત્તમ ગુણો રૂપી કિરણોએ કરીને જે સૂર્યની પેઠે પ્રકાશિત હોતે છતે, બીજા બધા આચાર્યો સૂક્ષ્મ તારા સમાન લાગે છે એવા તે શ્રી દેવસુંદર ગણપ્રભુ-ગચ્છનાયક (મારા) હર્ષ માટે થાઓ. (૯) આ મારા જેવા કઠણ પત્થર જેવામાં પણ જેમણે પોતાનાં વચનો રૂપી કિરણોથી ઉત્તમ જ્ઞાન રૂપી રસની ઉત્પત્તિ કરી છે, તથા અમૃતનું દાન દેવામાં તત્પર એવા આ નવા ચંદ્ર સરીખા શ્રી જ્ઞાનસાગર ગુરૂને હું ભક્તિપૂર્વક નમેલો છું. (૧૦) આંખોને અમૃતના છંટકાવનું સુખ આપનારા એવા જે છે અને જેની અમૃતરસ-મય મૂર્તિને જોનારા વિદ્વાનો પોતાની આંખોનું કૃતકૃત્યપણું પામે છે એવા ગચ્છનાયક શ્રી સોમસુંદર સૂરિ જયવંતા વર્તો. (૧૧)

તેમજ પોતે જયાનન્દ કેવલિ ચરિત્ર નામના પોતાના સંસ્કૃત પદ્યગ્રંથમાં પણ આદિના ૯ થી ૧૨ સુધીના શ્લોકવડે તે ત્રણે આચાર્યને આ રીતે સ્મરે છે:—

अहो यत्सार्ववैद्याब्धिं गाहमानाः सतां धियः । अजडाः स्युः स्तुवे तान् श्रीदेवसुन्दर-सद्गुरून् ॥ ९ ॥
यैर्वाङ्मयरसासारात् सुधांभोदैरिवोन्नतैः । चक्रेऽश्माभेऽपि गर्जद्भिर्मयि विद्यालतोद्भवः ॥ १० ॥
जगत्तापहरान् स्फुर्जद्विद्युतः सुघनागमान् । श्रीज्ञानसागराख्यां स्तान् स्तुवे सूरीन् जगद्गुरून् ॥ ११ ॥ (युग्मं)
ज्ञानार्कोणां गुरो येषामुल्मूकन्ति प्रवादिनः । विश्वार्च्यास्ते जयन्तु श्रीसोमसुन्दरसूरयः ॥ १२ ॥

—અહો! જેમની સર્વ વિદ્યાના સાગરમાં ઉંડુ સ્નાન કરનારા જડતા રહિત અને સારી બુદ્ધિવાળા થાય છે તે શ્રી દેવસુન્દર સૂરિ સદ્‌ગુરૂની હું સ્તુતિ કરૂં છું (૯) જેમણે વાઙ્મયરસરૂપી જબરા વરસાદમાંથી અમૃતરૂપી ઉંચાં અને ગર્જતાં વાદળાંવડે મારાં જેવા પથ્થર જેવામાં પણ વિદ્યારૂપી લતાનો ઉદ્‌ભવ કર્યો, તે જગના તાપને હરનારા સ્ફુરતી વીજળી વાળા મેઘ જેવા જગદ્‌ગુરૂ શ્રી જ્ઞાનસાગર

श्री अध्या
धनवि.
रत्न० वृत्ति.

॥ १० ॥

પછી બન્યુંલ વિભત.) શ્રી સોમસુંદર સૂરિએ શ્રીમન્ મુનિસુંદર સૂરિ વિગેરેને, કે જે સૂરિને સૂરિપદના સમયથી આમ પહેલ સૂરિ બનાવને વિરમવાની પડી હતી. (સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૦ શ્લો. ૧ થી ૪). મધ્ય કે ગુર્વાવલીમાં સોમસુંદર સૂરિનું વર્ણન શ્લો ૩૮૫, ૩૮૮ થી ૪૨૨, ૪૨૧ થી ૪૦૪માં કર્યું છે. તે સૂરિએ પાંચને સૂરિપદવી આપી હતી—(૧) મુનિસુંદર સૂરિ (૨) જયચંદ્ર સૂરિ (૩) ભુવનસુંદર સૂરિ (૪) જિનસુંદર સૂરિ અને (૫) જિનકીર્તિ સૂરિ. [વીરવંશાવલિમાં જેમ સં. ૧૪૭૮ લગભગ તથા તેમણે મુનિસુંદર સૂરિના પદોત્સવ કર્યો તે વખતે જ બીજા મંત્રને સૂરિપદ આપેલ હતું એમ જણાવ્યું છે કે—"વિદ્ય (શ્રી વૃદ્ધનગર) માંડલ ? સં. ૧૪૭૮ શ્રી અભિનંદન સ્વામીનો બિંબ સામંતાદિકે નિપજાવ્યો, તે શ્રી સૂરિદ (સોમસુંદર સૂરિએ) પ્રતિષ્ઠ્યો. નિઃસૂરિજ ભણાવી સં. ૧૪૭૮ વિભાગ કરી ૨૪ આર શિષ્યને સૂરિપદ દીધા, તેહના નામ— પ્રથમ મોહનનંદન નામ શ્રી મુનિસુંદર સૂરિ નામ દીધા ૧. બીજા શિષ્ય જયશેખર નામ શ્રી જિનકીર્તિ સૂરિ દીધો ૨. ત્રીજા શિષ્ય શ્રી ભુવનધર્મનો નામ શ્રી ભુવનસુંદર સૂરિ દીધો ૩. ચોથા જયચંદ્રને તેહનો નામ શ્રી જિનસુંદર સૂરિ દીધો ૪. વિ. સં. ૧૪૭૮ વર્ષે છત્રીસ હજાર ૩૬ હજાર ખરચી સૂરિ પદોત્સવ કીધા." આ પરથી મુનિસુંદર સૂરિનું નામ મુનિ અને ઉપાધ્યાય તરીકે હતું ત્યારે મોહનનંદન હતું એમ જણાય છે. સૂરિ પદ આપતા વખતે વખત મૂળ નામ બદલાય છે તેમ ઉપર અહીં ચોથેનું નામ બદલાયું.]

આમ દીક્ષા, વિદ્યા ને પદવી આપી અનેક મહાત્મા મળ્યુ ગુરુઓનું સ્મર ; પાવે પોતાના ઉપદેશરત્નાકરમાં (તરંગ ૪ થી ૧૧ શ્લોકમાં) કરે છે

विभोपदेशमंदिमतसिगुणैरोऽवेमानस्तु बहु त्रिविधैस्तु भावमतु ।

गुरुमोगुणैः निशिसा अपि गुणोत्थ श्रीदेवसु-दूरागततो गुरु वे ॥ ९ ॥

वैयात्पैऽपि वाटिमोपशान्तिभिमिव मोनिनवादि मरवादमारया: यो: ।

मध्यानिमानवरानराधाम गुणाङ्गन् श्रीज्ञानसागरगुरुम् दक्षोऽस्ति भगवत ॥ १० ॥

ग्रन्थकारादि-
परिचय

परमगुरु
सोमसुन्दर-
सूरि

॥ १० ॥

શ્રી દેવસુંદર સૂરિ સં. ૧૪૬૮માં સ્વર્ગસ્થ થયા, ને તેમના સૂરિશિષ્યો—જ્ઞાનસાગર સૂરિ સ્વ. સં. ૧૪૬૦, કુલમંડન સૂરિ સ્વ. સં. ૧૪૫૫ ચૈત્ર, ગુણરત્ન સૂરિ સં. ૧૪૬૬ની દેવસુંદર સૂરિના નિર્દેશથી વ્યાકરણ પરની ક્રિયારત્ન સમુચ્ચયની કૃતિ પછી—અને તેમનો પ્રતિષ્ઠા લેખ સ. ૧૪૬૯નો મળે છે (બુ. ૧ નં. ૧૨૦૧)—(જ્યારે 'સંસ્તારક' પયન્નાની અવચૂરિ સં. ૧૪૮૪માં રચેલી પીટર્સન ૩, પૃ. ૪૦૬માં જણાવાઇ છે પણ તેમાં સવત્-દોષ લાગે છે કારણ કે સં. ૧૪૮૨ પહેલાં જિનવર્ધનના કથન મુજબ સ્વર્ગસ્થ થયા છે) તેથી સં. ૧૪૬૯ પછી અને સાધુરત્ન સૂરિ સં. ૧૪૫૬માં યતિજિત કલ્પવૃત્તિની રચના કરીને સં. ૧૪૫૮માં પાટણમાં આચાર્યપદ મેળવ્યા પછી થોડાં વર્ષમાં સ્વર્ગસ્થ થયા. આ ચારેના સ્વર્ગવાસ પછી સોમસુંદર સૂરિ અનન્ય તપાગચ્છનાયક બન્યા. (જિનવર્ધન કૃત સં. ૧૪૮૨ની પટ્ટાવલી) એટલે સ. ૧૪૬૯ પછી અને સ. ૧૪૭૨ સુધીમાં અવશ્ય તેઓ ગણાધીશ થયા. તેમનો પહેલો પ્રતિષ્ઠા લેખ સ. ૧૪૭૧ નો મળે છે (બુ. ૨ નં. ૫૦૦). (બુ. ૧ નં. ૧૩૮૦માં સં. ૧૪૪૯ નો સવત લેવાગાં ભૂલ થઈ લાગે છે, તે સં. ૧૪૮૯ હોવો સભવિત છે.) સં. ૧૪૭૧ના તથા સંવત્ ૧૪૭૨ના લેખમાં 'તપાગચ્છ નાયક શ્રીદેવસુંદર સૂરિ શિષ્ય શ્રી સોમસુંદર સૂરિભિઃ' એમ, અને સ. ૧૪૭૪ થી લેખોમાં 'તપગચ્છેશ' યા 'ભટ્ટારક' એમ તેમના માટે જણાવેલ છે.

૭ પદવીદાતા ગુરૂ—સોમસુંદર સૂરિ. ગ્રંથકારને સૂરિપદ આપનાર સોમસુંદર સૂરિ હતા, અને તેમના સં. ૧૪૯૯માં થયેલા સ્વર્ગવાસ પછી આ મુનિસુંદર સૂરિ અને જયચંદ્ર સૂરિ બંને પટ્ટધર થયા હતા. સં. ૧૫૨૪માં રચાયેલા સોમસુંદર સૂરિના શિષ્ય પ્રતિષ્ઠાસોમના સોમસૌભાગ્ય કાવ્યમાં જણાવ્યું છે કેઃ—વૃદ્ધનગર (વડનગર–ગૂજરાત)માં સમેલા નામનું તળાવ અને જીવંત સ્વામી તથા વીરના બે વિહારો નગરની શોભા રૂપ હતાં, ત્યાં દેવરાજ, હેમરાજ અને ઘટસિંહ-ઘટસિંહ એ ત્રણે ભાઈઓ શ્રીમત શ્રાવકો હતા; દેવરાજે ભાઈઓની સમતિથી કરેલા ઉત્સવ પૂર્વક સોમસુંદર સૂરિએ મુનિસુંદર વાચકને સૂરિપદ આપ્યું. (સં. ૧૪૭૬, ધર્મસાગર પટ્ટાવલીમાં સં. ૧૪૭૮), પછી દેવરાજે સંઘપતિ થઇને મુનિસુંદર સૂરિ સાથે શત્રુંજય અને ગિરિનારની યાત્રા કરી. (સર્ગ ૬, શ્લો. ૩૧ થી ૫૯) (આ યાત્રા વખતે રચેલાં શત્રુંજય અને ગિરિનારના નાયકનાં સ્તવનોની રચ્યા સાલ મુનિસુંદર સૂરિ સં. ૧૪૭૬ આપે છે. જુઓ જૈન સ્તોત્ર રત્નકોશ સંબંધી હવે

। अध्या. धनवि. १० वृत्ति.

॥ ९ ॥

નદીનો પ્રવાહ સોપારાં કૂવાઓથી ગ્રામ ભરાવે છે તેમ શિષ્યોથી-વિદ્યારૂપી જલકૂવાથી ભરાવાય છે.[1] જ્ઞાનસાગરના સમયમાં સાધુસંઘ 'દુઃસ્થ' હતો—એમ કહેવા 'સોમના 'શ્રીસ્થાપ્યત્વં ગુણવત્ત્વ [illegible]' એ ભરવથી જણાય છે. તેમનું તો ઉત્તમ સંયમ-ચરિત્ર હતું ને તે મહાપુરૂષ ભારે યોગી હતા એમ ગુર્વાવલીના ઉલ્લેખોથી જણાય છે. તેમણે કેટલીક અવચૂર્ણીઓ (સાથે ઉપરની નાની નાની વ્યાખ્યાઓ) કરેલી છે અને ભરૂચ તથા ઘોઘા તીર્થનાં સ્તોત્રો પણ રચેલાં છે.

શ્રી સોમસુન્દરના દીક્ષા-ગુરુ જયાનન્દ સૂરિના સં. ૧૪૪૧માં સ્વર્ગવાસ થયા પછી સોમતિલક સૂરિના અનન્ય પટ્ટધર બનેલા દેવસુન્દર સૂરિએ સોમસુંદર મુનિને ઘણા દુર્ગમ અને વિશેષણવાળા સૂત્રો ભણવા અને ભણવા માટે જ્ઞાનસાગર સૂરિ પાસે મોકલ્યા હતા અને તેની પાસેથી આગમાદિ શીખી લીધાં હતાં. (સોમ સૌભાગ્ય કાવ્ય સર્ગ ૫ શ્લોકથી ૧૨) આ પરથી સોમસુન્દર (કે જે પછી સૂરિ પદ પામી ઉપરે દેવસુંદર સૂરિના પટ્ટધર થાય છે) ના પણ જ્ઞાનગુરુ જ્ઞાનસાગર સૂરિ હતા, કે જેને પોતે સૂરિ થયા પછી પણ સોમસુંદર સૂરિએ પોતાના રચેલા 'મુખ્યરૂ ભરતરૂ [illegible]'માં ઉપરે [illegible] પોતે તેમના પાદ-પદ્મ-રેણુ છે એમ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.[2]

---

१ श्रीसोमसुन्दरगुरुप्रमुखाः [illegible] । [illegible] ॥
न [illegible] ।
यद् [illegible] ॥
[illegible] ॥ —ગુર્વાવલી શ્લોક ૩૪૫ થી ૩૪૮.

२ श्री देवसुन्दरगुरूत्तमशिष्यमुख्यो ज्ञानसागरगुरु[illegible] । श्री सोमसुन्दरगुरो[illegible] ॥
—જૈનસ્તોત્રસંગ્રહ ૧ પૃ ૨૪

ग्रन्थकारादि-परिचय

विद्यागुरु ज्ञानसागर-सूरि.

॥ ९ ॥

ઉત્તમ ગુરૂએ ભણાવ્યો છે એવા મુનિસુંદરે (મેં) બાલ્યાવસ્થામાં પણ તર્કના કૌતુકથી આ ત્રૈવૈદ્યગોષ્ઠી પોતાના અને અન્ય વિદ્વાનોના શિશુ-કાલમાં જીભની પટી માટે—જીભનો પડદો ખોલવા માટે—સં. ૧૪૫૫માં રચી'.[1]

વળી ગુર્વાવલી પછી પાકટ વયે સૂરિ-કાળમાં રચેલી ઉપદેશ-રત્નાકર નામની કૃતિના આરંભના દશમા શ્લોકમાં ગ્રંથકાર કહે છે કેઃ— 'આ મારા જેવા કઠણ પથ્થર જેવામાં પણ જેમણે પોતાનાં વચનોરૂપી કિરણોથી ઉત્તમ બોધ રૂપી રસ ઉપજાવ્યો છે અને અમૃતનું દાન દેવા તત્પર એવા આ નવા ચંદ્ર સરીખા શ્રી જ્ઞાનસાગર ગુરૂને હું ભક્તિપૂર્વક પ્રણામ કરૂં છું'[2]

ગુર્વાવલીમાં શ્લોક ૩૨૭ થી ૩૪૭માં પ્રથમ કથેલ છે કે જ્ઞાનસાગર સૂરિનો જન્મ સં ૧૪૦૫, દીક્ષા સ. ૧૪૧૭, સૂરિપદ ખંભાતમાં ધન (તથા તેના ભાઈ સહદેવ) નામના સંઘપતિએ કરેલા ઉત્સવ પૂર્વક સ્તંભન પાર્શ્વનાથ ચૈત્યમાં સં. ૧૪૪૧, (વળી જુઓ પાટણ સૂચિ પૃ. ૨૫૮) અને સ્વર્ગવાસ સ. ૧૪૬૦માં થયાં. પછી ખાસ કહ્યું છે કે 'સોમસુંદર ગુરૂ પ્રમુખ-ઇત્યાદિ તેમના (જ્ઞાનસાગર સૂરિના) ત્રિવિદ્યારૂપી અગાધ સાગરમાં ડૂબકી મારી ઉત્તરાર્થરૂપી મણિના ઢગની મોઘી લક્ષ્મી પ્રાપ્ત કરી પુરૂષોત્તમપણું ધરાવે છે અને તે સાગર ગર્જતો હતો ત્યારે મારા (ગ્રંથકારના) જેવો એક વાદળ રૂપે ઉચ્ચ પદ લઈ બેઠો હતો; તે સારસ્વત પ્રવાહ શોષાઈ જતાં જેમ હાલના કાળમાં લોકો

---

૧ શ્રીજ્ઞાનસાગરાહ્વગુરુણા જ્ઞાનવારિધિં। ઉપજીવ્યોપદેશં ચ કુર્વે ત્રૈવૈદ્યગોષ્ઠિકમ્ । શ્રીમત્તપાગગનભોઽગણભાસ્કરાભ-શ્રીદેવસુન્દરગણાધિપશિષ્યકેણ । શ્રીજ્ઞાનસાગરગુરૂત્તમપાઠિતેન બાલ્યેઽપિ તર્કકુતુકાન્મુનિસુન્દરેણ ॥ શરશરમનુમિતવર્ષે ૧૪૫૫ સ્વસ્યાન્યેષાં ચ શૈશવે સુધિયાં । જિહ્વાપટિમોપકૃતે વિદધે ત્રૈવૈદ્યગોષ્ઠીયં ॥ — ત્રૈવૈદ્યગોષ્ઠી.

૨ યૈર્માદૃશોઽપિ કઠિનોપલસંનિભેઽસ્મિન્ ગોભિર્વ્યધાયિ વરબોધરસોદ્ભવ. સ્વૈ૰ । નવ્યાનિમાનમૃતદાનપરાન્ સુધાંશુન્ શ્રીજ્ઞાનસાગરગુરૂન્ પ્રણતોઽસ્મિ ભક્ત્યા ॥ — ઉપદેશરત્નાકર.

વીરવંશાવલિ કે જે જૈન સાહિત્ય સંશોધક ખંડ ૧ અંક ૩માં પરિશિષ્ટ તરીકે પ્રસિદ્ધ થયેલ છે તેમાં, અને પ્રાયઃ તે પરથી (સ્વ. સ્વ.) શ્રી વિજયધર્મસૂરિ 'દેવકુલપાટક'માં પૃ ૨૬ની ટિપ્પણીમાં, દેવસુંદર સૂરિ સં. ૧૪૪૨માં સ્વર્ગે ગયા એમ જણાવેલું છે તે પણ ખરૂં નથી, કારણ કે સં. ૧૪૪૨માં લખાયેલી શ્રીમલયગિરિ વિરચિત આવશ્યક ટીકાની તાડપત્રની પ્રતિને સં. ૧૪૬૫માં શ્રીદેવસુંદરસૂરિના ઉપદેશથી પત્તન (પાટણ)ના જ્ઞાનકોશમાં મૂકવામાં આવી (પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રંથસૂચી નં. ૩૩૨ પૃ ૨૦૨) તેમ જ એજ વખતમાં પ્રસિદ્ધ થનાર શ્રી જિનવિજયસંપાદિત જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ નં ૬૮ પૃ ૬૭) એટલે 卐 પરથી સં. ૧૪૬૫ સુધી તો તેઓ અવશ્ય જીવંત હતા.

આ લખાણ પછી મેં સં. ૧૪૮૨ની પં. જિનવર્દ્ધનગણિની તપોગચ્છ ગુર્વાવલી ભારતીયવિદ્યાના પ્રથમ વર્ષે બીજા અંકમાં છપાવી છે તે જોતાં અને માલૂમ પડ્યું કે તેમાં દેવસુંદર સૂરિના સ્વર્ગવાસનું વર્ષ સં. ૧૪૬૮ આપેલું છે અને તે યથાસ્થિત હોવાથી હવે શંકાને સ્થાન નથી.

વિશેષ શોધમાં જણાય છે કે સોમતિલકસૂરિ સં. ૧૪૨૪માં સ્વર્ગસ્થ થયા ત્યારે તેને આગલે વર્ષે તેના મુખ્ય ત્રણ શિષ્યો પૈકી ચંદ્રશેખરસૂરિ સ્વર્ગસ્થ થયા હતા એટલે બીજા બે શિષ્યો નામે જયાનંદસૂરિ અને દેવસુંદરસૂરિ અને પટ્ટધર પોતાને ગણાવતા હતા. જયાનંદ સૂરિ સં. ૧૪૪૧માં સ્વર્ગસ્થ થયા, પછી દેવસુંદરસૂરિ સોમતિલકસૂરિના અનન્ય પટ્ટધર જીવનપર્યંત રહ્યા (જુઓ પત્તનસ્થ ઉક્ત સૂચી નં. ૩૫૦ પૃ. ૨૧૫, ને નં. ૩૮૨ પૃ ૨૩૨). દેવસુંદર સૂરિએ પાંચને સૂરિપદવી આપી હતી—૧ જ્ઞાનસાગરસૂરિ સં. ૧૪૪૧ ખંભાતમાં, કુલમંડનસૂરિ અને તેની સાથે ગુણરત્નસૂરિ સં. ૧૪૪૨માં ખંભાતમાં, સોમસુંદરસૂરિ સં. ૧૪૫૦ પાટણમાં, અને સાધુરત્નસૂરિ સં. ૧૪૫૬માં પાટણમાં.

૬ <u>વિદ્યાગુરુ જ્ઞાનસાગરસૂરિ</u>—ગ્રંથકાર પોતાની ગુર્વાવલીમાં દેવસુંદર સૂરિની પાસે ૫૦ નો અંક સૂકી તપગચ્છના ૫૦ મા પટ્ટધર તેને બતાવી તેના પછી પટ્ટધર તરીકે ૫૧ નો અંક તેના શિષ્ય જ્ઞાનસાગર સૂરિ અને સોમસુંદર સૂરિ બન્ને પાસે મૂકી બંનેને સૂચવે છે. આ પૈકી જ્ઞાનસાગર સૂરિ આપણા ગ્રંથકારના વિદ્યા-ગુરૂ હતા, કારણ કે ગુર્વાવલી પહેલાંની ત્રૈવિદ્યગોષ્ઠી નામની કૃતિના આદિમંગલમાં તથા અંતના બે શ્લોકમાં પોતે જ જણાવે છે કે—શ્રી જ્ઞાનસાગર નામના સ્વગુરૂના જ્ઞાન-સમુદ્ર જેવા ઉપદેશ પર આધાર રાખીને હું ત્રૈવિદ્યગોષ્ઠી રચું છું; શ્રીમત્ તપા ગણરૂપી આકાશને અજવાળે સૂર્ય જેવી કાંતિવાળા શ્રી દેવસુંદર ગચ્છનાયકના શિષ્ય અને જેને શ્રી જ્ઞાનસાગર નામના

કે 'પાટણના ગુંગડી તળાવમાં ત્રણસો જોગીના જુથવાળો ઉદયીપા યોગી અનેક મંત્રાદિ સમૃદ્ધિસહિત મદિર કરી ત્યાં સ્થિતિ કરી બેઠો હતો, રોગ કે સ્થાવર જંગમ આપતને દૂર કરતો, જલ અગ્નિ સર્પાદિનો ભય ટાળનાર ભૂતભવિષ્ય જાણનારો તે અચ્યુત પુરૂષ નૃપ, ધનિક, મંત્રિ આદિ અખિલ પ્રજાથી પૂજાતો હતો; તેણે પોતાના સાથીઓ સહિત દેવસુંદરસૂરિને દંડવત્ પ્રણામ કર રહીને ભક્તિભાવથી કર્યા ને લોકો સમક્ષ ગુરૂની સ્તુતિ કરી. સંઘાધિપ નરિયા આદિએ આ નમનનું કારણ પૂછતાં તે જોગીએ કહ્યું કે સુવર્ણસિદ્ધિ કરનારામાં દિવ્ય જ્ઞાની ગુરૂએ એમ આદેશ કર્યો છે કે પદ્મ નામના દંડ પરિકર ચિહ્નવાળા આ સૂરિ વદ્ય છે અને કલ્યાણદાતા યુગપ્રધાન આદિ છે તેથી હું નમ્યો. (ધ૦ પ૦ વિશેષમાં કહે છે કે આ નમન સં. નરિયાને વૈરાગ્યનું કારણ થયુ.) વટપદ્રવાસી સારગમંત્રી પૂર્વજોના ચાલ્યા આવતા ક્રમ પ્રમાણે જિનધર્મપ્રત્યે દ્વેષી હતો તે દેવવાણીથી તેમને યુગોત્તમ જાણી સિદ્ધપુર જઈ વાંદવા આવ્યો, ને ગુરૂપાસે જૈન ધર્મ ગ્રહણ કર્યો—પછીના ૩૨૭થી ૪૯૦ શ્લોકમાં દેવસુન્દરસૂરિના મુખ્ય શિષ્યો—જ્ઞાનસાગરસૂરિ, કુલમંડનસૂરિ અને સાધુરત્નસૂરિ, તેમજ અન્ય શિષ્ય શિષ્યા આદિ પરિવારમાં સોમસુંદરસૂરિ ને ગુણરત્નસૂરિ તથા દેવશેખરગણિ, મુનિસુંદરગણિ—ગ્રંથકાર પોતે, શ્રુતસુંદરગણિ આદિ ઉપાધ્યાયો, ચારિત્રચૂલા આદિ મહત્તરાઓ વગેરે અનેક ગણાવેલાં છે.

તેમના સ્વર્ગવાસની વાત ગુર્વાવલીમાં જણાવી નથી તેથી તેની રચનાના વર્ષ સં. ૧૪૬૬ સુધી તેઓ વિદ્યમાન હોય એમ લાગે છે ને તે અનુમાન તે સૂરિના સં. ૧૪૬૬ના મળતા લેખ (નં. ૭૬૧ બુ. ૧)થી ખરૂં ઠરે છે. ધર્મસાગરજી કે જેમણે પોતાની પટ્ટાવલી મુખ્યત્વે ઉક્ત ગુર્વાવલી પરથી ઘડી છે તેમાં પણ સ્વર્ગવાસનું વર્ષ જણાવેલું નથી. શ્રી મોતીચંદભાઈ પોતાના અધ્યાત્મકલ્પદ્રુમના ગૂજરાતી ભાષાંતરની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં પણ (પૃ. ૬૦) દેવસુન્દરસૂરિ સં. ૧૪૫૭માં કાલધર્મ પામ્યા હતા એમ કોઈ આધાર આપ્યા વિના જણાવે છે. સોમસુંદરસૂરિને સૂરિપદ સં. ૧૪૫૭માં મળ્યું તે પરથી આચાર્ય મૃત્યુસમય આસપાસ કોઈ શિષ્યને સૂરિ કરી પટ્ટધર નીમી જાય છે એવું ઘણીવખત બને છે તેમ અત્ર પણ બન્યું હશે એમ ધારી, તેઓ ઉપરનું સ્વર્ગવાસવર્ષ જણાવવા પ્રાયઃ દોરાયા હશે, પણ તે અનુમાન કે કલ્પના સત્ય નથી. સં. ૧૪૬૬ સુધી વિદ્યમાન હોવાનું ઉપર જણાવેલ કારણે બરાબર જણાય છે. વળી

तत्कालीन
जैनप्रवृत्ति,
दीक्षागुरु
देवसुंदर-
सूरि

આવે છે, જેમ ગ્રહસ્વામીના પુત્ર તરીકે શનિને તે પાંગળો હોવા છતાં પણ ગ્રહમંડળમાં પૂજવામાં શું નથી આવતો?—આવે છે તેમ. તેમના હસ્તકમલના વાસક્ષેપનો પ્રભાવ એવો છે કે જે ગુરુદ્ધારી (ગમ્યની આદીનો ગુરુ ધરનાર)થી હું મુનિસુંદર એમ થયો.[1] આમાં દેવસુન્દરસૂરિનો (નહિ કે સોમસુન્દરસૂરિનો) સંબંધ છે એમ મને લાગે છે. તેમને જ પોતાના ગુરુ તરીકે જણાવે છે, કારણ કે ગુણરત્ન સૂરિ, સોમસુન્દરસૂરિ અને કુલમંડનસૂરિનું વર્ણન કરીને તેના ૪૨૬મા શ્લોકમાં કહેલ છે કે આ ગ્રંથે ગુરુ શ્રી દેવસુંદરનો આશ્રય લે છે, ૪૨૭મો શ્લોક તે ગ્રન્થનો પ્રશસ્તિશ્લોક છે, ૪૨૮મા શ્લોકમાં 'તેમના [એટલે દેવસુંદરસૂરિના] ચરણાંબુજમાં મુનીંદ્રરૂપી ભ્રમર છે' એમ કહી ૪૨૯મા શ્લોકમાં દેવશેખર સૂરિનું વર્ણન આપી શ્લોક ૪૨૦ ને ૪૨૧મા ઉપર જણાવ્યા પ્રમાણે પોતાનું નામ ગર્ભસ્થિતપણે દીનતાથી આપે છે. વળી આ ૪૨૧મા શ્લોકપરથી પોતાને વાચકપદ આપનાર પણ દેવસુંદરસૂરિ હોય તેમ જણાય છે. તે ગુર્વાવલીને અંતે પણ પોતે પોતાને તે સૂરિના વિનેય એટલે શિષ્ય જણાવે છે, અને તે જે વર્ષમાં રચાયેલી તે જ વર્ષમાં—સં. ૧૪૬૬માં—પોતાને ધર્મસાગરની પટ્ટાવલી પ્રમાણે ઉપાધ્યાય-વાચકપદ મળેલું.

ગુર્વાવલીમાં સં. ૧૪૨૪માં સ્વર્ગસ્થ થયેલા સોમતિલકસૂરિના ત્રણ મુખ્ય શિષ્યો ગણાવ્યા—૧ ચંદ્રશેખરસૂરિ, ૨ જયાનન્દસૂરિ અને ૩ ઉક્ત દેવસુંદરસૂરિ. આ છેલ્લાનો ગુર્વાવલી અને પ૦ પ૦ પ્રમાણે જન્મ સં. ૧૩૯૬, જ્યારે સં. ૧૪૮૨ની જિનવર્દ્ધનકૃત તપોગચ્છ ગુર્વાવલી (કે જે દ૦ 'ભારતીય વિદ્યા' પુ.૧ અંક ૨માં પ્રકટ કરવી છે તે) પ્રમાણે સં. ૧૩૯૬, દીક્ષા સં. ૧૪૦૪ ([illegible]) મહેશ્વર ગામે, અને સૂરિપદ પાટણમાં (પલ્લીવાલ કુલના આશાધરના વંશજ શેઠની સિંહે કરેલા મહોત્સવપૂર્વક જયાનંદસૂરિની સાથે) સં. ૧૪૨૦ના વર્ષે. પાટણમાં ચુંગડી યોગીશ્વરે એમની ઉદયા-પાએ ઘણા લોક સમક્ષ તેમને પગે લાગી વંદન કર્યું ત્યારે તેમ કરવાનું લોકે કારણ પૂછતાં તે યોગીએ જણાવ્યું કે ગિરનાર પરના [illegible] કરનારે 'એ પુરુષ પુરુષોત્તમ છે' એમ કહ્યું તેથી હું નમું છું (જિનવર્દ્ધનની ગુર્વાવલી). જ્યારે આપણો ગ્રંથકાર ગુર્વાવલીમાં શ્લોક ૩૦૬ થી કહે છે

---

१ शिष्यस्तावीयोऽहमपीति मन्यते श्रीमत्पादपद्मोपगतोऽपि मादृशः । सहस्रभानोः पुत्र इति ग्रहमध्ये न पूज्यते पंगुरपीह किं शनिः ॥ ४२० ॥
अहो इयं [illegible] सुप्रभावता । यतो [illegible] मुनिसुन्दरः ॥ ४२१ ॥ —गुर्वावली

મ્લેચ્છોએ ભંગ કરેલ હોવાથી તેને બદલે શ્રીઅજિતનાથનું નવીન મોટું બિંબ કરાવી પધરાવ્યું ને તેમાં સોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી. (સં. ૧૪૭૯). વિશેષમાં ગોવિંદે સંઘપતિ થઈ શત્રુંજય, ગિરિનાર અને સોપારકની યાત્રા કરી; જયચંદ્ર વાચકને ઉક્ત સૂરિએ આપેલા સૂરિપદનો ઉત્સવ કર્યો (સો.સૌ. સર્ગ ૭)

ચાંપાનેરનો રાજા જયસિંહ (પતાઈ રાવળ) સોમસુંદરસૂરિના શિષ્ય સોમદેવસૂરિનાં વચનોથી મસ્તક નમાવતો હતો. (સો.સૌ. ૧૦, શ્લો. ૪૦-૪૧, ગુરુ ગુણરત્નાકર કાવ્ય ૧, ૧૦૮)

જૂનાગઢમાં લક્ષ્મીસાગરે નાની વય છતાં દુર્વાદીનો મદ ઉતારી મહિપાલ આદિ રાજાઓનાં ચિત્તને રંજિત કર્યું (ગુ. ર. ૧, ૮૫) રા મંડલીક (ત્રીજો) સં. ૧૫૦૭માં ગાદીએ આવ્યો તે જ વર્ષના માઘ (વદિ) સપ્તમી ગુરુવારે વૃદ્ધ તપા ગચ્છના રત્નસિંહસૂરિના પટ્ટાભિષેકને અવસરે પંચમી અષ્ટમી ચતુર્દશી દિનોમાં સર્વ જીવની અમારિ પ્રવર્ત્તાવી, જ્યારે એકાદશી અને અમાવાસ્યામાં તેનું પાલન પૂર્વે થતું જ હતું. (ઉપરકોટમાંનો શિલાલેખ). તેના સમયમાં સં. ૧૫૦૯માં માઘ શુદિ ૫ને દિને ગિરનારપર શ્રીવિમલનાથનો પ્રાસાદ ખંભાતના સંઘપતિ શાણરાજે બંધાવ્યો ને તેમાં ઉક્ત રત્નસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરી (કે જેનો શિલાલેખ ત્યાં મોજૂદ છે). આ રાજા સોમદેવસૂરિની પૂરેલી અને વિદ્વાનોએ વર્ણવેલી મહા અર્થવાળી સમસ્યાને કર્ણથી સાંભળી ચમત્કૃત થયો હતો. (સોમ સૌભાગ્ય કાવ્ય ૧૦, શ્લોક ૩૯, ગુરુ ગુણરત્નાકર કાવ્ય ૧,૧૦૮)

<u>૫ દીક્ષાગુરુ દેવસુંદરસૂરિ</u>—ગ્રંથકારના દીક્ષાગુરુ દેવસુંદરસૂરિ હોય એમ જણાય છે (દીક્ષાનામ મોહનનંદન અપાયું હોય એમ વીરવંશાવલી પરથી જણાય છે. તે સંબંધી હવે પછી જુઓ.) કારણ કે સં. ૧૪૫૫માં રચેલ ત્રૈવૈદ્યગોષ્ઠી નામની પુસ્તિકામાં ગ્રંથકાર પોતાને તે સૂરિના શિષ્ય તરીકે ઓળખાવી જ્ઞાનસાગરસૂરિ પાસેથી પોતે શીખેલ છે એમ જણાવે છે.[1] સં. ૧૪૬૬માં રચેલી ગુર્વાવલી શ્લો. ૪૨૦ ને ૪૨૧માં જણાવે છે કેઃ—'તેમના શિષ્ય તરીકે ગુણરહિત હોવા છતાં મારા જેવાને વાચકોમાંના એક તરીકે ગણવામાં

---

૧ श्रीमत्तपागणनभोंगणभास्कराभश्रीदेवसुन्दरगणाधिपशिष्यकेण । श्रीज्ञानसागरगुरूत्तमपाठितेन बाल्येऽपि तर्ककुतुकान्मुनिसुन्दरेण ॥ १ ॥
—ત્રૈવૈદ્યગોષ્ઠી અંતે.

ખરતર ગચ્છના જિનચંદ્ર(?)સૂરિએ પ્રતિષ્ઠા કરી—કે જેને હાલમાં 'સૃંગાર ચોરી' કહેવામાં આવે છે. તેમ જ વસંતપુર આદિમાં જૈન મંદિરો થયાં. આ પરથી જણાય છે કે કુંભાના રાજ્યકાલમાં જૈનધર્મ સંપન્ન હતો. વિશેષમાં આ રાણા કુંભાએ સં. ૧૫૦૬ આષાઢ શુદિ ૨નો શિલાલેખ કે જે આબુપરના વિમલવસહિ ને લુણિગવસહિ જૈન મંદિરોની વચ્ચે કોતર્યો છે તે કરી આપ્યો હતો કે આબુના યાત્રાળુ આદિ પાસેથી જે 'દાણ' (મહસૂલી, જગાત), મુંડિ (મુંડકા—દરેક માથા દીઠ લેવાતો કર), વળાવી (ભોમિયાનો કર) તથા ઘોડા, બળદ આદિ પર જે કર લેવામાં આવતો હતો તે માફ કરવામાં આવ્યો છે (જુઓ ઓઝાકૃત 'રાજપૂતાનેકા ઇતિહાસ' પૃ ૬૨૫, ૬૩૦). આ મેવાડપતિ શ્રી કુંભાકર્ણ રાણા સોમદેવસૂરિની નવીન કાવ્યકલાથી હર્ષ પામી બીજાઓથી પણ અધિક કવિ તરીકે તેમને માન આપતા હતા. (સો.સૌ. ૧૦. ૪૮)

સિરોહીમાં રાજસહસમલ્લના સમયમાં તીડોનો ઉપદ્રવ આવતાં યતિજનાએ રાખ્યો તેથી તે રાજાએ પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તાવી. (તે માટે હવે પછી જુઓ.)

ઇડરના રાવભાણના રાજ્યમાં ઓસવાલ વચ્છરાજ સંઘપતિ એક રાજા જેવો પ્રભાવશાળી અને કુબેર જેવો શ્રીમંત થયો. સ્વદારસંતોષવ્રત રાખનાર ચારિત્રવાન્ અને અનેક સત્રાગાર-અન્નક્ષેત્ર કરી દુકાળને સુકાળ કરનાર થયો. તેના ચાર પુત્ર નામે ગોવિંદ, વીસલ (કે જેનો ઉપર ઉલ્લેખ કરી છે), અક્રૂરસિંહ અને હીરો થયા. (વિચારરત્નસમુચ્ચયની પ્રશસ્તિ પીટર્સન રીપોર્ટ ૬ પૃ ૧૦). રાવભાણ પછી થયેલા રાવ પુંજાના બહુમાનપાત્ર ઉક્ત ગોવિંદે તારંગા ગિરિપર કુમારપાલ રાજાના બંધાવેલા અજિતનાથજિનમંદિરનો ઉદ્ધાર કરી તેમાંના બિંબનો

[illegible] ...वे परमस्य...पत्तर नगरे राणा श्रीकुंभकर्णनरेंद्रेण स्वकमानिवेशित तदीय [illegible] श्री पार्श्वनाथप्रासादपरिसरः कारितः प्रतिष्ठित (श्रीदेवकुल) सूरि (पद्म)कर श्रीसोमसुंदरसूरिभिः ॥ જિ ૨. નં. ૩૦૭ આ લેખ સમજવામાં શ્રી ઓઝાજીએ જરા ભૂલ ખાધી જણાય છે. જુઓ તેમનો 'રાજપૂતાનેકા ઇતિહાસ,' ટિપ્પણી પૃ. ૬૨૫. રાસમાળા પૃ. ૬૦૨-૩ ને પાદટિપ્પણી.

જ્યારે સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૯ શ્લોક ૭૭–૭૨ માં જણાવ્યું છે કે 'શ્રી ચિત્રકૂટ નામના કિલ્લામાં–ગઢમાં શ્રી ગુણરાજના સ્વરૂપવાન સુકૃતી, કૃતી અને શ્રીમાનોમાં મુકુટ એવા બાલ નામના પુત્રે દુર્ગના ઉપર શ્રીકીર્ત્તિસ્તંભના તટે–પાસે ચારે તરફ દેવકુલિકા–દેરીઓથી વીંટાયેલું એક ઉચું જિનચૈત્ય કરાવ્યું ને તેમાં શ્રી તપાગચ્છના અધીશ–(સોમસુંદરસૂરિ)એ જિનબિંબની (વર્ધમાનબિંબની) પ્રતિષ્ઠા કરી.

કુંભારાણાના રાજ્યના બીજાજ વર્ષે સં. ૧૪૯૧ ચૈત્ર શુદિ ૧૧ શુક્રે તપાગચ્છના જયશેખરસૂરિએ દેઉલવાડા નગરે ગચ્છાચારની પ્રત લખાવી (શ્રી કાપડીઆ—કૅટેલોગ ૧, ૩૩૨). તે નગરમાં (સ. ૧૪૯૩માં) દેવગિરિનો શ્રેષ્ઠી મહાદેવ દર્શનાર્થ આવ્યો તેની વિનતિથી ને તેણે કરેલા ઉત્સવપૂર્વક સોમસુંદરસૂરિએ રત્નશેખરને વાચકપદ આપ્યુ. રાજાના માનીતા મહાદેવશ્રેષ્ઠિએ સમસ્ત તપાગચ્છને વસ્ત્રોની પહેરામણી કરી અને સ્વામિવાત્સલ્ય અને પ્રભાવનાઓ પણ ઘણી કરી. (સોમ સૌભાગ્ય ૯, ૬૧ થી ૬૮)

કુંભારાણાના રાજ્યમાં ભિન્ન ભિન્ન ધર્મના લોકોએ અનેક મંદિર બંધાવ્યાં છે. 'તેણે વસાવેલા રાણપુર નગરમાં (રાણકપુરમાં) તેના રાજ્યમાં તેના પ્રસાદપાત્ર પોરવાડ સંઘપતિ ધરણાક કે જેણે સુલતાન અહમ્મદનું ફરમાન લેનારા એવા (ઉક્ત) સાધુ (સાહ) ગુણરાજ-સાથે આશ્ચર્યકારી દેવાલયોના આડંબરસહિત શ્રી શત્રુંજયાદિ યાત્રાનાં સ્થળોએ યાત્રા કરી હતી, વળી અજારી, પીંડવાડા (બન્ને હાલ સીરોહી રાજ્યમાં), સાલેરા (ઉદયપુર રાજ્યમાં) વગેરે સ્થળોએ નવાં જૈન મંદિરો (બધાવીને) તથા જૂનાં દેવાલયોનો ઉદ્ધાર કરીને, અનેકની પદસ્થાપના કરીને, દુષ્કાળ સમયે અન્નક્ષેત્રો ખોલીને, અનેક પરોપકાર ને સઘસત્કાર આદિ અગણ્ય પુણ્યના મોંઘા કરિયાણાથી ભરેલુ જેનું જીવનરૂપી વાહન (વહાણુ) સંસારસમુદ્રને તરવાને શક્તિમાન થયુ હતું, તેણે ઉક્ત કુંભકર્ણ રાજાના સુપ્રસાદ અને આદેશથી 'ત્રૈલોક્ય-દીપક' નામનું ચોમુખ યુગાદીશ્વરવિહાર–મંદિર સં. ૧૪૯૬માં કરાવ્યુ અને શ્રી દેવસુંદરસૂરિના પટ્ટધર શ્રી સોમસુંદરસૂરિએ તેમાં પ્રતિષ્ઠા કરી.'[1] (જિ. ૨, ન. ૩૦૭), આ રાણાના ખજાનચી વેલાએ સં. ૧૫૦૫માં ચિતોડમાં શ્રી શાંતિનાથનું એક સુંદર મંદિર બંધાવ્યું અને તેમાં

---

૧ 'विक्रमत. १४९६ संख्य वर्षे...राणा श्रीकुंभकर्णसर्वोर्वीपतिसार्वभौमस्य विजयमानराज्ये तस्य प्रसादपात्रेण...श्रीमदहम्मदसुरत्राणदत्तफुरमाणसाधु श्रीगुणराजसंघपतिसाहचर्यकृताश्चर्यकारिदेवालयाडंबरपुरःसरश्रीशत्रुंजयादितीर्थयात्रेण । अजाहरीपिंडरवाटकसालेरादिबहुस्थानवीनजैनविहारजीर्णोद्धारपदस्थापनाविषम-

મેવાડના રાણા લખાની પ્રીતિ અને માન મેળવનાર ઓસવાલ શ્રાવક સંઘવી વયજાકના બીજા પુત્ર નામે વીસલે દેલવાડામાં નિવાસ કરી મેળવ્યાં હતાં.[1] તેના 'વિજય-રાજ્ય સમયે આઘાટપુર દુર્ગમાં શ્રી પાર્શ્વનાથચૈત્યનો ઉદ્ધાર થયો' એવા આશયનો સં. ૧૪૭૫ અષાઢ સુદિ ૩ સોમવારનો શિલાલેખ મળે છે. (ઓઝાકૃત રા.ઇ. પૃ ૫૮૧-૨). તેના અને તેના પુત્ર મોકલસિંહના સમયમાં ઉક્ત વીસલની વિનતિથી અને તેણે કરેલા ઉત્સવપૂર્વક સોમસુંદરસૂરિએ વિશાલરાજને વાચકપદ આપ્યું વળી વીસલે ચિતોડમાં શ્રેયાંસ નાથનું ભવ્ય મંદિર બંધાવ્યું; તેની ઉક્ત સૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેના પુત્ર ચંપકે, પોતાની માતા ખીમાઇના કહેવાથી ૯૨ આંગળનું એક પાર્શ્વજિનબિંબ કરાવી તેને બે કાઉસગ્ગીઆ સાથે પરિકરમાં સ્થાપિત કરી તે મંદિરનું નામ 'મનોરથકલ્પદ્રુમ' આપ્યું ને તેમાં પણ પ્રતિષ્ઠા ઉક્ત સૂરિએ કરી. (આ દેલવાડામાં પણ મુસલમાનોએ ઘણાં હિંદુ મંદિરોનો નાશ કર્યો હતો, તેથી આ મંદિર હાલ હયાત નથી.) વળી ચંપકે કરેલા ઉત્સવપૂર્વક તે સૂરિએ જિનકીર્તિવાચકને સૂરિપદ, કેટલાક મુનિઓને પંડિતપદ અને ઘણાને મુનિદીક્ષા આપી. (સોમ સૌભાગ્ય કાવ્ય સર્ગ. ૯)

તે મોકલરાણાનું બહુમાન ઉપકેશ શ્રાવક ગુણરાજનો પુત્ર બાલ કે જે ચિતોડમાં સંઘવી આવ્યો હતો તે પામ્યો હતો;[2] અને તે ગુણરાજે તે રાણાના આદેશથી અને તેના પ્રસાદથી ચિતોડના જૈન કીર્તિસ્તંભ પાસેના જૈન પ્રાસાદનો ઉદ્ધાર કર્યો અને તેમાં ઉક્ત પુત્ર બાલ અને બીજાએ શ્રી મહાવીર પ્રભુની નવી મૂર્તિની સોમસુંદર સૂરિપાસે સં. ૧૪૮૫માં પ્રતિષ્ઠા કરાવી (ચિત્રકૂટમહાવીર પ્રાસાદપ્રશસ્તિ સં. ૧૪૯૫, બ. રો. એ. જર્નલ પુ. ૨૩ નં. ૬૩ પૃ. ૪૨થી ૬૦ શ્લોક ૪૧)

---

૧ श्रीमद्देवकुलपाटकेऽस्य निवसन् श्री लक्षभूमिपतेर्मान्यः पुण्यवरो सुकर्मसुकृती संघाधिपो वीसलः

—ગુણરત્નસૂરિના "ક્રિયારત્નસમુચ્ચય"ની પ્રશસ્તિ શ્લોક ૮. પીટ. રી. ૬ પૃ. ૧૭

तस्यास्ति लक्षभूपसमस्तपतेर्मा रमितिमितिमगुण । साधु वीसलसाम्या बहुमान राजराजाम ॥—'સોમસૌભાગ્ય.' ૬, ૪

૨ "श्रीमोकल क्षितिपतिर्बहुमन्यते स्म यं चित्रकूटनगरी व्यवसायोद्योतैः ॥ १९ ॥" ચિત્રકૂટ મ. પ્ર. પ્રશસ્તિ શ્લોક ૧૯

અહમદશાહે સોમસુંદર સૂરિના શિષ્ય અને કર્ણાવતી રાજધાની (આસાવલ—અહમદાબાદ)ના શ્રાવક ગુણરાજને માન આપ્યું હતું અને તેને સંઘ લઈ તે સૂરિસાથે શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઇચ્છા થતાં ત્યાં જવા માટે ખાસ ફરમાન કરી આપ્યું હતું, અને માણસો વગેરે સામગ્રી પૂરી પાડી હતી.[1]

અમદાવાદમાં આ પાતશાહનો માન્ય એવો સોની સમરસિંહ સોમસુંદરસૂરિનો ભક્ત હોઈ તેમના વચને સિદ્ધાચલની યાત્રાએ આવ્યો, અને પછી તેણે ગિરિનાર-યાત્રા કરી. ત્યાંના કલ્યાણત્રયના વસ્તુપાલ મંત્રીના જીર્ણ થયેલા મંદિરનો ઉદ્ધાર પોતાના ભત્રીજા માલદેવની સાથે વિચાર કરી કર્યો ને તે કલ્યાણત્રય ચૈત્યમાં પ્રૌઢ પ્રતિષ્ઠા સોમસુંદર ગચ્છનાયકના વચનથી જિનકીર્તિસૂરિએ કરી (સો. સૌ. ૯ શ્લોક ૭૮થી ૮૦).

આ બનાવ સં. ૧૪૯૪માં થયો કારણ કે લગભગ તે સમયના રત્નશેખરસૂરિના શિષ્ય હેમહંસ ગણિએ રચેલી 'ગિરનાર-ચૈત્ય પરિપાટી'માં જણાવ્યું છે કે:-

> ધન ધન સોની સમરસિંહ માલદે વ્યવહારિઅ, જેહિ કલ્યાણત્રય-વિહાર ઉદ્ધાર કરાવિઅ
> ચિહુંદિસિ ત્રિહું ભૂમિહિં મૂલનાયક તિહાં બાર, કાસગિ રહિઆ પ્રથમભૂમિ સિરિ નેમિકુમાર
> ઘડતાં જસુ ચાતલી અંજલિઇં સવે ટલતાં રોગ, સેવિઉ સ્વામી પૂરવઇ નિરમાલડિએ અનુદિન ભોગ સંયોગ ૨૧
> દિક્ખા નાણ નિવ્વાણ તિહાં સિરિ સોહઇ છત્ર. જીરણ પ્રતિમા વામ પાસિ ધુરિ તાસુ સનાત્ર
> મંડપ સયલ વિસાલ મેઘમંડપ રૂલિઆલઉ, ત્રિહુંદિસિ ભદ્રતણા પ્રાસાદ બાવન્ન જિણાલઉ
> ઓસ વંસિ શ્રી સમરસી માલદેવિ મનરંગિ, સંવત ચઉદ ચુરાણવઈ નિ૦ ઉદ્ધરિઉ ઉત્તગ. ૨૨ (પુરાતત્ત્વ ૧, ૩ પૃ. ૨૯૧)

---

૧ "श्रीमदहम्मद सुरत्राण दत्त फुरमाण साधु श्री गुणराज सघपतिसाहचर्यकृताश्चर्यकारि देवालयाडंबरपुर सर श्री शत्रुंजयादि तीर्थयात्रेण ॥" રાણકપુરનો સોમસુંદરસૂરિની પ્રતિષ્ઠાનો સં. ૧૪૯૬નો લેખ. જિ. ૨, ૩૦૭. ગુણરાજની આ યાત્રા સંબંધી વિસ્તાર માટે જુઓ સં. ૧૫૨૪નું 'સોમસૌભાગ્ય' કાવ્ય સર્ગ ૮, સં. ૧૪૬૬ની ગુર્વાવલી શ્લોક ૩૪૮ ને ૩૪૯; 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ટિ. ૪૪૪ પૃ. ૪૫૪.

સં. ૧૪૫૭માં નાશ કર્યો એટલું જ નહિ પરંતુ જૈનોના તીર્થધામ-શત્રુંજય તીર્થે અને તેના મુખ્યનાયક આદિનાથના બિંબનો ભંગ સં. ૧૪૬૯માં કર્યો હતો.[1]

ભાગ્યમન્ના સર્ગ ૧૪, શ્લોક ૨૦૪માં હીરવિજયસૂરિને અકબર બાદશાહે જગદ્ગુરુ એ બિરુદ આપ્યું એ કહેવા સાથે ઉદાહરણ આપે છે કે "यथा मुजफ्फरखानेन स्तम्भतीर्थे स्थोपतः । मुनिसुन्दरसूरीन्द्रोवादिगोकुलसंकटः ॥"—જેમ ખંભાતમાં તે શહેરના ધણી દફર નામના ખાન-મુસલમાન અધિપતિએ પ્રમોદથી (સહસ્રાવધાની) મુનિસુંદર નામના આચાર્યવર્યને 'વાદિગોકુલસંકટ' એવું બિરુદ આપ્યું તેમ. (૩) આ પરથી કવિ ઋષભદાસના સં. ૧૬૮૫માં રચાયેલા હીરવિજયસૂરિ રાસમાં પૃ. ૧૩૨માં કહેલ છે કે—

'ખંભાતી નગરીમાં જેમ, દફરખાન તણ હાકિમ તેમ, મુનિસુંદર સૂરીશ્વર એહ, છત્રીસ વાદ જીત્યા તેહ
'વાદીગોકુલસાંઢ' બિરૂદ સાર, તિમ તિહાં બોલ્યો અકબરશાહ, 'જગદ્ગુરુ' વર બિરુદ તે દેહ, હીરતણી શોભા અધિકેહ.

આ દફરખાન તેજ ઝફરખાન. શ્રી ઓઝાજી પણ જણાવે છે કે 'કુમારપાલની પ્રશસ્તિમાં એવું કથન છે કે—યવનોના રાજાએ ઝફરખાન પત્તન (પાટણ)ના સ્વામી ઝફરખાન (જફરખાં) પણ જેનાથી કુપિત થઈને તે રાજપૂતોને વૈભવ દેનાર (પ્રતિવર્ષે દંડ) રણમલ પણ આ ઈડરસિંહ (સિંહાસન રાજા એવા)ના અધિકારમાં નિવાસનું પણ પામી ન શક્યો' મારી ટિપ્પણીમાં બતાવે છે કે 'તે (જફરખાં) ઈડરના રાવ રણમલ સાથે બે વાર લડ્યો હતો. બીજા લડાઈ સને ૧૪૦૦ (સં. ૧૪૫૬)માં થઈ કે જેમાં રણમલ સાથે સંધિ કરી તેને પાછા ફરવું પડ્યું. તે રાજ્યની આસપાસ દિલ્હીથી સ્વતંત્ર થઈ મુઝફ્ફર નામ ધારણ કર્યું હતું'—'રાજપૂતાનેકા ઈતિહાસ' પૃ. ૫૬૬.

[1] "सं. १४६९ श्रीशत्रुंजये मुजफ्फरेन (मुजफ्फरखानेन) शासित तीर्थभंगस्य कृतः ॥" ઓાંભાર રીપોર્ટ સન ૧૮૮૩-૮૪ પૃ. ૩૨૩

(આ બિંબ સમરસાહે મૂળ બિંબ અલાઉદ્દીન ખીલજીના સમયમાં ખંડિત થતા સં. ૧૩૭૧માં સ્થાપિત કરેલું હતું. તેને યવનો મ્લેચ્છોએ પુન. ફેરવી [illegible] દફરખાને ખંડિત કર્યું. તેનો ઉદ્ધાર કર્માશાહે ગુજરાતના સુલતાન બહાદુરશાહનું ફર્માન મેળવી બિંબ કરાવી તેના સ્થાને પ્રભુજી સં. ૧૫૮૭ના વૈશાખ વદિ (ગુજરાતી ચૈત્ર વદિ) ૬ રવિવારને દિને વિદ્યામંડનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. જુઓ શ્રી જિનવિજય-સંપાદિત શત્રુંજયોદ્ધારપ્રબંધ)

ચાંપાનેર—પાવાગઢમાં જયસિંહ નામનો રાજા હતો. તે ગઢપર ઉક્ત અહમદશાહે સન ૧૪૧૮ (સં. ૧૪૭૪)માં ચડાઈ કરી, પણ તે તેને લઈ ન શકયો, એટલે તેણે આસપાસનો પ્રદેશ ખેદાનમેદાન કર્યો. સન ૧૪૮૨થી ૮૪ (સં. ૧૫૩૮થી ૪૦) એ બે વર્ષ સુધી તે ગઢને જીતવા મહમદ બેગડાએ ગાળ્યાં અને આખરે લીધો ને ત્યાં મુસ્લિમ રાજ્ય થાપ્યું.

સૌરાષ્ટ્રમાં જોઈએ તો સં. ૧૪૫૪માં ઉક્ત ઝફરખાને કાંઠાપરના સ્થાનિક ઠાકોરોનો પરાભવ કરી સોમનાથના મંદિરનો ત્રીજી વખત નાશ કર્યો; એક સોરઠમાં અને બીજો માંગરોળમાં એમ બે મુસલમાન હાકેમ નીમ્યા. સોરઠનું થાણું સોમનાથ પાટણમાં રાખેલું હતું. સં. ૧૪૭૦માં ઉક્ત અહમદશાહે જૂનાગઢના ચૂડાસમા રા મેલકને વણથલી પાસે હરાવ્યો, જૂનાગઢ પાસેથી ખંડણી લીધી; ઝાલા રજપૂતો અને ગોહિલોને પણ પોતાના ખંડીયા કર્યા. રા મેલક પછી જયસિંહ (લેખ સં. ૧૪૭૩)ને મહિપાલ (લેખ સં. ૧૪૮૮, સં. ૧૪૯૫) પછી રા મંડલિક સં. ૧૫૦૭માં જૂનાગઢની ગાદીએ આવ્યો.

૪ આવી પરિસ્થિતિમાં જૈનોની પ્રવૃત્તિ—જૈન આચાર્યો—સાધુઓએ તેમ જ શ્રાવક ધનપતિઓએ રાજ્યકર્ત્તાઓની સાથે મુખ્યત્વે કરી સર્વદા અને સર્વથા મીઠો સબંધ રાખી ઘણી દક્ષતાથી કાર્ય લીધુ છે એટલે તેમની પ્રસન્નતા સાચવી પોતાનાં ધર્મકૃત્યો માટે તેમની સહાય, સહાનુભૂતિ અને સંમતિ મેળવીને કાર્ય લીધુ છે. આ વાતની ખાત્રી માટે ઉપર જણાવેલા સુલતાન અને રાજાઓના સમયમાં જૈનોએ જે જે કાર્ય કરેલાં છે તે જોઇશું.

ગૂજરાતના ઝફરખાન અને અહમદશાહ બન્ને કટ્ટર મુસ્લિમ હોઈ મૂર્તિભંજક હતા. આ ઝફરખાનને હિંદુઓએ શિલાલેખો અને તત્કાલીન ગ્રંથોમાં દફરખાન તરીકે ઓળખાવ્યો છે; તેણે, એમ કહેવાય છે કે આપણા ચરિત્રનાયક મુનિસુંદરને ખંભાતમાં 'વાદિગોકુલસંડ'—'વાદિગોકુલ સંકટ' એ બિરૂદ આપ્યું હતું.[1] આ દફરખાન—ઝફરખાં—જફરખાંએ જ હિંદુઓના તીર્થધામ—સોમનાથના શિવમંદિરનો ત્રીજી વખત

---

૧ (૧) ધર્મસાગર ઉ૦ની સં. ૧૬૪૭ લગભગની પટ્ટાવલી કહે છે કે "स्तंभतीर्थे दफररवानेन 'वादिगोकुलसण्ड' इति भणित.।"—એટલે ખંભાતમાં દફરખાને આ 'વાદિઓના ગોકુલમાં સાંઢ' છે એમ કહ્યું હતુ. (૨) સં. ૧૬૭૨ ને સં. ૧૬૮૫ વચ્ચે રચાયેલા દેવવિમલ ગણિના સટીક હીરસૌભાગ્ય

श्री अध्या. धनवि. रत्न० वृत्ति.

॥ २ ॥

ग्रन्थकारादि-परिचय

धार्मिक-राजकीय-स्थिति.

વગેરે શહેરો પર ચઢાઈ કરી તેણે સર્વત્ર પોતાની આણ વર્તાવી. તે સને ૧૪૫૮ (સં. ૧૫૧૩)માં મૃત્યુ પામ્યો. વિક્રમના પંદરમા શતકમાં ગૂજરાતની રાજકીય સ્થિતિ આવી હતી.

મેવાડમાં ખેતો મહારાણો સં. ૧૪૨૧માં ચિતોડની ગાદીએ બેઠો. તે વીરપ્રકૃતિનો હોઈ અનેક લડાઈઓ લડ્યો (ચિત્રકૂટ મ. પ્ર. પ્રશસ્તિ શ્લો. ૧૦); તેણે મંડલગઢ તોડ્યો, માળવાના યવન સૈન્ય અમીશાહને હરાવ્યો. પછી લાખો રાણો સં. ૧૪૩૯માં ગાદીએ આવ્યો. (ચિ. મ. પ્ર. પ્ર. શ્લો. ૧૧) તે સં. ૧૪૫૫ સુધી જરૂર હયાત હતો. તેના પછી મોકલ નામનો રાણો થયો (ચિ. મ. પ્ર. પ્ર. શ્લો. ૧૨થી ૧૭). પછી તેનો પુત્ર કુંભકર્ણ—કુંભો રાણો સં. ૧૪૯૦માં ચિતોડના રાજસિંહાસનને શિરાવ્યો અને 'હિન્દુસુરત્રાણ' એટલે હિંદુ બાદશાહ આદિ બિરુદોને ધારણ કરતો મહાપ્રતાપી ને પરાક્રમી સાથે દાની ને વિદ્વાન્ પ્રજાપ્રિય રાજા તરીકે રાજ્ય કરી અનેક ગઢોને જીતી મેવાડને મહારાજ્ય બનાવી પોતાના પુત્ર ઉદાને હાથે આશરે સં. ૧૫૨૫માં મૃત્યુ પામ્યો. જૂની શિરોહી સં. ૧૪૬૨માં દેવડા રાવ શિવભાણે વસાવીને ત્યાં રાજધાની કરી, પછી તેના પુત્ર સહસમલે સં. ૧૪૮૨માં નવી શિરોહી વસાવી ત્યાં રાજગાદી સ્થાપી. ઈડરમાં આ વખતે રણમલ્લ રાવ (સોમસૌભાગ્ય સર્ગ ૬, શ્લો. ૪; [illegible]-રત્નસમુચ્ચય પ્રશસ્તિ શ્લો. ૨-પીટર્સન રીપોર્ટ ૬, પૃ ૧૭) અને તે પછી તેનો પુત્ર પુંજ—પુંજો રાજ્ય કરતો હતો. સોમસૌભાગ્ય, ૬, શ્લો. ૬ ને ૭માં જણાવ્યું છે કે "જે શ્રી પુંજ રાજાએ રણભૂમિમાં પોતાની ભુજાના બળથી બાદશાહી સૈન્યનો નાશ કર્યો હતો તેથી 'વીરવિવીર' એવું ઉજ્જ્વળ બિરુદ મેળવ્યું હતું"—આ બાદશાહી સેના ઉપર્યુક્ત ગૂજરાતના સુલતાન અહમદશાહની હોવી ઘટે. તેને આ પુંજે રાવ બહુ જ હેરાન કરતો—ઘણી વખત તે ઈડરપર લશ્કર લઈ ગયો, પણ રાવ હાથમાં ન આવતો અને પાસેના પર્વતોમાં સહીસલામત રહેતો. આથી તે રાવને આડ નાંખવા અને તેની હીલચાલને [illegible] બંધ રાખવા અહમદશાહે ઈડરથી દક્ષિણ-પશ્ચિમે ૧૮ મૈલ દૂર હાથમતિ નદીના કાંઠે એક કિલ્લો બાંધી તેનું નામ અહમદનગર રાખ્યું—સન ૧૪૨૭-૨૮ (સં. ૧૪૮૩-૮૪), અને ત્યાં લશ્કર સ્થાપી પોતાના સિક્કા પાડ્યા. રાવ પુંજો સં. ૧૪૮૪માં મરણ પામ્યો. તેની પછી તેનો કુંવર નારાયણદાસ ગાદીએ બેઠો.

॥ २ ॥

હિન્દુ રજપૂતમાંથી વટલી મુસ્લિમ થનાર પિતાના આ પુત્ર ઝફરખાનને ગૂજરાતના માલેક જેવી પદવી મળી એટલે શી બાકી રહે ? વટલેલમાં કટ્ટરતા, ઝનૂનીપણું, ઉગ્રતા વિશેષ હોય છે ને તે વંશપરંપરા વિશેષ ને વિશેષ પ્રમાણમાં દેખા દે છે.

ઝફરખાન નાગોર પાસેથી પસાર થતાં તેની પાસે ખંભાતના લોકોના પ્રતિનિધિમંડળે મળી રાસ્તિખાનના જૂલમોની ફર્યાદ કરી—તેને દિલાસો આપી પોતે પાટણ આવી ત્યાંથી રાસ્તિખાન સામે ચડી તેને હરાવ્યો ને મારી નાંખ્યો. પછી ખંભાત જઈ ત્યાંના લોકોની ફર્યાદો દૂર કરી શાંતિ સ્થાપી.

ત્રીજે વર્ષે—સને ૧૩૯૩—સં. ૧૪૪૯માં ઈડરના રાવ પાસેથી, અને પછીના વર્ષે જુનાગઢપાસેથી ખંડણી લીધી. સોમનાથ જઇને તે હિન્દુઓનું મંદિર તોડ્યું, ને ત્યાં જુમામસીદ બાંધી, તથા થાણું થાપ્યું. માંડુપર જતાં તે ગઢ ન જીતાયો. અજમેર મુસ્લિમ-યાત્રા કરી સાંભર, દંડવાણાના રાજા સામે જઈ પછી દેલવાડા અને ઝાલાવાડના રજપૂતો પર હલ્લો કરી તેમને હરાવી પાટણ સને ૧૩૯૬—સં. ૧૪૫૨—માં તે આવ્યો. ઈડરનો ગઢ જીતવા જતાં ત્યાંના રાજા રાવ રણમલ્લ સાથે લડાઈ સને ૧૩૯૭—સ. ૧૪૫૪—માં થઈ, ને દિલ્હીમાં તૈમૂરની ફત્તેહની ખબર સંભળાઈ, પૂરી ફાવટ આવી નહિ; એટલે રણમલ સાથે સંધિ કરી તેને પાટણ પાછા ફરવું પડ્યું. પછીના વર્ષમાં સોમનાથના લોકો સ્વતંત્ર થવા માગે છે એમ ખબર મળતાં લશ્કર લઈ જઈ તેમને હરાવી ઇસ્લામ ધર્મને દૃઢ પાયા પર મૂક્યો. પાંચમે વર્ષે પોતાના પુત્રને સુલતાન બનાવ્યો ને તેણે કર્ણાવતી—આસાવલને રાજધાની કરી, પણ તે ટૂંક વખતમાં મરણ પામતાં ઝફરખાને પોતે સુલતાન બની મુઝફ્ફરશાહ નામ રાખ્યું સને ૧૪૦૭ (સં. ૧૪૬૩); પછી સને ૧૪૧૦-૧૧ (સ. ૧૪૬૬-૭)માં કહેવાય છે કે તેના પૌત્ર અહમદશાહે આપેલ ઝેરથી તે અકાલે મરણ પામ્યો. તે અહમદશાહે ગાદીએ બેસી સન ૧૪૧૨માં (સં. ૧૪૬૮ વૈશાખ વદિ ૭ રવિને દિને) આસાવલનું નામ બદલી અહમદાબાદ (હાલનું અમદાવાદ) રાખ્યું અને પછી એને વધારવા તથા મજબૂત કરવા માંડ્યું. પહેલાં બંડો જાગ્યાં, પણ તે બધાંને દાબી દઈ જે જે તેની સામે થયા તેને જેર કરી તેણે પોતાની સત્તા ખૂબ જમાવી. તે બહાદૂર લડવૈયો હતો. ઈડર, ચાંપાનેર, સંખેડા, માંડુ, મોડાસા, જૂનાગઢ

અલાઉદ્દીન સંબંધી કંઈક વિશેષ વર્ણન માટે જુઓ નાભિનંદનોદ્ધારપ્રબંધ પ્રસ્તાવ ૩ શ્લોક ૧ થી ૯. તેણે ગૂજરાતનું આધિપત્ય અલપખાન નામના સૂબાને સોંપ્યું હતું. તે સૂબાએ ઓસવાલ સાધુ સમરસિંહને શત્રુંજય તીર્થ કે જેના મૂલનાયક શ્રી આદિનાથની મૂર્તિનો ભંગ મ્લેચ્છોનાં સૈન્યોએ કર્યો હતો તેનો ઉદ્ધાર કરવાનું આજ્ઞાપત્ર—ફરમાન—આપ્યું હતું. જુઓ તે જ ગ્રંથનો બીજો પ્રસ્તાવ.

[તે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર તેણે કર્યો અને મુખ્ય મંદિરમાં મૂલનાયક આદિનાથની નવી મૂર્તિ સં. ૧૩૭૧ ના માઘ શુક્લ ચૌદશ સોમવારે ઉપકેશગચ્છના સિદ્ધસેનસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત કરાવી પધરાવી. સં. ૧૩૬૮માં અલાઉદ્દીનના સૈન્યે જાલોર ઉપર ચડાઈ કરી ફતેહ મેળવી પાછા ફરતી વખતે આબૂ તીર્થપરનાં વિમલવસહી અને લૂણવસહી નામનાં બંને અનુપમ જૈન મંદિરોની મૂર્તિઓનો ભંગ કર્યો—તે બંને મંદિરના ખંડિત ભાગોનો ઉદ્ધાર કરાવી તેમાં મંડોરના બીજડ આદિએ અને પેથડે અનુક્રમે સં. ૧૩૭૮માં નવાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી.]

આ રીતે દિલ્હીના સુલતાનો વખતોવખત પોતાના તરફથી સૂબાઓ નીમી ગૂજરાતનો વહીવટ કરતા હતા. તેમ એંશી વર્ષ સુધી ચાલ્યું.

આવા સૂબાઓ—હાકેમો—જ રાજ્યના ખરા ધણી હતા. છેલ્લો સૂબો ઝફરખાન (બીજો) હતો. તેના બાપ વિષે એમ કહેવાય છે કે તે ટાંક જાતનો રજપૂત હતો—તેનું નામ સાધારણ હતું ને તેના ભાઈનું નામ સાધુ હતું. ફિરોઝ તઘલખ દિલ્હીની ગાદીએ બેઠો તે પહેલાં એક વખત જંગલમાં શિકાર કરવા જતાં વાટ ભૂલી પડીને ટાંક રજપૂતોના થાનેશ્વર પાસેના એક ગામમાં જઈ ચડ્યો—ત્યાં ઉક્ત બંને ભાઈઓએ તેનો ઘણો આદરસત્કાર કર્યો, ને પછી તે મહેમાનની ખરી પીછાન થતાં પોતાની બહેનને તેની સાથે પરણાવી અને મહેમાનનો પૂરો લાભ લેવાનું ચાલુ રાખ્યું. ફિરોઝ તઘલખે સમજાવી બંનેને ઇસ્લામી કરી વજિર-ઉલ્-મુલ્ક અને શમશીરખાનનાં પદ—નામ આપ્યાં. તે ગાદીપર આવ્યો ત્યારે તો બંનેની સત્તા વધારી દીધી—શમશીરખાન અને વજિર-ઉલ્—મુલ્કના દીકરા ઝફરખાનને પોતાના જામ—પ્યાલા ધરનાર કરી અમીર બનાવ્યા. પછી સને ૧૩૯૧—વિ. સં. ૧૪૪૭માં ઝફરખાનને ગૂજરાતનો સૂબો બનાવી અગાઉના [illegible] રાસ્તિખાન નામના સૂબાને પાછો બોલાવ્યો, ને તે ન માને તો તેને કાઢી મૂકવા ગૂજરાત કે જ્યાં બહુ બખેડા ચાલતા હતા ત્યાં શાંતિ સ્થાપવા મોકલ્યો.

આખા ઉત્તર હિન્દુસ્થાનમાં ચાલતી દેશભાષામાં રામસીતાનાં નામનો મહિમા જગાવે છે તથા વર્ણભેદ સર્વથા તજી દે છે; મુખ્ય શિષ્યોમાં બાર પુરુષ—વિવિધ વર્ણના—અને એક સ્ત્રી છેઃ એમાં કબીર (વણકર), પીપો (રજપૂત), સેનો (હજામ), ધનો (જાટ), રાઇદાસ (ચમાર) અને પદ્માવતીનાં નામ વિશેષ પ્રસિદ્ધ છે. કબીરજી—કબીરસાહેબને જ્ઞાન અને જ્ઞાનથી પ્રકાશિત થએલી ભક્તિ સિવાય—કાંઈ જ ગમતું નથી. હિન્દુઓમાં તેમ જ મુસલમાનોમાં ધર્મને નામે ચાલતી ક્રિયાઓને અને દુકાનદારીઓને એ સખ્ત શબ્દમાં નિન્દે છે; મૂર્તિપૂજા સ્નાન વ્રત જપ તપ વગેરે કર્મકાંડની પ્રક્રિયાઓનું તથા કાજી અને આચાર્યોના મિથ્યાજ્ઞાનનું ખંડન કરે છે, અને 'રામ' અને 'રહીમ'—હિન્દુ અને મુસલમાન બન્નેનો ઈશ્વર એક જ છે એમ પ્રતિપાદન કરે છે, એમના વિશાળ ઉપદેશને લીધે, હિન્દુ અને મુસલમાન બન્ને કબીરજીને પોતાના તરીકે માને છે.' (આચાર્યશ્રી આનંદશંકરનો 'હિન્દુ વેદ ધર્મ' નામનો શિક્ષણોપયોગી ગ્રંથ)

૩ રાજકીય સ્થિતિ—જિનપ્રભસૂરિ 'વિવિધતીર્થકલ્પ' (સિંધી જૈન ગ્રંથમાલા)ના પૃ. ૩૦ માં જણાવે છે કે 'વિક્રમ સંવત્ ૧૩૫૬માં અલ્લાઉદ્દીન સુલતાનનો કનિષ્ઠ ભ્રાતા નામે ઉલુખાને દિલ્હીમાંથી (પાટણના) મંત્રી માધવથી પ્રેરાઈને ગૂર્જરધરામાં પ્રવેશ કર્યો. ચિતોડના રાણા સમરસિંહે દંડ દઈ મેવાડદેશને બચાવ્યો. પછી તે હમ્મીરનો યુવરાજ વાગડ દેશને મુહડાસય (મોડાસા) આદિ નગરોને ભાંગીને આસાવલમાં આવ્યો. ગૂજરાતનો રાજા કર્ણદેવ નાઠો. સોમનાથને (તેમની મૂર્તિને) ઘણના ઘાથી ભાંગીને ગર્દભપર રાખીને દિલ્હીમાં દાખલ કર્યા. વળી વણથલીએ જઈ મંડલિક રાણાને દંડીને સોરઠમાં નિજ આણ પ્રવર્તાવી આસાવલમાં પડાવ નાંખ્યો. મઠ મંદિર દેવાલય આદિ બાળતા હતા.'[1] આ રીતે મુસલમાનોની ગૂજરાતમાં આણ પ્રવર્તી. રાજપૂતોનું-હિન્દુઓનું રાજ્ય ગયું. પ્રાચીન ગૂજરાતનું છેલ્લું પ્રકરણ પૂરું થયું.

---

१ अह तेरसयछप्पन्ने विक्कमवरिसे (१३५६) अल्लावदीणसुरताणस्स कणिट्ठो भाया उल्लूखान नामधिज्जो ढिल्लीपुराओ मंति माहवपेरिओ गुज्जरधरं पट्ठिओ। चित्तकूडाहिवइ समरसीहेण दंडं दाउं मेवाडदेसो तया रक्खिओ। तओ हम्मीरजुवराओ वग्गडदेसं मुहडासयाइ नयराणि य भंजिय आसावल्लीए पत्तो। कण्णदेवराया य नट्ठो। सोमनाहं घणघाएण गड्डए रोविऊण ढिल्लीए पेसेइ। पुणो वामणथलीए गंतुं मंडलियराणयं दंडित्ता सोरट्ठे निय आण पवत्तवित्ता आसावल्लीए आवासिओ। मढमंदिरदेउलाईणि पज्जालेइ। —जिनप्रभसूरिकृत विविधतीर्थकल्पे पृ.३०

૧ પ્રસ્તાવ—આ ગ્રંથના કર્તા મુનિસુંદરસૂરિનાં માતપિતા, જાતિ, જન્મસ્થાન હજુસુધી અજ્ઞાત રહ્યાં છે; સુભાગ્યે તેઓ જૈન શ્વેતાંબર સંપ્રદાયના તપા ગચ્છમાં સોમસુન્દર સૂરિના પટ્ટધર થયેલા હોઈ તે ગચ્છની (ધર્મસાગર ઉપાધ્યાયકૃત) પટ્ટાવલીમાં તેમનાં જન્માદિનો સાલવાર ઉલ્લેખ છે કે—જન્મ સં. ૧૪૩૬, દીક્ષા સં. ૧૪૪૩, વાચકપદ સં. ૧૪૬૬, સૂરિપદ સં. ૧૪૭૮ (૧૪૭૭), સ્વર્ગવાસ સં. ૧૫૦૩ કાર્તિક શુદિ ૧ જ્યારે સોમસુંદરસૂરિનાં જન્માદિ એમ છે કે—જન્મ સં. ૧૪૩૦ માઘ વદિ ૧૪ શુક્ર, દીક્ષા-વ્રત સં. ૧૪૩૭, વાચકપદ સં. ૧૪૫૦, સૂરિપદ સં. ૧૪૫૭, સ્વર્ગવાસ સં. ૧૪૯૯ (જૈ. ધ. કવિઓ ૨, ૭૪૯). એટલે બન્ને સૂરિઓનો જીવનકાળ સાથ સાથે છે—એકનું આયુષ્ય ૬૯ ને બીજાનું ૬૭ વર્ષે, એકની ૬ વર્ષની વય હતી ત્યારે બીજાનો જન્મ થાય છે અને એકના સ્વર્ગવાસ પછી ચાર વર્ષે બીજાનો દેહોત્સર્ગ થાય છે, એક ૭-૮ વર્ષની વયે મુનિ-દીક્ષા લે છે, ત્યારે બીજા ચાર પછી પ્રાયઃ ૭ વર્ષે ૭-૮ વર્ષની વયે જ સાધુવ્રત સ્વીકારે છે. એકને વાચકપદ ૨૦ વર્ષની વયે મળે છે તો બીજાને ૩૦ વર્ષની વયે પ્રાપ્ત થાય છે; એકને સૂરિપદ ગચ્છનાયક દેવસુંદરસૂરિ સં. ૧૪૫૭માં પાટણમાં નરસિંહે કરેલા ઉત્સવપૂર્વક આપે છે, ત્યારે બીજાને તે સોમસુંદરસૂરિ ગચ્છનાયક થયા પછી સં. ૧૪૭૮માં (ખરી રીતે ૧૪૭૭માં) વડનગરમાં દેવરાજે કરેલા ઉત્સવપુરસ્સર સૂરિપદ અર્પે છે; એક સં. ૧૪૯૯માં સ્વર્ગસ્થ થાય છે તો બીજા તે પછી પ્રાયઃ ચાર વર્ષે તેમના પટ્ટધરની ગાદી શોભાવી દેવલોક સિધાવે છે.

આમ લગભગ આખું વિક્રમનું પંદરમું શતક બન્ને સૂરિઓનું જીવન રોકે છે. સોમસુંદરસૂરિએ અનેક ભવ્ય જૈનમંદિરોની પ્રતિષ્ઠા, અનેકને વાચકપદ અને આચાર્યપદનું અર્પણ, ઉત્સવપૂર્વક દાન, મુમુક્ષુઓને આપેલી દીક્ષા, જૂનાં પુસ્તકોનો ઉદ્ધાર, લોકભાષામાં ગદ્યગ્રંથોની રચના આદિ ધર્મકૃત્યોથી જૈન ધર્મ અને સાહિત્યની અનેક પ્રકારે સ્મરણીય સેવાઓ કરવામાં પાછી પાની કરી નથી તેથી તે શતકને યા વાસ્તવિક રીતે સં. ૧૪૫૭થી શરૂ થતા અર્ધશતકને, સોમસુન્દર યુગ એ નામ આપી શકાય તેમ છે. (જુઓ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'-વિભાગ પાંચમો.)

૨ ધાર્મિક સ્થિતિ—આ વખતે જૈનધર્મની સ્થિતિ શી હતી તેનો કંઈ ખ્યાલ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જોવાથી આવશે. અન્ય ધર્મની સ્થિતિ જોતાં રામાનન્દ અને કબીરના ઉપદેશે વૈષ્ણવ સંપ્રદાય—ભક્તિ સંપ્રદાય—પર જબરી અસર કરી હતી. 'રામાનન્દ

ગ્રન્થકારાદિ-પરિચય

(કરાવનારઃ શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ, B. A., LL. B., Advocate)

ગ્રન્થકાર શ્રીમુનિસુંદરસૂરિ

તપિ જપિ શાસન દેવિ આરાહઈ, સંતિકર-સ્તવિ મરગી નિવારઇ,
ગણધર ભદ્રબાહુ ગુરૂચી બેલઈ, ચઉવિહ સંઘની ભીડ ઉવેલઇ.
'અહ્મદેસિ ઇતિ ઉપદ્રવ ટાલઉ,' ઇમ ગુરૂ વીનવતિ સહસમલ રાઉ,
ધ્યાનિ બઇઠા તવ ગુરૂરાયા, ટીડતણા ભર દૂરિ પલાયા.
જીવ અમારિ મરૂમંડલ દેસે, સો વરતાવઇ ગુરૂ-ઉપદેસે,
મુણિવર-મહિમા ચઉપટ ગાજઇ, શ્રી જિનશાસનિ જઇ-ઢક વાજઇ.

—પંડિત લક્ષ્મીભદ્રગણિકૃત 'શ્રીમુનિસુંદરસૂરિ વિજ્ઞપ્તિ' લ. સં. ૧૪૯૮.

—તપ અને જપથી શાસનદેવીને આરાધી સંતિકરસ્તવથી મૃગી-રોગચાળાને નિવાર્યો-(એ રીતે) ગણધર ભદ્રબાહુ ગુરૂની સમાન ચતુર્વિધ સંઘની ભીડ ટાળી. (શિરોહીના) સહસમલ (નામના) રાજાએ 'અમારા દેશની ઇતિ ઉપદ્રવ (તીડનો ઉપદ્રવ) ટાળો' એમ વિનવતાં ગુરૂરાયે ધ્યાનમા બેસીને તીડોનું ટોળું દૂર કર્યું. (આ) ગુરૂએ ઉપદેશથી મરૂમંડલ દેશમાં જીવની અમારી પ્રવર્તાવી એથી મુનિવરનો મહિમા ચારગણો વિસ્તર્યો અને શ્રી જિનશાસનના જયનાં વાજાં વાગ્યાં.

श्रीजैनआनंदपुस्तकालये लभ्यग्रन्था:—

श्लोकः	पृष्ठम् श्लोकाङ्कः	अधिकारः
एकेकमात्मा द्यर्थवरः	१७० २६० (११)	मिथ्यात्वादी०
एवमविद्यावश्यकम	९९ १६१ (११)	धर्मशुद्धयु०
एकोजपाया: कारणाय	७० ११२ (१२)	चित्तदमनाधि०
एतांसि कन्यामिवशत्रि	१७९ २१९ (२)	शुभवृत्ति०
कौशा स्वत्या: सुरत्नयः	६० १०१ (२)	चतुर्थकषायि०
के सीव्ये भवतसिद्धि	१०६ १८१ (१)	देवगुरुधर्मे०
सत्या पुत्र च परमेष	११० २२८ (२०)	यतिशिक्षोप०
मत स्तुती चाज्ञिर	११५ ११८ (३०)	यतिशिक्षोप०
कन्याताचेत्तरि	६८ ७६ (२)	अभ्यासमत्वाभ्यो०
त्वत: प्रेयमाकय	१७५ २५७ (११)	मिथ्यात्वादिसंवरो०
त्वमेव दुःखं नरक	१५५ २०२ (२)	आत्मसर्वत्वाधि०
त्वमेव मोक्ता मनिव	७२ १२० (३)	वैराग्योपदेशा०
त्वमेव सेवकं गुरुं	१५६ २०५ (३)	आत्मसर्वेशा०
द		
ददस्व धर्मार्थितमैव धर्मान्	१५० २६५ (५)	शुभवृत्तिशिक्षो०
दधूदकेषु ममत्वबुद्धि	११० २२० (४८)	यतिशिक्षोपदे०
दाक्षिण्यलज्जे गुरुदेवपूजा	१०६ १७५ (११)	देवगुरुधर्म०
दुःखमानसुखितपुनरसी:	११७ २०६ (२१)	यतिशिक्षोपदेशा०
दुःखसुखमयात्मको ऽर्थयापि	८८ ११३ (६)	चित्तदमनाधि०
दीनो नयाऽत्तोऽपि धर्मार्थि	९० १६६ (१३)	धर्मशुद्धयुपदेशा०
दुर्ल वया अतुमिव गहते	८० १३२ (१८)	वैराग्योपदेशा०
दुर्बलको बहुशोऽपि	६० १०३ (१)	चतुर्थकषायि०
दुरा धर्मेशिलादिभुशिलका:	३५ ५८ (५)	देहममताकोष०
देहे विमुग्ध कुरुषे किं	३४ ५० (४)	देहममताकोष०
द्रव्यस्तवात्मा धनसाधन:	३० ५० (४)	धनममत्वमोच०
द्विषस्तिमात्रे ते विषयप्रमाद	११६ २२८ (५६)	यतिशिक्षोपदेशा०
ध		
धन्ये कवित् धनकर	११ ८० (१०)	कषायनिग्रहा०
धर्मस्य जीवभवभयसत्त्वि	८६ १३१ (१०)	वैराग्योपदेशा०
धन्याः स्व सुखमयितारि	५८ ९६ (८)	धनसुरुपर्वाि०
धन्याः केऽप्यनधीतिनोऽपि	५८ ९८ (७)	,,
धर्मेरत्नयतोऽपि गुरुष	७६ १३३ (७)	वैराग्योपदेशा०

अध्यात्मकल्पद्रुमस्थश्लोकानाम्

अकारादिक्रमेणानुक्रमणिका ।

nominated for the place in 1936, and an appointment-deed to that effect was got executed in the same year. In 1937 I tendered my resignation, and after some delay it was accepted. Thereupon the trustees appointed me the Honarary General Secretary of this Fund.

Since the establishment of this institution, its funds were invested in the Government Securities. But since we bought a building situated at Kālabādevī Road, Bombay, in V. S. 1998, the said fund is mainly invested in that immovable property. This building is renamed as follows:

ŚEṬHA DEVACANDA LĀLABHĀĪ JAINA PUSTAKODDHĀRA FUND ESTATE (SURAT)

ĀGAMODDHĀRAKA

Here the first line indicates the ownership, while "Āgamoddhāraka" the name of the building.

Topiwālā Chawl, Sandhurst Road, Bombay, 4
Friday, 11th April, 1941
Caitra Śud 15, 1997

JIVANCHAND SAKARCHAND JAVERI
Hon. Secretary

death. This sum was handed over to the Fund in 1911 Similarly one of the chief trustees of the Fund and a nephew of the late donor, Nagīnabhāī Ghelābhāī donated a sum of Rs. 2000 to the Fund, at his death in 1921, which was handed over to the trustees in 1922. These two donations and sundry interests etc. added to the main sum have amounted to about one-lac and ten-thousand Rupees.

The aim of this Fund as laid down in the trust-deed is as follows It should undertake the preservation, circulation, publication etc. of ancient literature pertaining to the Śvetāmbara Mūrtipūjaka sect of Jaina religion, written in any language—Sanskṛt, Prākṛt, Apabhraṁśa, Pālī, Gujarātī, English, German &c. It was also laid down that no work composed after V. S. 1950 should be considered ancient.

Śeṭha Kesaricanda Rūpacanda resigned in 1916 and Śeṭha Nagīnabhāī Ghelābhāī expired in 1921. Śeṭha Amaracanda Kalyāṇacanda and Śeṭha Nemacanda Abhecanda were appointed as trustees in their stead in 1926 Mr. Gulābacanda died in 1927 and Śeṭha Fūlacanda Kasturacanda resigned in 1928. Hence Mr. Nemacanda Gulābacanda Devacanda and Śeṭha Hīrābhāī Manchubhāī were appointed in 1929 as trustees in their place In 1929 an appointment-deed was got executed for the appointment of the said four new trustees. Śeṭha Amaracanda Kalyāṇacanda expired in 1932. Hence Śeṭha Sākaracanda Khuśālacanda was

have changed his intention at the last moment. Hence the surplus sum of Rs. 45000 must go to his adopted son Gulābacanda. 'If, however, the heir Mr. Gulābacanda wants to spend that sum in his father's charities, he is at liberty to do so.' Late Gulābacanda, a worthy son of the donor, asked the trustees of the will of the late donor to spend that sum in some charitable work, and added a sum of Rs. 25000 to it in memory of the revered father. He further instructed the said trustees that they should spend the totalling sum towards some charitable concern which was permanent.

Pūjyapāda Āgamoddhāraka *Acārya* (then *pannyāsa*) Ānandasāgara advised the trustees of the will of the late donor, (1) Śeṭha Nagīnabhāī Ghelābhāī, (2) Śetha Keśarīcanda Rūpacanda, (3) Mr. Jivaṇacanda Sākaracanda, and (4) Mrs. Vījakora Mūlacanda (daughter of the late donor) to spend the sum in establishing a *pustakoddhāra* fund, and Gulābacanda gave his sanction for the same. Hence the present Fund was established. The following were its original trustees: (1) Śeṭha Nagīnabhāī Ghelābhāī, (2) Śeṭha Keśarīcanda Rūpacanda, (3) Mr. Jivaṇacanda Sākaracanda, (4) Mr. Gulābacanda Devacanda, (5) Śeṭha Fūlacanda Kasturacanda, (6) Mr. Manchubhāī Sākaracanda.

Mrs. Vījakora, widow of the late Mūlacanda Nagīnadāsa Jhaverī, daughter of the late donor and executrix of his will, donated a sum of more than Rs. 25000, her entire estate, to the Fund at her

(1) This sum was spent after reparation of the well-known Jaina temple at Rāṇakapura through Śeṭha Āṇandaji Kalyāṇaji firm, under the supervision of the late Gulābacanda Devacanda. The Āṇandaji Kalyāṇaji firm contributed an equal sum towards this undertaking

(2) This sum was handed over to the Surat Pinjarapole.

(3) The late donor had already spent Rs. 20000 after a compound for a bungalow with a garden, which was then under construction. The sum of Rs. 25000 was added to it, and a *dharmaśālā* was built therein.[1]

(4) This sum was donated to the said Śeṭha Gholābhāi Lālabhāi Jaina Kesara-Barāsa Fund.

The donor had not decided how to spend the remaining Rs. 45000, and expired before giving any instructions as to this sum. The court interpreted this fact in a rather curious way: 'The donor, when he prepared the will, might have intended to spend the entire sum of Rs. one-lac in charity But the fact that he has not mentioned as to the disposal of more than the said Rs. 55000 means that he might

